સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 28

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# યુરોપ, મૅક્સિકો પર ટ્રમ્પનો 30 ટકાનો ટૅરિફ-બૉમ્બ

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે મેક્સિકો અને યુરોપિયન યુનિયન માટે નવા ટેરિફ દરો જાહેર કરતા કહ્યું હતું કે મેક્સિકો અને યુરોપિયન યુનિયન (ઇયુ)થી આયાત થતા માલ પર પહેલી ઓગસ્ટ, ૨૦૨૫થી ૩૦ ટકા ટેરિફ દર લાગુ પડશે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર તેમના હેન્ડલ પર મેક્સિકો અને યુરોપિયન યુનિયનને મોકલવામાં આવેલા ટેરિફ દર માટેના પત્રો શેર કર્યા હતા.

''આ પત્ર તમને મોકલવો મારા માટે ખૂબ જ સન્માનની વાત છે કારણ કે તે અમારા વેપાર સંબંધોની મજબૂતાઈ અને પ્રતિબદ્ધતા દર્શાવે છે, અને એ હકીકત છે કે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા મેક્સિકો સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે સંમત થયું છે,'' એવું ટ્રમ્પે મેક્સિકોના રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં લખ્યું છે.

પત્રમાં જણાવાયું છે કે મજબૂત સંબંધો હોવા છતાં, અમેરિકાએ મેક્સિકો પર દેશના ફેન્ટાનાઇલ કટોકટીને પહોંચી વળવા માટે ટેરિફ લાદ્યા હતા, તેમણે કહ્યું હતું કે આંશિક રીતે, ડ્રગ્સ કાર્ટેલ્સને રોકવામાં મેક્સિકોની નિષ્ફળતાને કારણે, જે પૃથ્વી પર ચાલનારા સૌથી ધિક્કારપાત્ર લોકોથી બનેલા છે, તેમને આપણા દેશમાં આ ડ્રગ્સ મોકલતાં અટકાવી શક્યા નથી.

મેક્સિકો મને સરહદ સુરક્ષિત કરવામાં મદદ કરી રહ્યું (જુઓ પાનું ૨) ▸▸




## અમદાવાદ એર ઈન્ડિયા દુર્ઘટના

# ફ્યુઅલ સ્વિચ કટ ઑફ્ફ થઈ કે કરાઈ ?



**પ્રાથમિક તપાસ અહેવાલમાં એક સેકન્ડના અંતરે બંને એન્જિન બંધ થવા માટે ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ કટ ઑફ્ફ થવાને જવાબદાર ઠેરવાઈ : જોકે આ સ્વિચ બંધ થઈ કે બંધ કરાયેલી એ વિશે ફોડ નથી પડાયો**

નવી દિલ્હી : અમદાવાદમાં તૂટી પડેલી એર ઈન્ડિયા ફ્લાઈટ એઆઈઆઈ૧૭૧ના ઊડ્યા બાદ એક સેકન્ડમાં બન્ને એન્જિનને ઈંધણ મળવાનું બંધ થઈ ગયું હતું અને આને લીધે કોકપિટમાં ગૂંચવાડો ઊભો થયો હતો તેમ જ વિમાન ઊડ્યા પછી તરત જ ઊંચાઈ ગુમાવીને એ જમીન પર પટકાયું હતું. પંદર પાનાના પ્રાથમિક તપાસ અહેવાલમાં ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે કોકપિટ વોઈસ રેકોર્ડિંગમાં એક પાઈલટ બીજાને પૂછે કે તેણે શા માટે ઈંધણનો પુરવઠો કાપી નાખ્યો છે. બીજા પાઈલટે આને રદિયો આપ્યો હતો.

૧૨ જૂને લંડન જનારું બોઈંગ ડ્રીમલાઈનર અમદાવાદ હવાઈમથકેથી ઊપડ્યા બાદ વિમાને હવામાં આગળ વધવા માટે જરૂરી બળ (થ્રસ્ટ) ગુમાવી દીધું હતું અને વિમાન મેડિકલ કૉલેજ હોસ્ટેલ પર તૂટી પડ્યું હતું.

દાયકાના સૌથી જીવલેણ એવિયેશન એક્સિડન્ટમાં વિમાનના ૨૪૨માંથી ૨૪૧ પેસન્જર અને જમીન પરના ૧૯ જણ મરણ પામ્યાં (જુઓ પાનું ૨) ▸▸

## પાઈલટને બલિનો બકરો બનાવવાની થઇ રહી છે તૈયારી

### પ્રારંભિક તપાસ અહેવાલ પછી પાઈલટ્સ એસોસિએશને કહ્યું

મુંબઈ : એરલાઇન પાઇલટ્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ શનિવારે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની નિષ્પક્ષ અને તથ્ય આધારિત તપાસની માંગ કરી હતી અને દાવો કર્યો હતો કે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસનો સ્વર અને દિશા પાઈલટની ભૂલ તરફ પૂર્વગ્રહ સૂચવે છે.

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઇબી) એ ૧૨ જૂનના રોજ થયેલા જીવલેણ બોઈંગ ૭૮૭-૮ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક અહેવાલ (જુઓ પાનું ૨) ▸▸

## હાલ કોઇ સ્પષ્ટ તારણ શકય નથી: સરકાર

પુણે: કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળે શનિવારે જણાવ્યું હતું કે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઇબી)નો અહેવાલ પ્રાથમિક હતો અને તેના આધારે નિષ્કર્ષ કાઢી શકાય નહીં કારણ કે પાઇલટ્સ વચ્ચેની વાતચીત ખૂબ જ ટૂંકી હતી. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી પુણેમાં સંવાદદાતાઓ સાથે ૧૨ જૂને થયેલા વિમાન દુર્ઘટનાની તપાસ વિશે વાત કરી રહ્યા હતા.

લંડન જઈ રહેલું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર શહેરના એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ ક્ષણો બાદ અમદાવાદની એક મેડિકલ કોલેજની હોસ્ટેલ સાથે અથડાયું હતું, આ ભયાનક ઉડ્ડયન અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨માંથી ૨૪૧અને અન્ય ૧૯ લોકોનાં મૃત્યુ થયા હતા.

એએઆઈબીએ એર ઈન્ડિયાના જીવલેણ વિમાન દુર્ઘટના અંગે પોતાનો પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો છે. એવું જાણવા મળ્યું છે કે બંને એન્જિનમાં ઇંધણનો પુરવઠો એક સેકન્ડની અંદર (જુઓ પાનું ૨) ▸▸

## સાત વર્ષ પહેલાં ચેતવણી અપાઇ હતી

નવી દિલ્હી: અમેરિકાના ફેડરલ ઍવિયેશન એડમિનિસ્ટ્રેશને બૉઇંગ વિમાનની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચની કહેવાતી ખામી અંગે સાત વર્ષ પહેલાં ચેતવણી આપી હતી. અમદાવાદમાં ૧૨ જૂને તૂટી પડેલી ઍર ઇન્ડિયાની ફ્લાઇટની દુર્ઘટનાનું કારણ ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચમાંની કહેવાતી ખામી હોવાનું કહેવાય છે.

દરમિયાન, ઍર ઇન્ડિયાએ આ દુર્ઘટનાની તપાસ કરતી ટીમને જણાવ્યું હતું કે અમે આ સંબંધમાં ઇન્સ્પેક્શન કરવા કરાયેલા સૂચનનો અમલ નહોતો કર્યો, કારણ કે તે 'ફરજિયાત' નહોતું, પણ માત્ર 'ભલામણ' હતી. અહેવાલમાં જણાવાયું હતું કે દુર્ઘટનાગ્રસ્ત વિમાન - વીટી-એએનબીનો મેન્ટેનન્સ રેકોર્ડ ૨૦૨૩થી 'ચોખ્ખો' હતો. આ વિમાનના બધા (જુઓ પાનું ૨) ▸▸

## મૅકૅનિકલ કે ઇલેક્ટ્રિકલ ફેઇલ્યોર કારણ?

મુંબઈ: અમદાવાદમાં ગયા મહિને દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં અકસ્માતની પહેલાં ઇંધણ પૂરું પાડવા માટેની સ્વિચની પૉઝિશન (સ્થિતિ)માંના ફેરફાર (ચેન્જ) માટે મૅકૅનિકલ કે પાવર સપ્લાયનું કારણ જવાબદાર હોવાની શક્યતા છે.

ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રાથમિક અહેવાલમાં જણાવાયું હતું કે બૉઇંગ ૭૮૭-૮ વિમાનના એન્જિન એક અને બેની ફ્યુઅલ સ્વિચ એક સેકંડના સમયગાળામાં બંધ (કટ ઑફ) થઇ ગઇ હતી અને બાદમાં દુર્ઘટના પહેલાં ચાલુ પણ થઇ ગઇ હતી.

ફેડરેશન ઑફ ઇન્ડિયન પાઇલટ્સના પ્રમુખ અને ઍર ઇન્ડિયાના ભૂતપૂર્વ પાઇલટ કેપ્ટન સી. એસ. રંધવાએ જણાવ્યું હતું કે વિમાનની ફ્યુઅલ સ્વિચની પોઝિશન માત્ર માનવ (પાઇલટ કે અન્ય વ્યક્તિ) દ્વારા જ બદલી શકાય છે. આ સ્વિચ સ્પ્રિંગવાળી અને લૉકવાળી હોય છે. જો તમારે તેને 'રન' પોઝિશનમાં મૂકવી હોય, તો સૌપ્રથમ તેને બહાર ખેંચવી પડે છે અને બાદમાં તેની પોઝિશનમાં મૂકવામાં આવે છે. વિમાનના બન્ને એન્જિનમાં ઈંધણ પુરવઠામાંની ખામી ઊભી થઇ હોય ત્યારે આ સ્વિચનો ઉપયોગ કરાય છે અથવા આ સ્વિચ પાઇલટ્સ દ્વારા 'રિસાઇકલ્ડ' કરાઇ હોઇ શકે છે. આ વિમાનમાંની સ્વિચની પોઝિશન શું કામ બદલાઇ હતી? તેનું કારણ પ્રાથમિક અહેવાલમાં સ્પષ્ટ (જુઓ પાનું ૨) ▸▸

## ભારત પર ૨૦ ટકા ટૅરિફ?

વૉશિંગ્ટન (અમેરિકા) : અમેરિકા અને ભારત જે વચગાળાની વેપાર સંધિ માટે કામ કરી રહ્યા છે એમાં વીસ ટકા કે તેથી ઓછી ટૅરિફ હશે, એવી માહિતી બન્ને દેશ વચ્ચેની મંત્રણાની ડેવલપમેન્ટથી જાણકાર લોકોએ આપી હતી. જો આમ થશે તો ભારત રીજનમાં રહેલા બીજા સ્પર્ધકોની સરખામણીમાં લાભદાયી સ્થિતિમાં મુકાશે.

સૂત્રો કહે છે કે ભારતને આ અઠવાડિયે બીજા સંદેશાની જેમ ટૅરિફ ડિમાન્ડ લેટર મળે એવી અપેક્ષા નથી. ભારત માને છે કે એક નિવેદન દ્વારા વેપાર સંધિની જાહેરાત થશે. આ વચગાળાની સંધિ આગળ વાતચીત ધપાવવા માટે અને લટકેલી બાબતોનો નિવેડો લાવીને વ્યાપક સંધિ કરવા નવી દિલ્હીને સમય આપશે. અગાઉ સૂચવેલા ૨૬ ટકાને બદલે ૨૦ ટકાથી ઓછા બેઝલાઈન ટૅરિફ જાહેર કરતું નિવેદન બન્ને પક્ષોને માફક આવે એવી ભાષામાં બહાર પડે એવી અપેક્ષા છે. વચગાળાના નિવેદનના ટાઈમિંગ અંગે અનિશ્ચતતા (જુઓ પાનું ૨) ▸▸

## રાહુલની સુપર-સેન્ચુરીને બે ગ્રહણ લાગ્યાં

### સદી પહેલાં પંતે રનઆઉટમાં વિકેટ ગુમાવી અને પછી ૧૦૦ રન બાદ ખુદ રાહુલ આઉટ થયો






લંડન: લૉર્ડસમાં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં શનિવારનો ત્રીજો દિવસ ભારતનો અને એમાં પણ ખાસ કરીને ઓપનર કે. એલ. રાહુલ તથા વાઇસ-કૅપ્ટન રિષભ પંતનો હતો, કારણકે બન્નેએ ૧૯૮ બૉલમાં ૧૪૧ રનની ભાગીદારી કરીને ભારતને મોટી મુસીબતમાંથી ઉગાર્યું હતું. દિવસના અંતે ઇંગ્લૅન્ડે બીજા દાવમાં વિના વિકેટે બે રન બનાવ્યા હતા. જોકે રાહુલની કરીઅરની ૧૦મી ટેસ્ટ સદી ટીમ ઇન્ડિયા માટે તારણહાર હોવા ઉપરાંત બે રીતે આંચકારૂપ બની હતી. ભારતની ઇનિંગ્સમાં ૬૬મી ઓવર બ્રિટિશ સ્પિનર શોએબ બશીરે કરી હતી જેના પહેલા બૉલમાં રાહુલે એક રન દોડીને ૯૮મો રન પૂરો કર્યો હતો. લંચનો સમય થવાની તૈયારી જ હતી અને ત્યારે ઓવરના બીજા બૉલમાં પંત રન નહોતો દોડી શક્યો. રાહુલ ૯૮ રન પર હતો એટલે લંચ પહેલાં જ તે સદી પૂરી કરી લે કદાચ એ જોવાની પંતની ઈચ્છા હશે એટલે ઓવરના ત્રીજા બૉલમાં તેણે બૉલને કવર પૉઇન્ટ તરફ મોકલીને દોડવાનું શરૂ કર્યું હતું. ૭૪ રનના સ્કોર પર રમી રહેલા પંતે રન દોડવાનું શરૂ તો કર્યું, પણ સ્ટાર્ટ લીધા પછી એક ક્ષણ અટક્યો હતો અને ફરી દોડ્યો હતો. કવર પૉઇન્ટ પર ઊભેલા (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાની ડબલ વિઝા ફી માટે તૈયાર રહો

### 'વિઝા ઈન્ટેગ્રિટી ફી'ની અમેરિકા જતાં વિદ્યાર્થીઓ, પર્યટકો પર માઠી અસર પડશે

નવી દિલ્હી: ઇમિગ્રેશન સર્વિસ કન્સલ્ટન્ટ્સે જણાવ્યું હતું કે 'વિઝા ઇન્ટેગ્રિટી ફી'ની અમેરિકા જતાં વિદ્યાર્થીઓ અને પર્યટકોને માઠી અસર થશે. તેઓએ ટૂંક સમયમાં બમણી વિઝા ફી ચૂકવવી પડશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચોથી જુલાઇએ સહી કરેલા 'વન બિગ બ્યૂટિફૂલ બિલ' (હવે કાયદો)ની જોગવાઇમાં 'વિઝા ઇન્ટેગ્રિટી ફી'નો સમાવેશ કરાયો છે.

હૈદરાબાદના એક ઑવરસીઝ કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે નવી વિઝા ફીની યંત્રણા ૨૦૨૬ના જાન્યુઆરીથી અમલમાં મુકાય એવી શક્યતા છે. તેની ચોક્કસ તારીખ અને નવી વિઝા ફીની ચોક્કસ રકમ અંગે હજી સત્તાવાર જાહેરાત નથી (જુઓ પાનું ૨) ▸▸

## વિઝા મળ્યા એટલે એ રદ નહીં થાય એવું ન સમજવું : અમેરિકા

### વિઝાધારકોની વિઝા અપાયા પછી પણ તપાસ ચાલુ રહેશે

નવી દિલ્હી: ભારત સ્થિત અમેરિકન એલચી કચેરીએ શનિવારે વિઝા ધારકો માટે એક એડવાઇઝરી જારી કરતાં ચેતવણી આપી છે કે વિઝા જારી થયા પછી પણ અમેરિકી વિઝા ધારકોની તપાસ ચાલુ રહે છે અને નિયમોનું ઉલ્લંઘન થવાની સ્થિતિમાં વિઝાધારકોના વિઝા રદ થઇ શકે છે. અમેરિકન એલચી કચેરીએ એક્સ પર જણાવ્યું કે વિઝા જારી થયા (જુઓ પાનું ૨) ▸▸

## શુભાંશુ શુકલાની મંગળવારે ઘરવાપસી

### અઠવાડિયા સુધી રિહેબિલિટેશન પ્રોગ્રામમાં ભાગ લેશે



નવી દિલ્હી: ભારતના અવકાશયાત્રી શુભાંશુ શુકલા ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ૧૮ દિવસ રહ્યા પછી ૧૫ જુલાઇએ કેલિફોર્નિયા ખાતે પાછા ફરશે અને બાદમાં એક અઠવાડિયાના રિહેબિલિટેશન પ્રોગ્રામમાં ભાગ લેશે.

શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રી - કમાંડર પેગી વાઇટસન અને મિશન (જુઓ પાનું ૨) ▸▸

## દાયકાઓ સુધી ખેંચાતા ખટલા, આપણા ન્યાયતંત્રમાં સુધારાની તાતી જરૂર છે: ચીફ જસ્ટિસ

હૈદરાબાદ: ભારતીય કાયદા વ્યવસ્થા અનોખા પડકારોનો સામનો કરી રહી છે. તેમજ તેમાં તાત્કાલિક સુધારાની તત્કાળ જરૂરિયાત હોવાનું ભારતના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇએ શનિવારે જણાવ્યું હતું.

હૈદરાબાદના જસ્ટિસ સિટીમાં એનએએલએસએઆર યુનિવર્સિટી ઓફ લો ખાતે દીક્ષાંત સમારોહના સંબોધનમાં ચીફ જસ્ટિસ ગવઇએ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પર વિદેશ જઇને અભ્યાસ કરવાની અને તેમના પરિવારની આર્થિક સ્થિતિ પર દબાણ ન લાવવાની સલાહ આપી હતી. દેશના વડા ન્યાયાધીશ ગવઇએ કહ્યું કે જો કે હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે આપણી કાયદા વ્યવસ્થામાં સુધારાની તત્કાળ સુધારાની જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આપણો દેશ અને ન્યાય વ્યવસ્થા અનોખા પડકારોનો સામનો કરી રહ્યા છે. ક્યારેક કેસમાં વિલંબ દાયકાઓ સુધી (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં ચાર માળની ઈમારત ધરાશાયી: છનાં મોત, આઠ ઘાયલ



**કડડડભૂસ:** દિલ્હીમાં ગઈ કાલે ચાર માળની એક ઇમારત તૂટી પડી હતી. (પીટીઆઈ)

નવી દિલ્હી: ઇશાન દિલ્હીના વેલકમ એરિયામાં શનિવારે સવારે ચાર માળની એક ઇમારત તૂટી પડતાં છ જણ માર્યા ગયાં હતાં અને અન્ય આઠ જણ ઘાયલ થયા હતા. ઘાયલોમાં એક વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે.

ઇમારતના કાટમાળ હેઠળ અનેક લોકો ફસાયા હતા. મરનારા લોકોમાં આ બિલ્ડિંગના માલિક અને તેમનાં પત્નીનો સમાવેશ થાય છે. તેઓના મૃતદેહ કાટમાળ હેઠળથી કાઢીને જીટીબી હૉસ્પિટલ ખાતે મોકલાયા હતા.

ઘાયલ આઠ જણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનોએ કાટમાળને હટાવવામાં અગ્નિશામક દળને સહાય કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે વેલકમ પોલીસ સ્ટેશનને શનિવારે સવારે અંદાજે ૭.૦૪ વાગ્યે ઇદગાહ પાસેની આ ઇમારત તૂટી પડી હોવાના સમાચાર મળ્યા (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૩-૭-૨૦૨૫ થી તા. ૧૯-૭-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૬મીએ મિથુનમાંથી કર્ક રાશિમાં પ્રવેશે છે. માર્ગી મંગળ સ્થિર ગતિએ સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૧૮મીએ બુધ વક્રી થાય છે. બુધ સંપૂર્ણ માસમાં કર્ક રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રી ગતિએ ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભ રાશિમાં ૧૩મીએ પ્રવેશે છે. તા. ૧૬મીએ મીન રાશિમાં, તા. ૧૮મીએ મેષ રાશિમાં પ્રવેશે છે અને સપ્તાહના અંત સુધી મેષ રાશિમાં રહે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના સોદામાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં વગ વધશે. માન- પાન પ્રતિષ્ઠા અનુભવશો. તા. ૧૩, ૧૪ અને ૧૮ સફળતાસૂચક છે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. નોકરીની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાશે. કારોબારમાં નાણાં વ્યવસ્થા શુભ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણના સફળ નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીમાં યશસ્વી અનુભવ થાય. અધિકારી અને સહકાર્યકરોનો સહયોગ મેળવી શકશો. નાણાઆવકની વૃદ્ધિ થશે. કુટુંબમાં મહિલાઓને પ્રસંગોની જવાબદારી પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયના અભ્યાસના પ્રારંભ માટે સફળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. નોકરીના કામકાજ માટે ઉપરી અધિકારીનો સહયોગ મેળવી શકશો. વિદેશ પ્રવાસ સફળ રહેશે. આત્મવિશ્વાસ, કાર્યદક્ષતા, દૃઢ નિશ્ચય અને સૂર્યના શુભ ગોચરફળો કાર્યક્ષેત્રે લાભદાયી પુરવાર થશે. નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહના હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકો માર્ગદર્શક બની રહેશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નાણારોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૧૩, ૧૬, ૧૭ શુભ પુરવાર થશે. જૂનાં અધૂરા નોકરીના કામકાજ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. નાણાં આવકના સાધનોમાં સફળતાનો અનુભવ થશે. આર્થિક વ્યવહાર સરળતાથી સંપન્ન થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થિઓને આ સપ્તાહમાં નવા વિષયના અભ્યાસમાં પ્રગતિનો અનુભવ થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને નાણારોકાણ અપેક્ષાનુસાર સફળ પુરવાર થશે. નોકરીના સ્થળમાં પરિવર્તનો જણાય છે. તા. ૧૩, ૧૪, ૧૫મીએ નોકરીમાં નિર્ણયાત્મક સુખદ અનુભવ કરશો. આ સપ્તાહમાં સ્વતંત્ર કારોબારમાં નાણાવ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. અર્થવ્યવસ્થા વધુ સુખદ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવાર માટે જરૂરી સાધનો મેળવવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયન ક્ષેત્રે પ્રગતિ જાળવી શકશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરીમાં સકાર્યકરોમાં હરીફાઈનો અનુભવ છતાંય પ્રગતિ જાળવી શકશો. નોકરીમાં તા. ૧૪, ૧૫, ૧૬ શુભ પુરવાર થશે. ભાગીદાર તથા વ્યવસાયના મિત્રોમાં માન પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. મિત્રો સાથેના નાણાવ્યવહાર પણ સરળતાથી સંપન્ન થતાં જણાશે. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ, માર્ગદર્શન, પ્રોત્સાહન મેળવશો.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં પ્રગતિ જળવાશે. તા. ૧૪, ૧૫, ૧૬ નોકરીમાં શુભ પુરવાર થશે. નોકરીમાં અપેક્ષિત અધિકારીની મદદ મેળવશો. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. સંતાન સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નાણાંની આવકની વૃદ્ધિ થાય. નાણાઆવક જાળવી રાખવાના પ્રયત્નો સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે રચનાત્મક નિર્ણયો લેવા માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં સફળતા મેળવી શકશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું નાણારોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૮, ૧૯ શુભ પુરવાર થશે. નોકરીના અધૂરા કામકાજ આ સપ્તાહમાં પૂર્ણ કરવામાં સફળ બનશો. આ સપ્તાહની નાણાંની વ્યવસ્થા સક્ષમ પુરવાર થશે. નાણાંના આયોજનો, આર્થિક વ્યવહારો વગેરે સરળતાથી સંપન્ન થતાં જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતાનો અનુભવ થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ કરી શકશો. તા. ૧૪, ૧૫ના કામકાજમાં સફળતાનો અનુભવ થાય. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૭ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. વેપારમાં યશસ્વી અનુભવ થાય. વેપારની નાણાંની વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સભ્યો પ્રાસંગિક જવાબદારીમાં ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૩, ૧૫, ૧૬ શુભ પુરવાર થશે. લાંબા અંતરના પ્રવાસો શક્ય છે. વેપારને વધારવાની અપેક્ષા પૂર્ણ થશે. નાણાંની વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને જીવનસાથીનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીને નવા અભ્યાસના પ્રારંભ માટે સુખદ અનુભવ થાય. અભ્યાસમાં ઉત્સાહ, ઉમંગ જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરી શકશો. નવા નાણારોકાણના નિર્ણયોનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૧૯ શુભ જણાય છે. નોકરીના ક્ષેત્રે નિર્ણયો સકારાત્મક પુરવાર થશે. કામકાજમાં ઉત્સાહ જળવાઈ રહેશે. નાણાંઆવક જળવાઈ રહેશે. નાણાબચતના પ્રયત્નોમાં સફળતા જણાય છે. ગૃહિણીઓને પરિવારની પ્રાસંગિક જવાબદારીમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર દૈનિક સાપ્તાહિક વેપાર અને નાણાંના રોકાણનું કાર્ય સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ જણાય છે. નોકરીની બદલી શક્ય જણાય છે. પ્રવાસમાં આ સપ્તાહ ધાર્યા મુજબની સફળતા દર્શાવે છે. વેપાર વ્યવસાયમાં નવા નાણારોકાણ માટે અનુકૂળતાઓ જણાય છે. નાણાવ્યવહારો પણ આ સપ્તાહમાં સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓ આ સપ્તાહમાં કુટુંબમાં યશસ્વીપણું અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભની તકો પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ

### રવિવાર, તા. ૧૩-૭-૨૦૨૫, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, ભદ્રા

ભારતીય દિનાંક ૨૨, માહે અષાઢ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
અષાઢ વદ-૩
જૈન વીર સંવત ૨૫૫૧,
માહે અષાઢ, તિથિ વદ-૩
પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ગાથા ૩ સ્પેન્તોર્મદ,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૭મો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૬-૫૨ સુધી,
પછી ઘનિષ્ઠા
ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૫૨ સુધી, પછી કુંભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ
મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦,
અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ બપોરે ક. ૧૩-૪૮, મધ્યરાત્રે ક. ૦૧-૪૨
ઓટઃ સવારે ક. ૦૭-૦૦, રાત્રે ક. ૨૦-૦૧

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - તૃતીયા. ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, મત્યર ડે (કાશ્મીર), શનિ વક્રી ૦૯-૩૮, ભદ્રા બપોરે ૧૩-૨૯થી ૨૫-૦૨, પંચક પ્રારંભ સાંજે ક. ૧૮-૫૨. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ પૂજા, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ-પતાકા ચઢાવવી, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, નવાં વસ્રો, આભૂષણ, નોકરી, વાહનસવારી, દુકાન-વેપાર, રત્નધારણ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, વૃક્ષ રોપવા.
આચમનઃ સૂર્ય-રાહુ ત્રિકોણ વડીલોમાં પ્રિય બને. ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અણધાર્યા ફેરફારો આવે.
ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૧૪), શુક્ર રોહિણી યુતિ, શનિ સ્તંભી થઈ વક્રી થશે.
ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૩-૭-૨૦૨૫ થી તા. ૧૯-૭-૨૦૨૫

રવિવાર, અષાઢ વદ-૩, વિ. સં. ૨૦૮૧, તા. ૧૩મી જુલાઈ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૬-૫૨ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૫૨ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી વ્રતના પારણાં, મત્યર ડે (કાશ્મીર), શનિ વક્રી ૦૯-૩૮, ભદ્રા ૧૩-૨૮થી ૨૫-૦૪, પંચક પ્રારંભ ક. ૧૮-૧૪. લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

સોમવાર, અષાઢ વદ-૪, તા. ૧૪મી નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૦૬-૪૮ સુધી, પછી શતભિષા

ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨-૦૩, પંચક. ખાતમુહૂર્ત શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, અષાઢ વદ-૫, તા. ૧૫મી, નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૬-૨૫ સુધી, પછી પૂર્વા ભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૬ સુધી (તા. ૧૬), પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૩-૫૭ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. નાગપંચમી (બંગાળ), પંચક. ખાતમુહૂર્ત સામાન્ય દિવસ.

બુધવાર, અષાઢ વદ-૬, તા. ૧૬મી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૯ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચક, સૂર્ય કર્કમાં સાંજે ક. ૧૭-૩૩, મું. ૪૫, સમર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી સાંજે ક. ૧૭-૩૩. માનસપૂજા પ્રારંભ (બંગાળ), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૦૩. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અષાઢ વદ-૭, તા. ૧૭મી, નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮ સુધી (તા. ૧૮) પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮ સુધી (તા. ૧૮), પછી મેષ રાશિ પર જન્માક્ષર. શીતળા સપ્તમી (ઓરિસ્સા), કાલાષ્ટમી, કરિદીન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૦૮, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, અષાઢ વદ-૮, તા. ૧૮મી, નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૩ સુધી (તા. ૧૯), પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. બુધ વક્રી સવારે ક. ૧૦-૧૬. લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, અષાઢ વદ-૯, તા. ૧૯મી, નક્ષત્ર ભરણી મધ્યરાત્રે ક. ૨૪-૩૮ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૫-30 (તા. ૨૦) સૂર્ય પુષ્યમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૩ (તા. ૨૦) વાહન મોર (સંયોગિયું નથી). શુભ કાર્ય વર્જ્ય છે. ■

# મુનીરને નથી જોઈતી સત્તાઃ પાકિસ્તાની પીએમની સ્પષ્ટતા

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીને પદ છોડવાની ફરજ પડી શકે છે અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પ્રમુખપદ સંભાળવાની ઇચ્છા ધરાવે છે તેવી અફવાઓને સખત શબ્દોમાં નકારી કાઢતા, વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે આવા દાવાઓ માત્ર અટકળો છે.

ફીલ્ડ માર્શલ અસીમ મુનીરે ક્યારેય રાષ્ટ્રપતિ બનવાની કોઈ ઇચ્છા વ્યક્ત કરી નથી, અને ન તો આવી કોઈ યોજના છે, એમ શરીફે શુક્રવારે ધ ન્યૂઝને જણાવ્યું હતું.

શરીફે કહ્યું કે ઝરદારી, મુનીર અને તેમનો સંબંધ પરસ્પર આદર અને એક સામાન્ય ધ્યેય - પાકિસ્તાનની પ્રગતિ અને સમૃદ્ધિ પર આધારિત છે.

ઉચ્ચ લશ્કરી નેતૃત્વની નજીક ગણાતા નકવીએ કહ્યું હતું કે, અમે સંપૂર્ણપણે જાણીએ છીએ કે દુર્ભાવનાપૂર્ણ અભિયાન પાછળ કોણ છે.

મુનીરને ૨૦૨૨માં ત્રણ વર્ષના કાર્યકાળ માટે સેના પ્રમુખ પદ પર બઢતી આપવામાં આવી હતી. ■

# કેરળમાં એલડીએફ, યુડીએફે તુષ્ટિકરણનું રાજકારણ જ કર્યું છેઃ અમિત શાહ

તિરુવનંતપુરમઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે શાસક માર્ક્સવાદી પક્ષની આગેવાની હેઠળના એલડીએફ અને વિપક્ષ કોંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફ બંનેની ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે તેમના દ્વારા સંચાલિત શાસનોએ ફક્ત ભ્રષ્ટાચાર કર્યો, તુષ્ટિકરણની રાજનીતિનું પાલન કર્યું અને કેરળને પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) જેવી રાષ્ટ્ર વિરોધી શક્તિઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનાવ્યું. અહીં પાર્ટીના કાર્યકરોને સંબોધતા શાહે કહ્યું કે ફક્ત ભાજપની આગેવાની હેઠળનો એનડીએ જ રાજ્યમાં વિકાસ લાવી શકે છે.

એલડીએફ કે યુડીએફ નહીં. મજબૂત દક્ષિણ રાજ્યોના વિકાસ વિના વિકસિત ભારત શક્ય નથી અને વિકસિત ભારતનો માર્ગ ફક્ત વિકસિત કેરલમ દ્વારા જ છે. તેથી, હવેથી, ભાજપનું મૂળ લક્ષ્ય વિકસિત કેરળમાં રહેશે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ફ્યુઅલ સ્વિચ

હતાં. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોના અહેવાલમાં કહેવામાં આવેલા ઘટનાક્રમ મુજબ વિમાન ટેક-ઑફ થયા પછી એન્જિન બંધ કરવા માટે વપરાતી ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ 'કટ ઑફ઼' પોઝિશનમાં આવી ગઈ હતી. અહેવાલમાં એ કહેવામાં આવ્યું નથી કે આ કેવી રીતે બન્યું અથવા તો કોણે આમ કર્યું. બન્ને ફ્યુઅલ કટ ઑફ઼ સ્વિચને એક સેકન્ડની અંદર 'કટ ઑફ઼' મોડમાંથી 'રન' પર લાવવામાં આવી. બન્ને એન્જિન મિનિમમ આઈડલ રેટથી નીચે જતા રહ્યા હોવાથી રૅટ (રૅમ એર ટર્બાઈન) પંપને હાઈડ્રોલિક પાવર આપવા ચાલુ કરવામાં આવ્યો.

થોડી સેકન્ડ બાદ પહેલા એન્જિનની સ્વિચ 'કટ ઑફ઼' પોઝિશનમાંથી 'રન' પોઝિશનમાં આવી હતી. જ્યારે બીજું એન્જિન એટલો પાવર ન મેળવી શક્યું કે જેથી એન્જિન બંધ પડવાની પ્રક્રિયાને ઉલટાવી શકાય.

એક પાઈલટે 'મૅ-ડે, મૅ-ડે, મૅ-ડે'નો સંકટ સમયનો કોડ આપ્યો હતો, પરંતુ એર ટ્રાફિક કંટ્રોલને પ્લેનમાં શું ખરાબી થઈ છે એનો પ્રતિસાદ મળે એ પહેલાં જ વિમાન અમદાવાદ એરપોર્ટ બાઉન્ડરીની બહાર ઝાડને સ્પર્શ કરીને વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાયેલી હોસ્ટેલ પર તૂટી પડ્યું હતું. વિમાન હવાઈમથકેથી ઊપડ્યું ત્યારે સહ-પાઈલટ તેને ચલાવતો હતો અને કૅપ્ટન દેખરેખ રાખી રહ્યો હતો. વિમાન ઊપડ્યું અને તૂટી પડ્યું એ વચ્ચેનો સમય લગભગ ૩૦ સેકન્ડનો જ છે. એએઆઈબીએ બહાર પાડેલા પ્રાથમિક અહેવાલમાં બોઈંગ ૭૮૭ પ્લેનના ઓપરેટર કે જીઈ એન્જિન સામે કોઈ પગલાં લેવાની ભલામણ કરવામાં આવી નથી.

અહેવાલમાં જણાવવામાં આવ્યું કે વિમાને ૦૮:૦૮-૪૨ યુટીસી (ભારતીય સમય મુજબ ૧૩.૩૮) ૧૮૦ નોટ્સ આઈએએસની મહત્તમ નોંધાયેલી ઝડપ મેળવી હતી. તરત જ એક સેકન્ડની અંદર પહેલા અને બીજા એન્જિનની સ્વિચ 'રન'માંથી 'કટ ઑફ઼' પોઝિશનમાં આવી ગઈ હતી. અહેવાલ પ્રમાણે એન્જિનને ઈંધણ ન મળવાને લીધે એન્જિન એનવન અને એન્જિન એનટૂ ઊડવાની વેલ્યૂમાંથી નીચે આવવા માંડ્યા. કોકપિટ રેકોર્ડિંગમાં એક પાઈલટ બીજાને પૂછી રહ્યો હતો કે તે કેમ ફ્યુઅલ કટ ઑફ઼ સ્વિચ સક્રિય કરી છે. બીજા પાઈલટે કહ્યું કે મેં સ્વિચ શરૂ રકરીનથી. સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું કે વિમાન જમીનથી ઉપર ગયુ કે ઊર્જાના બેકઅપ સોર્સ એટલે તે રૅમ એર ટર્બાઈન (રૅટ)ને ચાલુ કરવામાં આવ્યું હતું. આ સૂચવે છે કે બન્ને એન્જિનમાંથી થર્સ્ટ મળતું બંધ થઈ ગયું હતું.

અહેવાલ ફ્લાઈટ ડેકમાં બે પાઈલટના સંવાદનું મર્યાદિત ચિત્ર પૂરું પાડે છે અને એ કહેતો નથી કે કટ ઑફ઼ સ્વિચ કઈ રીતે રનમાંથી કટ ઑફ઼ પોઝિશનમાં આવી ગઈ.

આ સ્વિચનો સામાન્ય રીતે વિમાન એરપોર્ટ ગેટમાં આવે ત્યારે એન્જિન બંધ કરવા અથવા તો તાકીદની પરિસ્થિતિમાં ઉપયોગ થાય છે. અહેવાલમાં કોઈ તાકીદની પરિસ્થિતિ ઊભી થઈ એવો કોઈ નિર્દેશ નથી.

પ્લેનના કમાન્ડર ૫૬ વર્ષના સુમીત સભરવાલ હતા જે એર ઈન્ડિયામાં જ ૩૦ વર્ષનો અનુભવ ધરાવતા હતા. તેમને ૧૫,૬૩૮ ફ્લાઈંગ અવર્સનો અનુભવ હતો. તેમનો કો-પાઈલટ ક્લાઈવ કુંદર ૩૨ વર્ષનો હતો તેને ૩,૪૦૩ ફ્લાઈંગ અવર્સનો અનુભવ હતો. (એજન્સી) ■

### ભારત પર

પ્રવર્તે છે. જો ખેરખર વચગાળાની ડીલ થાય તો ભારતનો સમાવેશ એ ટૂંકી યાદીમાં થશે જેણે ટ્રમ્પ વહીવટતંત્ર સાથે સંધિ કરવામાં સફળતા મળી છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયે તેના વેપાર ભાગીદારો પર પહેલી ઓગસ્ટની ડેડલાઈન પહેલાં ૫૦ ટકા જેટલો ઊંચો ટૅરિફ જાહેર કરીને આંચકો આપ્યો હતો.

ભારતનું પ્રતિનિધિમંડળ આ માટે ટૂંક સમયમાં વૉશિંગ્ટન જશે જેથી ઓટો કમ્પોનન્ટ, સ્ટીલ અને ખેતપેદાશની મડાગાંઠ ઉકેલી શકાય. લાંબી અને સફળ વાતચીતમાં આ બાબતો પેચીદી રહી છે. ■

### દાયકાઓ સુધી

ચાલે છે. અમે એવા કિસ્સાઓ જોયા છે જ્યાં કોઇને વર્ષો સુધી જેલમાં રહ્યા પછી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આપણી શ્રેષ્ઠ પ્રતિભા આપણે જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ તેનો ઉકેલ લાવવામાં મદદ કરી શકે છે.

તેમણે ઉતીર્ણ સ્નાતકોને સલાહ આપી કે તેઓ પોતાની શક્તિ માટે નહીં પણ પોતાની પ્રામાણિકતા માટે ગુરુની શોધ કરે. મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડી અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પી. એસ. નરસિંહા પણ દીક્ષાંત સમારોહમાં હાજર રહ્યા હતા. જ્યારે તેલંગાણા હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ સુજોય પોલે દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરી હતી. ■

### હાલ કોઈ સ્પષ્ટ

જ અટકી ગયો હોવાથી કોકપીટમાં મૂંઝવણ નિર્માણ થઈ હતી અને વિમાન ઉડાન ભર્યા પછી તરત જ જમીનદોસ્ત થયું હતું.

૧૫ પાનાના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કોકપિટ વોઇસ રેકોર્ડિંગમાં એક અજાણ્યા પાઇલટે બીજાને પૂછ્યું હતું કે તેણે શા માટે ઇંધણનો પુરવઠો અટકાવી દીધો છે. જોકે, આ દલીલ બીજાએ નકારી કાઢી હતી. (પીટીઆઈ) ■

### પાઈલટને

બહાર પાડ્યો છે જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા.

રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે એર ઇન્ડિયા ફ્લાઇટ એઆઈ૧૭૧ના બંને એન્જિનને ઇંધણ પુરવઠો એક સેકન્ડનાં અંતરે જ કપાઇ ગયો હતો, જેના કારણે કોકપિટમાં મૂંઝવણ ઊભી થઈ હતી અને વિમાન ઉડાન ભર્યા પછી લગભગ તરત જ જમીન પર પડી ગયું હતું.

૧૫ પાનાના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોકપિટના અવાજ રેકોર્ડિંગમાં, એક અજાણ્યા પાઈલટે બીજાને પૂછ્યું હતું કે તેણે ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ કેમ બંધ કરી, જેનો બીજાએ ઇનકાર કર્યો હતો. ■

### મૅકેનિકલ કે

નથી કરાયું. પાવર સપ્લાય (વીજ પુરવઠા)માં ખામી ઊભી થઇ હોવાની સંભાવના પણ છે.

તેમણે જણાવ્યું હતું કે ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ જ્યારે બંધ (કટ ઑફ઼) કરવાની હોય ત્યારે વિમાન ઉડાડતો પાઇલટ બોલે છે કે 'ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચ લેફ્ટ, કન્ફર્મ કરો'. બીજો પાઇલટ કન્ફર્મેશન આપે તે પછી મોનિટરિંગ કરતો પાઇલટ સ્વિચ બંધ (કટ ઑફ઼) કરે છે. દુર્ઘટનાનો ભોગ બનેલા વિમાનમાં ફર્સ્ટ ઑફિસર વિમાનનું ઉડ્ડયન (ટૅક ઑફ઼) કરતો હતો અને કેપ્ટન 'પાઇલટ મોનિટરિંગ' હતો. શું આ વિમાનમાં કેપ્ટન અને ફર્સ્ટ ઑફિસર વચ્ચે કન્ટ્રોલ્સની ટ્રાન્સફર કરાઇ હતી કે નહિ? તે અસ્પષ્ટ છે. (એજન્સી) ■

### સાત વર્ષ પહેલા

ઇન્સ્પેક્શનના રિપોર્ટ તાજેતરના જ હતા અને તેની પાસે ઉડ્ડયનની યોગ્યતાને લગતા સર્ટિફિકેટ્સ પણ હતાં.અમેરિકાના ફેડરલ ઍવિયેશન એડમિનિસ્ટ્રેશને ૨૦૧૮ના 'સ્પેશિયલ ઍરવર્ધિનેસ ઇન્ફોર્મેશન બુલેટિન'માં બૉઇંગ વિમાનની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચની કહેવાતી ખામી અંગે ચેતવણી આપી હતી. લૉકિંગ ફીચર સાથે આ સ્વિચ અમુક બૉઇંગ ૭૩૭માં બેસાડાઇ ત્યાર બાદ સંબંધિત ચેતવણી આપતો અહેવાલ બહાર પડાયો હતો. બૉઇંગ વિમાનની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચનું ઇન્સ્પેક્શન 'ફરજિયાત' કરાવવાની કોઇ સૂચના નહોતી અપાઇ, પરંતુ તેના ઇન્સ્પેક્શનની માત્ર ભલામણ કરાઇ હતી. ■

### રાહુલની

કૅપ્ટન બેન સ્ટૉક્સે તકનો લાભ લઈ લીધો અને સ્ટ્રાઇક-એન્ડ પર આવી રહેલા રાહુલને નિશાન બનાવવાને બદલે નૉન-સ્ટ્રાઇક એન્ડ પર ઘાયલ અને જરાક મોડું દોડેલા પંતને સીધો ટાર્ગેટ બનાવવાનું તત્કાળ નક્કી કરીને બૉલ સીધો નૉન-સ્ટ્રાઇક એન્ડના સ્ટમ્પ્સ પર ફેંક્યો હતો અને બે ઇંચ દૂર રહી ગયેલો પંત રનઆઉટ થઈ ગયો હતો.

લંચ પહેલાં પંતે બ્રિટિશરોને બોનસમાં વિકેટ આપી દીધી હતી. રાહુલ તો ઘણી વારથી (૯૦ રન પાર કર્યા પછી) ધીરજપૂર્વક રમી રહ્યો હતો, પણ લંચની થોડી ક્ષણો પહેલાં પંતે ઉતાવળ કરીને વિકેટ તાસક પર ધરીને બાજી થોડી બગાડી હતી.

પંતની વિકેટ સાથે લંચનો બ્રેક લઈ લેવામાં આવ્યો હતો. રાહુલ ભોજનના ૪૦ મિનિટના વિશ્રામ બાદ રવીન્દ્ર જાડેજાને લઈને પાછો રમવા આવ્યો હતો. રાહુલે બશીરની બાકી રહેલી ઓવરના ચોથા બૉલમાં એક રન કર્યો અને ૯૯ રન પર પહોંચ્યો ત્યાર બાદ પાંચમા બૉલમાં જાડેજાએ દોડીને ત્રણ રન લીધા અને છઠ્ઠો ડૉટ-બૉલ રહેતાં રાહુલ ૯૯ રનના વ્યક્તિગત સ્કોર સાથે પછીની જોફ્રા આર્ચરની નવી ઓવરમાં નૉન-સ્ટ્રાઇક પર ઊભો રહ્યો હતો. જોફ્રાની ઓવરની શરૂઆતમાં જ જાડેજાએ એક રન દોડી લેતાં રાહુલ સ્ટ્રાઇક પર આવ્યો હતો અને બે ડૉટ-બૉલ બાદ રાહુલે એક રન દોડીને ૧૦૦ રન પૂરા કર્યા હતા.

રાહુલને હાશકારો થયો હતો, પરંતુ ત્યાર પછીની સ્પિનર બશીરની ઓવરના પહેલા જ બૉલમાં રાહુલને થોડો કમ્ફર્ટ ઝોનમાં જોઈને અને (સેન્ચુરી પછી) તેની એકાગ્રતા થોડી ઓછી થઈ હોવાનું જણાતાં બશીર ત્રાટક્યો હતો અને તેને સ્લિપમાં હૅરી બ્રૂકના હાથમાં કૅચઆઉટ કરાવી દીધો હતા.

રાહુલ બરાબર ૧૦૦ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. જોકે રાહુલની ઇનિંગ્સ કાબિલેદાદ હતી. તેણે કરુણ નાયર (૪૦ રન) સાથે ૬૧ રનની, શુભમન ગિલ (૧૬) સાથે ૩૩ રનની, પંત (૭૪) સાથે ૧૪૧ રનની અને જાડેજા સાથે છ રનની ભાગીદારી કરી હતી. ■

### યુરોપ, મૅક્સિકો

છે, પરંતુ, મેક્સિકોએ જે કર્યું છે તે પૂરતું નથી. મેક્સિકોએ હજુ પણ કાર્ટેલ્સને રોક્યા નથી જેઓ સમગ્ર ઉત્તર અમેરિકાને નાર્કો-ટ્રાફિકિંગ રમતના મેદાનમાં ફેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દેખીતી રીતે, હું તે થવા દઈ શકતો નથી! એમ તેમણે પત્રમાં લખ્યું છે.

તેમાં તેમણે ઉમેર્યું હતું કે ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી, અમેરિકા મેક્સિકોથી મોકલવામાં આવતા મેક્સિકન ઉત્પાદનો પર ૩૦ ટકા ટેરિફ વસૂલશે, જે તમામ ક્ષેત્રીય ટેરિફથી અલગ હશે.

ઉચ્ચ ટેરિફથી બચવા માટે ટ્રાન્સશિપ કરાયેલ માલ તે ઊંચા ટેરિફને આધીન રહેશે. જેમ તમે જાણો છો, જો મેક્સિકો, અથવા તમારા દેશની કંપનીઓ, અમેરિકા ઉત્પાદન બાંધવા અથવા ઉત્પાદન કરવાનું નક્કી કરે છે, તો કોઈ ટેરિફ રહેશે નહીં અને હકીકતમાં, અમે ઝડપથી, વ્યાવસાયિક અને નિયમિત રીતે મંજૂરી મેળવવા માટે શક્ય તેટલું બધું કરીશું - બીજા શબ્દોમાં કહીએ તો, થોડા અઠવાડિયામાં, એમ નિવેદનમાં ઉમેરવામાં આવ્યું છે.

ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો મેક્સિકો ટેરિફ વધારવાનો નિર્ણય લે છે, તો દેશ ગમે તેટલો વધારો કરવાનું પસંદ કરે, તે અમેરિકા દ્વારા વસૂલવામાં આવેલા ૩૦ ટકાના દરમાં ઉમેરવામાં આવશે. ■

### વિઝા મળ્યા એટલે

પછી પણ અમેરિકી વિઝા તપાસ બંધ થતી નથી. અમે વિઝા ધારકોની સતત તપાસ કરીએ છીએ. જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે તેઓ બધા અમેરિકી કાયદાઓ અને ઇમિગ્રેશન નિયમોનું પાલન કરી રહ્યા છે કે નહીં. જો તેઓ આમ નથી કરતાં તો અમે તેમના વિઝા રદ કરીશું અને દેશનિકાલ કરીશું.

ભારત સ્થિત યુએસ એમ્બેસીએ છેલ્લા કેટલાક અઠવાડિયામાં વિઝા અને ઇમિગ્રેશન અંગે અનેક નિવેદનો જારી કર્યા છે. ૨૮ જૂનના રોજ અમેરિકી એમ્બેસીએ એક એડવાઇઝરીમાં જણાવ્યું હતું કે જે લોકો અમેરિકામાં ગેરકાયદે રહી રહ્યા છે અથવા જેમણે વિઝા છેતરપિંડી કરી છે તેમને જવાબદાર ઠેરવવામાં આવશે. એમ્બેસીએ એક્સ પર એમ પણ જણાવ્યું હતું કે જો કોઇ અમેરિકન કાયદાનો ભંગ કરશે તો તેને ગંભીર ફોજદારી સજા આપવામાં આવશે. ■

### શુભાંશુ શુક્લા

સ્પેશ્યાલિસ્ટ્સ - પોલૅન્ડના સ્લાવોઝ અઝનાનસ્કી - વિસ્નિવસ્કી અને હંગેરીનાં ટીબોર કાપુ કમર્શિયલ એક્સિઓમ-૪ મિશનમાં ૨૬ જૂને ઇન્ટરનેશન સ્પેસ સ્ટેશન પહોંચ્યા હતા.

નેશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશને બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચારે અવકાશયાત્રી ૧૪ જુલાઇ, સોમવારે ભારતીય સમય મુજબ બપોરે ૪.૩૫ વાગ્યે (ઇસ્ટર્ન ટાઇમ મુજબ સવારે ૭.૦૫ વાગ્યે) ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન છોડશે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)એ જણાવ્યું હતું કે અવકાશયાત્રીઓને પાછા ધરતી પર લઇને આવનારું ડ્રેગન સ્પેસક્રાફ્ટ ૧૫ જુલાઇએ બપોરે ભારતીય સમય મુજબ ત્રણ વાગ્યે કેલિફોર્નિયાના કિનારાની નજીક દરિયામાં પડવાની આશા છે. તેઓ ધરતી પર પાછા ફર્યા બાદ ફ્લાઇટ સર્જનના નિરીક્ષણ હેઠળ સાત દિવસમાં રિહેબિલિટેશન પ્રોગ્રામમાંથી પસાર થશે. તેઓની શારીરિક અને માનસિક સ્થિતિની સતત તપાસ કરાતી રહેશે. 'ઇસરો'એ શુભાંશુ શુક્લાના ઇન્ટરનેશન સ્પેસ સ્ટેશન સુધીના પ્રવાસ માટે અંદાજે રૂપિયા ૫૫૦ કરોડ ચૂકવ્યા છે. (એજન્સી) ■

### અમેરિકાની

કરાઇ. તેમણે જણાવ્યું હતું કે બી-વન / બી-ટૂ (બિઝનેસ અને ટૂરિસ્ટ) વિઝા માટે અત્યાર સુધી અંદાજે રૂપિયા ૧૬,૦૦૦ (૧૮૫ ડૉલર) ભરવાના હતા, પણ હવે નવી ફીના અંદાજે રૂપિયા ૩૭,૫૦૦ ભરવા પડશે. તેની માઠી અસર સ્ટુડન્ટ્સ (એફ અથવા એમ વિઝા), બી-વન / બી-ટૂ (બિઝનેસ અને ટૂરિસ્ટ) વિઝા, ટૅક ફર્મ્સ માટે કામ કરતા લોકો માટેના એચ-વનબી અને એક્સ્ચેન્જ વિઝિટર્સ (જે) વિઝા પર પડશે. અનેક વિદ્યાર્થીઓ અમેરિકાને બદલે યુરોપ કે અન્ય વિદેશમાં ભણવા જવાના વિકલ્પને પણ શોધી રહ્યા છે. (એજન્સી) ■

### દિલ્હીમાં

હતા. કાટમાળ હેઠળથી બચાવાયેલા સાત ઘાયલને જેપીસી હૉસ્પિટલ અને અન્ય એક જણને જીટીબી હૉસ્પિટલ ખાતે સારવાર માટે મોકલાયા હતા.

ઇશાન દિલ્હીના એડિશનલ ડેપ્યુટી કમિશનર સંદીપ લાંબાએ જણાવ્યું હતું કે આ ઇમારતના માલિક મતલુબ પોતાના પરિવારની સાથે અહીં રહેતા હતા. બિલ્ડિંગના પહેલા માળે અને ભોંયતળિયે કોઇ પણ નહોતું રહેતું. (એજન્સી) ■

# ગુજરાતમાં જોખમી ૯૪ બ્રિજની ફેરતપાસની સૂચના, સલામતીના ભાગરૂપે ૩૬ પુલ બંધ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વડોદરાના પાદરામાં ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્ય સરકાર સફાળી જાગી છે. આ દુર્ઘટના બાદ ચાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. ગુજરાતમાં પુલોની સ્થિતિ અંગે રાજ્ય સરકારે જિલ્લા કલેક્ટરોને માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરીને બ્રિજની ચકાસણી કરવા માટે સૂચના આપી છે. સરકારે રાજ્યના ૯૪ બ્રિજની ફેર તપાસ માટે ડિઝાઈનર અને કન્સલ્ટન્ટને પણ સૂચનાઓ આપી છે. રાજ્યમાં સલામતીના ભાગરૂપે ૩૬ જોખમી બ્રિજ બંધ કરાયા છે.

જિલ્લા કલેક્ટરોને બ્રીજની ચકાસણી કરવા સૂચના આપી હતી. જિલ્લા કક્ષાએ માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરી ચકાસણી કરવા આદેશ કર્યો હતો. માર્ગ અને મકાન વિભાગે રાજ્યના ૯૪ બ્રીજની ફેર તપાસ માટે ડિઝાઈનર અને કન્સલ્ટન્ટને સૂચના આપી છે. જોખમી બ્રીજની શ્રેણીમાં આવતા ૯૪ બ્રીજની ફેર તપાસ માટે સૂચના અપાઈ છે.

ગંભીરા બ્રીજ દુર્ઘટના પહેલા બંધ ૧૩ બ્રિજની સાથે વધુ ૨૩ જોખમી બ્રીજ બંધ કરાયા છે. હાલ સલામતીના ભાગરૂપે રાજ્યમાં ૩૬ જોખમી બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યાં છે. રાજ્યભરમાં હાલ ૭૨૮૦ બ્રિજ છે. જેમાં ૧૫૦૦થી વધુ મેજર અને ૫ હજારથી વધુ માઈનર બ્રીજ છે. તમામ બ્રીજની તપાસ પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારને વર્તમાન સ્થિતિ પર અવગત કરાશે. ■

# ગુજરાત બોર્ડ ધો. ૧૨ સાયન્સનું પૂરક પરીક્ષાનું ૪૧.૫૬ ટકા પરિણામ

## વિદ્યાર્થિનીઓએ બાજી મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવેલી ધો. ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. પૂરક પરીક્ષામાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા.ધોરણ ૧૨ સાયન્સમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ પૈકીના ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. એટલે ૪૧.૫૬ ટકા પરિણામ આવ્યું હતું.

એ -ગ્રૂપનું પરિણામ ૪૬.૩૨ ટકા આવ્યું હતું, બી - ગ્રૂપનું પરિણામ ૪૦.૪૭ ટકા આવ્યું હતું.

# સરદાર સરોવર ડેમ ૫૦ ટકાથી વધુ ભરાયોઃ રાજ્યમાં ૭૦ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસવા માટે તૈયાર થઈ રહ્યા છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે રાજ્યભરમાં વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન ઉત્તર ગુજરાતમાં મુશળધાર વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી. હવામાન વિભાગ મુજબ, કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની પણ ચેતવણી આપવામાં આવી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે, જ્યારે અમુક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. રાજ્યમાં સારા વરસાદના પગલે સરદાર સરોવર ડેમ ૫૦ ટકાથી વધુ ભરાયો છે.

આ દરમિયાન રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૭૦ તાલુકામાં મેઘમહેર થઈ હતી. સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં સૌથી વધુ ૧.૯૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. ભાવનગરના પાલીતાણામાં ૧.૩૦ ઈંચ, ગીર સોમનાથના ઉનામાં ૧.૨૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. ૬૭ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં સાર્વત્રિક વરસાદના કારણે સિઝનનો સરેરાશ ૪૮.૧૪ ટકા વરસાદ વરસી ચુક્યો છે. કચ્છમાં સૌથી વધુ ૫૯.૧૯ ટકા વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ૫૨.૪૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૩૦ ટકા, પૂર્વ મધ્યમાં ૪૬.૧૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૨.૭૯ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ ૫૦.૨૧ ટકા ભરાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયો તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૫૭.૪૧ ટકા ભરાયેલા છે. ■

# અમદાવાદમાં ૩૭ તળાવો ગાયબ થયાં, એનજીટીએ કલેક્ટરને પત્ર લખી જવાબ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક રિપોર્ટમાં શહેરનાં તળાવો વિશે એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. રિપોર્ટ મુજબ શહેરનાં ૧૫૬માંથી ૩૭ તળાવ ગાયબ થઈ ગયાં છે. આ જ રિપોર્ટના આધારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે રાજ્ય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેમજ અમદાવાદ જિલ્લા કલેક્ટરને પત્ર લખ્યા છે, તેની સાથે જ ગાયબ થઈ ગયેલાં તળાવોને અંગે પણ વિગતો માગી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, કાયદાકીય ડેવલપમેન્ટ પ્લાન (શહેરી વિસ્તરણ)માં આ તળાવોને સ્થાન આપવામાં આવ્યું નથી, જેના કારણે આ તળાવો અતિક્રમણ અને શહેરી વિસ્તરણ દરમિયાન ગાયબ થઈ ગયાં છે. ■

# સુરત જિલ્લા એસપીએ નેશનલ હાઈવે ૪૮ પર તાપી નદી પરના બ્રિજની મુલાકાત લીધી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના મુજપુર-ગંભીરા પુલ દુર્ઘટના બાદ રાજ્યના તમામ પુલોની સલામતી ધ્યાને લેતા જાહેરહિતમાં તેની પુનઃ તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરવાની સૂચના આપી હતી. જેના ભાગરૂપે તમામ જિલ્લાઓમાં પુલો, ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોની ચકાસણી કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસરે કામરેજ તાલુકાના ખોલવડ પાસે એન.એચ.-૪૮ પર તાપી નદી પરના બ્રિજની મુલાકાત લીધી હતી. કીમ ચાર રસ્તા પાસે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના પેકેજ-૬ની પણ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે, અમદાવાદથી મુંબઈ જતા નેશનલ હાઈવે નં.૪૮ ઉપર ખોલવડ પાસેના તાપી રિવર બ્રિજનું રિપેરિંગનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે. જેથી અમદાવાદ તરફથી સુરત, પલસાણા, સચીન, બારડોલી, તાપી, નવસારી, વલસાડ ધુલીયા અને મુંબઈ તરફ જતાં વાહનોને નાનીનરોલીથી નવા બનેલા વડોદરા મુંબઈ એક્સપ્રેસ વે ઉપરથી વાહનોને પસાર થવા ડાયવર્ઝન આપવામા આવ્યું છે. ■

# અમદાવાદમાં એક દાયકામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોથી ૮૯૭ લોકોનાં મોત, આરટીઆઈમાં ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચોમાસા બાદ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાના કેસમાં ઉછાળો જોવા મળતો હોય છે અને તેના કારણે હૉસ્પિટલમાં દર્દીઓનો ધસારો જોવા મળતો હોય છે. જો કે અમદાવાદમા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોને કારણે એક દાયકામાં ૮૯૭ જેટલા દર્દીઓએ જીવ ગુમાવ્યો હોવાનો એક આરટીઆઇ અરજીમાં ખુલાસો થયો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પાંચ હૉસ્પિટલોમાં છેલ્લા એક દાયકામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોને કારણે ૮૯૭ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

આ આંકડાઓમાં ડેન્ગ્યૂથી થયેલા ૩૦૨ મૃત્યુનો પણ સમાવેશ થાય છે. ■

# વડોદરામાં પાટીલના કાર્યક્રમ પહેલાં રાજપૂત મહિલા મોરચાના પ્રમુખ નજરકેદ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના સયાજીગંજ વિધાનસભા ક્ષેત્રમાં ૪.૮૦ કરોડના ખર્ચે નિર્મિત ૨૧૮ રિચાર્જ બોરવેલના ખાતમુહૂર્તનો કાર્યક્રમ હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ પહેલા પોલીસ તંત્ર દ્વારા સામાજિક કાર્યકરોને નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. વડોદરા શહેર રાજપૂત સમાજના મહિલા અગ્રણી પાર્વતીબેન રાજપૂતને વહેલી સવારે ૬ વાગ્યાથી તેમના ઘરમાં નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. ગંભીરા બ્રિજ દુર્ઘટના સહિત અન્ય કોઈ મુદ્દે સંભવિત વિરોધને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

વડોદરા શહેર રાજપૂત મહિલા મોરચાના પ્રમુખ પાર્વતીબેન રાજપૂતે જણાવ્યું હતું કે હું એક સામાજિક કાર્યકર છું, વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો અંગે અવારનવાર રજૂઆત કરતી આવી છું. લોકોની સુવિધાઓ માટે રજૂઆત કરવી ગુનો નથી. વહેલી સવારે મારા ઘરે મહિલા પોલીસ આવી ગઈ હતી અને મને નજરકેદ કરી દેવામાં આવી હતી. જેની સામે મારો વિરોધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં ખુલ્લેઆમ દારૂ, ડ્રગ્સ વેચાય છે. પોલીસ તેની સામે કાર્યવાહી કરવાને બદલે અમારા જેવા સામાજિક કાર્યકરોને પોલીસ નજરકેદ કરી હતી.

સી. આર. પાટીલે આ કાર્યક્રમને લઈ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી. જેમાં લખ્યું, સયાજીગંજ વિધાનસભા ક્ષેત્રમાં ૪.૮૦ કરોડના ખર્ચે નિર્મિત ૨૧૮ રિચાર્જ બોરવેલના ખાતમુહૂર્ત કરવાનો અવસર પ્રાપ્ત થયો.

માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ જનભાગીદારીથી ચાલી રહેલા જળ સંરક્ષણ અભિયાને દેશમાં એક નવી જળક્રાંતિને જન્મ આપ્યો છે. તે દિશામાં આ પહેલ એક સશક્ત અને પ્રેરણાદાયક કદમ છે, જે ફક્ત ભૂગર્ભ જળસ્તરને સુધારવામાં મદદરૂપ થશે નહીં, પરંતુ ભાવિ પેઢીઓ માટે જળસુરક્ષા પણ સુનિશ્ચિત કરશે.

# અમદાવાદમાં ફરી કાયદો અને વ્યવસ્થાના લીરેલીરાં

## મોડી રાત્રે જાહેરમાં ગોળીબાર, બે લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં અસામાજિક તત્ત્વોનો બેફામ બન્યાં છે. દિવસેને દિવસે ગુનાખોરી વધી રહી છે. જાહેરમાં હત્યા અને ગોળીબાર જેવી ઘટનાઓ શહેરમાં જાણે સામાન્ય બની ગઈ છે. આવી જ એક ઘટના શહેરના પટવા શેરી વિસ્તારમાં બની હતી. શુક્રવારે (૧૧ જુલાઈ) મોડીરાત્રે ૮ કરોડ રૂપિયાની લેતીદેતી મામલે પૂર્વ ભાગીદારે બિલ્ડર પર ૩ રાઉન્ડ ફાયરિંગ કરતાં ચકચાર મચી ગઇ છે. બિલ્ડરે રૂપિયા માગતાં પૂર્વ ભાગીદારે ફાઇરિંગ કરતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ત્રણ રાઉન્ડ ફાઇરિંગમાં બે ગોળી બિલ્ડરને વાગી હતી, જ્યારે એક ગોળી રાહદારીને વાગી હતી. ત્યારબાદ બંનેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પટવાશેરી નજીક ફાઇરિંગની ઘટના બનતાં ગેંગવોર જેવી સ્થિતિ સર્જાઇ હતી.

મળતી વિગત મુજબ શુક્રવારે (૧૧ જુલાઈ) મોડી રાત્રે પટવા શેરી વિસ્તારમાં ઈટાલિયન બેકરી પાસે ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનામાં બે લોકોને ગોળી વાગી હતી. રિયલ એસ્ટેટ સેક્ટર સાથે કથિત રીતે સંકળાયેલા ભાગીદારો ઝહુરુદ્દીન નાગોરી અને નઝીરખાન પઠાણ વચ્ચેના પૈસાની લેતી-દેતીને લઈને થયેલી ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોકે, બાદમાં આ વિવાદ હિંસક બની ગયો અને આરોપી ઝહુરુદ્દીન નાગોરીએ ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો હતો. જેમાં નઝીરખાન પઠાણ તેમજ ત્યાંથી પસાર થતા એક રાહદારીને ગોળી વાગી હતી. ત્યારબાદ આરોપી ત્યાંથી ભાગી ગયો અને બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પ્રાથમિક ધોરણે આ વિવાદ કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં નફાની વહેંચણી અને બાકી લેણાં અંગે લાંબા સમયથી ચાલી રહેલા મતભેદોને કારણે ઊભો થયો હતો. ઝઘડો ત્યારે વકર્યો જ્યારે આરોપીએ કથિત રીતે હથિયાર કાઢીને ઝઘડાના સ્થળે અનેક રાઉન્ડ ફાઇરિંગ કર્યું હતું. ■

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલનો ૪ વર્ષમાં ૨૦૦ અંગદાનનો માઈલસ્ટોન, ૬૩૮ લોકોને નવજીવન પ્રદાન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સિવિલ હોસ્પિટલે ગુરુપૂર્ણિમાના દિવસે ૨૦૦ અંગદાનનો કીર્તિમાન બનાવ્યો હતો. સિવિલ હોસ્પિટલને છેલ્લાં સાડા ચાર વર્ષમાં ૧૭૫ લીવર, ૩૬૪ કિડની, ૧૪ સ્વાદુપિંડ, ૬૪ હૃદય, ૬ હાથ, ૩૨ ફેફસાં, ૨ નાનાં આંતરડાં તથા ૨૧ ચામડી મળીને કુલ ૬૫૭ અંગોનું દાન મળ્યું છે. જેના થકી ૬૩૮ લોકોને નવજીવન પ્રદાન થયું છે, જે સિવિલ હૉસ્પિટલ અમદાવાદની યશસ્વી સિદ્ધિ છે.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં થયેલા આ અંગદાનોમાં ગુજરાતના ૧૭૬ અંગદાતાઓ પૈકી સૌથી વધુ ૬૮ અંગદાતાઓ માત્ર અમદાવાદના જ છે. તે સાથે જ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, રાજ સ્થાન જેવાં અન્ય રાજ્યો તથા નેપાળ જેવા પાડોશી દેશના અંગદાતાઓ પણ અંગદાન મહાયજ્ઞમાં સહભાગી થયા હતા. જ્યારે ગુરુપૂર્ણિમાના દિવસે હૃદય, લીવર, સ્વાદુપિંડ અને બે કિડની સાથે ૨૦૦મું અંગદાન હૉસ્પિટલને મળ્યું હતું. ખાસ ૨૦૦મા અંગદાનની વાત કરીએ તો, મૂળ અમરેલીના વતની ૩૫ વર્ષીય મહેશભાઇ સોલંકીને ૦૨ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ બગસરાથી હુમાપુર ગામે જતાં બોલેરો ગાડીએ ટક્કર મારતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જે બાદ મહેશભાઇને પ્રથમ બગોદરા સિવિલ, ત્યાર બાદ અમરેલી સિવિલ અને ભાવનગર સિવિલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ભાવનગર સિવિલ હોસ્પિટલમાંથી તારીખ ૭ જુલાઈના રોજ વધુ સારવાર અર્થે તેઓને રાત્રે ૯ વાગ્યે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૮ કલાક કરતાં વધારે સમયની સઘન સારવાર બાદ તારીખ ૯ જુલાઈના રોજ ડોક્ટરોએ મહેશભાઇને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. જે બાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમ તેમજ સામાજિક કાર્યકર ભાસ્કર ચાવડા દ્વારા દર્દીનાં સ્વજનોને બ્રેઈનડેડ પરિસ્થિતિ અને અંગદાન વિશે સમજાવતાં સિવિલ હોસ્પિટલમાં હાજર પરિવારજનોએ તેમનાં અંગોનું દાન કરવા સંમતિ આપી હતી.

આ વિશે વાત કરતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, ૨૦૦ અંગદાન એ માત્ર આંકડો નથી, પરંતુ દરેક અંગદાન પાછળ એક પરિવારના આંસુમાંથી નીકળેલા બીજા પરિવાર માટેના નવજીવનની આશા છે. ૨૦૦ અંગદાનની ઉપલબ્ધિ સિવિલની અંગદાન ટીમના ટીમવર્ક અને કર્તવ્યનિષ્ઠાનું પરિણામ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

અંગદાનની આંકડાકીય વિગતો પૂરી પાડતા ડો. જોષીએ જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લાં સાડા ચાર વર્ષથી ચાલી રહેલા અંગદાનના આ મહાયજ્ઞમાં આજે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થઈ છે. જેમાં આજદિન સુધીમાં કુલ ૨૦૦ અંગદાન થયાં છે. જેના દ્વારા કુલ ૬૫૭ અંગોનું દાન મળ્યું છે. જે થકી ૬૩૮ લોકોને નવજીવન પ્રદાન થયું છે. મહેશભાઇના અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૭૫ લીવર, ૩૬૪ કિડની, ૧૪ સ્વાદુપિંડ, ૬૪ હૃદય, ૬ હાથ, ૩૨ ફેફસાં, ૨ નાનાં આંતરડાં તથા ૨૧ ચામડીનું દાન મળ્યું છે.

૨૦૦મા અંગદાન વિશે ડો. જોષીએ જણાવ્યું હતું કે, ગુરુપૂર્ણિમાના દિવસે બ્રેઈનડેડ મહેશભાઇના અંગદાનથી મળેલા એક લીવર, બે કિડની તેમજ એક સ્વાદુપિંડનું સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. આ સાથે મહેશભાઇના અંગદાનથી મળેલ હૃદયને અમદાવાદની સીમ્સ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. ■

# વડોદરામાં ભરચોમાસે લોકો પાણીનાં ટેન્કર મગાવવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના કેટલાક વિસ્તારમાં ભરચોમાસે પાણીની સમસ્યા સર્જાઈ છે. જેના કારણે લોકો ટેન્કર મગાવવા મજબૂર બન્યા હતા. વિતરણ વ્યવસ્થામાં ખામી રહેવાના કારણે આ સમસ્યા ઊભી થઈ હતી. આ અંગે મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. શહેરના કારેલીબાગ વિસ્તારમાં ધનલક્ષ્મી સોસાયટી, અક્ષતા સોસાયટી, કલાકુંજ, આનંદ નગર, અંબાલાલ પાર્ક, શાસ્ત્રી પાર્ક, જલાધામ, ગાંધી ગ્રામ, આશુતોષ, વી.આઈ.પી રોડ પર વૃંદાવન સોસાયટી, ક્રિષ્ના વેલી, અમિતનગર, જાગૃતિ, મીરાં, નિર્વાણા કોમ્પલેક્ષ, તુલસીવાડી વગેરે કારેલીબાગ પાણીની ટાંકીના કમાન્ડ એરીયામાં આવતી સોસાયટીઓ છે, ત્યાં જ પાણીના ધાંધિયા છે. ૧૫ દિવસથી આ સોસાયટીઓમાંથી વારંવાર પાણીની ટાંકી ફરિયાદો કરવામાં આવે છે. પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીને મૌખિક તથા ટેલિફોનીક રજૂઆત કરી હોવા છતાં ઉકેલ આવ્યો નથી.

હાલમાં વડોદરા શહેરની આજુબાજુ વિસ્તારોના નદી-નાળા છલકાઈ ગયા છે, પાણી પૂરતું છે તો પછી વિસ્તારમાં કેમ આવા વારંવાર પ્રોબલેમ કેમ થાય છે તેવો પણ લોકોએ સવાલ ઉઠાવ્યો હતો. ■

# કચ્છ ઉત્તર ગુજરાતને જોડતો બનાસ નદી પરનો ૬૦ વર્ષ જૂનો પુલ જર્જરિત

## ભારે વાહનો પર પ્રતિબંધ મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ અને ઉત્તર ગુજરાતને જોડતો રાધનપુર-મહેસાણા હાઈવે પર સમીના ગોચનાદ ગામ પાસેનો ૧૯૬૫માં બનેલો બ્રિજ છેલ્લા ઘણા સમયથી અતિ બિસ્માર હાલતમાં હોવાથી તંત્રની ઘોર બેદરકારીના કારણે પુલ ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં છે. ત્યારે ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ એકાએક જાગેલા મહેસાણા માર્ગ-મકાન વિભાગે બ્રિજને તાકિદે બંધ કરવા જાહેરનામું બહાર પાડ્યું હતું. ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ ગાંધીનગરથી આદેશ છૂટતા રાજ્યના તમામ જિલ્લામાં આવેલા નાના-મોટા બ્રિજની સ્થિતિ ચકાસવા ટીમો કામે લાગી છે. ત્યારે પાટણ જિલ્લામાં પણ ૪૦ જેટલા પુલો આવેલા છે, તેની ચકાસણી માટે કે તપાસ માટે સ્થાનિક માર્ગ-મકાન વિભાગ મુહૂર્તની રાહ જોઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વહીવટીતંત્ર દ્વારા શુક્રવારે બેઠક બોલાવીને જિલ્લાના તમામ બ્રિજોનું નિરીક્ષણ કરવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું હતું. રાધનપુર-મહેસાણા હાઈવે પર કચ્છ અને ઉત્તર ગુજરાતને જોડતો સમી તાલુકાના ગોચનાદ ગામ પાસે બનાસ નદી ઉપર ૧૯૬૫માં બનાવવામાં આવેલો ઓવરબ્રિજ જર્જરિત હાલતમાં છે. આ બ્રિજ ટોલ વગરનો હોવાથી દરરોજ હજારો વાહન પસાર થાય છે, જ્યારે આ બ્રિજમાં પોપડા પડવા લાગ્યા છે અને તેના સળિયા પણ દેખાવવા લાગ્યા છે. ગંભીરા બ્રિજની દુર્ઘટનામાં ૨૦ લોકોનાં મોત નીપજતાં આ વર્ષો જૂનો બ્રિજ ગમે ત્યારે કડડભૂસ થવાની અને મોટી જાનહાનિ સર્જાવાની ભીતિ સેવાઇ રહી છે. જેથી તંત્ર દ્વારા સત્વરે આ બ્રિજના કારણે કોઈ મોટી દુર્ઘટના ના સર્જાય તે માટે બ્રિજનું સમારકામ કરવામાં આવે તેવી માગ ઊઠવા પામી છે. ■

# ગુજરાતમાં સરકારની ગુનાઈત બેદરકારીને કારણે અકસ્માત થાય છેઃ કૉંગ્રેસના નેતા અમિત ચાવડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગંભીરા બ્રિજ હોનારત મુદ્દે સરકાર પર ચારે તરફથી માછલા ધોવાઈ રહ્યા છે. આ મુદ્દે કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કમિશનવાળી સરકારમાં કોઈ પણ ગુજરાતીના જીવની કોઈ કિંમત ના હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે પ્રજાના ટેકસના પૈસાથી ચાલતી સરકારના શાસનકાળમાં છેલ્લા થોડાં જ વર્ષમાં રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ કાંડ, મોરબી બ્રીજ તૂટયો, વડોદરા હોડી દુર્ઘટના, સુરતમાં તક્ષશિલાકાંડ અને છલ્લે ગંભીરાનો બ્રીજ તુટ્યો હતો, જેમાં ૧૮ કરતા વધુના જીવ ગયા હતા. ગુજરાતમાં થોડા વર્ષોનો અભ્યાસ કરીએ તો સરકારની ગુનાઈત બેદરકારીને કારણે અકસ્માત થાય છે અને મોટી સંખ્યામાં લોકોના જીવ જાય છે. સરકારના કમિશન રાજમાં ગુજરાતીઓના જીવની કોઈ કિંમત જ ના હોય એવી બેદરકારી સરકાર દ્વારા દાખવવામાં આવે છે. ખૂબ જ અસંવેદનશીલતા સાથે રાજ્યના શાસકો આવી દુર્ઘટના, હોનારતો પછી શીખ લેવાને બદલે, ફરીવાર આવી દુર્ઘટનાઓ, હોનારત ના થાય તે માટે આગોતરા પગલા લેવાને બદલે ટ્વિટ કે સંદેશાઓ પાઠવી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી દેતા હોય છે.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અમારી પાસે લેખિત પુરાવાઓ છે કે વડોદરા જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા ત્યાના કલેક્ટર, કાર્યપાલક ઈજનેરને ૨૦૨૨થી પત્ર લખવામાં આવ્યા હતા કે આ બ્રિજ પર ભારે વાહનો જાય ત્યારે આખા બ્રિજમાં ધ્રૂજારી થાય છે, બ્રીજ ભયજનક છે, લોકોના અવર-જવર માટે બંધ કરવો જોઈએ અને નવો બનાવવો જોઈએ.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, આ ગંભીરા બ્રીજ એ આણંદ-વડોદરાને જોડતો મુખ્ય બ્રીજ છે જેનો ખેડૂતો, નોકરી કામદારો પ્રતિદિન ઉપયોગ કરે છે પરંતુ બ્રીજ તૂટી જવાને કારણે લોકોને ૩૦-૪૦ કિલોમીટર વધુ ફરીને જવું પડે છે અને લગભગ ૩ થી ૪ કલાક જેટલો સમય વધી જાય છે. તો તાત્કાલિક સરકાર ત્યાં નવો બ્રીજ બનાવવાની જાહેરાત કરે તેવી ત્યાંના લોકો વતી વિનંતી સાથે માગણી કરું છું. અને ત્યાં સુધી જે વૈકલ્પિક રસ્તાઓ છે તે પણ પૂરતી સુવિધા સાથે કાર્યરત રહે તેવી માંગણી કરું છું. ■

# ગુજરાતમાં વરસાદની પેટર્ન બદલાઈઃ ૧૨ જિલ્લામાં ૫૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ વરસાદનું જોર ઘટ્યું છે. આ દરમિયાન એક રિપોર્ટ સામે આવ્યો હતો. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં વરસાદમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ગયા વર્ષના આંકડા દર્શાવે છે કે ૩૩ જિલ્લાઓમાંથી ૧૨ જિલ્લાઓમાં ૨૦૧૪ થી ૨૦૨૩ દરમિયાન નોંધાયેલા વરસાદની સરખામણીમાં મોસમી વરસાદમાં ૫૦ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. દેવભૂમિ દ્વારકામાં દાયકામાં સરેરાશ ૮૮૫ મિમી વરસાદથી બમણો એટલે કે ૨૦૭૯ મિમી વરસાદ નોંધાયો હતો. જે ૧૩૫ ટકાનો વધારો દર્શાવે છે. તેવી જ રીતે, પોરબંદરમાં ૯૭ ટકા, વડોદરામાં ૬૭ ટકા, ભરૂચમાં ૬૬ ટકા અને તાપીમાં ૬૫ ટકાનો વધારો થયો છે. સાબરકાંઠા એકમાત્ર એવો જિલ્લો છે જ્યાં ૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

સૂત્રોના કહેવા પ્રમાણે, વરસાદની પેટર્ન બદલાવાની અસર કૃષિથી લઈને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુધીના ક્ષેત્રો પર પડે છે. કેટલાક પ્રદેશો વર્ષ-દર-વર્ષે વધુ પૂરગ્રસ્ત બની રહ્યા છે, જ્યારે અમુક જગ્યાએ અનિયમિત વરસાદના કારણે પાક પર પણ અસર થઈ છે. એમ હવામાન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું. ગયા વર્ષે પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. જોકે, તેને સતત વલણ કહેવું વહેલું ગણાશે, પરંતુ ગુજરાતના વિવિધ તાલુકામાં સરેરાશ વાર્ષિક વરસાદ ચોક્કસપણે વધ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર ૧૯૮૫ થી ૨૦૧૪ દરમિયાન ગુજરાત માટે સરેરાશ વાર્ષિક વરસાદ ૭૯૭ મિમી હતો, જે ૧૯૯૫ થી ૨૦૨૪ દરમિયાન ૮૮૨ મિમી થયો હતો. સૌથી વધુ વધારો કચ્છમાં ૨૫ ટકા નોંધાયો હતો, ત્યારબાદ સૌરાષ્ટ્રમાં ૧૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૩ ટકા વધારો થયો છે. ■

# સુરતમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરતી હોસ્પિટલોને સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી હોસ્પિટલો સામે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ફાયર સેફ્ટીના મુદ્દે દાખવવામાં આવતી બેદરકારીને ગંભીરતાથી લઈ ફાયર વિભાગે પાંડેસરા, અલથાણ અને ઉન પાટિયા નજીક અલગ-અલગ ચાર હોસ્પિટલોને સીલ મારી કાર્યવાહી હાથ ધરી હતી, જેના પગલે હોસ્પિટલ સંચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. મળતી વિગત પ્રમાણે, પાંડેસરા વિસ્તારમાં આવેલા જલારામ નગર, બી-૨૧૬, ૧૭૭ પીયૂષ પોઈન્ટ ખાતે આવેલી શ્રી દીપ ચિલ્ડ્રન કેર હૉસ્પિટલને ફાયર સેફ્ટીના નિયમોના ભંગ બદલ સીલ કરવામાં આવી હતી. પાંડેસરામાં આવેલી કવિતા પ્રસૂતિગૃહ અને જનરલ હૉસ્પિટલ પણ ફાયર વિભાગની ઝપેટમાં આવી હતી અને તેને સીલ કરવામાં આવી હતી. અલથાણના વી.આઈ.પી. રોડ પર આવેલા કે.એસ.બી. ઓલમ્પિયા મોલના ચોથા માળે આવેલી એડવાન્સ ઓર્થોપેડીક ધ સર્જિકલ હૉસ્પિટલ સામે પણ ફાયર સેફ્ટીના નિયમોના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. ■

## સંસ્થા સમાચાર




### ધીરગુરુદેવની નિશ્રામાં અમેરિકાના પદ્મશ્રી ડો. સુધીર પરીખનું અભિવાદન

નડીયાદના વતની અને વર્ષોથી ન્યુજર્સી-અમેરિકા વસતાં સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર ડો. સુધીર એમ. પરીખે પૂ. શ્રી.ધીરગુરુદેવ સાથે વિવિધ પ્રકલ્પોની જાણકારી મેળવી હતી. ન્યુજર્સીમાં ગુજરાત ટાઇમ્સ સાપ્તાહિક તેમ જ ટી. વી. ચેનલ વગેરે ડો. પરીખ ચલાવે છે.

ડો. પરીખને ૨૦૧૦માં ભારત સરકારે પદ્મશ્રી અને પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ અર્પણ કરેલ છે. વિરાણી બહેરા મૂંગા શાળાની મુલાકાત કરશે. દિવ્યેશ શાહના હસ્તે સન્માન કરવામાં આવેલ.

# મેં કશું ખોટું કર્યું નથી, રાજકીય હેતુથી આરોપ: રોહિત પવાર

પુણે: મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંક (એમએસસીબી) કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આરોપી તરીકે નામ આવ્યા પછી, એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે શનિવારે એવો દાવો કર્યો હતો કે તેમણે કશું જ ખોટું કર્યું નથી અને રાજકીય હેતુઓથી તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

પવારે કહ્યું કે એફઆઈઆરમાં અન્ય ૯૭ લોકોના નામ હોવા છતાં ફક્ત તેમને અલગ પાડવામાં આવી રહ્યા છે અને ઉમેર્યું હતું કે કારણ કે આ મામલો હવે કોર્ટમાં છે, તેથી તેઓ કાયદેસર રીતે કેસ લડશે અને જીતી જશે.

ઈડીએ તાજેતરમાં મુંબઈની એક વિશેષ અદાલતમાં કથિત એમએસસીબી કૌભાંડમાં રજૂ કરાયેલ ચાર્જશીટમાં આરોપી તરીકે કર્જત-જામખેડના વિધાનસભ્ય પવારનું નામ આપ્યું છે.

એમએસસીબી મની લોન્ડરિંગ કેસ ઓગસ્ટ ૨૦૧૯માં મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઈઓડબ્લ્યુ)ની એફઆઈઆરમાંથી શરૂ થયો છે, જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે એમએસસીબીના તત્કાલીન અધિકારીઓ અને ડિરેક્ટરો દ્વારા યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના તેમના સંબંધીઓ/ખાનગી વ્યક્તિઓને એસએસકે (સહકારી સાકર કારખાના)નું કથિત વેચાણ કરવામાં આવ્યું હતું.

તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો છે કે એમએસસીબીએ કન્નડ એસએસકે લિમિટેડની ૮૦.૫૬ કરોડ રૂપિયાની બાકી લોન વસૂલવા માટે ૧૩ જુલાઈ, ૨૦૦૯ના રોજ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ હેઠળ તેની બધી સંપત્તિનો કબજો લીધો હતો.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડળા નિવાસી હાલ થાણા સ્વ. દલીચંદ ચત્રભુજ તેજાણીના સુપુત્ર નરેશકુમાર (નીતીન) (ઉં. વ. ૭૦) તા. ૧૦-૭-૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે.તે આશાબેનના પતિ. જનક, હિનલના પિતાશ્રી. અ. સૌ. પરિણીતા તથા આનંદકુમારના સસરા. સ્વ. જયસુખભાઇ, સ્વ. ગુણવંતભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. રંજનબેન કોઠારી, સ્વ.કુંદનબેન કોઠારી, અરુણાબેન પારેખના ભાઇ. સ્વ. રતિલાલ રાયચંદ ચીતલીયાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ગારિયાધાર નિવાસી હાલ નાલાસોપારા સ્વ. ચીમનલાલ સોમચંદ શાહના સુપુત્ર બીપીનભાઇ શાહ તા. ૧૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેન શાહના પતિ. અનિલભાઇ, લલિતભાઇ, ભાવનાબેન, હરીશભાઇના મોટાભાઇ. ફાલ્ગુનીબેન મિતેષભાઇ મહેતા, બીનાબેન, કેતનભાઇના પિતાશ્રી. મહુઆ નિવાસી અમૃતલાલ નરોતમદાસ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૫ સોમવારના ૪થી ૬. ઠે. મુનિસુવ્રત સ્વામી જિનાલય, નાલાસોપારા સ્ટેશનની સામે, નાલાસોપારા (ઇસ્ટ).

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ બોરીવલી રેખાબેન જયેશભાઇ મસાલીઆ (ઉં. વ. ૭૦) તે સ્વ. મહેન્દ્રભાઈ બાપુલાલ મસાલીઆના પુત્રી. પ્રજ્ઞેશ તથા પૂર્વી ના માતુશ્રી. અપેક્ષા તથા વિપુલકુમારના સાસુ. પ્રત્યુશના દાદી. દર્શના નાની. તે ૧૧/૭/૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ/૪૦૩ રાઈટ ગેલેક્ષી, સોડાવાલા લેન બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નીઘણ વદર નિવાસી હાલ ભાયંદર શૈલેષભાઇ હર્ષદરાય કિલાચંદ મહેતાના ધર્મપત્ની દક્ષાબેન (ઉં. વ. ૬૩) તે ૧૨/૭/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સાગર તથા કિંજલના માતુશ્રી. મયંકકુમાર તથા નિશાના સાસુ. પરેશભાઈ, અતુલભાઈ તથા હિતેષભાઇના ભાભી. પિયરપક્ષે નોંઘણવદરવાળા સ્વ. ચુનીલાલ વનમાળીદાસ શાહના દીકરી, તેમની સાદડી ૧૩/૭/૨૫ના રોજ ૩ થી ૬ કલાકે દેવ વાટિકા હોલ, ૬૦ ફિટ રોડ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે, ભાયંદર વેસ્ટ રાખેલ છે.

**કચ્છી વીસા ઓસવાળ જૈન**

ગામ ડેપા, રંજનબહેન સાવલા (ઉં. વ. ૭૫) તા. ૯-૭- ૨૫ને બુધવારે દેહત્યાગ કરેલ છે. તે પાનબાઈ રાઘવજી મેઘજી સાવલાનાં પુત્રવધૂ. મણિલાલનાં ધર્મપત્ની. કલ્પા, નીતેશનાં માતુશ્રી. સેજલનાં સાસુજી. વિધિ, માહીનાં દાદી, નાના ભાડિયાનાં નાનબાઈ લાલજી કાનજીનાં પુત્રી, પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૫ના ૨ થી ૩.૩૦. કરસન લધુ નિસર હૉલ, પ્લૉટ નંબર-૧૨, કબૂતરખાના પાસે, એસ. કે. બોલે રોડ, દાદર-વેસ્ટ.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

અ. સૌ. માયા જયેશ કોઠારી તે ગોંડલ, જયેશ કેવળચંદ કોઠારીના ધર્મપત્ની, મેહુલ અને દીપાના માતુશ્રી અને ઝંખનાના સાસુ. સ્વ. પ્રભુદાસ શામજી વોરાની સુપુત્રી, હસમુખ વોરાની બહેન. તા ૧૦/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પુષ્પાબેન જયંતીલાલ મંગલજી દોશીના પુત્ર સ્વ. જયેન્દ્રભાઈના ધર્મપત્ની હર્ષાબેન (ઉ.વ.૬૧) તે ભાવીક દોશીના માતુશ્રી, ફોરમ ભાવિક દોશીના સાસુ. સુરેખા શાહના ભાભી, પિયરપક્ષે વર્ધા નિવાસી સુભદ્રાબેન શિવલાલભાઈ માંડવિયાના પુત્રી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૪/૦૭/૨૫ના ૩:૦૦ થી ૫:૦૦. ચક્ષુ દાન કરેલ છે. પાવનધામ, પેહલા માળે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના અનિલ ગાલા (ઉં. વ. ૫૨) ૧૧/૭ના અવસાન પામેલ છે. નીતા ભવાનજીના પુત્ર. મોંઘીબેન પ્રેમજી વિજપાર સોઢાના પૌત્ર. જયશ્રી રાજેશ્રીના ભાઇ. પત્રી પાનબાઇ રામજી વેરશી ધરોડના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. નીતા ગાલા, ૧૦૨/બી, રામદેવ એપાર્ટ., દલવી રોડ, કાંદીવલી (વે.) ૬૭.

મુંદ્રાના વિમળા માવજી વોરા (ઉં. વ. ૮૩) તા. ૧૦-૭ના અવસાન પામેલ છે. માવજીના ધર્મપત્ની. રતનબેન/મીઠાબાઇ દામજીના પુત્રવધૂ. પંકજ, નિકેશ, અમીશ, પ્રીતી, અમિતાના માતુશ્રી. ગુંદાલા મણીબેન લખમશી રાંભીયાના પુત્રી. રાઘવજી, વસંત, જયવંતી, તારા, સંસાર પક્ષે લીં.અ.સંપ્રદાયના પુજ્ય વિભુતીબાઇ મહાસતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પંકજ વોરા, ૧૦૦૨, જીવન સ્વપ્ના, એમ.જી.રોડ-૪, કાંદીવલી (વેસ્ટ), મું. ૬૭.

કોટડી મહાદેવપુરીના ઉર્મિલા ગોસર (ઉં. વ. ૮૨) ૧૦-૭ના અવસાન પામેલ છે. માતુશ્રી મુલબાઇ જીવરાજના પુત્રવધુ. ખીમજી જીવરાજના પત્ની. હરેનના માતા. દેવપુરના માતુશ્રી મુલબાઇ ખીમજી જેવતના પુત્રી. મહેન્દ્ર શેરડી મણીબેન દામજી સિધ્ધપુર પુષ્પા અમૃતલાલ નવાવાસ રેણુકા બટુકલાલ ભીસરા રસીલા મુલચંદ, મેરાઉ માલતી રજનીકાંતના બેન. પ્રા.શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૧૦.૩૦ થી ૧૨.

કપાયા હાલે ભુજના અંજના નરેશ દેઢીયાના પુત્રી કપાયા હાલે પુનાના મોના વિશાલ પરમાર (ઉં. વ.૩૧) તા.૧૧-૭ના અવસાન પામ્યા છે. પુનાના વિશાલ અવચર પરમારના પત્ની. મિતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નરેશ દેઢીયા, ૭૮/૮૧ સી, કલાપૂર્ણમ સોસાયટી, એમ.ઈ.એસ. રોડ, માધાપર, ભુજ. ૩૭૦૦૦૧.

ડેપાના રંજનબેન મણીલાલ રાઘવજી સાવલા (ઉં. વ. ૭૫) તા. ૯-૭-૨૫ બુધવારના સમાધીપૂર્વક દેહ ત્યાગ કરેલ છે. માતુશ્રી પાનબાઈ રાઘવજી મેઘજી સાવલાના પુત્રવધુ. મણીલાલના પત્ની. કલ્પા, નીતેશના માતુશ્રી. નાના ભાડિયા નાનબાઈ લાલજી કાનજીની પુત્રી. દેવચંદ, ધીરજ, પ્રવીણના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં.સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

ગોધરાના ભુપેન્દ્ર હીરજી ગંગર (ઉં. વ. ૫૯) તા. ૧૨-૭ના અવસાન પામેલ છે. સ્વ. ગંગાબાઇ હીરજીના પુત્ર. પીંકીના પતિ. સ્વ. ઉર્વી, જયના પિતા. સ્વ. મંજુલા, હર્ષાના ભાઇ. સવિતા ભાલચંદ્રના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભુપેન્દ્ર ગંગર, જી-૧૦૪, બ્રીઝા એંકર પાર્ક, આચોલે રોડ, નાલાસોપારા (ઇ.) .

પત્રીના કુંવરજી નેણશી ધરોડ (ઉં. વ. ૮૬)તા. ૯-૭-૨૫ના અવસાન પામેલ છે. ચંચળબેનના પતિ. દેવકાબેન નેણશી કાંયાના પુત્ર. ગુંદાલા મણીબેન હીરજી માણેકના જમાઈ. મંજરી, લીનાના પિતાજી. શામજી, રતનબેન, જવેરબેન, મંજુલાબેનના ભાઈ. પ્રા. અહિંસા ભવન, દાદા વાડી, સારસ બાગની સામે, પૂના. સ.: ૩.૩૦ થી ૫.૦૦. ઠે. ચંચળ ધરોડ, ૧૪૯૫, અક્ષદિપ હાઉ. સો., ૨ માળે, સદાશીવ પેઠ, પૂણે. ૪૧૧૦૩૦.

ગઢશીશાના માતુશ્રી પાનબાઇ દેઢીયા (ઉં. વ. ૯૫) તા. ૧૧-૭-૨૫નાં અવસાન પામેલ છે. જુમઇ મા નાગજીના પુત્રવધુ. દામજી પત્ની. મણીબાઇ, ધનજી, પ્રેમજી, નવિન, નિર્મળા, હેમલતા, અરૂણાના માતુશ્રી. શેરડી માનબાઇ કુંવરજીના પુત્રી. દામજી, લીલાધર, વશનજી, ગઢશીશા ધનબાઇ આસુના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મીના દેઢીયા, કે/૨, દીના બામા પાટીલ ચાલ, સ્ટેશન રોડ, ભાંડુપ (વે.), મું. ૭૮.

ગુંદાલાના માતુશ્રી મકાંબાઈ અરજણ મોણશી સતરા (ઉં. વ. ૯૪) તા.૧૦-૭-૨૫ ના અવસાન પામેલ છે. મગીબાઈ મોણશી દેરૂના પુત્રવધુ. મઠાંબાઈ કાનજી મોણશી રાંભીયાના પુત્રી. અરજણના પત્ની. દિનેશ, વિમળાના માતા. શામજી, ગુંદાલા કેસરબેન કુંવરજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. વિમળા જયંતિલાલ સાવલા ૧૪ મે માળે, સાવલાથસ, કમલકુંજ, જામે જમશેદ રોડ, નાર્વેકર નર્સીંગ હોમની સામે, માટુંગા, મું ૧૯.

## પારસી મરણ

મીનુ જાલ બેકસ્તર તે મરહુમો રોશન જાલ બેકસ્તરના દીકરા. તે વીલુ ને અરનીના ભાઇ. (ઉં. વ. ૬૯) રે. ઠે. બીલીમોરીયા હાઉસ, ફ્લેટ નં-૮, બીજે માળે, પ્રોક્ટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

ગુલચેર દારા પાલખીવાળા તે મરહુમ દારાના ધનીયાની. તે મરહુમ તેહમીના પેસ્તનજી સીગનપોરીયાના દીકરી. તે વરઝવાન ને રુઝબેના માતાજી. તે નાઝનીન ને નીલુફરના સાસુજી. તે મરહુમ સામના બહેન. તે દારાયુશ, રયાન, જીએના ના મમઇજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૭૨૪, ખોરશેદ આબાદ, ફ્લેટ નં. ૨, દીનશા માસ્તર રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, રુસ્તમ ફરામ અગિયારી દાદરમાં છેજી.

## હિન્દુ મરણ

સાવરકુંડલાવાળા (હાલ ઘાટકોપર) સ્વ. મંજુલાબેન મધુસુદનભાઇ મહેતાના પુત્ર. સ્વ. મિલનના ધર્મપત્ની નીશા (ઉં. વ. ૫૬) તે ગુરુવાર તા. ૧૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે યશ તથા ટિંવકલના માતુશ્રી. હર્ષલા તથા સ્મિતકુમારના સાસુ. તે ભાવનાબેન દિપકકુમાર મહેતા તથા તેજસભાઇ (પૂર્વીબેન) ના ભાભી. મિશ્કા તથા ધીરના દાદીમા. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોઠારા હાલ મુલુંડ સ્વ. ધનામા અને સ્વ. સીતાબેન સ્વ. પુરસોતમ ટોકરશી મડિયારના સુપુત્ર પ્રફુલ (ઉં. વ. ૭૦) તે સ્વ. વસંતબાળા નારાયણજી ચંદન ગામ તેરાવાળાના મોટા જમાઇ. પ્રતિમાબેનના પતિ. ભાવિક અને ચી. સુમિતના પિતાશ્રી. અ. સૌ. દિપ્તી અને અ. સૌ. પ્રદન્યાના સસરાજી. તે વિવાનના દાદાજી તા. ૧૧-૭-૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૫ના રવિવારના શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દમયંતીબેન વાલજી મેઘજી કામાણી ગામ વડસરવાળાના પુત્ર સ્વ. ચંદ્રકાંત (ઉ. વ. ૮૩) હાલ મુલુંડ તે સ્વ. સુનીતાબેનના પતિ. અ. સૌ. જયોત્સના કનૈયા ચંદેના પિતાશ્રી. અ. સૌ. શ્રૈયા સૌરભ મુખરજીના નાનાશ્રી. સ્વ.જયાબેન લીલાધર કોઠારી તથા સ્વ. ઇન્દિરાબેન અર્જુનકુમાર કાંઠ અને સ્વ. અશોકભાઇના ભાઇ, સ્વ. ત્રીકમદાસ વેલજી ઠક્કર ગામ સુથરીવાળાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૫ના રવિવારે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), બૈરાઓએ એ જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. કસ્તુરબેન ચઠ મંધરા કચ્છ ગામ મંગવાણાવાળા હાલ મુલુંડ (ઉં.વ. ૮૪) તે સ્વ. છગનલાલ ત્રિકમદાસના ધર્મપત્ની. સ્વ. વેલબાઇ ત્રિકમદાસ જોશીના પુત્રવધૂ. તે મૂલબાઇ મૂળજી જેઠા કચ્છ ગામ રવાવાળા હાલ મુલુંડના પુત્રી. તે સ્વ. પ્રભા ખારાશંકર જોશી, ગં. સ્વ. જશોદા રમેશચંદ્ર જોશી, ગં. સ્વ. સર્યુ વસંતલાલ જોશી, વર્ષા બીપીન જોષીના ભાભી. મયુરી મનોજ હરિયામાણેક, ગં. સ્વ. ડિમ્પલ જતિશ, મિતલ, કમલેશ, પ્રિયા, સંજયના માતુશ્રી તા. ૧૧-૭-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૫ રવિવારના ૫થી ૭. ઠે. ફર્સ્ટ ફ્લોર, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

કરીયાણા હાલ કાંદિવલી મહેન્દ્રભાઇ વિઠ્ઠલદાસ આયાના ધર્મપત્ની દમયંતીબેન આયા (ઉં. વ. ૭૪) તા. ૧૦-૭-૨૫ ગુરુવારના શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. પ્રભાબેન રતીલાલ આયાના દેરાણી. સ્વ. ગુણીબેન, રમાબેન, જયાબેન, તારાબેન, ગીતાબેનના ભાભી. વિરલ, અલ્પાના માતુશ્રી. શિલ્પા આયા, અમીત કંસારાના સાસુજી. નંદલાલ છગનલાલ પૌંદાના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪ જુલાઇ ૨૫ના સોમવારે ૫થી ૭. ઠે. કાંદીવલી લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, શંકર મંદિરની પાસે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. મમીબાઇ રતનસિંહ સચદે કચ્છ ગામ સૂમરી રોહાવાળા હાલ મુલુંડના પુત્ર જીવરાજ રતનસિંહ ઠક્કર સચદે (ઉં. વ. ૯૪) તા. ૧૦-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. જયાબેનના પતિ. તે માટુંગાના કેસરબેન નારાયણજી શેઠીયાના જમાઇ. ત્રિકમદાસ, હરીભાઇ, પ્રેમાબેન, કસ્તુરબેન અને મણીબેનના ભાઇ. તે યોગેશ, ડો. હેમંતના પિતા. રૂપલ અને ડો. નીલિમાના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૭-૨૫ રવિવારના ૫થી ૭. ઠે. કાલીદાસ બેન્કવેટ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સંપૂર્ણપણે બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાંચીવાળા (હાલ અંધેરી) વીરેન્દ્ર (ઉં. વ. ૮૨) તે સ્વ. શાંતાબેન અને સ્વ. જગજીવન કાનજી ભોજાણીના પુત્ર સ્વ. દીપાલી ભોજાણીના પતિ. પ્રીતી નિલેશકુમાર શાહ અને મીતા ભોજાણીના પિતા. હર્ષ, નિલેશ શાહના નાના. સ્વ. મુક્તાબેન અને સ્વ. જમનાદાસ રાજાણીના જમાઇ. સ્વ. વસંતભાઇ, સ્વ. અશ્વિનભાઇ, સ્વ. હેમલતાબેન, જયશ્રીબેન અને અંજનાબેનના ભાઇ તા. ૧૧મી જુલાઇ ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઓદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

મધુકાંત પંડ્યા (ઉં. વ. ૭૭) વતન અમરેલી, હાલ દહિસર તા. ૫/૭/૨૫ ને શનિવારના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. માધવી બેન (મીના) ના પતિ. ભાવના- ઋતા તથા ચિંતનના પિતાશ્રી. ફેનિલ, ભૌમિક, જાહ્નવીના સસરા. રાજકોટ નિવાસી સ્વ જયંતીલાલ પોપટલાલ દવેના જમાઈ. રમેશભાઈ ડો અનિલભાઈ, સ્વ ધનંજયભાઈ, વર્ષાબેન રાવલના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪/૭/૨૦૨૫ સોમવારના સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ:- શ્રી લેહુવા પાટીદાર મિત્રમંડળ સમાજ ભવન.પ્લોટ નં ૩૨૨ /૩૪૨, આર એસ સી ૩૭, સેક્ટર - ૨ પ્રગતિ સ્કૂલ પાસે, ગોરાઈ, બોરીવલી(પ). મુંબઈ.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ રાપર હાલે મરોલ, સૌ. ચંપાબેન (ઉં. વ. ૭૨) તા. ૯/૭/૨૫ના દેવલોકશરણ પામેલ છે. ચમનલાલ પંડિતપૌત્રાના ધર્મપત્ની, તે સ્વ.રંભાબેન કુંવરજીભાઈ વિસરામભાઈ પંડિતપૌત્રના પુત્રવધૂ. ત્રિકમજીભાઇ, સ્વ.વિઠ્ઠલજીભાઈ, જીવરાજભાઈના ભાઈના પત્ની. સ્વ. કંકુબેન, સ્વ.ઝવેરબેન, સ્વ.શાંતાબેનના ભાભી. સ્વ.દલપતરામ લાલજીભાઈ સોનઘેલાના સુપુત્રી. કાંતાબેન, ધીરજભાઈ, મમતાબેન ચિરાગભાઈ કારીયા, ડીમ્પલબેન વિકાસભાઈ શાહના માતોશ્રી, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૦૭/૨૫ના રવિવાર ૫:૦૦ થી ૭:૦૦. શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, હિગવાલા લેન, ઘાટકોપર (પુર્વ) લૌકિક વ્યવહાર બંધ છે.

**રોહિદાસ વંશી સોરઠીયા**

ગામ ડમરાળા (મૂળ જસદણ) હાલ મુંબઈ, અશ્વિન શામજી પરમારના પત્ની અશ્વથી અને વિમર્શના માતા. ગામ માંડવીના ચંપાબેન તથા ગિરધરભાઈ વેલજીભાઈ ગોહિલના દિકરી. લતાબેન રૂપાલકુમાર વાઢેહળના ભાભી. લવજીભાઈ, દિલીપભાઈ, જગદીશભાઈ રામજીભાઈ હેલિયાના ભાણેજ, સ્વ. સોનલબેન અશ્વિનભાઈ પરમાર. બારમાની વિધિ તા. ૧૩-૦૭/૨૦૨૫ રવિવારના ૬:૦૦ કલાકે. શ્રી વેલજી લખમશી નપ્પુ હાઈ સ્કૂલ, મહાજન વાડી, શ્રી કચ્છી વિશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન મુંબઈ, બી. એ. રોડ, ચિંચપોકલી, મુંબઈ- ૧૨

પાંચમાં પાનાનું ચાલુ

## છત્રપતિ શિવાજી મહારાજ

કરવું પડ્યું તે શેર કર્યું હતું.

'અમારા તરફથી ઉત્તમ ટીમવર્ક હતું, પરંતુ મરાઠાના લશ્કરી લેન્ડસ્કેપ્સને અંકિત કરાવવું સરળ નહોતું,' એમ તેમણે જણાવ્યું હતું.

'હું મહારાષ્ટ્ર સરકાર, ભારતીય સાંસ્કૃતિક મંત્રાલય, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) અને વિદેશ મંત્રાલયનો આભાર માનું છું. અમારે ૨૦ વિવિધ દેશો સાથે સંકલન કરવું પડ્યું હતું અને તે ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ છે,' એમ શર્માએ ફોન પર જણાવ્યું હતું.

શર્માએ કહ્યું હતું કે ભારતીય નામાંકનને સલાહકાર સંસ્થા, આઈસીઓએમઓએસ દ્વારા 'મુલતવી રાખવાની ભલામણ' મળી હતી. મુલતવી રાખવાની ભલામણનો અર્થ એવો થાય છે કે સલાહકાર સંસ્થા તેનું સ્થાન અંકિત કરવા માગતી નથી.

પેરિસ સ્થિત ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (આઈસીઓએમઓએસ) યુનેસ્કોની મુખ્ય સલાહકાર સંસ્થાઓમાંની એક છે, અને તેના નિષ્ણાતો નામાંકિત સ્થળોની મુલાકાત લે છે.

તેમણે કહ્યું હતું કે ટીમ ઇન્ડિયાએ 'સલાહકાર સંસ્થાની ભૂલો, તથ્ય સંદર્ભેની ક્ષતિઓ તરફ ધ્યાન દોર્યું હતું'

'આ કોર્ટમાં લડવામાં આવે તેવી જ એક તકનીકી દલીલની પ્રક્રિયા હોય છે, ૨૦ દેશોના સભ્યો સાથે વિડિઓ કોન્ફરન્સ પર. અમે તેમને તકનીકી બાબતો અને તે શા માટે આ સ્થળો વર્લ્ડ હેરિટેજ સૂચિમાં હોવાને લાયક છે તે સમજાવ્યું હતું. અમે અમારો કેસ રજૂ કર્યો અને અમે કેસ જીતી ગયા, તેથી જ વિજય વધુ મીઠો લાગે છે,' એમ શર્માએ કહ્યું હતું.

આ દરખાસ્ત જાન્યુઆરી ૨૦૨૪માં ડબ્લ્યુએચસીને મોકલવામાં આવી હતી, અને તેના પર મહોર 'કઠોર ૧૮-મહિના લાંબી પ્રક્રિયા' પછી લાગી છે જેમાં સલાહકાર સંસ્થાઓ સાથે ઘણી તકનીકી બેઠકો અને આઈસીઓએમઓએસ મિશન દ્વારા સ્થળોની સમીક્ષા કરવા માટેની મુલાકાતનો સમાવેશ થાય છે, એમ સાંસ્કૃતિક મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

યુનેસ્કો ટેગ માટે નામાંકન ૨૦૨૪-૨૫ની સાયકલ માટે હતું.

'મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ' ૧૭મી અને ૧૯મી સદી વચ્ચે વિકસાવવામાં આવ્યા હતા.

વૈશ્વિક વારસો જાહેર કરવામાં આવેલા ૧૨ ગઢ-કિલ્લામાં સાલ્હેર કિલ્લો, શિવનેરી કિલ્લો, લોહગઢ, ખાંડેરી કિલ્લો, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા કિલ્લો, વિજય દુર્ગ, મહારાષ્ટ્રમાં સિંધુદુર્ગ અને તમિલનાડુમાં જીંજી કિલ્લાનો સમાવેશ થાય છે.

ભારતીય અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે, વિવિધ ભૌગોલિક અને ભૌતિક પ્રદેશોમાં વિતરિત આ ઘટકો મરાઠા શાસનની વ્યૂહાત્મક લશ્કરી શક્તિઓનું પ્રદર્શન કરે છે.મહારાષ્ટ્રમાં ૩૯૦ થી વધુ કિલ્લાઓ છે, જેમાંથી ફક્ત ૧૨ને ભારતના મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ હેઠળ પસંદ કરવામાં આવ્યા હતા; આમાંથી, આઠ કિલ્લાઓ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) દ્વારા સુરક્ષિત છે, એમ મંત્રાલયે અગાઉ જણાવ્યું હતું.

શર્માએ કહ્યું કે સલાહકાર સંસ્થા 'મુખ્યત્વે એ બાબતે ચિંતિત' હતી કે પસંદગી માટેના માપદંડ શું છે, અને વધુ કિલ્લાઓ કેમ નથથી પસંદ કરાયા.

'પછી અમારે એ વાતને વાજબી ઠેરવવી પડી કે પ્રાથમિક, ગૌણ અને તૃતીય કિલ્લાઓનો એક વંશવેલો હતો. અને આ ૧૨ મુખ્ય કિલ્લાઓ હતા અને પછી અમે અન્ય વિવિધ સભ્ય રાજ્યોને સમજાવ્યું હતું,' એમ તેમણે કહ્યું હતું.

યુનેસ્કોમાં ભારતીય રાજદૂતે એમ પણ કહ્યું કે, રાજસ્થાનના કિલ્લાઓની સરખામણીમાં ભારતના પશ્ચિમ અને દક્ષિણ ભાગોમાં કિલ્લાઓ વિશે 'વધુ જાગૃતિ નથી.' તેથી, અમે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્ર પર્યટનને પણ પ્રોત્સાહન આપવા માટે આ તક ઝડપી લીધી હતી.

છત્રપતિ શિવાજી મહારાજની શાહી મહોર 'રાજ મુદ્રા' મરાઠાઓની ફિલસૂફી - લોકોની સુખાકારી સમજાવવા માટે પ્રસારિત કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

વધુમાં, મહારાષ્ટ્ર સરકાર દ્વારા 'મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ' નામનું એક કોફી-ટેબલ પુસ્તક પણ બહાર પાડવામાં આવ્યું હતું અને તેમને પ્રસારિત કરવામાં આવ્યું હતું, એમ શર્માએ કહ્યું હતું.

નોમિનેશન મોકલ્યા પછી મહારાષ્ટ્ર સરકારને ૬૧-મુદ્દાની કાર્ય યોજના આપી હતી, અને તેમાંથી એક ગામડાઓમાં શાળાના બાળકો માટે જાગૃતિ લાવવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવાનો હતો, અને તે યોજાઈ હતી. બીજું કોફી-ટેબલ બુક હતું. (પીટીઆઈ)

## શશીકાંત શિંદે

ધારણા છે.એનસીપી (એસપી) સુપ્રીમો શરદ પવાર અને તેમના પુત્રી તેમ જ પક્ષના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે આ બેઠકમાં હાજર રહેશે.

આ અહેવાલો પર પ્રતિક્રિયા આપતા શિંદેએ કહ્યું હતું કે, જો મારું નામ ચર્ચા માટે આવ્યું હોય તો તે મારા માટે સન્માનની વાત છે. પક્ષ મને જે પણ જવાબદારી સોંપશે તે હું લઈશ. જોકે, સાંગલી જિલ્લાના ઇસ્લામપુરથી આઠ વખત વિધાનસભ્ય રહેલા પાટીલે અત્યાર સુધી કોઈ ઔપચારિક જાહેરાત કરી ન હોવા છતાં તેમણે શનિવારે રાજીનામું આપી દીધું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા, એનસીપી (એસપી)ના સિનિયર નેતા જીતેન્દ્ર આવ્હાડે કહ્યું હતું કે જયંત પાટીલ રાજ્યના પ્રમુખ છે. તેમના રાજીનામાના સમાચાર ફેલાય એ બદમાશી સિવાય બીજું કંઈ નથી. અમારો પક્ષ નિયમો અને શિસ્ત હેઠળ કાર્ય કરે છે.બીજી તરફ આ મુદ્દે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પુછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે જેમણે રાજીનામું આપી દીધું (જયંત પાટીલ) તેમને શુભેચ્છા અને જેઓ આ પદ પર આવ્યા તેમને (શિંદે) પણ શુભેચ્છા. આ તેમની પાર્ટીનો અંતર્ગત મુદ્દો છે. આ બાબતે એનસીપીના પ્રમુખ અજિત પવારને પણ પ્રશ્ન કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે કોઈ જવાબ આપ્યો નહોતો.

## ગર્વ અને ગૌરવપૂર્ણ

કરવાના પ્રયાસોમાં ઘણા લોકોએ યોગદાન આપ્યું છે.

'સૌ પ્રથમ, હું માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવા માગું છું. તેમણે આપેલો ટેકો અને કેન્દ્ર સરકારની સક્રિય ભાગીદારી ખૂબ જ મૂલ્યવાન હતી. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અને સાંસ્કૃતિક મંત્રાલયે આમાં ઘણી મદદ કરી. મેં વ્યક્તિગત રીતે વિવિધ રાજદૂતોનો સંપર્ક કર્યો હતો. મારા સાથીઓ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારે પણ સમયાંતરે ટેકો આપ્યો હતો. પ્રધાન આશિષ શેલાર વ્યક્તિગત રીતે યુનેસ્કોના ડાયરેક્ટર જનરલને મળ્યા હતા. તેમણે ત્યાં ટેકનિકલ પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું,' એમ ફડણવીસે કહ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે આ રાજ્ય માટે ખૂબ જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ અને ગર્વનો વિષય છે.

આ કિલ્લાઓ, જેમાં તમિલનાડુનો જિંજી કિલ્લો પણ શામેલ છે, એ છત્રપતિ શિવાજી મહારાજ અને મરાઠા યોદ્ધાઓની બહાદુરી, બલિદાન અને દીર્ઘ દ્રષ્ટિના સાક્ષી છે અને હવે તેમનો વારસો વૈશ્વિક સ્તરે દ્રષ્ટિગોચરતા અને આદર મેળવશે, એમ પવારે જણાવ્યું હતું.

તેમણે વારસાની યાદીમાં સ્થાન મેળવવાની પ્રક્રિયામાં સક્રિય સમર્થન બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

પવારે મહારાષ્ટ્રના લોકોને રાજ્યભરના તમામ કિલ્લાઓના જતન અને સંરક્ષણ માટે નવી પ્રતિજ્ઞા લેવા પણ વિનંતી કરી હતી.

મહારાષ્ટ્રના પર્વતારોહકોએ જણાવ્યું હતું કે યુનેસ્કોની વૈશ્વિક વારસા યાદીમાં આ કિલ્લાઓનો સમાવેશ થવાથી આ સ્થાપત્યોના સંરક્ષણના પ્રયાસોને વેગ મળશે, જેણે શિવાજી મહારાજની ગેરિલા યુદ્ધ પદ્ધતિમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.પર્વતારોહકો અને કિલ્લા પ્રેમીઓના સમૂહ અખિલ મહારાષ્ટ્ર ગિર્યારોહણ મહાસંઘે વર્લ્ડ હેરિટેજ કમિટીના 'મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ'નું પ્રતિનિધિત્વ કરતા ૧૨ કિલ્લાઓનો સમાવેશ કરવાના નિર્ણયનું સ્વાગત કર્યું હતું.

'યાદીમાં સમાવેશનું સૌથી મહત્વપૂર્ણ પાસું એ છે કે હવે આવા સ્થળોની જાળવણીનું સંચાલન કરતા (યુનેસ્કો દ્વારા નિર્ધારિત) નિયમો આ કિલ્લાઓ પર લાગુ થશે. તે સંરક્ષણના પ્રયાસોમાં મદદ કરશે,' એમ એસોસિએશનના કાર્યકારી પ્રમુખ હૃષિકેશ યાદવે જણાવ્યું હતું.

## મહારાષ્ટ્રના બાર

દસ ટકા, વાર્ષિક લાઇસન્સ ફીમાં ૧૫ ટકાનો વધારો અને એક વર્ષના સમયગાળામાં એક્સાઇઝ ડ્યુટીમાં ૬૦ ટકાની વૃદ્ધિ સામે વિરોધ કરી રહ્યું છે. આ બંધ આહાર દ્વારા એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ઉદ્યોગ પર પડેલા 'ટ્રિપલ ટેક્સ સુનામી'ની પ્રતિક્રિયા છે. મહારાષ્ટ્રમાં સમગ્ર હોસ્પિટાલિટી ક્ષેત્ર લોહીલુહાણ થઈ રહ્યું છે. અમારી અરજીઓ બહેરા કાને પડી છે. ૧૪ જુલાઈએ રાજ્યના દરેક બાર અને પરમિટ રૂમ રાજ્ય સરકારના કઠોર કરવેરા સામે બંધ રહેશે, એમ આહારના પ્રમુખ સુધાકર શેટ્ટીએ જણાવ્યું હતું. મુંબઈ, પુણે, નાશિક, નાગપુર અને કોંકણના સભ્યોએ સંપૂર્ણ ભાગીદારીની ખાતરી આપી છે એમ તેમણે કહ્યું હતું. વિવિધ કરમાં આ મોટો વધારો વધુ ભ્રષ્ટ પ્રથાઓને પ્રોત્સાહન આપવાની શક્યતા છે, જેના પરિણામે સરકારને પણ ભારે આવકનું નુકસાન થશે, એમ બાર માલિકોએ જણાવ્યું હતું. ૨૦,૦૦૦નો મજબૂત પરમિટ રૂમ અને બાર ઉદ્યોગ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૨૦ લાખથી વધુ નોકરીઓ/રોજગારી આપે છે અને ૪૮,૦૦૦ વિક્રેતાઓની વ્યાપક ઇકોસિસ્ટમને ટેકો આપે છે, એવો દાવો આહાર દ્વારા કરવામાં આવ્યો છે.

## શિવસેનાના

કરવામાં આવી હતી કે પોલીસે તપાસ શરૂ કરવા માટે ઔપચારિક ફરિયાદની રાહ જોવાની જરૂર નથી.

રાઉતે કહ્યું કે સરકારે ગુનેગારોનો બચાવ ન કરવો જોઈએ.

'આ હત્યાનો પ્રયાસ છે, બિન-દખલપાત્ર ગુનો નથી,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે શિંદેના નેતૃત્વ હેઠળની સેના સામેનો સંઘર્ષ ચાલુ રહેશે.

'અમારી દુશ્મની (શિવસેના સાથે) એટલી છે કે અમે એકબીજાને જોઈ શકતા નથી. તેઓ દિલ્હીના પટાવાળા અને મહારાષ્ટ્રના દુશ્મન છે,' એમ તેમણે જણાવ્યું હતું. તેમણે મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા બિલ ૨૦૨૪ને કાર્યકરોના અવાજોને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. ભાજપ આ બિલ લાવ્યું છે કારણ કે તે આદિવાસીઓ માટે કામ કરનારાઓથી ડરે છે, એમ આ બિલને અમાનવીય ગણાવતા રાઉતે આરોપ લગાવ્યો હતો. ઉ

## પશ્ચિમ ઉપનગરમાં

જણાવ્યા મુજબ પુલો હાલ જર્જરિત હાલતમાં છે. ઓછામાં ઓછા બે ફૂટઓવર બ્રિજ પહેલાથી જ બંધ છે જ્યારે અન્ય પુલ આંશિક રીતે બંધ છે. પશ્ચિમ ઉપનગરમાં પુલોનું સર્વેક્ષણ કરવા માટે પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ દ્વારા નિમવામાં આવેલા કન્સલ્ટન્ટ દ્વારા સુપરત કરાયેલા સ્ટ્રક્ચરલ ઓડિટને આધારે આ પુલ બાંધવામાં આવવાના છે.અધિકારીના જણાવ્યા મુજબ પુલના બાંધકામ માટે ત્રણ કંપનીઓએ બોલી લગાવી હતી, તેમાંથી મેસર્સ બુકોન એન્જિનિયર્સ ઍન્ડ ઈન્ફ્રાસ્ટ્કચર પ્રાઈવેટ લિમિટેડે ઓછી બોલી લગાવી હતી. તેણે અંદાજિત ૧૬.૬૬ કરોડના ખર્ચ કરતા ૧૧ ટકા વધુ બોલી લગાવી હતી. વાટાઘાટ બાદ પાલિકાએ ૨૬.૪૩ કરોડ રૂપિના કરારને મંજૂર કર્યો હતો. આ પ્રોજેક્ટ પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવશે, જેના માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ૮,૨૩૮.૭૩ કરોડ રૂપિયા ફાળવામાં આવ્યા છે.

## 30 સપ્ટેમ્બરથી

જાણકારી મેળવી. લગભગ ૯૪ ટકા કામ થઈ ગયું છે. એરપોર્ટ બે રનવે સાથે તૈયાર થઈ જાય પછી નવ કરોડ મુસાફરો આવ જા કરી શકશે. આ એરપોર્ટ મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ કરતાં અનેક ગણું મોટું હશે. (પીટીઆઈ)

## મુંબઈમાં ૧૯ જુલાઈ

મુંબઈ આ સમય દરમ્યાન માત્ર વરસાદના હળવા ઝાપટાં જ પડ્યા હતા.

જુલાઈ મહિનામાં મુંબઈ ઉપનગરમાં સરેરાશ ૮૫૫ મિ.મી. જેટલો વરસાદ પડયો હોય છે પણ આ મહિનામાં બહુ ઓછો વરસાદ પડયો છે. ભારે વરસાદની ગેરહાજરીમાં ઉપનગરમાં હાલ ૨૦૧ મિ.મી. વરસાદની ખાધ હવામાન વિભાગના ડેટા મુજબ વર્તાઈ રહી છે.

તો કોલાબામાં ૧૫૮ મિ.મી. જેટલો ઓછો વરસાદ પડયો છે. ડેટા મુજબ શુક્રવારથી શનિવાર સવાર સુધીમાં સાંતાક્રુઝમાં ફક્ત ૧.૬ મિ.મી. અને કોલાબામાં ૧૧.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન ખાતાના જણાવ્યા મુજબ રાજ્યમાં સાત ઑગસ્ટ સુધી વરસાદની સ્થિતી સામાન્ય રહેશે અને સરેરાશ જેટલો વરસાદ પડશે, જેમાં વિદર્ભ, મરાઠવાડા અને કોંકણમાં આગામી બે દિવસ મુશળધાર વરસાદ પડશે પણ મુંબઈમાં ૧૯ જુલાઈ સુધી ભારે વરસાદ પડવાની કોઈ શક્યતા જણાતી નથી.

મુંબઈમાં આગામી પાંચ દિવસ સુધી શુષ્ક વાતાવરણ રહેશે પણ વચ્ચે વચ્ચે છૂટોછવાયો વરસાદ પડી જશે.નિષ્ણાતોના જણાવ્યા મુજબ શહેરમાં ૧૯ જુલાઈ સુધી ચોમાસું સક્રિય થવાનું નથી. હાલમાં ચોમાસું નબળું પડયું છે અને ચોમાસાના પવનો શાંત થઈ ગયા છે અને વરસાદ લાવવા માટે તે પૂરતા મજબૂત નથી. તેમ જ હાલમાં કોઈ સિસ્ટમ પણ સક્રિય નથી.

## હાઈ કોર્ટના

હતો. પોતે કંઈ ખોટું કર્યું નથી, એમ ડાગાએ કહેતાં કૉલ મહિલાને ટ્રાન્સફર કરાયો હતો.

મહિલાએ પોતાની ઓળખ વરિષ્ઠ અધિકારી તરીકે આપી હતી. મહિલાએ બે કરોડ રૂપિયા તાત્કાલિક ચૂકવવાની ધમકી આપી હતી. બપોરે અઢી વાગ્યા પહેલાં નાણાં ટ્રાન્સફર કરવામાં ન આવે તો જેલમાં જવું પડશે અને જામીન પણ નહીં મળે, એવી ચીમકી મહિલાએ ડાગાને આપી હતી.

આ પ્રકરણે ડાગાએ તરત જ નાગપુર પોલીસના સાયબર સેલનો સંપર્ક કર્યો હતો. બૉમ્બે હાઈ કોર્ટના પ્રોટોકૉલ ઑફિસરને પણ આ અંગે જાણ કરાઈ હતી. તપાસ દરમિયાન કૉલ રાજસ્થાન-ગુજરાતની બૉર્ડર નજીકથી આવ્યો હોવાનું જણાયું હતું. આ મામલે નાગપુર સાયબર પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# છત્રપતિ શિવાજી મહારાજના કિલ્લાઓની ધરોહરનો યુનેસ્કોમાં સમાવેશ

## આ કાર્ય સરળ નહોતું: યુનેસ્કોમાં ભારતીય રાજદૂત



**ગૌરવપૂર્ણ...:** મહારાષ્ટ્રના ૧૨ કિલ્લાઓને યુનેસ્કોમાં સ્થાન મળવાની ઉજવણી દાદરના શિવાજી પાર્કમાં કરવામાં આવી હતી. (અમય ખરાડે)

મુંબઈ: ભારતને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં ‘મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ’ના નામ અંકિત કરાવવામાં ‘મુલતવી’ની ભલામણ સહિતના વિવિધ પડકારોનો સામનો કરવામાં એક વિશાળ ડોઝિયર, એક સમર્પિત કોફી-ટેબલ બુક અને ઉત્સાહી ઝુંબેશની મદદ મળી હતી.

શુક્રવારે, પેરિસમાં આયોજિત તેના ૪૭મા સત્રમાં વર્લ્ડ હેરિટેજ કમિટી (ડબ્લ્યુએચસી) એ ભારતના શ્રેણીબદ્ધ નોમિનેશનને પ્રખ્યાત વારસાની યાદીમાં અંકિત કર્યા હતા, જે મરાઠા શાસકોની અસાધારણ કિલ્લેબંધી અને લશ્કરી વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે.

ટીમ ઇન્ડિયા માટે નોમિનેશનથી વૈશ્વિક વારસાની યાદીમાં સ્થાન મેળવવા સુધીની સફર સરળ ન હતી, પરંતુ સતત પ્રયાસોથી યુનેસ્કોમાં શાનદાર વિજય મળ્યો હતો.

યુનેસ્કોમાં ભારતના રાજદૂત અને કાયમી પ્રતિનિધિ, વિશાલ વી. શર્માએ વારસાની યાદીમાં સ્થાન મળ્યાની જાહેરાત થયા પછી નવી દિલ્હી વતી નિવેદન આપ્યું હતું.

‘આ એક ઐતિહાસિક દિવસ છે, ફક્ત ભારત માટે જ નહીં, પરંતુ ખાસ કરીને સમગ્ર વિશ્વના મરાઠી લોકો માટે. આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા મરાઠાઓના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને તેના ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્યની માન્યતા દ્વારા સન્માનિત કરવામાં આવ્યો છે,’ એમ તેમણે કહ્યું હતું.

પેરિસમાં યુનેસ્કોના મુખ્યાલયમાં ટિપ્પણી કર્યા પછી તરત જ એક ટેલિફોનિક ઇન્ટરવ્યુમાં શર્માએ ભારતની સફળતાની વાર્તા અને પ્રતિષ્ઠિત માન્યતા મેળવવા માટે શું

(જુઓ પાનું ૪) ▸▸

## ગર્વ અને ગૌરવપૂર્ણ ક્ષણ: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજના કાળના ૧૨ કિલ્લાઓનો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સ્થાન આપવાના પગલાંનું તમામ ક્ષેત્રો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેને રાજ્ય માટે ‘ગર્વ અને ગૌરવપૂર્ણ ક્ષણ’ ગણાવી છે.

પેરિસમાં યોજાયેલ વર્લ્ડ હેરિટેજ કમિટી (ડબ્લ્યુએચસી)ના ૪૭મા સત્ર દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભારતે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટ માટે મરાઠાઓના ૧૨ કિલ્લાઓને નોમિનેટ કર્યા હતા.

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં ‘મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ’માં મહારાષ્ટ્રમાં સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા, વિજય દુર્ગ અને સિંધુદુર્ગ અને તમિલનાડુમાં જિંજી કિલ્લાઓનો સમાવેશ થાય છે.

‘મહારાષ્ટ્ર સરકાર આપણા પ્રિય છત્રપતિ શિવાજી મહારાજને વંદન કરે છે!! મહારાષ્ટ્રના તમામ નાગરિકો અને શિવભક્તોને હાર્દિક અભિનંદન,’ એમ ફડણવીસે એક્સ પરની એક પોસ્ટમાં કહ્યું હતું.

‘મને એ જણાવતા ખૂબ આનંદ થાય છે કે આપણા મહાન રાજા, છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લાઓનો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે, ’ એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે ઉમેર્યું હતું કે, શિવાજી મહારાજે આ કિલ્લાઓ ‘સ્વરાજ્ય’ (સાર્વભૌમ રાજ્ય) માટે બનાવ્યા હતા.

મુખ્યપ્રધાને કહ્યું હતું કે, યુનેસ્કોની યાદીમાં સમાવેશ

(જુઓ પાનું ૪) ▸▸

## કિલ્લાઓ પરથી અતિક્રમણ હટાવવાની માગણી

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લાઓને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવાના નિર્ણયને આવકારી જણાવ્યું હતું કે આ ઐતિહાસિક સ્થળ પરના તમામ અનધિકૃત બાંધકામો દૂર કરવા જોઈએ, પછી ભલેને એ ગમે તે સમુદાયના હોય.

વર્લ્ડ હેરિટેજનો દરજ્જો કાયમ રહેશે એવું સરકારે ગૃહિત ન ધરવું જોઈએ કારણ કે માપદંડ નહીં જળવાય તો એ દરજ્જો દૂર કરવામાં આવી શકે છે એ બાબત પર પણ ઠાકરેએ ધ્યાન દોર્યું હતું.

મરાઠા શાસકોની કિલ્લેબંધી પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરતી ‘મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ’ને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવામાં આવી છે. પેરિસમાં યોજાયેલી વર્લ્ડ હેરિટેજ કમિટીના ૪૭મા સત્ર દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

‘મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ’માં સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાળા, વિજયદુર્ગ અને સિંધુદુર્ગ તેમ જ તમિલનાડુના ગિંગી કિલ્લાનો સમાવેશ થાય છે. (પીટીઆઈ) ■

# પશ્ચિમ ઉપનગરમાં સાત નવા બ્રિજ બાંધવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્ટ્રક્ચરલ ઓડિટમાં કરવામાં આવેલી ભલામણને આધારે પશ્ચિમ ઉપનગરમાં કાંદિવલી અને મલાડમાં સાત જર્જરિત પુલોને તોડી પાડીને નવેસરથી બાંધવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે, જેમાં ત્રણ વેહિક્યુલર પુલ અને ચાર ફૂટ ઓવર બ્રિજનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો ખર્ચ લગભગ ૨૬.૪૩ કરોડ રૂપિયા થવાનો અંદાજો છે અને લગભગ બે વર્ષમાં તેનું કામ પૂરું કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

પાલિકા દ્વારા મુંબઈના બ્રિજના સ્ટ્રક્ચરલ ઓડિટ કરવામાં આવ્યા હતા. એ બાદ ૨૦૨૩માં ફરી એક વખત મેસર્સ સ્ટ્રક્ટ્રોનિક્સ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ લિમિટેડે આ પુલો પુનઃપરીક્ષણનો અહેવાલ પાલિકાને સોંપ્યો હતો. ત્યારબાદ પી-ઉત્તર (મલાડ) અને આર-દક્ષિણ (કાંદિવલી)માં સાત પુલોને ફરી બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં નિર્ધારિત સાત પુલમાંથી બે આરસીસી સ્ટ્રકચર છે, જેમાં કાંદિવલી (પશ્ચિમ)માં સુરભી કૉમ્પ્લેક્સ સામે અને મલાડ-કાંદિવલી (પૂર્વ) બોર્ડર પર અપ્પા પાડા, ગાંધી ટેકડી વિસ્તાર નજીક વેહિક્યુલર પુલ બાંધવામાં આવવાનો છે.

કાંદિવલી (પૂર્વ)માં હનુમાન નગરના મહાલક્ષ્મી ડેરી ફાર્મ પાસે ફૂટ ઓવર બ્રિજ, કાંદિવલી (પૂર્વ)માં ગાંવદેવી રોડ પાસે બીજો ફૂટઓવર બ્રિજ, ત્રીજો બ્રિજ કાંદિવલી (પશ્ચિમ)માં નરવણે ટ્રાન્ઝિટ કેમ્પ અને નજીકની ઝૂંપડપટ્ટીને જોડતો ફૂટ ઓવર બ્રિજ, કાંદિવલી પૂર્વમાં રામનગર ચાલ, બિહાર ટેકડી અને કામરાજ ચાલ નજીક ફૂટ ઓવર બ્રિજનો સમાવેશ થાય છે. પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીના

(જુઓ પાનું ૪) ▸▸

# શિવસેનાના પ્રધાનના ‘રોકડ ભરેલી બેગ’: ફડણવીસના ‘મૌન’ પર રાઉતે સવાલ ઉઠાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનાના પ્રધાન સંજય શિરસાટના રૂમમાં રોકડ ધરાવતી બેગ સાથેના વીડિયો પર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ‘મૌન’ બાબતે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે સવાલ ઉઠાવ્યા હતા.

રાઉતે કહ્યું હતું કે જો પ્રધાને બેગમાં કપડાં હોય તો તે ખોલવી જોઈએ, પરંતુ તેમાં શું હતું તે સ્પષ્ટ જણાઈ રહ્યું હતું.

‘એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના લોકોએ જણાવ્યું છે કે સરકાર કેટલી ખરાબ રીતે ચાલી રહી છે. મુખ્ય પ્રધાન ફડણવીસ તેના વિશે કેમ કશું બોલતા નથી (શિરસાટનો રોકડની બેગ સાથેનો વીડિયો)?’ એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. સેના (યુબીટી)ના નેતાએ વધુમાં કહ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં એમએલએ હોસ્ટેલ કેન્ટીનમાં કર્મચારી પર હુમલો કરવા બદલ શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડ પર હત્યાના પ્રયાસનો કેસ દાખલ કરવો જોઈતો હતો.

પોલીસે શુક્રવારે ગાયકવાડ અને તેમના સમર્થક સામે આ અઠવાડિયાની શરૂઆતમાં થયેલા હુમલા બદલ બિન-દખલપાત્ર ગુનો નોંધ્યો છે.

ફડણવીસના નિવેદન બાદ આ કાર્યવાહી

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રના બાર, પરમિટ રૂમનો ટેક્સ વધારાના વિરોધમાં ‘સોમવારે ડ્રાય ડે’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ૧૪ જુલાઈના રોજ મહારાષ્ટ્રભરના બાર અને પરમિટ રૂમ આલ્કોહોલિક પીણાં પીરસશે નહીં. સમન્વિત સામૂહિક વલણ અપનાવીને, એસોસિએશન ઑફ હોટેલ્સ એન્ડ રેસ્ટોરન્ટ્સ (આહાર) દ્વારા બોલાવવામાં આવેલા રાજ્યવ્યાપી બંધના ભાગ રૂપે ૧૪ જુલાઈએ મહારાષ્ટ્રના ૨૦,૦૦૦થી વધુ બાર અને પરમિટ રૂમ બંધ રહેશે.

આ બંધ મહારાષ્ટ્ર સરકાર દ્વારા હોસ્પિટાલિટી સેક્ટર પર ‘અવિરત અને અન્યાયી’ કર વધારો લાદવાના વિરોધમાં છે, જે આહારના મતે ૧.૫ લાખ કરોડ રૂપિયાના ઉદ્યોગને પતનની દિશામાં ધકેલી રહ્યું છે.

ઉદ્યોગ દ્વારા વારંવાર કરવામાં આવેલી અપીલો પર રાજ્ય સરકારના મૌન બાદ આ પગલું લેવામાં આવ્યું છે, જેના કારણે આહારને અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ તરીકે વર્ણવવામાં આવેલા આત્યંતિક પગલું ભરવાની ફરજ પડી છે. મહારાષ્ટ્રમાં આહારના સભ્ય લગભગ ૨૦,૦૦૦ બાર અને પરમિટ રૂમ, મહારાષ્ટ્ર સરકારના ઉદ્યોગ પરના ‘અન્યાયી’ કરનો એક થઈને વિરોધ કરે છે તે અભૂતપૂર્વ છે.

આહાર દ્વારા દારૂ પર વેટ પાંચ ટકાથી વધારીને

(જુઓ પાનું ૪) ▸▸

# ટ્રાફિક નિયમોનો ભંગ કરનારને ટાયરમાં નાખીને મારો: અજિત પવાર

બારામતી: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર આખાબોલા સ્વભાવ માટે જાણીતા છે. બારામતીમાં બોલતી વખતે, તેમણે ફરી એકવાર સ્પષ્ટ શબ્દોમાં શહેરના રહેવાસીઓને ગંભીર ચેતવણી આપી છે. નાયબ મુખ્ય પ્રધાને નિયમો તોડનારા બારામતીના લોકોને આ ચેતવણી આપી હતી. તેઓ બારામતીમાં એક હોસ્પિટલના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. અજિત પવારે ખોટી દિશામાં વાહન ચલાવનારાઓને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ક્યારેક મોટરસાયકલ સવારો આસપાસ જોતા હોય છે અને ધીમે ધીમે ઓવરટેક કરીને રોંગ સાઈડ જાય છે. જો આવી વ્યક્તિ મળે, તો તેના પિતા ગમે તેટલા મોટા હોય, તે તેને ટાયરમાં બાંધીને એવી રીતે મારવાનું કે તેને દસ પેઢીઓ યાદ રહે, એમ તેમણે કહ્યું હતું.

‘જ્યાં લોકોને બેસવાની જગ્યા રાખવામાં આવી છે, ત્યાં એક માણસ મોટરસાયકલ પર આરામથી બેસીને લોકો સાથે ગપાટા મારતો હતો. મેં કાર ઊભી રાખીને પોલીસને તેની બાઈક જપ્ત કરવાનું કહ્યું. તો તે કહેવા લાગ્યો કે ભૂલ થઈ ગઈ છે,’ એવા શબ્દોમાં અજિત પવારે આ સમયે પોતાને થયેલો અનુભવ વર્ણવ્યો હતો.

તેમણે એમ પણ કહ્યું હતું કે ‘કોઈએ નિયમો તોડવા જોઈએ નહીં. અજિત પવાર હોય કે અજિત પવારના કોઈ સંબંધી, નિયમો બધા માટે સરખા છે. હું જે પણ કરું છું, તે હું બારામતીના લોકો માટે કરું છું. નિયમોનો ભંગકરનારા વાહનચાલકો હોય કે પછી રસ્તા પર ઢોર ચરવા છોડી દેનારા હોય બધા સામે ગુના નોંધો એવો સ્પષ્ટ આદેશ તેમણે આપ્યો હતો. ■

# શશીકાંત શિંદે એનસીપી-એસપીના મહારાષ્ટ્ર અધ્યક્ષ ?

## જયંત પાટિલનું સ્થાન લેશે, જેમણે રાજીનામું આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની સ્થાનિક સંસ્થાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પહેલાની સૌથી મોટી ઉથલપાથલમાં ફાયરબ્રાન્ડ નેતા અને ભૂતપૂર્વ મંત્રી શશીકાંત શિંદે શરદ પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના આગામી મહારાષ્ટ્ર પ્રમુખ બનવાની શક્યતા છે. શિંદે (૬૧) મહારાષ્ટ્રના સાતારા જિલ્લાના વતની છે. શિંદે જયંત પાટિલ (૬૩)નું સ્થાન લેશે, જેમણે એનસીપી (એસપી)ના ૨૬મા સ્થાપના દિવસે રાજીનામું આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

મંગળવારે એનસીપી (એસપી)ની રાજ્ય કારોબારી સમિતિની મુંબઈમાં એક બેઠક થશે ત્યારે આની ઔપચારિક જાહેરાત થવાની

(જુઓ પાનું ૪) ▸▸

# 30 સપ્ટેમ્બરથી નવી મુંબઈ એરપોર્ટ થશે કાર્યરત: મુખ્ય પ્રધાન

થાણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે નવી મુંબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ (એનએમઆઇએ)નું લગભગ ૯૪ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે અને કોમર્શિયલ કામગીરી શરૂ કરવા માટે ૩૦ સપ્ટેમ્બરનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

આ દેશનું સૌથી આધુનિક અને સંપૂર્ણ સજ્જ એરપોર્ટ હશે અને સત્તાવાળાઓને સૂચના આપવામાં આવી છે કે એરપોર્ટ પર વિશ્વની સૌથી ઝડપી બેગેજ ક્લેમ સિસ્ટમ તૈયાર કરે.

ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને વન પ્રધાન ગણેશ નાઈક સાથે એનએમઆઇએ પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું હતું કે અમે એરપોર્ટની પ્રગતિની સમીક્ષા કરવા આવ્યા હતા. રનવેથી ટર્મિનલ બિલ્ડિંગ સુધી કેટલું કામ થયું એની

(જુઓ પાનું ૪) ▸▸

# આજે મધ્ય, હાર્બરમાં બ્લોક

મુંબઈ: મુંબઈ લોકલ એ મુંબઈની લાઈફલાઈન છે. દરરોજ કરોડો પ્રવાસીઓ આ લોકલ ટ્રેનમાં પ્રવાસ કરીને પોત-પોતાની મંઝિલ પર પહોંચે છે. પરંતુ દર રવિવારની જેમ આ વખતે પણ ૧૩મી જુલાઈના રોજ સિગ્નલ મેઈન્ટેનન્સ, ટ્રેક મેઈન્ટેનન્સ અને અન્ય કામકાજ માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મધ્ય રેલવે પર વિદ્યાવિહાર-થાણે વચ્ચે પાંચમી છઠ્ઠી લાઈન પર સવારે ૮થી બપોરે ૧.૩૦ કલાક સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયે પાંચમી અને છઠ્ઠી લાઈન પરનો તમામ ટ્રાફિક અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે, જેને કારણે લોકલની અવરજવર પર અસર જોવા મળી શકે છે.

હાર્બર લાઈન પર કુર્લા-વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક રહેશે. આ સમયે સીએસએમટી-વાશી, બેલાપુર અને પનવેલ અને પનવેલ, બેલાપુર, વાશીથી સીએસએમટી વચ્ચે ટ્રેન વ્યવહાર બંધ રહેશે. આ સમયે સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. આ સિવાય બ્લોકના સમય દરમિયાન પ્રવાસીઓને ટ્રાન્સ હાર્બર લાઈન પર પ્રવાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ■

# હાઈ કોર્ટના ભૂતપૂર્વ જજની ‘ડિજિટલ અરેસ્ટ’ કરી બે કરોડ રૂપિયા પડાવવાનો પ્રયાસ

નાગપુર: બૉમ્બે હાઈ કોર્ટના ભૂતપૂર્વ જજ વિજય ડાગાને સાયબર ઠગે ‘ડિજિટલ અરેસ્ટ’ની જાળમાં ફસાવીને બે કરોડ રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. સાયબર ઠગે વીડિયો કૉલ રાજસ્થાન-ગુજરાતની સીમાએથી કર્યો હોવાનું તપાસમાં જણાયું હતું.

એક વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે નાગપુરમાં રહેતા ડાગાને બુધવારની સવારે ૧૧ વાગ્યે અજાણ્યા નંબર પરથી વીડિયો કૉલ આવ્યો હતો. કૉલ કરનારો ઠગ પોલીસની વરદીમાં હતો. વીડિયો કૉલમાં ઠગ કોઈ પોલીસ સ્ટેશનમાં બેઠો હોવાનું દૃશ્ય ઊભું કરાયું હતું.

મુંબઈના બોરીવલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના એક કેસમાં ડાગાની સાઠગાંઠ સામે આવી હોવાનો દાવો ઠગે કર્યો હતો. તેણે કહ્યું હતું કે ડાગાના આધાર કાર્ડની મદદથી એક સિમ કાર્ડ ખરીદવામાં આવ્યું છે, જેનો ઉપયોગ ૨૦૨૩માં કૅનેરા બૅન્કમાં તેમના નામે ખાતું ખોલાવવા સહિત ગેરકાયદે ટ્રાન્ઝેક્શન્સમાં થયો હતો. એ સિવાય જેટ ઍરવેઝના સ્થાપક નરેશ ગોયલ સાથે કડી ધરાવવાનો પણ આરોપ ઠગે કર્યો

(જુઓ પાનું ૪) ▸▸

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ




# મુંબઈમાં ૧૯ જુલાઈ સુધી વરસાદનું વેકેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મોટાભાગના જિલ્લામાં ગત આખું અઠવાડિયું મુશળધાર વરસાદ પડી ગયો છે પણ મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી છૂટાછવાયા ઝાપટાં જ પડી રહ્યા છે. મુંબઈગરાએ મુશળધાર વરસાદ માટે હજી થોડી રાહ જોવી પડવાની છે. શહેરમાં ૧૯ જુલાઈ સુધી ભારે વરસાદ પડવાની કોઈ શક્યતા જણાતી ન હોવાનું હવામાન વિભાગ સાથે સંકળાયેલા નિષ્ણાતોનું કહેવું છે.

સામાન્ય રીતે મુંબઈ માટે જુલાઈ મહિનો એકદમ ભીનો રહેતો હોય છે પણ છેલ્લાં અનેક દિવસોથી મુંબઈમાં માત્ર છૂટક વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આગામી અઠવાડિયામાં શહેર અને તેના પડોશી જિલ્લા થાણે અને પાલઘર માટે હળવા વરસાદની આગાહી કરી છે, પણ મુંબઈમાં લાંબા સમય સુધી વરસાદ ગાયબ રહેવાની શક્યતા પ્રબળ વર્તાઈ રહી છે.

ગયા અઠવાડિયામાં પાલઘર, નાશિક સહિતના રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. મુંબઈને પાણી પૂરું પાડનારા જળાશયોમાં પણ સામાન્ય રીતે જે ઓગસ્ટમાં છલકાતા હોય છે તે જુલાઈના લગભગ બીજા અઠવાડિયામાં જ ભરાઈ ગયા છે પણ

(જુઓ પાનું ૪) ▸▸

# લોકલ ટ્રેનમાં મહિલાને પ્રસવ પીડા ઉપડી: બાળકીનો સુરક્ષિત જન્મ

થાણા: સરકારી રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા તાબડતોબ મળેલી મદદને પગલે થાણે જિલ્લાના મુંબ્રામાં ૩૦ વર્ષની મહિલાને સમયસર તબીબી સારવાર મળી અને તેણે પુત્રીને જન્મ આપ્યો હતો. પતિ સાથે મુસાફરી કરી રહેલી હિના ખાતુન મોહમ્મદ શુક્રવારે સાંજે સીએસએમટી જતી લોકલ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી ત્યારે તેને પ્રસવ પીડા ઉપડતા સાથી મુસાફરોએ મુંબ્રા રેલવે સ્ટેશન પર ઈમર્જન્સી ચેઇન ખેંચી લીધી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. જીઆરપીના જવાનોની ટીમે રિક્ષાની વ્યવસ્થા કરી હતી અને હિનાને સાંજે છ વાગ્યે મુમ્બ્રા નજીક કૌસા ખાતેની પાલિકા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ■

# નીરજ અને પાકિસ્તાનનો નદીમ યુદ્ધ પછી પહેલી વાર સામસામે



નવી દિલ્હીઃ ૧૬મી ઑગસ્ટે ભારતનો ડબલ ઑલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપડા અને પાકિસ્તાનનો ઑલિમ્પિક ચૅમ્પિયન અર્શદ નદીમ ભારત-પાકિસ્તાન વચ્ચેના ટૂંકા યુદ્ધ બાદ પહેલી વાર એક જ સ્પર્ધામાં હરીફાઈમાં ઊતરશે. પોલૅન્ડમાં યોજાનારી ભાલાફેંકની ડાયમંડ લીગ નામની જાણીતી સ્પર્ધામાં બન્નેની આકરી કસોટી થશે. નદીમ પૅરિસ ઑલિમ્પિક્સમાં ભાલો ૯૨.૯૭ મીટર દૂર ફેંકીને ચૅમ્પિયન બનેલો, જ્યારે નીરજ પણ હવે ૯૦.૦૦ મીટરનું વિઘ્ન ઓળંગી ચૂક્યો છે. ■

# ઇંગ્લૅન્ડ ૩૮૭, ભારત ૩૮૭

## ખેલ બરાબરીનો અને હવે ખરાખરીનોઃ બે દિવસ બાકી

લંડનઃ ભારતે અહીં ત્રીજી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ)માં યજમાન ઇંગ્લૅન્ડના પ્રથમ દાવના સ્કોરની બરાબરી કરી હતી અને યોગાનુયોગ એ જ સ્કોર પર છેલ્લી વિકેટ ગુમાવી હતી.

શુક્રવારે ઇંગ્લૅન્ડનો પહેલો દાવ ૧૧૨.૩ ઓવરમાં બનેલા ૩૮૭ રનના સ્કોર પર પૂરો થયો હતો, જ્યારે શનિવારે ભારતે ૧૧૯.૨ ઓવરમાં ૩૮૭ રન કર્યા હતા અને એ સ્કોર પર ક્રિસ વૉક્સના બૉલમાં જસપ્રીત બુમરાહ (૦)ની વિકેટ પડ્યા બાદ ફરી એ જ સ્કોર પર જોફ્રા આર્ચરના બૉલમાં વૉશિંગ્ટન સુંદર (૭૬ બૉલમાં ૨૩ રન) આઉટ થતાં ભારતની ઇનિંગ્સ ૩૮૭ રનના સ્કોર પર પૂરી થઈ હતી. ત્યાર બાદ ઇંગ્લૅન્ડના બીજા દાવમાં ફક્ત એક ઓવરની રમત થઈ હતી. રમતના અંત સુધીમાં યજમાન ટીમે વિના વિકેટે બે રન કર્યા હતા.

એક જ દાવમાં બન્ને ટીમનો એકસમાન સ્કોર થયો હોય એવું જવલ્લે જ બનતું હોય છે. અગાઉ આવું આઠ વખત બન્યું હતું.

કે. એલ. રાહુલ (૧૭૭ બૉલમાં ૧૦૦ રન), રિષભ પંત (૧૧૨ બૉલમાં ૭૪ રન), જાડેજા (૧૩૧ બૉલમાં ૭૨ રન), નીતીશ રેડ્ડી (૯૧ બૉલમાં ૩૦ રન) અને કરુણ નાયર (૬૨ બૉલમાં ૪૦ રન)ના મુખ્ય યોગદાનો સાથે ભારતનો દાવ ૩૮૭ રન પર સમેટાતાં બન્નેમાંથી કોઈ પણ ટીમને સરસાઈ ન મળી. હવે બરાબરીના ખેલ બાદ ખરાખરીનો ખેલ શરૂ થયો છે. ક્રિસ વૉક્સે ત્રણ તેમ જ જોફ્રા તથા બેન સ્ટૉક્સે બે-બે વિકેટ લીધી હતી. ■

# હું લૉર્ડ્સની ઐતિહાસિક બેલ વગાડતી વખતે નર્વસ હતોઃ પુજારા



લંડનઃ સામાન્ય રીતે અહીંના ઐતિહાસિક લૉર્ડ્સના મેદાન પરની મૅચ દરમ્યાન લગભગ પ્રત્યેક દિવસની રમતના આરંભ પહેલાં ખ્યાતનામ ખેલાડીને બેલ વગાડવાનો અવસર આપવામાં આવતો હોય છે અને એમાં શનિવારે ભારત-ઇંગ્લૅન્ડ ટેસ્ટના ત્રીજા દિવસની રમત પહેલાં ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારાને આ ગૌરવ મળ્યું હતું. ખુદ પુજારાએ પછીથી કહ્યું હતું કે ‘ હું બેલ વગાડતી વખતે થોડો નર્વસ હતો. કારણ એ છે કે સામાન્ય રીતે એ વખતે સૌનું ધ્યાન બેલ વગાડનાર ખેલાડી પર હોય અને એમાં કોઈ ભૂલ ન થઈ જાય એવું ખેલાડી સતત વિચાર્યા કરતો હોય છે. આ અવસર મને પણ મળ્યો, પણ હું થોડો નર્વસ તો હતો જ.’ લૉર્ડ્સના પૅવિલિયનમાં રાખવામાં આવેલી આ બેલ વગાડવાની પરંપરા ૨૦૦૭ની સાલથી છે. બે દિવસ પહેલાં સચિન તેન્ડુલકરને આ અવસર મળ્યો હતો. ભૂતકાળમાં સુનીલ ગાવસકર, રાહુલ દ્રવિડ તેમ જ સૌરવ ગાંગુલીને આ સન્માન મળી ચૂક્યું છે. ■

# લૉર્ડ્સમાં એકથી વધુ સેન્ચુરીઃ રાહુલ હવે વેન્ગસરકર પછી બીજો ભારતીય બૅટ્સમૅન

લંડનઃ સ્ટાઇલિશ ઓપનિંગ બૅટ્સમૅન કે. એલ. રાહુલ ભારતનો એવો બીજો ખેલાડી બન્યો છે જેણે ક્રિકેટના મક્કા ગણાતા ઇંગ્લૅન્ડના લૉર્ડ્સમાં એક કરતાં વધુ ટેસ્ટ-સદી ફટકારી છે. રાહુલે શનિવારે સિરીઝની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે લંચના બ્રેક પછી પેસ બોલર જોફ્રા આર્ચરના બૉલમાં ફટકારેલા શૉટમાં રન કરીને કરીઅરની ૧૦મી અને લૉર્ડ્સ પર બીજી સદી પૂરી કરી હતી.

જોકે રાહુલ ૧૭૬મા બૉલમાં ભારત વતી આ સીમાચિહ્નરૂપ સદી પૂરી કર્યા બાદ પોતાના ૧૭૭મા બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો. રાહુલે ૧૦માંથી નવ સદી વિદેશમાં ફટકારી છે.

ભારતીયોમાંથી વેન્ગસરકરનો વિક્રમ છે. તેમણે લૉર્ડ્સમાં ત્રણ સેન્ચુરી (૧૯૭૯, ૧૯૮૨, ૧૯૮૬) ફટકારી હતી અને હવે રાહુલ આ સ્થળે એક કરતાં વધુ સદી ફટકારનારો બીજો ભારતીય ખેલાડી બન્યો છે. રાહુલે લૉર્ડ્સમાં પ્રથમ સદી (૧૨૯ રન) ૨૦૨૧માં ફટકારી હતી અને ત્યારે ભારત ૧૫૧ રનથી જીતી ગયું હતું.

રાહુલે લૉર્ડ્સમાં બીજી સદી ફટકારીને આ ઐતિહાસિક સ્થળે સૌથી વધુ સેન્ચુરી ફટકારનાર વિદેશી ખેલાડીઓમાં સર ગૅરી સોબર્સ, સ્ટીવ સ્મિથ, માહેલા જયવર્દને, સર ડૉન બ્રૅડમૅન, ગૉર્ડન ગ્રિનિજ, માર્ટિન ક્રો, હાશિમ અમલા તથા ગ્રેમ સ્મિથની બરાબરી પણ કરી છે.

જોકે લૉર્ડ્સમાં સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર ઇંગ્લૅન્ડની બહારના ખેલાડીઓમાં વેન્ગસરકરનો જે ત્રણ સદીનો વિક્રમ છે એ રાહુલને ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટના બીજા દાવમાં અથવા ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસ વખતે તોડવાની તક મળશે. ■



# ડ્યૂક્સ કંપનીના ભારતીય ઉત્પાદક બૉલમાં ફેરફાર કરવા તૈયાર

## હું પગ વાળીને કે સિગારેટ-સિગાર ફૂંકતો બેઠો નથીઃ દિલીપ જાજોડિયા

લંડનઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝ અધવચ્ચે પહોંચી છે અને હાલમાં લોર્ડ્સમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટના ત્રણ દિવસ પૂરા થઈ ગયા હોવાથી આ મૅચ પણ મધ્ય તબક્કામાં છે અને એવામાં આ સિરીઝમાં વપરાતા ડ્યૂક્સ બૉલનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે આ બ્રૅન્ડના બૉલ બનાવતી કંપનીના માલિક વિવાદ શાંત પાડવા લંડન આવી પહોંચ્યા છે.

બેંગલૂરુની સ્કૂલમાં ભણેલા અને સારું એવું ભણતર મેળવીને બિઝનેસમૅન બનેલા દિલીપ જાજોડિયા બ્રિટિશ ક્રિકેટ બૉલ્સ લિમિટેડ કંપનીના માલિક છે અને આ કંપની ડ્યૂક્સ બૉલ બનાવે છે.

આ બૉલનો આકાર બહુ જલદી બદલાઈ જાય છે, એ નરમ થઈ જાય છે અને રમવા લાયક હોતો નથી એવી સિરીઝ દરમિયાન તેમ જ ખાસ કરીને વર્તમાન ટેસ્ટ દરમિયાન ખેલાડીઓની વારંવાર ફરિયાદ અમ્પાયર સમક્ષ જોવા મળી છે. શુક્રવારે તો હદ થઈ ગઈ હતી, કારણકે શુભમન ગિલ અને મોહમ્મદ સિરાજ સહિતના ભારતીય ખેલાડીઓએ અમ્પાયર સમક્ષ બૉલની ખામી બાબતમાં વારંવાર ફરિયાદ કરી હોવા છતાં એ બૉલ ગેજ (માપક) મુજબ પરફેક્ટ હોવાનું કહીને અમ્પાયરે બૉલ બદલવાની ના પાડી હતી. જોકે એક તબક્કે નવો બૉલ લીધા બાદ ૧૦ ઓવરમાં જ એનો આકાર બદલાઈ ગયો હતો જેને પગલે વિવાદ વકર્યો હતો.

બેંગલૂરુથી લંડન આવી પહોંચેલા ૮૧ વર્ષની ઉંમરના દિલીપ જાજોડીયા પોતાની કંપનીના ડ્યૂક્સ બૉલ બાબતમાં બીસીસીઆઈ તેમ જ ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડના ટોચના



અધિકારીઓ સાથે ચર્ચા કરવાની તૈયારી સાથે જ લંડન આવ્યા છે.

### અસહ્ય ગરમી, વજનદાર બૅટ

ઇંગ્લેન્ડના પાટનગરમાં પહોંચ્યા બાદ જાજોડિયાએ મીડિયામાં વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે ‘હું ખેલાડીઓને વિનંતી કરું છું કે તમે આ વિષયમાં ધીરજ રાખજો. આ વિવાદાસ્પદ વિષય છે અને એમાં તમે તમારો અભિગમ સમજી વિચારીને અપનાવજો. અમારી કંપની ૧૮મી સદીથી ચાલી રહી છે.’

જાજોડિયાએ એવું પણ કહ્યું હોવાનું મનાય છે કે ‘થોડા સમયથી ઇંગ્લૅન્ડમાં વાતાવરણ બદલાઈ ગયું છે, ગરમી ખૂબ વધી ગઈ છે. બીજું, બૅટ્સમેનો હવે વજનદાર બૅટથી ફટકાબાજી કરતા હોય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને પણ અમે અમારા બૉલના મેકિંગમાં જરૂરી સુધારો કરવા તૈયાર છીએ.’

### બૉલના લેધરની સમસ્યા છે?

ડ્યૂક્સ બૉલ બનાવતી કંપનીના માલિકે એવું પણ કહ્યું હતું કે ‘આઇસીસીના નિયમો, ખેલાડીઓની જરૂરિયાત અને હવામાનને ધ્યાનમાં રાખીને ક્રિકેટ બૉલ બનાવવા એ કોઈ આસાન કામ નથી. ક્રિકેટ જગતમાં ખાસ કરીને ત્રણ જ પ્રકારના લેધર બૉલ (ડ્યૂક્સ, એસજી અને કૂકાબૂરા)થી ખેલાડીઓ રમતા હોય છે. લેધર બૉલ બનાવવાનું આસાન હોત તો આજે સેંકડો કંપનીઓ અલગ અલગ બ્રૅન્ડના બૉલ બનાવતી હોત. એટલે ખેલાડીઓએ એ યાદ રાખવું જોઈએ કે અમે કંઈ જ નથી કરતા અને બેઠા છીએ એવું નથી. અમે અમારાથી બનતું બધું જ કરી રહ્યા છીએ અને એમ છતાં પણ જો કોઈ સમસ્યા હોય તો અમે બૉલ વિશે સમીક્ષા કરવા તૈયાર છીએ. બૉલના લેધરને લગતી કોઈ સમસ્યા છે કે બીજી કોઈ ખામી છે એ અમે તપાસીશું. હું પગ વાળીને સિગારેટ કે સિગાર ફૂંકતો બેઠો નથી.’

### મારા કર્મચારીઓનું પણ વિચારોઃ જાજોડિયા

જાજોડિયાને એક અહેવાલમાં એવું પણ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે ‘ખેલાડીઓ મારા બનાવેલા બૉલને વખોડી શકે. તો પછી હું તેમના કોઈ ખરાબ શૉટને કે (બોલરના) ખરાબ બૉલને વખોડી શકું, ખરુંને? હા, ખેલાડીઓને જોઈએ છે એવો બૉલ હું બનાવી શકું, પરંતુ હું એટલું જરૂર કહીશ કે તમે જ્યારે પણ ટીકા કરો ત્યારે એટલું યાદ રાખજો કે તમે માત્ર મારી કે મારા બૉલની ટીકા નથી કરતા. તમે એ બધાને પણ વખોડો છો જે લોકો મારી પાછળ છે. એટલે કે કર્મચારીઓ જેઓ આ બ્રૅન્ડના હજારો બૉલ બનાવતા હોય છે. તેમની નોકરીનો પણ સવાલ હોય છે. એટલે આપણે બધાએ ખૂબ સમજી વિચારીને અભિગમ અપનાવવો જોઈએ, ઉદારતા બતાવવી જોઈએ.’ ■

# બ્રિટિશરો સામે હવે રિચર્ડ્સ નહીં, પણ રિષભ પંત છે સિક્સરોનો બાદશાહ





લંડનઃ વાઇસ-કૅપ્ટન અને વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતે અહીં લૉર્ડ્સમાં બ્રિટિશરોને જોરદાર લડત આપ્યા પછી બિનજરૂરી રન દોડવા જતાં રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી, પરંતુ એ પહેલાં તેણે સર વિવ રિચર્ડ્સનો ૩૪ વર્ષ જૂનો વિક્રમ તોડી નાખ્યો હતો.

રિષભ પંતે ૧૧૨ બૉલની લાંબી ઇનિંગ્સમાં ડાબા હાથની પહેલી આંગળીમાં ગંભીર ઈજા હોવા છતાં લડત આપીને બૅટિંગ કરી હતી અને એમાં તે ૭૪ રનના પોતાના સ્કોર પર રનઆઉટ થયો હતો. એ ૭૪ રનમાં તેની આઠ ફોર ઉપરાંત બે સિક્સર પણ સામેલ હતી. એ બે છગ્ગા તેના માટે ઐતિહાસિક બન્યા છે.

રિચર્ડ્સે ૧૯૭૬થી ૧૯૯૧ દરમ્યાન ઇંગ્લૅન્ડ સામે રમેલી ૩૬ ટેસ્ટમાં ૩૪ સિક્સર ફટકારી હતી. ઇંગ્લૅન્ડ સામે રમી ચૂકેલા ટેસ્ટ ખેલાડીઓમાં રિચર્ડ્સની આ ૩૪ સિક્સર હાઇએસ્ટ હતી. જોકે રિષભ પંતની ઇંગ્લૅન્ડ સામે હજી માંડ ૧૫મી ટેસ્ટ છે અને એમાં તેણે ૩૬મી સિક્સર ફટકારીને રિચર્ડ્સનો વિક્રમ તોડીને પોતાના નામે કરી નાખ્યો છે.

લૉર્ડ્સની વર્તમાન ટેસ્ટ પહેલાં પંતની ઇંગ્લૅન્ડ સામે રિચર્ડ્સ જેટલી ૩૪ સિક્સર હતી, પણ શનિવારે તેણે કૅપ્ટન બેન સ્ટૉક્સની એક ઓવરના છેલ્લા બૉલ પર છગ્ગો મારીને (૩૫મી સિક્સર સાથે) રિચર્ડ્સનો રેકૉર્ડ પાર કર્યો હતો. ત્યાર બાદ તેણે સ્પિનર શોએબ બશીરની ઓવરના પહેલા બૉલ પર છગ્ગો ફટકાર્યો હતો જે તેનો ૩૬મો છગ્ગો હતો.

ટેસ્ટ-ક્રિકેટમાં ઇંગ્લૅન્ડ સામે સૌથી વધુ સિક્સર ફટકારાઓમાં પંત અને રિચર્ડ્સ પછી ત્રીજા નંબરે ન્યૂ ઝીલૅન્ડનો ટિમ સાઉધી, યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ છે.

### ઇંગ્લૅન્ડ સામે કોની સૌથી વધુ સિક્સર?

(૧) રિષભ પંત, ૩૬ સિક્સર
(૨) વિવ રિચર્ડ્સ, ૩૪ સિક્સર
(૩) ટિમ સાઉધી, ૩૦ સિક્સર
(૪) યશસ્વી જયસ્વાલ, ૨૭ સિક્સર
(૫) શુભમન ગિલ, ૨૬ સિક્સર ■

# ઇટલીએ હારવા છતાં રચ્યો ઇતિહાસ, ‘ઑસ્ટ્રેલિયાના’ જૉ બર્ન્સે ટી-૨૦ વર્લ્ડ કપમાં પહોંચાડ્યું

## નેધરલૅન્ડ્સ પણ વિશ્વકપમાં, પણ સ્કૉટલૅન્ડની ચાર વર્લ્ડ કપ બાદ પહેલી વાર બાદબાકી

હૅગ (નેધરલૅન્ડ્સ)ઃ ઇટલીએ પહેલી વાર પુરુષોના ટી-૨૦ વર્લ્ડ કપમાં ક્વૉલિફાય થઈને નવો ઇતિહાસ રચ્યો છે. ઇટલીને આ ઉપલબ્ધિ મૂળ ઑસ્ટ્રેલિયાનો બૅટ્સમૅન જૉ બર્ન્સ થકી મળી છે. રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન બર્ન્સનો જન્મ ઑસ્ટ્રેલિયામાં થયો હતો. તે ૩૫ વર્ષનો છે. ૨૦૧૪થી ૨૦૨૦ સુધી તે ઑસ્ટ્રેલિયા વતી ૨૩ ટેસ્ટ અને છ વન-ડે રમ્યો હતો, પણ પછી તેને વધુ રમવાનો મોકો ન મળતાં તેણે ઇટલી વતી રમવાનું નક્કી કર્યું હતું અને કાનૂની પ્રક્રિયા પૂરી કર્યા બાદ ૨૦૨૪થી તેણે ઇટલી વતી રમવાનું શરૂ કર્યું હતું.

ઇટલીના કૅપ્ટન જૉ બર્ન્સે ઇટલી વતી આઠ ટી-૨૦માં એક સેન્ચુરી અને એક હાફ સેન્ચુરી સહિત કુલ ૨૭૧ રન કર્યા છે. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૬૦ મૅચમાં ૯,૮૦૯ રન બનાવી ચૂકેલા જૉ બર્ન્સની કૅપ્ટન્સીમાં ૧૧મી જુલાઈએ હૅગમાં ઇટલીનો નેધરલૅન્ડ્સ સામે નવ વિકેટે પરાજય થયો હતો, પરંતુ એમ છતાં ઇટલીએ આવતા વર્ષે ભારત અને શ્રીલંકામાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે ક્વૉલિફિકેશન મેળવી લીધું છે. વાસ્તવમાં ઇટલીએ પહેલી જ વખત ક્રિકેટના વર્લ્ડ કપમાં એન્ટ્રી કરી છે.

નેધરલૅન્ડ્સ પણ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થયું છે. નેધરલૅન્ડ્સે આ સાથે યુરોપ પ્રદેશની ક્વૉલિફિકેશન સ્પર્ધા પણ જીતી લીધી છે. એની ઇટલી સામેની મૅચ આ સ્પર્ધાની ફાઇનલ હતી જે નેધરલૅન્ડ્સે જીતીને પોતાની સિદ્ધિઓમાં વધુ એકનો ઉમેરો કર્યો છે.

### સ્કૉટલૅન્ડની કેમ બાદબાકી થઈ?

છેલ્લા ચાર ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવાનો લહાવો મેળવનાર સ્કૉટલૅન્ડની ટીમ આ વખતે ક્વૉલિફિકેશન નથી મેળવી શકી. સ્કૉટલૅન્ડની બાદબાકી માટે જર્ઝી નામનો યુરોપનો ટચૂકડો દેશ જવાબદાર છે. શુક્રવારે હૅગમાં સ્કૉટલૅન્ડ (૨૦ ઓવરમાં ૭/૧૩૩)નો જર્ઝી (૨૦ ઓવરમાં ૯/૧૩૪) સામે છેલ્લા બૉલે પરાજય થતાં સ્કૉટિશ ટીમ વર્લ્ડ કપ માટેના દાવાની બહાર થઈ ગઈ હતી.

### ઇટલીની ટીમમાં ભારતીય મૂળનો બોલર

ઇટલીની ટીમમાં જસપ્રીત સિંહ નામના ૩૨ વર્ષના પેસ બોલરનો સમાવેશ છે. જસપ્રીતનો જન્મ પંજાબના ફગવાડામાં થયો હતો. તે ઑલરાઉન્ડર છે અને ઇટલી વતી ૨૪ ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે ૨૧ વિકેટ લેવા ઉપરાંત કુલ ૬૮ રન કર્યા છે. માર્કસ કૅમ્પોપિયાનો ઇટલીનો વિકેટકીપર છે. ઇટલીની ટીમમાં શ્રીલંકન મૂળનો પણ એક ખેલાડી છે જેનું નામ ક્રિશન કાલુગમાગે છે. ■

# રાધિકા રસોઈ બનાવી રહી હતી ત્યારે પિતાએ પાછળથી તેના પર ગોળીઓ છોડી

## ટેનિસ ખેલાડીની ઍકેડેમી નહોતી, ઠેર-ઠેર જઈને તાલીમ આપતી હતી, જે તેના પિતાને પસંદ નહોતું

ગુરુગ્રામઃ ગુરુવારે પિતાની ક્રૂરતાનો ભોગ બનેલી હરિયાણાના ગુરુગ્રામ (અગાઉનું નામ ગુડગાંવ)ની ઊભરતી ટેનિસ ખેલાડી રાધિકા યાદવની એક તરફ પરિવારજનોએ ભારે હૃદયે અંતિમ ક્રિયા કરી હતી અને બીજી બાજુ નવી નવી વિગતો બહાર આવી રહી છે જેમાંની એક માહિતી એવી છે કે રાધિકા ઘરમાં રસોઈ બનાવી રહી હતી ત્યારે તેના પિતા દીપક યાદવે તેની પાછળ જઈને તેના પર ગોળીઓ છોડી હતી. પાંચમાંથી ત્રણ ગોળી રાધિકાને પીઠમાં વાગી હતી અને તે તત્કાળ મૃત્યુ પામી હતી.

એક અહેવાલ મુજબ રાધિકા ટેનિસ ઍકેડેમી ચલાવતી હતી અને દીપક યાદવે પુત્રીની હત્યા કરી હોવાની કબૂલાત સાથે પોલીસને એવું પણ કહ્યું છે કે તેના પરિવારજનો વારંવાર તેને ટકોર કરતા હતા કે તમે દીકરીની કમાઈ પર જીવો છો. ‘કન્યા વધ કર દિયા મૈંને, મુજે માર દો. એફઆઇઆર એવી રીતે તૈયાર કરો કે જેને આધારે મને ફાંસીની સજા મળી જ જાય,’ એવું દીપક યાદવે પોલીસને પૂછપરછ દરમ્યાન કહ્યું હતું.

રાધિકા પરના આ હુમલા વખતે તેના મમ્મી બીજા રૂમમાં સૂતા હતા અને તેઓ ગોળીબારનો અવાજ સાંભળીને રસોડામાં દોડી આવ્યા હતા.

અન્ય એક રિપોર્ટમાં જણાવાયું છે કે રાધિકા ઇન્સ્ટાગ્રામ પર તેના પુરુષ મિત્ર સાથે મળીને જે રીલ્સ બનાવતી હતી એ



સામે રાધિકાના પિતાનો વિરોધ હતો.

દરમ્યાન પોલીસે જણાવ્યું છે કે રાધિકા કોઈ જ ટેનિસ ઍકેડેમી નહોતી ચલાવતી, તે અલગ અલગ જગ્યાની ટેનિસ કોર્ટ બુક કરીને ત્યાં ટેનિસની રમત શીખવા માગતા છોકરા-છોકરીઓને તાલીમ આપતી હતી જે તેના પિતાને નહોતું ગમતું. ■

# સિનર સામે સેમિમાં હાર્યા પછી જોકોવિચે કહ્યું, ‘હું હજી આવતા વર્ષે વિમ્બલ્ડનમાં રમીશ’

## આજની ફાઇનલમાં અલ્કારાઝ-સિનર વચ્ચે ટક્કરઃ ૧૭ વર્ષ પહેલાંનું પુનરાવર્તન થશે

લંડનઃ ૨૩ વર્ષનો વર્લ્ડ નંબર-વન ઇટલીનો યાનિક સિનર અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની સિંગલ્સની સેમિ ફાઇનલમાં ૬-૩, ૬-૩, ૬-૪થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં તેનો મુકાબલો સ્પેનના વર્લ્ડ નંબર-ટૂ કાર્લોસ અલ્કારાઝ સામે થશે. વિમ્બલ્ડનની ફાઇનલમાં એ જ વર્ષની ફ્રેન્ચ ઓપનની ફાઇનલના બે હરીફ વચ્ચે ટક્કર થવાની હોય એવું ૨૦૦૮ પછી પહેલી વખત બનશે. ૨૦૦૮માં રોજર ફેડરર અને રાફેલ નડાલ વચ્ચે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં ટક્કર થયા બાદ વિમ્બલ્ડનની ફાઇનલમાં પણ તેમની જ વચ્ચે મુકાબલો થયો હતો.

૩૮ વર્ષનો જોકોવિચ શુક્રવારે હારી ગયો, પણ તેણે પછીથી કહ્યું હતું કે ‘હું હજી એક વાર (આવતા વર્ષે) વિમ્બલ્ડનમાં રમીશ જ.’ તેને આઠમી વાર વિમ્બલ્ડનનો તાજ જીતીને રોજર ફેડરરના વિક્રમની બરાબરી કરવી છે. જોકોવિચ પુરુષોની ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યો છે.

શુક્રવારે ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન જોકોવિચ ફુલ્લી ફિટ નહોતો છતાં ફાઇનલ રમ્યો હતો અને સ્ટ્રેઇટ સેટમાં હારી ગયો હતો. સિનર પહેલી વાર ગ્રાસ કોર્ટ પરની વિમ્બલ્ડનની ફાઇનલમાં પ્રવેશ્યો છે. તે ૧૩ મહિનાથી વર્લ્ડ નંબર-વન છે. ગયા મહિને તે ક્લે કોર્ટ પરની ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં હારી ગયો હતો. એમાં તેને અલ્કારાઝે હરાવ્યો હતો અને હવે વિમ્બલ્ડનની ફાઇનલમાં તેઓ રવિવારે એકમેકનો સામનો કરશે. સિનરને એ પરાજયનો બદલો લેવાની તક છે.

સિનર સર્બિયાના જોકોવિચને ગ્રાસ કોર્ટ, ક્લે કોર્ટ અને હાર્ડ કોર્ટ, ત્રણેય પર હરાવનાર રાફેલ નડાલ, ઍન્ડી મરે અને રોજર ફેડરર પછીનો ચોથો ખેલાડી છે.

અલ્કારાઝે સેમિ ફાઇનલમાં ટેલર ફ્રિત્ઝને ૬-૪, ૫-૭, ૬-૩, ૭-૬ (૮-૬)થી હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. તેને સતત ત્રીજી વાર વિમ્બલ્ડનનું ટાઇટલ જીતવાનો મોકો છે.

અલ્કારાઝ પાસે પાંચ અને સિનર પાસે ત્રણ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ છે. સિનરની આ સતત ચોથી ગ્રૅન્ડ સ્લૅમ ફાઇનલ છે. તે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યુએસ ઓપન અને જાન્યુઆરીની ઑસ્ટ્રેલિયન ઓપન જીત્યો હતો.

મહિલાઓની શનિવારની ફાઇનલમાં ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ઇગા સ્વૉન્ટેક અને અમાન્ડા ઍનિસિમોવા વચ્ચેની ટક્કરની લંડનમાં સૌથી વધુ ચર્ચા હતી. ■

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૧૩-૭-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

## બિહારમાં મતદાન યાદીની સુધારણા

# કેન્દ્રીય ચૂંટણી પંચના વાદ-વિવાદ ને વિખવાદ...

**બિહારની ચૂંટણી માથા પર તોળાઈ રહી છે ત્યારે ત્યાં ‘મતદાર યાદી સુધારણા’નું કારણ આપીને ચૂંટણી પંચ આધાર કાર્ડને અમાન્ય ગણી સુપર ઓથોરિટી તરીકે વર્તી રહ્યું છે. એના આ તૂતને વિપક્ષોએ કેન્દ્ર સરકાર પ્રેરિત ‘ષડયંત્ર’ ગણાવીને ઊહાપોહ મચાવ્યો છે. વાત સર્વોચ્ચ અદાલત સુધી પહોંચી ગઈ છે...**




**બિહારમાં** વિધાનસભાની ચૂંટણી પહેલાં કેન્દ્રીય ચૂંટણી પંચે ‘વોટર વેરિફિકેશન’ નું તૂત શરૂ કર્યું તેમાં ભડકો થઈ ગયો છે. કોંગ્રેસ અને આરજેડી સહિતના વિપક્ષોને વિધાનસભાની ચૂંટણી પહેલાં એક સજ્જડ મુદ્દો મળી ગયો છે. ચૂંટણી પંચ વોટર વેરિફિકેશનના બહાને ‘ભાજપ વિરોધી મતદારો અને મોટા ભાગે મુસ્લિમ મતદારોને મતદાનથી દૂર રાખવા માગે છે’ એવો વિપક્ષોનો આક્ષેપ છે.

‘મહારાષ્ટ્રમાં પણ આ જ ખેલ કરીને ચૂંટણી પંચે ભાજપને સત્તા અપાવી હતી અને હવે એનું જ ‘એક્શન રિ-પ્લે ’ બિહારમાં પણ કરવાનું ષડયંત્ર રચાઈ રહ્યું હોવાનો વિપક્ષોનો આક્ષેપ છે.

બીજી તરફ, ચૂંટણી પંચ તેને નિયમિત પ્રક્રિયા ગણાવે છે. પંચની એકદમ વાહિયાત દલીલ એ પણ છે કે, ગેરકાયદેસર રીતે ઘૂસેલાં વિદેશીઓ સહિતના લોકો મતદાર યાદીમાં ઘૂસી ગયા છે કે નહીં તેની ચકાસણી કરવા માટે વેરિફિકેશન થઈ રહ્યું છે. ચૂંટણી પંચ પોતે જ મતદાર યાદી તૈયાર કરે છે ત્યારે મતદાર તરીકે નામ નોંધતી વખતે આ ચકાસણી કેમ ન કરવામાં આવી?

પંચે ૨૦૦૩માં કરાયેલા વોટર વેરિફિકેશનનો હવાલો આપ્યો છે. ૨૦૦૩માં વોટર વેરિફિકેશન કરાયું તેના બે વર્ષ પછી વિધાનસભા ચૂંટણી થયેલી તેથી પૂરતો સમય હતો, પણ અત્યારે તો ચૂંટણીને માંડ ચાર મહિના બાકી છે ત્યારે અચાનક પંચને કેમ આ સણકો ઊપડ્યો?

આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો છે. કોર્ટે વોટર વેરિફિકેશન એટલે કે ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન’ (SIR) સામે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો છે, પણ આધાર કાર્ડ અને રેશન કાર્ડને માન્ય પુરાવા ગણવા સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે અને એ સાથે પંચને કેટલાક વેધક સવાલો પણ કર્યા છે. સુપ્રીમ કોર્ટ આ કેસમાં આખરી શું ચુકાદો આપે છે એ જોવાનું રહે છે, પણ ચૂંટણી પંચ ગેરબંધારણીય રીતે વર્તી રહ્યું છે તેમાં કોઈ શંકા નથી કેમ કે દેશના બંધારણ પ્રમાણે ચૂંટણી પંચને કોઈ પણ વ્યક્તિની નાગરિકતા અંગે નિર્ણય લેવાનો અધિકાર જ નથી. ભારતના બંધારણ પ્રમાણે, મતદાર યાદીઓ તૈયાર કરવી અને સુધારવી એ ભારતના ચૂંટણી પંચ (ECI) ની બંધારણીય જવાબદારી છે, પણ એક વાર કોઈનું નામ દેશના નાગરિક તરીકે નોંધાય પછી એની નાગરિકતા રદ કરવાનો અધિકાર માત્ર ને માત્ર કેન્દ્ર સરકારને છે. કેન્દ્ર સરકાર વતી ગૃહ મંત્રાલય આ ફરજ બજાવે છે. સાદા શબ્દોમાં કહીએ તો કેન્દ્રીય ગૃહ મંત્રાલય જ કોઈ પણ વ્યક્તિની ભારતની મતદાર યાદીમાંથી બાદબાકી કરવાનો નિર્ણય લઈ શકે, પણ ચૂંટણી પંચ નહીં.

ભારતમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાય છે તેમાં રાજ્ય સરકાર મદદ કરે છે. કોઈ પણ વ્યક્તિ માન્ય પુરાવા આપે એટલે તેનો સમાવેશ મતદાર યાદીમાં કરવો એ પંચની જવાબદારી છે. બિહારમાં આ મતદાર યાદી પહેલાં જ પ્રસિદ્ધ થઈ ચૂકી છે તેથી પંચનું કામ પતી ગયું પણ હવે પંચે આ વોટર વેરિફિકેશનનું નવું તૂત ઊભું કર્યું છે. આ તૂત દ્વારા બિહારમાં પંચ પોતે જ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હોય એ રીતે વર્તીને કોને મતદાર યાદીમાં રાખવા ને કોને ના રાખવા એ નક્કી કરવા બેઠું છે એ બંધારણનું ઘોર અપમાન છે.

હાસ્યાસ્પદ વાત પાછી એ છે કે, ચૂંટણી પંચે વોટર વેરિફિકેશનનું કામ ‘બ્લોક લેવલ ઓફિસર્સ’(બીએલઓ)ને સોંપ્યું છે. પંચ પાસે કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે કે નહીં એ નક્કી કરવા માટે કોઈ સ્ટાફ જ નથી. ચૂંટણી પંચ તો ચૂંટણી કરાવવા માટે પણ સરકાર પર નિર્ભર છે. મતદાનની સ્લીપ પહોંચાડવા માટે પણ બ્લોક લેવલ ઓફિસર્સ (બીએલઓ)ની મદદ લેવી પડે છે. આ ‘બીએલઓ પંચ’ પાસે ફુલટાઈમ કર્મચારી નથી પણ કામચલાઉ સ્ટાફ છે. સ્કૂલોના શિક્ષકો અને બીજા કર્મચારીઓને આ કામગીરી સોંપાય છે. એ જ :‘બીએલઓ’ને મતદાર યાદીમાં કોને રાખવા ને કોને ના રાખવા એ નક્કી કરવાની જવાબદારી સોંપી દેવામાં આવી છે!

ચૂંટણી પંચે મનમાની કરીને વેરિફિકેશન માટે ૧૧ દસ્તાવેજોને માન્ય ગણ્યા છે અને તેમાં પંચે જ તૈયાર કરીને આપેલું ‘વોટર કાર્ડ’ - આધાર કાર્ડ અને રેશન કાર્ડ નથી. હજુ હમણાં સુધી માત્ર આધાર કાર્ડને આધારે વ્યક્તિ મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરાવી શકતી હતી. દેશનાં બીજાં રાજ્યોમાં છેલ્લે છેલ્લે મતદાર યાદી સુધારણાના કાર્યક્રમ થયા તેમાં પણ આધાર કાર્ડને માન્ય પુરાવો ગણાયો હતો. હવે બિહારમાં પંચને આધાર કાર્ડ માન્ય પુરાવો નથી લાગતો એ કેવું? પંચે હાસ્યાસ્પદ દલીલ એ કરી છે કે, આધાર કાર્ડ માત્ર એક ઓળખપત્ર છે અને તેને નાગરિકતાનો આધાર ના માની શકાય...!

આમ તો બધા જ જાણે છે કે આ દેશમાં કેન્દ્ર સહિતની તમામ સરકારી કામકાજમાં કોઈ પણ પ્રક્રિયા માટે આધાર કાર્ડ માન્ય ગણાય છે. બેન્કમાં ખાતું ખોલાવવાથી માંડીને સરકારી યોજનાનો લાભ લેવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે ને પાસપોર્ટ કઢાવવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે. તમારે પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન કરાવવું હોય તો પણ આધાર કાર્ડ જોઈએ ને બીજો કોઈ પણ સરકારી દસ્તાવેજ કઢાવવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે પણ મતદાર યાદીમાં દાખલ થયેલું નામ વેરીફાય કરવા માટે આધાર કાર્ડ ના ચાલે તેનાથી હાસ્યાસ્પદ વાત બીજી કઈ હોઈ શકે?

પંચની દલીલ પ્રમાણે જ, આધાર કાર્ડ માત્ર એક ઓળખપત્ર છે તો એ શાનું ઓળખપત્ર છે? આ દેશની વ્યક્તિ હોવાનું કે બીજા કશાનું ?

વધારે હાસ્યાસ્પદ વાત પાછી એ છે કે, આધાર કાર્ડના આધારે નીકળેલા પાસપોર્ટ સહિતના પુરાવા માન્ય છે પણ આધાર માન્ય નથી...બોલો !

ચૂંટણી પંચ વિદેશી ઘૂસણખોરો મતદાર બની ગયા હોવાની વાત કરે છે એ પણ હાસ્યાસ્પદ છે. ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયો ત્યારથી આ દેશમાં પાડોશી દેશોના નાગરિકો ઘૂસણખોરી કરતા રહ્યા છે. પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, મ્યાનમાર વગેરે દેશોમાં સતત અશાંતિ અને અરાજકતા રહી. તેના અસરગ્રસ્તો ભારતમાં આવીને જામી ગયા. બાંગ્લાદેશનું સર્જન થયું ત્યારે તો કરોડોની સંખ્યામાં ઘૂસણખોરો આવી ગયા ને તેમાંથી કેટલા લોકો ભારતના નાગરિક બની ગયા એ કોઈને ખબર નથી. ચૂંટણી પંચે આજ સુધી કદી આ ઘૂસણખોરોને ઓળખી કાઢીને તેમનું નાગરિકત્વ છિનવી લેવાની કોઈ હિલચાલ પણ કરી નથી ને હવે અચાનક બિહાર વિધાન સભાની ચૂંટણી માથા પર તોળાઈ રહી છે ત્યારે તેને ઘૂસણખોરો દેશના નાગરિક બની ગયા તેની ચિંતા થઈ ગઈ છે !

વિદેશી ઘૂસણખોરો તો આખા દેશમાં છે તો આખા દેશમાં વોટર વેરિફિકેશન કરવાના બદલે વિપક્ષો મજબૂત છે એવાં રાજ્યમાં જ કેમ થઈ રહ્યું છે એ સમજવું અઘરું નથી.

એક સમયે ચૂંટણી પંચ કેન્દ્ર સરકારમાં બેઠેલા લોકોની કઠપૂતળીથી વધારે કંઈ નહોતું, પરંતુ ટી.એન. શેષાને તે ઈમેજ બદલી પણ છેલ્લાં કેટલાંક વરસોમાં ચૂંટણી પંચનું વર્તન જોતાં લાગે છે કે, પંચ પોતાનું ગૌરવ ભૂલીને સરકારનું તાબેદાર થઈ ગયું છે.

થોડાં વર્ષ પહેલાં આપણી સર્વોચ્ચ અદાલતે દેશની ગુપ્તચર એજન્સી CBI ને ‘સરકારી પોપટ’ ની ઉપમા આપી હતી અને હવે એ જ હરોળમાં ચૂંટણી પંચ પણ ગોઠવાઈ ગયું છે..! ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com


# આકારમાં નાનું અને સ્વાદિષ્ટ

## જાણી લો કે કેવી રીતે તાપાસ વૈશ્વિક ભોજન સંસ્કૃતિમાં લોકપ્રિય બન્યું છે









હું જાણું છું, હું જાણું છું, ગયા સપ્તાહમાં અમે સ્પેનમાં હતા. મારી વાત ધ્યાનથી સાંભળો, કારણ કે આ માડ્રિડ, બાર્સેલોના અને ઈબિઝામાં મારા પ્રવાસની પુનરાવૃત્તિ નથી. તેને બદલે આજનો લેખ તેનાથી પણ વધુ સ્વાદિષ્ટ વિશે છે, જે સ્પેન માટે અજોડ હોવા સાથે ઘણી બધી રીતે તેની વ્યાખ્યા કરે છે. તે આકારમાં નાનું છે, પરંતુ અર્થમાં મોટું છે. અને તેનું નામ પણ સ્થાનિકોની જેમ આપણે તેને અનુભવ્યું ભલે નહીં હોય છતાં આપણે મોટા ભાગના લોકો જાણીએ તે જ છે: તાપાસ.

તો મારી સાથે જોડાઈ રહેજો, કારણ કે થોડી વાર માટે આપણે સ્પેનને પાછળ છોડી રહ્યા છીએ અને આ સ્વાદિષ્ટ પરંપરાની આખી દુનિયા પોતપોતાની આવૃત્તિ ધરાવે છે તે વિશે જાણીશું. તો આગળ વધીએ?

**ઉદ્દભવ:**

ઘણી બધી ઉત્તમ પરંપરાઓની જેમ તાપાસનો ઉદ્દભવ જરૂરત, ક્રિયાત્મકતા અને સહેજ શાહી વાર્તાકથનનું સંમિશ્રણ છે.

એક અત્યંત પ્રચલિત લોકવાયકા આપણને 13મી સદીના સ્પેનમાં લઈ જાય છે, જ્યારે રાજા આલ્ફોન્સો દસમા, જેઓ "આલ્ફોન્સો ધ વાઈઝ" તરીકે ઓળખાતા હતા તેઓ બીમાર પડ્યા અને તેમને સાજા થવા માટે દિવસમાં વાઈન સાથે નાના હિસ્સામાં ખાવાનું જણાવવામાં આવ્યું.તેઓ સાજા થયા પછી તેમણે ફતવો જારી કર્યો કે તેમના રાજમાં કોઈ પણ શરાબખાનામાં ખાવા માટે નાના બાઈટ સાથે જ વાઈન પીરસી શકાશે. ખરેખર આ પગલું બહુ સારું હતું. શરાબની લત ધરાવનારને ખાલી પેટે ચિક્કાર શરાબ પીવાથી રોકવા અને બહેતર મહેમાનગતીતેની પાછળનો મૂળ ઉદ્દેશ હતો.

આ સાથે રાજા આલ્ફોન્સો તેરમા (જૂજ સદીઓ પછી)ની પણ તેટલી જ પ્રસિદ્ધ વાર્તા છે, જેઓ એંડેલુશિયામાં એક શરાબખાનામાં ગયા.આ દક્ષિણીય સ્પેનનો ગરમ પ્રદેશ તેના ફ્લેમેન્કો, મૂરિશ આર્કિટેક્ચર અને ઉષ્માભરી મહેમાનગતી માટે પ્રસિદ્ધ છે. રાજાએ એક ગ્લાસ વાઈનનો ઓર્ડર આપ્યો. વાઈન લઈને આવનારે ધૂળવાળી હવા (અને ભમતી માખીઓ)થી પીણાને બચાવવા માટે તેને હેમની સ્લાઈસ સાથે ઢાંકી દીધું.રાજા અચંબામાં મુકાયા અને ખુશી પણ થઈ. તેમણે વાઈન અને હેમ બંને પૂરા કર્યા અને વધુ એક "તાપા" માટે પૂછ્યું (જેનો સ્પેનિશમાંરીતસર અર્થ "ઢાંકવું" એવો થાય છે). આ પરંપરા પછી અમલમાં રહી.

જોકે આ ફક્ત રાજા પૂરતું સીમિત રહ્યું નહીં. જૂના સ્પેનિશ શરાબખાનામાં પછી ગ્રાહકોને પીતા રહેવા માટે પ્રોત્સાહન આપવા પીણાં સાથે ઓલિવ, ચીઝ અથવા એન્કોવીઝ જેવા સોલ્ટી સ્નેક્સ પણ પીરસવાનું શરૂ થયું. સમયાંતરે આ નાસ્તા વધવા લાગ્યા અને વધુ સ્વાદિષ્ટ બન્યા. બારના કાઉન્ટરથી ઘરના રસોડા સુધી તપા ક્રિયાત્મકતા માટે કેન્વાસમાં ઉત્ક્રાંતિ પામ્યા.

અહીં થોડું અટકાવું છું, જો તમે આ પ્રદેશો શું છે એવું વિચારમાં પડી ગયા હોય તો જાણી લો: એન્ડેલુશિયા સ્પેનનો દક્ષિણીય ભાગ છે, જે મૂરિશ શાસનથી ઐતિહાસિક રીતે પ્રભાવિત છે. સેવિલ, ગ્રેનેડા અને કોર્ડોબા જેવાં શહેરો વિશે વિચારો, જ્યાં બાર્સેલોના સ્થિત છે. તે ઈશાનમાં છે અને પોતાની ભાષા (કેટેલન), ગૌરવશાળી ઓળખ અને અજોડ ખાદ્ય પરંપરા ધરાવે છે. ફ્રેન્ચ સીમા પર ઉત્તર બાજુ બાસ્ક દેશ બોલ્ડ ક્યુઝીન અને બાઈટ-આકારના પિંચોસ (સ્ક્યુવર્સ અથવા બ્રેડના નાના ટુકડા તરીકે પીરસવામાં આવે છે) નામે તાપાસ માટે પ્રસિદ્ધ છે.

સ્પેનના આ ભાગોમાં તાપાસ ફક્ત કશું ખાવા માટેની જગ્યા નથી, પરંતુ તમે કશુંક કરો તે માટેની જગ્યા છે. અને ત્યાં જ તાપાસનું હાર્દ છે.

**સામાજિક બાજુ:**

સ્પેનમાં તાપાસ સંસ્કૃતિ એટલે તમે કઈ રીતે ખાઓ છો, તમે ક્યારે ખાઓ છો અને સૌથી મહત્ત્વપૂર્ણ તમે કોની સાથે ખાઓ છો તે છે.અને આ તાપાસ જેટલું બાહેતર કોઈ પરંપરા મઢી નહીં શકે.

હવે સમય વિશે જાણીએ. સ્પેનિશ દિવસ આપણે ઘણા બધા લોકો ટેવાયા છે તેના કરતાં સાવ અલગ રીતે માળખાબદ્ધ કરાયા છે.અહીં બપોરનું ભોજન મોટે ભાગે 2.00 અથવા 3.00 વાગ્યે શરૂ થાય છે અને રાત્રિનું ભોજન? લાક્ષણિક રીતે તે રાત્રે 9.00અથવા તે પછી પણ શરૂ થાય છે. તો તેની વચ્ચેનું શું? તાપાસ તે વચ્ચેના ભાગની જરૂર પૂરી કરે છે.

તાપાસ સાંજે 6.00 અથવા 7.00 વાગ્યે બહાર જવાનું, મિત્રો અથવા પરિવાર સાથે ભેગા થવાનું અને ધીમેથી સંધ્યા શરૂ કરવાનું ઉત્તમબહાનું આપે છે. તમે એક બારમાં વર્માઉથનો ગ્લાસ અને પટાટાસબ્રાવાસની પ્લેટ સાથે શરૂઆત કરી શકો છો, જે પછી અન્ય જગ્યાએ જઈનેઅમુક ગંબાસ અલ અજિલો (ગાર્લિક ઝિંગા) માણી શકો, જે પછી વાઈનનો વધુ એક ગ્લાસ અને જમોનિબેરિકો હેમની પ્લેટ માણી શકો છો.કોઈ ઉતાવળ નહીં, કોઈ ફોર્માલિટી નહીં.

આ કૃતિ ટેપિયો છે (એક બારથી અન્યમાં જઈને નાના બાઈટ્સ માણવાની), જે સ્પેનિશમાં સમય વિતાવવાનું વહાલું બહાનું છે.બારમાં મિત્રોના સમૂહો ખભેખભા મિલાવીને ઊભા રહ્યા હોય, સાંજે આરામ કરવા માટે જવા પૂર્વે જૂજ તાપાસ આદાનપ્રદાન કરતા જુઓ,બાળકો સાથે પરિવારો, ડેટ પર યુગલો, કામ પૂરું કર્યા પછી હવાફેર કરતા સાથીઓને જુઓ તે સામાન્ય છે. આ ક્રોસ- જનરેશનલ પ્રથા છે.

પાર્શ્વભૂ પણ આ ઈનફોર્માલિટી પ્રદર્શિત કરે છે. ઘણા બધા તાપાસ બાર વધુ બેઠક વ્યવસ્થા ધરાવતા નથી. તમે બારમાં સ્ટૂલ પર બેસીને અથવા ઊંચા ટેબલ ખાતે ઊભા રહીને ઓર્ડર આપો છો. મૂડ હલકો હોય છે, ઊર્જા ઉષ્માભરી હોય છે અને હંમેશાં ભાર એકત્રતા પર અપાય છે.

**શું ઓર્ડર આપવો જોઈએ?:**

તાપાસની એક સૌથી મજેદાર બાબત વરાઈટી છે. તો આપણે પટાટાસબ્રાવાસ સાથે શરૂઆત કરીએ, જે એક સૌથી પ્રતીકાત્મકઅને વહાલી તાપાસ ડિશ છે. તેના હાર્દમાં તે સિંપલ છે: મસાલેદાર ટમેટો સોસ અથવા ગાર્લિકી આયોલી સાથે ટોપ્ડ ક્રિસ્પી ફ્રાઈડ બટેટા.જોકે ટ્વિસ્ટ શું છે? માડ્રિડમાં તાપાસ બારમાં જતાં તમને એક વર્ઝન મળે છે, વેલેન્સિયા અથવા બાર્સેલોનામાં સોસઅને મસાલા સહેજ અલગ હોય છે. દરેક શહેર તેનો સિગ્નેચર સ્પર્શ ઉમેરે છે.

ખાસ કરીને બાસ્ક દેશમાં સ્પેનની ઉત્તરે તાપાસ પિંટસોસ (અથવા પિંચોસ) નામે ઓળખાય છે. આ લાક્ષણિક રીતે નાના બાઈટ્સ બ્રેડની સ્લાઈસ સાથે પીરસવામાં આવે છે, જે ટૂથપિક સાથે એકત્ર જોડેલા હોય છે. સાન સેબાસ્ટિયન જેવાં શહેરોમાં પિંચોસ સંસ્કૃતિ રીતસર ધર્મ છે. સ્થાનિકો એકથી અન્ય બારમાં જાય છે, કાઉન્ટર પર મુકાયેલી વાનગીઓ તરફ ઈશારો કરે છે, જેમાં પિકલ્ડ પેપર્સ સાથે એન્કોવીઝ, બાલ્સામિક સાથે શ્રિંપ ડ્રિઝલ્ડ, સ્વિડ ઈંક સાથે ક્રોકેટ્સનો સમાવેશ હોય છે. ટૂથપિક્સ એ ફક્ત ફંક્શનલ નથી, પરંતુ તમારા ભોજનના અંતે સ્ટિક્સની ગણતરી કરીનેતેની પર પણ શુલ્ક લાગુ કરાય છે.

દક્ષિણમાં એન્ડેલુશિયા પ્રદેશ છે, જ્યાં તાપાસે સૌપ્રથમ આકાર લીધો હતો. અહીં, ગ્રેનેડા અને સેવિલ જેવાં સ્થળે ડ્રિંક સાથે નાની ડિશ ગ્રેટિસ પીરસવાની પરંપરા આજે પણ જીવંત છે. આ ડિશ બહુ જ સ્વાદિષ્ટ હોય છે. રેડ વાઈનમાં કોરિઝો, મધ સાથે તળેલા એગપ્લાન્ટ અને ધીમેથી પકવવામાં આવેલા માંસ વિશે વિચારો, તે દક્ષિણીય સ્પેનની ઉષ્મા પ્રદર્શિત કરે છે.

તો તમારી આગામી તાપાસની સફરમાં તમારે ચોક્કસ શું અજમાવવું જોઈએ? અહીં મેં ટૂંકી યાદી આપી છે: ટોર્ટિલા એસ્પાનોલા: બટેટા સાથે ઘટ્ટ,તૃપ્ત કરનાર સ્પેનિશ આમલેટ. ગંબાસ અલ અજિલો: ગાર્લિક યુક્ત ઓલિવ ઓઈલમાં સિઝલિંગ ઝિંગા. પિમિયેન્તોસ દ પેડ્રોન: નાના ગ્રીન પેપર્સ, માઈલ્ડ અને સ્મોકી, પરંતુ દરેક વાર તે પંચ આપે છે! જેમોનિબેરિકો: ક્યોર્ડ આઈબેરિયન હેમ, જે પાતળી સ્લાઈસ કરેલી અને ધીમેથી સેવર્ડ સાથે માણવાની મજા આવે છે. બોક્વેરોનેસેન વિનેગર: વિનેગરમાં મેરિનેટ કરેલું એન્કોવીઝ, જે આશ્ચર્યજનક રીતે ફ્રેશ બાઈટ બની જાય છે.

**તાપાસના ગ્લોબલ કઝિન્સ:**

સ્પેનમાં મેં તાપાસ સંસ્કૃતિ વિશે જાણ્યું ત્યારે દુનિયાભરની અન્ય પરંપરાઓ સાથે સરખામણી કરવાથી પણ પોતાને રોકી નહીં શક્યો. ઘણી બધી સંસ્કૃતિઓ "નાની પ્લેટ"ની પોતાની આવૃત્તિ ધરાવે છે તે ખરેખર અચંબામાં મૂકે છે.

ચીનમાં ડિમ સમ છે. બાંબૂ સ્ટીમર્સમાં પીરસવામાં આવતું આ ડમ્પલિંગ્સ, બન્સ અને રોલ્સનું ક્યુલિનરી સિમ્ફોની છે,જેની દરેક બાઈટ અલગ અલગ ફ્લેવર, ટેક્સ્ચર અને અમુક વાર આશ્ચર્ય પણ આપે છે.

જાપાનમાં ઈઝાકાયા એક્સપીરિયન્સ છે. આ ઈન્ફોર્મલ પબ્સમાં સ્ક્યુઅર્ડ મીટ્સ (યાકિતોરી), એડેમેમ, ફ્રાઈડ તોફુ અને સાશિમી સાથેબિયર અથવા સેક ઓર્ડર કરો છો.

મધ્ય પૂર્વ અને મેડિટરેનિયનમાં તમને મેઝી મળશે, જે ડિપ્સ, સલાડ, ચીઝ, ઓલિવ અને ગ્રિલ્ડ માંસનું કલેક્શન છે. લેબેનોનમાં હમસઅને બાબા ઘનુષ હોય, ગ્રીસમાં ઝાટઝિકી અને ડોલ્માસ હોય કે ટર્કીમાં લેબનેહ અને મુહમારા હોય, મેઝી એટલે લોકોનું એકત્ર આવવું,વાનગીઓને ધીમે ધીમે આવવી દેવી અને વાતો વચ્ચે ધીમે ધીમે દરેક બાઈટનો આનંદ લેવો.

ઈટાલીમાં અપેરિતિવો અવરની બાબતમાં પણ એવું જ છે. સૂર્યાસ્ત થાય તેમ મિત્રો વાઈન અને ચીઝ, ઓલિવ, બ્રુસેટા,ક્યોર્ડ મીટ્સની નાની પ્લેટ્સ માટે ભેગા થાય છે, જે તમારું પેટ ભરવા સાથે લાંબા સમય સુધી તમને સમય પસાર કરવાનું બહાનું આપે છે.

આપણે ત્યાં ભારતમાં પણ તેની આવૃત્તિ આપણે ધરાવીએ છીએ. સ્ટ્રીટ ચાટ અથવા થાળી પર સ્ટાર્ટર્સની વરાઈટી અથવા પારિવારિક મેળાવડામાં પકોડા, વડાં અને ચટણીના સંમિશ્રણ થકી આપણે કઈ રીતે મજા માણીએ છીએ તે વિશે વિચારો.

વિવિધ ખંડો અને વાનગીઓમાં વિચાર સમાન છે: ખાવાનું લોકોને જોડે છે, નાની પ્લેટ મોટા અવસર હોય છે.

એક રીતે નાની પ્લેટના પુનરાગમનમાં વધારો કાંઈક અત્યંત માનવીય છે. એકત્ર આવવું, આદાનપ્રદાન કરવું, ઉજવણી કરવી અને એક સમયે એક બાઈટ ખરેખર લાજવાબ છે. તો ફરી મળીશું, ત્યાં સુધી ખોજ કરતા રહો, આદાનપ્રદાન કરતા રહો અને હંમેશાં જીવનની ઉજવણી કરતા રહો.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.



આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# સાવ ખાનગી વાત (૫)

અનાદિકાળથી શરૂ કરીએ તો પાંડવો પણ પાંચ, તત્ત્વ પણ પાંચ, ઈન્દ્રિયો પણ પાંચ, આયુર્વેદ શુદ્ધીકરણના કર્મ પણ પાંચ અને આપણી વડીલાંજલિ શ્રેણીના હપ્તા પણ પાંચ... એટલે કે આજે પાંચમો અને છેલ્લો એપીસોડ... હૃદયને પાંદડાના આકારમાં કલ્પાયું હોય તો અત્યારે મારા હૃદયના ડાબે તમે બધા બેઠા છો તમારી આતુર આંખો સાથે અને જમણે બેઠાં છે આ બધા વડીલ શાયરો-ગાલિબ મેઘાણીથી લઈ કૈલાસ-આદિલ સુધી . કવચિત્ શાયરો તમારી દાદ સાંભળવા ડાબે આવે છે અને કવચિત્ તમે, કેટલાક શાયરોને ઝોકેથી જગાડી વાહવાહનો પલીતો ચાંપવા જમણે જતા રહો છો. મારે તો સાહેબો! બન્ને તરફ બખ્ખમબખ્ખા છેઃ જો કે સમતુલન જાળવવું દુષ્કર થઈ ગયું છે, પણ આ હાલનડોલનની જ તો મજા છે.

* * *

*નથી તારામાં કોઈ વિધિ મદિરા*
*ગમે ત્યાં ગમે ત્યારે પીધી મદિરા*

*૧૯.૧૦.૧૯૮૩ના દિવસે અવસાન પામ્યા એ અબ્બાસ વાસી 'મરીઝ'ને અર્પણ*

*ગઝલ નામની એક પરી છે મદિરા*
*'મરીઝ' સર્જી જેણે ધરી છે મદિરા*

*ન દો દોષ પીઠાની ધાંધલનો એને*
*છે ખોટા શરાબી, ખરી છે મદિરા*

*પ્રતિબંધ મૂકે છે પીવા ઉપર તું?!*
*તો આંખોમાં શાને ભરી છે મદિરા ?!*

*થયા રોજ અલ્લા 'ને હું સામસામે*
*કયામતમાં કેવળ તરી છે મદિરા*

*છે ઓગણીસ દસ ઓગણીસસો 'ને ત્યાંશી*
*જરા વાર આજે મરી છે મદિરા*

* * *

'મરીઝ' એટલે મદિરા-મોહનું મૂર્તિમંત સ્વરૂપ... કેટલાક મુશાયરામાં 'મરીઝ'ને મક્ત્આની પહેલી પંક્તિ પર મળેલી દાદથી અતિપ્રસન્ન થઈને બીજી પંક્તિ બીજા કોઈ મક્ત્આની બોલતા મહેસૂસ કર્યા છે, કારણ કે પોડિયમ પર નિર્બળ આંગળીઓ ભાવાવેશમાં પટકી હોય એટલે પાનું બદલાઈ ગયું હોય!!!

તો 'મરીઝ'ની અતિસંપન્ન ગઝલ મારી પોતાની ૫૦ વર્ષની સ્ટેજ કારકિર્દી દરમ્યાન અનેકાનેક વાર



રજૂ કરીને દર વખતે સરેરાશ ૫૦૦ ટન દાદ, ૩૫૦ ટન વાહ વાહ અને મપાય કે જોખાય નહીં એટલા ટન મૂક આદર મેળવ્યો છે.

*જીવન કે મરણ હો એ બન્ને સ્થિતિમાં, મરીઝ એક લાચારી કાયમ રહી છે...*

*જનાજો જશે તો જશે કાંધે કાંધે, જીવન પણ ગયું છે સહારે સહારે.*

*'મરીઝ'ને અર્પણ*

*અહીં ઘૂંટડાની જ તસ્બી જપાતી, નમાઝો અને પ્રાર્થના ટાંગી દ્વારે*

*દુકાનો ભૂલી જાય, જોડી સ્વયમ્‌ને પરમથી, નશીલી ક્ષણોને પ્રસારે*

*શિશુવયમાં જે એક મૂર્તિ ઘડી'તી, યુવાનીમાં જાણ્યું એ અદ્દલ તમે છો!*

*તમે આ ભવે તો અમારા થયા નહીં, ફરી જન્મ લેવાનું બનશે અમારે*

*ગણિતો ઠર્યા સાવ ખોટાં સદંતર, કદી એષણાઓ ન ખૂટી ખરેખર*

*બહુ તેં તો આપ્યા કર્યું જિંદગીભર, હંમેશાંનું માગ્યા કર્યું મેં વધારે*

*ક્ષિતિજેથી સોનેરી કેડી બિછાવીને દરિયા ઉપર, સૂર્ય જ્યાં સ્હેજ અટક્યો;*

*ભરી ડગ અને હું તો પહોંચી ગયો છું, બધા દેખનારા ઊભા છે કિનારે*

*હવા ના પ્રવેશી શકે એક ચપટીય, ચોમેરથી બંધ છે સૌ દીવાલો*

*મરણ પામવું છે જરૂરી, પરંતુ વગર શ્વાસે જીવી શકે એ પધારે*

* * *

ચાર્લી ચેપ્લીનને સાડા ત્રણ વરસની ઉંમરે સ્ટેજ ઉપર એની પોતાની ખાંસીથી પીડાઈને અંદર જતી રહેલી માની મિમિક્રી કરવા બદલ પ્રેક્ષકો તરફથી ૧૮૯૫ની આસપાસ થિયેટરમાં ૧ ડૉલર અને ૬૮ સેન્ટ મળે છે, એ રાતે ચાર્લી ચેપ્લીન લખે છે: 'મેં એક આખા ડૉલરનો ચહેરો જિંદગીમાં પહેલી વાર જોયો. ક્યારેક વિષમતાના ભગવાનો પોતાની રમતથી થાકી જાય છે અને સહેજ દયા દેખાડી દે છે.' ચાર્લીચેપ્લીનથી વધુ કોઈ યોગ્ય હોય આ ભવ્ય મિનીસિરિયલના અંત માટે તો મને બતાવશો મારા મિત્ર!

*ચાર્લી ચેપ્લીનને અર્પણ*

*બસ હવે મરવા વગર બીજો કોઈ રસ્તો નથી*
*પ્રાણ છે આદી તમારો, કૈં બીજું શ્વસતો નથી*

*સૌથી સારો દોસ્ત દુનિયામાં છે મારો, આયનો*
*એની સામે હું રડું છું ત્યારે એ હસતો નથી*

*સૌમ્યતા? પુખ્તાઈ? ભલમનસાઈ? કે નિર્વિર્યતા ?*
*હું હવે સામા વહેણે ક્યાંય ધસમસતો નથી*

*હોય તું મોજૂદ અહીં અસ્તિત્વના હર અંશમાં*
*જૂજ લોકોના હૃદયમાં કેમ તું વસતો નથી ?*

*ખૂબ મોંઘા મૂલ ચુકવતો રહું છું આંસુના*
*હું ખરીદું યાદ ત્યારે ભાવને કસતો નથી.*

*આજે આટલુંજ...* ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

'હું ઘરે આવું છું.' નિર્મલે ન્યુ જર્સીથી પવિત્રાના મોબાઇલ પર ફોન કરીને કહ્યું. સાંભળીને પવિત્રાના ચહેરા પર અનેરી ચમક આવી ગઇ, એનું મન આનંદથી ઉછળી ઊઠ્યું, મોબાઇલ પર હાથ દાબીને મોટેથી બોલીઃ 'નિર્મલ આવે છે. મમ્મીજી, પપ્પાજી, કિની'.

નિર્મલના પિતા દર્શનભાઈ ઉતાવળી ચાલે નિર્મલની મમ્મી અર્ચનાબેનને ખુશીના સમાચાર આપવા અંદરની રૂમમાં દોડી ગયા. અર્ચનાબેનનું ધ્યાન પૂજામાં હતું. 'સાંભળ, નિર્મલ આવે છે. એનો ફોન છે.'

આઠેક વર્ષની કિની બોલી ઊઠીઃ 'ડેડી આવે છે વાઉ, મમ્મી મને ફોન આપજે.....મારે વાત કરવી છે.' અર્ચનાબેને થોડી ક્ષણો પછી નિર્મલના પપ્પાની સામે જોયું પછી ઘરમાં જ નાનકડાં મંદિરમાં બિરાજેલા શ્રીજીની મૂર્તિ સામે જોઇને બોલ્યાંઃ 'શ્રીજીની કૃપા.' એટલું બોલીને ઊભા થયાં ને હાથમાં ધૂપદાની લઇને ઘરના બધા ખુણે ફરવા લાગ્યાં. એમની પાછળ પાછળ દર્શનભાઇ ચાલવા લાગ્યા. બન્ને બહારની રૂમમાં આવ્યાં ત્યારે હજી પવિત્રાની વાત ચાલુ જ હતી.

બન્નેને જોઇને પવિત્રા કહેવા લાગીઃ 'નિર્મલની ટિકિટ કન્ફર્મ થઇ ગઇ છે. પ્લેનમાં બેસતા પહેલાં ફોન કરશે.'

'મમ્મી, મારે વાત કરવી છે ડેડી સાથે..' કિનીએ મોબાઇલ રીતસર આંચકી લીધો.

'ડેડી, અમેરિકાથી મારે માટે શું ગિફ્ટ લાવશો?' કિનીએ એના સ્વાર્થની વાત કરી.

'સ.ર....પ્રા...ઇ..ઝ...' નિર્મલે હંમેશાની જેમ ગિફ્ટની વાત સસ્પેન્સ રાખી. એ કાયમ આ રીતે જ કિનીને કહેતો અને છેલ્લે સુધી ગિફ્ટ શું છે એનું રહસ્ય જાળવી રાખતો.

'ઓહ નો ડેડી, નો મોર સરપ્રાઇઝ, હમણાં જ કહી દોને પ્લી....ઝ.' કિનીએ પણ હંમેશાની જેમ વહાલભરી જીદ બતાવી. નિર્મલ પહેલીવાર વિદેશ ગયો હતો એટલે આ વખતે કિનીને ડેડી પાસેથી કોઇ મોટી ગિફ્ટની આશા હતી. બાપ-દીકરીની વાત ચાલુ હતી એ દરમિયાન પવિત્રાએ કહ્યુંઃ 'નિર્મલે તમને લોકોને બિલકુલ ચિંતા નહીં કરવાનું કહ્યું છે.' નિર્મલના મમ્મીએ એક ખુણામાં ધૂપદાની મૂકી અને આખાય ઘરમાં નિર્મલના આવવાના સમાચારની સુગંધ પ્રસરી ગઇ.

'મમ્મી, આપણે ડેડીને લેવા માટે એરપોર્ટ જઇશું...' કિનીની વાતથી આખા ઘરમાં સન્નાટો છવાઇ ગયો. બધા એકબીજાની સામે જોવા માંડ્યા. પોતે બોલવામાં કંઇક ગરબડ કરી હોવાનું લાગતા કિની દાદા પાસે દોડી ગઇ.

'કીનુ બેટા, લોકડાઉન છેને...! આપણે ડેડીને લેવા કેમ જઇ શકીએ? તું પણ ડેડીને સરપ્રાઇઝ આપજે...શું સરપ્રાઇઝ આપવી એ નક્કી કરી રાખ.'

દાદી કિનીનું ધ્યાન બીજે દોરવાના પ્રયાસમાં બોલ્યાં. કિની અંદરના રૂમમાં જતી રહી...એને મનાવવા દાદી પણ એની પાછળ પાછળ ગયાં.

'હશે, થોડી જીદ કરશે, હજી નાની છે.' પવિત્રા બોલી.

'લોકડાઉન શું છે એ સમજે છે....નીચે રમવા જવાની જીદ ક્યાં કરે છે?' દાદાજી પૌત્રીની સમજદારી પર પોરસાઇને બોલ્યા.

'એટલું સારું છે કે નિર્મલની માને અમેરિકામાં કોરોનાની હાલત વિશે ખબર નથી.' દર્શનભાઇએ પવિત્રાને આજુબાજુ કોઇ નથી એની ખાતરી કરતાં કહ્યું.

નિર્મલની મમ્મીનું હૃદય નબળું, આ બધું સહન કરવાની સ્થિતિમાં નહીં. એટલે સસરા અને વહુએ અમેરિકામાં અને ખાસ કરીને નિર્મલ જ્યાં રહે એ ન્યુ જર્સીમાં કોરોનાના વધી ગયેલા આંકડાની વાત એમનાથી છુપાવીને રાખી હતી. દર્શનભાઇ ટીવીના સમાચાર પણ એમના દેખતા ન જુએ. લોકડાઉનમાં છાપાં ઘરે આવતા બંધ થઇ ગયેલા એ મોટી રાહત હતી, પણ અર્ચનાબેને બહાર આવતા જ બોમ્બ ફેંક્યો.

'મારો દીકરો મોતના મુખમાંથી પાછો આવી રહ્યો છે.' એમના શબ્દોથી સસરા અને વહુની વિસ્ફારિત આંખો એકબીજાની સામે તાકી રહી.

'હા, મોતના મુખમાંથી. તેં કે તારા પપ્પાએ ભલે મને અમેરિકાની કે દુનિયાના દેશોમાં વધી રહેલા કોરોનાના કેસની વાત ન કરી, પણ મને બધી ખબર છે.' પછી અર્ચનાબેન બુલેટીન વાંચતા હોય એમ બોલવા માંડ્યા. 'ચીને સળગાવેલી હોળીની લપેટમાં ફ્રાન્સ, રશિયા, જર્મની, ઇટલી સહિતના કેટલા ય દેશો આવી ગયા એ બધું હું જાણું છું. ન્યુ જર્સીમાં કેટલા કેસ વધે છે અને કેટલા મરે છે એની પણ મને ખબર છે હોં.'

સસરા અને વહુ વિચારમાં પડી ગયાંઃ 'આને આટલી બધી ખબર ક્યાંથી પડી.? ઘરમાં કોઇ આ વિશે વાત કરતું નથી, એની સામે ટીવી જોતા નથી, અખબારો આવતાં નથી. લોકડાઉન છે એની ખબર હોય, મુંબઇ અને મહારાષ્ટ્રના આંકડાની ખબર હોય એ ય સમજી શકાય, પણ અમેરિકા અને દુનિયાભરની એને જાણ છે!' સસરા-વહુ, બન્ને આશ્ચર્યચકિત થઇ ગયાં.

> 'અજંપો ઓઢીને બેઠેલા એરપોર્ટ પર સ્મશાનવત્ શાંતિ પથરાયેલી હતી. લોકો પેસેન્જરો નહીં, ડાઘુઓ લાગતા હતા.'

મમ્મીએ એના હાથમાંનો મોબાઇલ રમાડતા કહ્યુંઃ 'આ રમકડું છે ને મારી મુઠ્ઠીમાં. નહીં સમજાયું? મારી ફ્રેન્ડ સરલા અમેરિકામાં રહે છે....કેમ ભૂલી ગયાં? એ મને ત્યાંની રજેરજની માહિતી મોકલે ને હું એને અહીંની. ટીવી કરતાં ય સચોટ ઠળક બાતમ્યા.' પછી પોતે જ ખડખડાટ હસવા લાગ્યાં. સસરા અને વહુ એમને હસતા જોઇને ખડખડાટ હસી પડ્યાં, પણ એમના કાચાપોચા હૃદયની ચિંતા સાથે. બધાને હસતા જોઇને બહાર આવેલી કિની પણ હસવા માંડી. આખું ઘર હાસ્યથી છલકાઇ ગયું......કોરોનાનું દર્દ વિસરાઇ ગયું....નિર્મલના આવવાની ખુશીથી આખું ઘર હરખાઇ ગયું.

**************

નિર્મલ સમય કરતા વહેલો એરપોર્ટ પર પહોંચી ગયો હતો. એને સામાનની કોઇ ચિંતા ન હતી, કેમ કે તેણે પોતાની સાથે માત્ર લેપટોપ બેગ અને પ્લેનમાં ઉપરના ભાગમાં રહી જાય એવડી બેગ લીધી હતી. સિક્યોરિટી, કસ્ટમ્સ, બોર્ડિંગ પાસ જેવી બધી વિધિ પતાવીને એ પ્લેનમાં બેસવાની રાહ જોતો લોન્જમાં બેઠો હતો.

માણસ એકલો હોય ત્યારે એ મોટાભાગે પોતાની સાથે હોય છે, પણ અત્યારે નિર્મલ તેના માતા-પિતા, કિનુ અને પત્ની પવિત્રા સાથે હતો. એને સૌથી વધુ યાદ પવિત્રાની આવી રહી હતી. ચૌદ મહિનાથી વધુ સમયના વિયોગને પૂરો થવાનો યોગ બની ગયો હતો. એની કંપનીએ એની સામે અમેરિકા જવાની ઓફર મૂકી કરી ત્યારે એણે ખુશી ખુશી સ્વીકારી તો લીધી, પણ ખરેખર જવાનો સમય આવ્યો ત્યારે બહુ આકરું લાગ્યું હતું. એ વખતે પવિત્રાએ જ કહેલુંઃ 'બે વર્ષને પસાર થતાં વાર નહીં લાગે.' પણ પછી નિર્મલ અમેરિકા ગયો એના થોડા જ દિવસમાં પવિત્રાએ એને ફોન પર કહ્યું હતુંઃ 'નિર્મલ, નથી ગમતું તારા વિના....તારા વિના દિવસો તો શું એક ક્ષણ પસાર નથી થતી.' નિર્મલને બધું યાદ આવી રહ્યું હતું.

'પવિત્રા...કોરોનાએ આપણી ફેવરમાં સંજોગો બદલી નાખ્યા છે, થેન્ક્સ ટુ કોરોના થોડો વહેલો ઘરે પહોંચીશ.' વિચારોમાં ડૂબેલો નિર્મલ મનોમન પવિત્રા સાથે વાત કરી રહ્યો હતો ત્યાં અચાનક મોબાઇલ રણક્યો. મોબાઇલ સ્ક્રીન પર જોયું તો પવિત્રા હતી. નિર્મલનો ચહેરો મલકી ઉઠ્યો.

'સો વર્ષ જીવીશ.'

'કેમ કેમ?' નિર્મલ પોતાને યાદ કરતો હોવાનું સમજી ગઇ હોવા છતાં પવિત્રાએ પૂછ્યું.

'તને મિસ કરું છું.'

દુનિયાની કઇ પત્ની...કઇ પ્રેમિકાને આ વાત સાંભળવી ન ગમે? એમાં ય પવિત્રા સૌ પ્રથમ નિર્મલની પ્રેમિકા હતી, પછી પત્ની બની અને હવે એ નિર્મલની પત્ની અને સખી....બન્ને ભૂમિકા ભજવતી હતી.

'આટલી રાહ જોઇ, થોડી વધુ...' પવિત્રાએ ખૂબ જ ધીમા અવાજે...નિર્મલના કાનમાં કહેતી હોય એમ કહ્યું.

'ક્યાં પહોંચ્યો?' એના અવાજમાં મિલન માટેની અધીરાઇ હતી.

'તારા દિલ સુધી...' નિર્મલ નટખટ બની ગયો.

'તું પણ મારા જેવી ભાષા બોલવા લાગ્યો' પવિત્રા આનો કોઇ રોમેન્ટિક જવાબ આપવા જતી હતી, પણ રૂમમાં કોઇ આવતું હોવાનો અણસાર મળતાં એણે વાતનો ટ્રેક બદલ્યો.

'એરપોર્ટથી તને ઘર સુધી લાવતા રસ્તાઓ જોજે....આટલું સૂમસામ મુંબઈ શહેર, આટલું ભેંકાર નગર, તેં ક્યારેય નહીં જોયું હોય. ચોવીસે કલાક ધમધમતું આપણું મુંબઈ બિહામણું બની ગયું છે. સ્મશાનવત્ શબ્દ બહુ ઝાંખો લાગે એવું વરવું રૂપ ધારણ કરીને બેઠું છે. મોઢા પર માસ્ક પહેરીને ફરતા માણસોની આંખોમાં ભય તગતગે છે, લોકો ફફડે છે. કોઇને સ્પર્શ કરતા ડરે છે.'

નિર્મલ ભૂતિયા બની ગયેલા મુંબઇ શહેરનું વર્ણન સાંભળીને બોલ્યોઃ 'તારે તારા મેગેઝિનમાં આવું બધું લખવું જોઇએ.'

'હા લખીશ, જરૂર લખીશ. પહેલાં તો તું....મેં લખેલી કવિતા વોટ્સ એપ કરું છું એ વાંચ.'

'ઓકે, પણ અમેરિકાથી મુંબઇ સુધી ચાલે એટલી લાંબી મોકલતી નહીં.' નિર્મલ હસી પડ્યો.

---

નિર્મલે પવિત્રાએ મોકલેલી કવિતા વાંચવી શરૂ કરી.

*આ શહેરનો શ્વાસ ફફડે છે..*
*ચહેરે ચહેરે માસ્ક મ્હોરે છે*
*જરૂરી નથી અમંગળ જ થાય*
*જ્યારે પણ તારી આંખ ફરકે છે...*
*અહીં કાફલા જેવું કંઇ નથી 'પવિત્રા'*
*એકલો માણસ ટોળે વળે છે...!*

કવિતા વાંચીને નિર્મલથી વાહ વાહ મોટેથી બોલાઇ ગયું. કોઇએ જોયું તો નથી એની ખાતરી કરવા આસપાસ જોયું. એને પવિત્રાને પહેલીવાર મળેલી એ વાત યાદ આવી ગઇ. પવિત્રા સાથેની પહેલી મુલાકાતને એ કાયમ 'પવિત્ર' મુલાકાત કહેતો. એ કાયમ આ વાક્યથી વાતની શરૂઆત કરતોઃ 'આપણી એ 'પવિત્ર મુલાકાત.' નિર્મલ અને પવિત્રા પહેલીવાર એક કોમન ફ્રેન્ડ સુકેતુના ઘરે પાર્ટીમાં મળ્યાં હતાં. સુકેતુ અને નિર્મલ ગપ્પા મારી રહ્યા હતા ત્યારે પવિત્રાએ પવનવેગે એન્ટ્રી મારેલી.

'હાય સુકુ,' બોલીને એ સુકેતુને ભેટી....

'તું પાર્ટીમાં વહેલી આવીને....આ રીતે કાયમ મોડી આવવાનો તારો રેકોર્ડ ક્યારે તોડીશ?'

'પાર્ટીમાં વીઆઇપી હંમેશાં મોડા જ પહોંચે, તો જ એનું મહત્ત્વ રહે. જો હું મોડી આવી તો બધા મારી જ સામે જુએ છેને!?' નિર્મલ એ વખતે પવિત્રાને જ જોઇ રહ્યો હતો.

'સાચું ને ?' એણે નિર્મલની સામે જોઇને કહ્યું. પકડાઇ ગયો હોવાના ભાવ સાથે નિર્મલ ઝંખવાણો પડી ગયો....શું હું એની સામે જોતો હતો એટલે એણે આવું કહ્યું..? નિર્મલ શું જવાબ આપવો એ વિચારતો હતો ત્યાં સુકેતુએ ઓળખાણ કરાવીઃ 'મારી ફ્રેન્ડ પવિત્રા...મેગેઝિનમાં....'

'લખ લખ કરું છું.....તું જે કહેવા માગે છે હું જ કહી દઉં.' પવિત્રા સિંગલ સોફા પર પલોઠી મારીને બેઠી.

'પત્રકાર, લેખિકા, કવિ....એ બધા શબ્દો મને ભારેભરખમ લાગે...આપણી લેન નહીં એટલે ટૂંકમાં પતાવ્યું.' સુકેતુએ મજાક કરી.

પવિત્રાને નિર્મલની સામે જોતા જોઇને સુકેતુ બોલ્યોઃ 'સોરી, સોરી, ઇન્ટ્રોડ્યુસ કરાવતા ભૂલી ગયો.'

'અને આ નિર્મલ....મારો ફ્રેન્ડ રોબોટિક એન્જિનિયર છે.'

'બહુ અઘરો વિષય છે. આપણી લેન નહીં' પવિત્રા બોલી.

પવિત્રા સાપ્તાહિક મેગેઝિનમાં કામ કરતી હોવાનું જાણીને નિર્મલના મનમાં એના માટે અલગ લાગણી જન્મી. એ અભિભૂત થઇ ગયો. કદાચ કોઇ પત્રકાર કે લેખિકાને એ પહેલીવાર મળતો હતો.

'લખવું બહુ અઘરું છે નહીં...' નિર્મલે કહ્યું.

'દરેકનું ફિલ્ડ અલગ હોય.. હું લખવા-વાંચવાના ફિલ્ડમાં છું, તમે રોબોટિક એન્જિનિયર...કોર્પોરેટ કલ્ચર....'

'તમે લેખકો એહસાસને લખી શકો...અમે કોઇપણ જાતની ફિલિંગ્સ વગરના...સપાટ ચહેરાવાળા રોબોટ બનાવીએ.'

'તમે એહસાસને.....સંવેદનાને ફીલ કરી શકો એ કંઇ કમ નથી.'

તું યંત્રમાનવના એહસાસ અને લેખિકાની સંવેદનશીલતાને મિલાવીને ચિયર્સ કરવામાં માને કે નહીં. નિર્મલે પવિત્રાને સુકેતુના ઘરમાં સજાવેલું દારૂનું નાનકડું બાર બતાવતા પૂછ્યું.

'ના, પહેલાં તો એ વેફર ઝાપટશે, ગરમ કાંદા ભજિયા આરોગશે પછી ગ્લાસ ટકરાવશે.' સુકેતુએ પવિત્રાની સામે ભજિયાની પ્લેટ ધરતા કહ્યું.

પહેલો પરિચય પરિણયમાં ક્યારે ફેરવાઇ ગયો ખબર પણ ન પડી....!

'મુંબઇ જવાના.?' એરપોર્ટ પર કોઇ પેસેન્જરે અચાનક સવાલ પૂછીને નિર્મલનું પહેલી મુલાકાતનું સુંદર સપના જેવું દ્રશ્ય વિખેરી નાખ્યું.

'હા, મુંબઇ જવાનો.' નિર્મલનો જવાબ સાંભળીને પેલો મુસાફર ચાલતો થઇ ગયો. નિર્મલે આસપાસ નજર કરી. માસ્ક પહેરેલા પેસેન્જરો અંતર રાખીને બેઠા હતા. બધા ચૂપ હતા, મોં પરના માસ્કને લીધે નહીં, પણ કોરોનાની ચિંતાને લીધે, ભયને લીધે, ફફડાટને લીધે...ઘરે પહોંચવાની ઉતાવળને લીધે. સામાન્ય સંજોગોમાં એરપોર્ટમાં આમતેમ આંટા મારનારા લોકો પણ બિનજરૂરી હલનચલન ટાળી રહ્યા હતા. અજંપો ઓઢીને બેઠેલા એરપોર્ટ પર સ્મશાનવત્ શાંતિ પથરાયેલી હતી. લોકો પેસેન્જરો નહીં, ડાઘુઓ લાગતા હતા. એમની ઉકળતી અકળામણની વચ્ચે ચેક-ઇનની ઘોષણા થઇ અને અચેતન, યંત્રવત્ માનવ શરીરોમાં સળવળાટ થયો. સલામત અંતર જાળવીને પેસેન્જરો પ્લેન તરફ સરકવા લાગ્યા. નિર્મલ વિન્ડો સીટ પર જઇને બેઠો કે તરત જ એના મોંમાથી હાશકારો નીકળી ગયો. 'ઘર તરફનું પહેલું પગલું. પહેલો પડાવ પાર.' (ક્રમશઃ) ■

******************

ફોકસ

આર.સી.શર્મા
feedback@bombaysamachar.com

# આધ્યાત્મિક વિરાસત એટલે પુરીની જગન્નાથ રથયાત્રા

પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા એકમાત્ર વિશાળ આયોજન નથી, આ ભારતીય આધ્યાત્મિક ચેતના અને સાંસ્કૃતિક વિરાસતનું જીવંત પ્રતીક છે. આને ભગવાન જગન્નાથ અને તેમના મોટા ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની વાર્ષિક યાત્રાના રૂપમાં ઓળખાય છે. ઓડિસાના પુરી શહેરમાં થવાવાળી આ રથયાત્રા આજે પૂરી દુનિયામાં ભારતની આધ્યાત્મિક જાગૃતિનો પર્યાય છે. આ રથ યાત્રામાં ત્રણ દેવતાઓને રથમાં બેસાડીને શ્રીમંદિર એટલે પુરીમાં જગન્નાથ મંદિરથી ગુંડિચા મંદિર ( કે જે તેમની માસીનું ઘર છે) લાવવામાં આવે છે. આ યાત્રા આધ્યાત્મિક રીતે આત્માની ઈશ્વર પ્રત્યેની યાત્રાને દર્શાવે છે. આ વિધિસર યાત્રામાં થોડા ઘણા સાંકેતિક ધાર્મિક અર્થ છુપાયેલા છે. એટલે કે આ યાત્રાનો સંકેત છે કે ઈશ્વર સાક્ષાતકારનું પ્રતીક છે, કારણકે, શ્રીમંદિર એટલે



જગન્નાથ મંદિરમાં બિન હિંદુ લોકોને પ્રવેશની મંજૂરી નથી, તેથી જ ભગવાન જગન્નાથ પોતાના મોટા ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની સાથે મંદિરની બહાર આવી બધાં જ ભક્તોને દર્શન આપે છે. આ ઈશ્વરના લોકમાં નહીં પરંતુ ભક્તોના લોકમાં અવતરવાનું પ્રતીક છે. આ યાત્રા ભક્તિ પર આધારિત છે, જેમાં જાતિ, વર્ગ,લિંગ, ભાષા પર કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી હોતો. સર્વેને ભગવાનની સમીપ જવાનો અવસર મળે છે. ભગવાન જગન્નાથ ધ્યાન અમે ધર્મના પ્રતીક છે, તેમના મોટા ભાઈ બલભદ્ર શક્તિનું પ્રતીક છે અને બહેન સુભદ્રા કરુણાનો પર્યાય છે. આ ત્રણેયની એક સાથે કરેલી યાત્રા જીવનના સંતુલનને દર્શાવે છે.

આ યાત્રા સાથે થોડી પૌરાણિક કથાઓ પણ જોડાયેલી છે. સ્કંદપુરાણ, બ્રહ્મ પુરાણ અને પદ્મપુરાણમાં ભગવાન જગન્નાથ કેવી રીતે પ્રકટ થયા અને તેમની રથયાત્રાનું વર્ણન મળે છે. કથાને અનુસાર ભગવાન જગન્નાથ એટલે કે, કૃષ્ણ જ્યારે પૃથ્વીથી પોતાના ધામ પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમના શરીરના અવશેષો એટલે કે ખાસ કરીને તેમના હાડકા કે જેમને (નીલ માધવ) કહેવાય છે, તેને સમુદ્રમાં પ્રવાહિત કરવામાં આવ્યાં હતાં. આ અવશેષો એક લાકડીના રૂપમાં પાછા આવ્યા અને પુરીના રાજા ઈંદ્રકુંભને સપનામાં આદેશ મળ્યો કે આ લાકડીથી ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની મૂર્તિઓ બનાવવામાં આવે. આ મૂર્તિઓને જ દર વર્ષે રથમાં બેસાડીને યાત્રા કરાવવામાં આવે છે. ગુંડિચા યાત્રા આ વાતનું પ્રતીક છે કે ભગવાન પોતાના જન્મસ્થાન એટલે કે, ગુંડિચા મંદિર જાય છે. આ કૃષ્ણના મથુરાથી દ્વારકા જવાના પ્રસંગથી પણ જોડાયેલું છે.

પુરીની રથ યાત્રા સેંકડો વર્ષોથી થઈ રહી છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ કાર્યક્રમ દુનિયાના સૌથી ભવ્ય ધાર્મિક અને આધ્યાત્મિક આયોજનમાં બદલાઈ ગયો છે અને એમાં મીડિયા તથા ડિજિટલ પ્રસારણનો મહત્ત્વનો હિસ્સો છે. આમ તો ચેનલોની ભરમાર પછી જગન્નાથ રથયાત્રાનું પુરી દુનિયામાં લાઈવ પ્રસારણ બતાવવામાં આવે છે. આના આકર્ષણનું એક મોટું કારણ એ પણ છે કે, આ ધાર્મિક યાત્રા જટિલ ધાર્મિક વિધિઓથી દૂર છે અથવા તો આ યાત્રા માત્ર શ્રધ્ધાથી જોડાયેલી છે. તેથી જ તે યુવાનોને ઓછી આકર્ષિત કરે છે. આ યાત્રાનું યાંત્રિકીકરણ પણ લોકપ્રિયતા વધારે છે કારણકે, દુનિયામાં બીજી કોઈ આવી ધાર્મિક યાત્રા હોતી જ નથી, જેમાં વિકલાંગો, રોગીઓ અને ભિખારીઓ ભાગીદાર હોય છે. બધા જ લોકો મળી ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાનો રથ ખેંચે છે જેથી તેમને પુણ્ય પ્રાપ્ત થાય. આવી સમાવેશિકતા દુનિયાના કોઈ પણ ધાર્મિક, સાંસ્કૃતિક આયોજનમાં જોવા મળતી નથી. જો આ યાત્રા માટે પાછલા બે દસકાથી જબરદસ્ત ક્રેઝ વધ્યો હોય તો આનો શ્રેય ઈંટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોનશિયઝનેસ એટલે કે ઈસકોનનું પણ જબરદસ્ત યોગદાન છે. બ્રિટન, અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા સહિત દુનિયાના સોથી પણ વધુ શહેરોમાં પણ આ રથયાત્રા ફેસ્ટિવલ શરૂ કરવામાં આવ્યો છે. દુનિયામાં દૂર દૂર વસેલા ભારતીયો તો આ રથને ખેંચે જ છે પરંતુ

લાખો વિદેશીઓ પણ આ ઉલ્લાસપૂર્ણ, શક્તિમય ફેસ્ટિવલના આકર્ષણથી બચી નથી શકતાં. રથયાત્રા, યોગ અને આયુર્વેદ આ ત્રણેય વસ્તુઓ ભારતનાં એવાં શસ્ત્રો છે કે જે કોઈપણ હાઈ ટેક્નોલોજીથી ઓછી નથી. એટલે જ પુરીની રથયાત્રા માત્ર ધાર્મિક ગતિવિધિ જ નહી પરંતુ ભારતના સંસ્કૃતિ પ્રભાવની કથા છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# કોચિંગ ક્લાસની સરખામણીએ આજે તેનાથી અડધી સાર્વજનિક લાઈબ્રેરીઓ પણ રહી નથી!

કોઇ પણ સાર્વજનિક મુદ્દાને બહેતર રીતે સમજવા માટે અને તેનું સમાધાન શોધવા માટે તેનો ડેટા- એટલે કે તેની બુનિયાદી માહિતી અને તથ્યાત્મક આંકડા મહત્ત્વના હોય છે. વહીવટમાં સુધાર આ ડેટાના આધારે થાય છે. ડેટા જનહિતના પત્રકારત્વનો જ હિસ્સો છે.' ઇન્ડિયાસ્પેન્ડ' નામનું એક સંગઠન વિવિધ ક્ષેત્રોના ડેટા ઉપલબ્ધ કરાવીને જનહિતમાં જાગૃતિ ફેલાવાનું કામ કરે છે. તે એક મુંબઈથી કામ કરતું ચેરિટેબલ ટ્રસ્ટ છે. તમને કોઈ પણ વિષયની તથ્યાત્મક સમજ મેળવવી હોય તો તેની વેબસાઈટ પર મુલાકાત લેવા જેવી છે.



આ 'ઇન્ડિયાસ્પેન્ડ' તરફથી થોડાં વર્ષ પહેલાં સૂચનાના અધિકાર (આરટીઆઈ) હેઠળ અરજી કરીને સરકાર પાસે એવી માહિતી માગવામાં આવી હતી કે ભારત તેની સાર્વજનિક લાઈબ્રેરીઓ ચલાવવા માટે અને તેમાં સુધાર કરવા માટે કેટલા રૂપિયા ખર્ચે છે. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય અનુસાર દેશમાં આજે ૫૪,૮૫૬ સાર્વજનિક લાઈબ્રેરી છે.

દેખીતી રીતે જ તેને ચલાવવા અને દેખભાળ કરવા માટેનું એક અલાયદું તંત્ર હશે. અને તો તેનું એક આર્થિક માળખું પણ હશે એવું આપણે માની લઈએ એ સહજ છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે 'ઇન્ડિયાસ્પેન્ડ' ને એવો કોઈ સત્તાવાર દસ્તાવેજ ન મળ્યો, જે સાર્વજનિક લાઈબ્રેરીઓ પાછળ પ્રતિ વ્યક્તિ ખર્ચ આપી શકે. તેની આરટીઆઈ અરજીને સાંસ્કૃતિક મંત્રાલય તરફથી અલગ અલગ લાઈબ્રેરીઓ તરફ રવાના કરવામાં આવી- જેમ કે કલકત્તાની નેશનલ લાઈબ્રેરી, દિલ્હી પબ્લિક લાઈબ્રેરી અને કલકત્તાની રાજા રામમોહન રોય લાયબ્રેરી. ત્યાંથી પણ કોઈ માહિતી ન મળી. અમુક લાઈબ્રેરીઓએ તેમના વ્યક્તિગત ખર્ચની વિગતો ઉપલબ્ધ કરાવી, પણ રાષ્ટ્રીય સ્તરે દર વર્ષે લાઈબ્રેરીઓ પાછળ કેટલો ખર્ચ થાય છે એની કોઈ સ્પષ્ટતા નથી. આનો અર્થ એ થયો કે ભારતમાં સાર્વજનિક લાઈબ્રેરીઓને જીવંત રાખવા માટે કોઈ કેન્દ્રીય ચેક્સ એન્ડ બેલેન્સ નથી. સાંસ્કૃતિક મંત્રાલય તેને આર્થિક સહાયતા પૂરી પાડે છે, પરંતુ તે ફંડનો વહીવટ કરતું નથી.

સરકારી ઉપેક્ષા તો છે જ, તેની સાથે ડિજિટલ વાંચનના વધતા ચલણના પગલે ભારતમાં લાઈબ્રેરીઓની સંસ્કૃતિ મરણપથારીએ છે. જે લાઈબ્રેરીઓ પોતાની રીતે શ્વાસ લઇ રહી છે ત્યાં પણ પુસ્તકોની દેખરેખ ઉત્સાહવર્ધક નથી. લાઈબ્રેરીઓની સાફસફાઈ થતી નથી, તેની સાધન-સુવિધાઓ ગરીબ છે, ત્યાં કામ કરતા લોકોના પગાર મામૂલી હોય છે, વાચકો આવતા નથી એટલે તેને સરસ રીતે ચલાવવાનો જુસ્સો નથી.

બીજા શબ્દોમાં કહીએ તો ભારતમાં જાહેર સાર્વજનિક લાઈબ્રેરીઓને એક સૂત્રમાં બાંધી રાખે તેવી કોઈ વહીવટી વ્યવસ્થા નથી. રાજ્ય સરકારો તેમની સ્થાનિક વહીવટી સંસ્થાઓ, જેમ કે શહેર નિગમો અથવા ગ્રામ પરિષદોના કરમાંથી સાર્વજનિક લાઈબ્રેરીઓ ચલાવે છે.

'ઇન્ડિયાસ્પેન્ડ' લખે છે કે ભારતના ૨૯ રાજ્ય અને સાત કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ૧૯ રાજ્યોએ રાજ્ય પુસ્તકાલય કાયદો પસાર કર્યો છે, જેમાંથી માત્ર પાંચ રાજ્યમાં લાઈબ્રેરી સેસ અથવા કર વસૂલવાની જોગવાઈ છે.

આધુનિક ભારતમાં લાઈબ્રેરીઓનો વિકાસ અપેક્ષા મુજબ નથી થઈ રહ્યો. દેશ ગુલામીની જાળમાં ફસાયેલો હતો. આ કારણે, લાઈબ્રેરીઓને વધુ ધ્યાન મળ્યું ન હતું અને લાઈબ્રેરીઓ રાષ્ટ્રીય સ્તરનો દરજ્જો મેળવી ન શકી. ૧૮૮૨માં મુંબઈ રાજ્યમાં, ૧૮૯૦માં કર્ણાટકમાં અને ૧૯૧૦ની આસપાસ વડોદરા રાજ્યમાં લાઈબ્રેરીઓ તરફ ધ્યાન આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે, લાઈબ્રેરીઓના વિકાસ માટે ૧૯૨૪માં બેલગામ, ૧૯૨૭માં મદ્રાસ રાજ્ય અને ૧૯૨૯માં કર્ણાટકના ધારવાડમાં લાઈબ્રેરી સંગઠનોની બેઠકો યોજાઈ હતી. ભારતમાં લાઈબ્રેરી વિજ્ઞાનના પિતા તરીકે ઓળખાતા ડો. એસ. આર. રંગનાથનનાં પ્રયાસોથી ૧૯૩૩માં મદ્રાસ વિધાનસભામાં લાઈબ્રેરી કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન લાઈબ્રેરીઓ વિજ્ઞાન પર વીસ પુસ્તકો પણ પ્રકાશિત થયા હતા.

વડોદરા રાજ્યના ભૂતપૂર્વ શાસક સર સયાજીરાવ ગાયકવાડે એમના રાજ્યમાં વાંચન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ૧૯૧૦માં એક અલગ લાઈબ્રેરી વિભાગની સ્થાપના કરી હતી. તે જ વર્ષે વડોદરામાં ગુજરાતનું સૌથી મોટું કેન્દ્રીય પુસ્તકાલય સ્થાપવામાં આવ્યું હતું. ૧૯૪૭ સુધીમાં વડોદરા રાજ્યમાં આશરે ૨,૩૦૦ લાઈબ્રેરી હતી. ૧૯૧૧માં વડનગરમાં અને પછીનાં વર્ષોમાં અમરેલી, નવસારી, કડી, ઓખા, ડભોઈ, શિનોર, વિસનગર, વરણામા, પલાણા, વસો, ધર્મજ, ઉંઝા, વાઘોડિયા, બિલીમોરા, મહેસાણા, વ્યારા, વિજાપુર, સોજિત્રા, કરનાલી, કરજણ, સંખેડામાં લાઈબ્રેરીઓ બનાવવવામાં આવી હતી.૧૯૨૫માં વડોદરા રાજ્યમાં ૪ પ્રાંતીય લાઈબ્રેરીઓ, ૪૩૩ નગર લાઈબ્રેરીઓ, ૬૧૮ જાહેર લાઈબ્રેરીઓ, ૮૭ વાંચન ખંડો અને ૮૪ મોટી લાઈબ્રેરીઓ હતી.

ભારતમાં સાર્વજનિક લાઈબ્રેરીઓ માટેનો કાનૂન છેક ૧૯૪૮માં બન્યો હતો. તે પહેલાં ગાયકવાડ જેવા રાજા- મહારાજાઓ, અમુક બ્રિટિશ અધિકારીઓ અને ભારતીય વિદ્વાનો વ્યક્તિગત સ્તરે લોકોમાં વાંચનનો પ્રેમ જગાડવા માટે મહેનત કરતા હતા. દેશમાં આઝાદીની ચળવળની લગોલગ અને તે પહેલાં એક સામાજિક ચળવળ શરૂ થઇ હતી. તેનો ઉદ્દેશ્ય ભારતમાં સમાજને અજ્ઞાન અને નિરક્ષરતા દૂર કરવાનો હતો, જેથી બ્રિટિશ રાજ સામે જાગૃતિ આવે. પુસ્તકોના વાંચનને આ દરમિયાન જ ધક્કો વાગ્યો હતો, પરંતુ આઝાદી મળી ગઈ અને દેશને આર્થિક રીતે સદ્ધર બનાવાની પ્રાથમિકતા આવી તેમાં લાઈબ્રેરીઓ તરફથી ધ્યાન ભટકી ગયું.

૨૦૧૧ની થયેલી વસતિ ગણતરી અનુસાર, ભારતમાં શહેરી ક્ષેત્રોમાં માત્ર ૪,૫૮૦ લાઈબ્રેરીઓ છે, જે અંદાજે ૩૭ કરોડ લોકોને પુસ્તકોની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. જો કે એ સર્વેમાં તે લાઈબ્રેરીઓ કેવી સ્થિતિમાં છે અને તે શું સેવા પૂરી પાડે છે તેની વિગતો નહોતી. એક માહિતી અનુસાર, અમેરિકા સાર્વજનિક લાઈબ્રેરીઓ પાછળ પ્રતિ વ્યક્તિ ૩૬ ડૉલર ખર્ચે છે, ભારતમાં માત્ર ૭ પૈસા ખર્ચાય છે.!

આનો બીજો એક ગેરફાયદો એ થયો છે કે વિદ્યાર્થીઓને ભણવા માટે, અભ્યાસ કરવા માટે સ્કૂલ-કોલેજ સિવાય બીજી જગ્યાઓ ઉપલબ્ધ નથી. પશ્ચિમમાં (અને જૂના જમાનામાં ભારતમાં પણ) છોકરાઓ ભણવા માટે લાઈબ્રેરીઓનો ઉપયોગ કરતા હતા. એક તો સમયની અનુકૂળતા હોય, ત્યાં વિશાળ સંદર્ભો ઉપલબ્ધ હોય અને સુવિધાઓ હોય.એ વાંચનાલય સ્ટડી સેન્ટરની ગરજ સારતી હતી, પરંતુ સરકારની ઉપેક્ષાના કારણે એવી જગ્યાઓ હવે સીમિત થઇ ગઈ છે અથવા પ્રતિકૂળ બની ગઈ છે. આજે એક શહેરમાં જેટલા કોચિંગ ક્લાસ છે, તેનાથી પણ અડધી સાર્વજનિક લાઈબ્રેરીઓ હોત તો?! ■

---

ઈકો- સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@
bombaysamachar.com

# ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગનાં જોખમોથી નાના ટ્રેડર્સ દૂર રહે...

## ...એમની સાથે નિયમન તંત્રએ પણ સજાગ રહેવું પડશે

તાજેતરમાં શેરબજારમાં અને ફાઇનાન્સિયલ માર્કેટમાં એક ઘટના ચર્ચાનો વિષય બની છે. નિયમન સંસ્થા 'સેબી' (Securities and Exchange Board of India ) એ ગ્લોબલ ટ્રેડિંગ કંપની 'જેન સ્ટ્રીટ (JANE STREET) ટ્રેડિંગ' અને તેની સાથે સંબંધિત ત્રણ કંપની વિરુદ્ધ પગલાં લીધાં એ વાત ચર્ચાનો વિષય બની છે.

આ મુદ્દો ડેરિવેટિવ્ઝ માર્કેટ માટે સંબંધિત છે. ઝટપટ કમાણી માટે ડેરિવેટિવ્ઝ માર્કેટમાં-ખાસ કરીને ઓપ્શન્સ ટ્રેડિંગમાં ઝંપલાવતા નાના રોકાણકારો માટે આ ઘટના એક ગંભીર સબક સમાન પણ છે.

આ સંદર્ભમાં ઈકોનોમી-માર્કેટ એક્સપર્ટ નીલેશ શાહના મંતવ્યો સમજવા જેવાં છે.

ભારતીય ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ચાલતા સટ્ટા સામે આમ તો ઘણાં સવાલ તાજેતરમાં થઈ રહ્યા છે. આ સટ્ટાકીય પ્રવૃત્તિ સામે ખુદ નિયમનતંત્ર 'સેબી'ને પણ સવાલ છે. હાલ તો 'જેન સ્ટ્રીટે' કરેલા સોદાઓ બદલ 'સેબી'એ તેને ભારતીય શેરબજારમાં કામકાજ કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.. આ કંપનીઓ ડેરિવેટિવ્ઝ માર્કેટ અર્થાત ફ્યુચર્સ-ઓપ્શન્સ માર્કેટમાં કથિત રમત દ્વારા માર્કેટમાં મેનિપ્યુલેશન કરતી હોવાનો આરોપ 'સેબી'એ તેના ઈન્ટરિમ ઓર્ડરમાં મૂકયો છે. એટલું જ નહીં, 'સેબી'એ આ કંપનીઓના ૪૮૪૩ કરોડ રૂપિયાથી વધુ રકમના કથિત ગેરકાનૂની નફાને પણ કબ્જામાં લીધો છે. એના બેંક એકાઉન્ટસને પણ ડેબિટ માટે ફ્રીઝ કરવાનો આદેશ અપાયો છે.

(જોકે, છેલ્લાં સમાચાર અનુસાર: સેબીના પ્રતિબંધના ઓર્ડર સામે જેન સ્ટ્રીટ અપીલ કરવાની તૈયારીમાં છે, જેનની દલીલ છે કે અમે કરેલા સોદા એ નિયમિત માર્કેટ પ્રવૃત્તિ છે, અમે કશું જ કંઈ ગેરકાનૂની કર્યું નથી.)




આ કેસનો અહીં ઉલ્લેખ કરવાનો ઉદ્દેશ એ જ છે કે રોકાણકારો કઈ કઈ રીતે માર્કેટમાં ગેરમાર્ગે દોરાય છે અને નાણાં ગુમાવે છે તેમ જ માર્કેટ પણ કઈ રીતે તેનો ભોગ બને છે.

'સેબી' એ પણ આવી ઘણી બાબત પર ધ્યાન આપવા સાથે સમયસર અને સમય પહેલાં પણ એકશન લેવાની જરૂર છે. યાદ રહે, ઓપ્શન્સ-ફ્યુચર્સના સોદા નાના, બિનઅનુભવી અને અજ્ઞાન રોકાણકાર વર્ગ માટે ભયંકર જોખમી છે, જેની ચેતવણી ખુદ સ્ટોક એક્સચેંજીસ અને નિયમનકાર 'સેબી' પણ અવારનવાર આપતા રહ્યા છે. 'સેબી' એ તો વારંવાર કહ્યું છે કે ડેરિવેટિવ્ઝ માર્કેટમાં દર દસ ખેલાડીમાંથી નવ જણાં ખોટ કરે છે.

જોકે નવાઈની વાત એ છે કે તેમ છતાં આ સેગમેન્ટ ધુમ ચાલે છે અને : 'સેબી' તેને ચાલવા પણ દે છે. પરિણામે મોટે પાયે ઝડપથી નાણાં કમાઈ લેવાની લાલસામાં અનેક રોકાણકારો આનો ભોગ બની રહ્યા છે, જે માટે એ રોકાણકારો- ખેલાડીઓ પણ ખુદ જવાબદાર તો ગણાય.

### આ સમસ્યાના ઉપાય શું હોઈ શકે?

'કોટક મ્યુચ્યુઅલ ફંડ' ના મેનેજિંગ ડિરેકટર-સીઈઓ નીલેશ શાહે આ વિષયમાં આપેલી મહત્ત્વની ચેતવણી ખાસ સમજવા જેવી છે. એમના મતે નિયમનકારી અંતરને કારણે ભારતીય મૂડીબજાર હાઇ ફ્રિક્વન્સી ટ્રેડર્સના મેનીપ્યુલેશનનો ભોગ બને છે. ભારતની સરખામણી ચીન સાથે કરતા, એમણે મજબૂત અમલીકરણથી લઈને નાણાકીય સાક્ષરતા સુધીના પાંચ મહત્ત્વના સુધારા સૂચવ્યા છે, જે 'જેન સ્ટ્રીટ' જેવાં સંભવિત જોખમોનો સામનો કરવા અને રિટેલ રોકાણકારોને અનિયંત્રિત સટ્ટા અને પ્રણાલીગત મેનીપ્યુલેશનથી બચાવી શકે.

નીલેશ શાહે ભારતીય અને ચીની બજારો વચ્ચે એક તીવ્ર વિરોધાભાસ અને ત્રણ માળખાકીય અવરોધ દર્શાવ્યા છે, જે એમના મતે ચીનમાં આવા મેનીપ્યુલેશનની પ્રવૃત્તિને લગભગ અશક્ય બનાવે છે.

'પ્રથમ, ચીની બજારોના દરવાજા મોટાભાગે વિદેશી સટોડિયાઓ માટે બંધ છે અને-અથવા તેમનો ઍક્સેસ મર્યાદિત કરે છે, બીજું, ચીની નિયમનકારો પાસે પ્રચંડ સત્તા છે, જે પ્રતિબંધ અને અનુપાલનના અમલ માટે સામ, દામ, દંડ, ભેદ જેવી યુક્તિઓનો ઉપયોગ કરે છે.'

નીલેશ શાહના મતે નિયમનકારી સત્તા બજારની જટિલતા સાથે મેળ ખાતી હોવી જોઈએ. એ દલીલ કરે છે કે 'જેન સ્ટ્રીટ' સામે 'સેબી'ની તાજેતરની કાર્યવાહી તેની દેખરેખ અને ફોરેન્સિક ક્ષમતા દર્શાવે છે, પરંતુ ભારતના બજારમાં આવાં અમલીકરણને ખરેખર અસરકારક બનાવવા માટે ઘણું વધુ કરવાની જરૂર છે. એમણે ૧૯૯૨ના સિક્યોરિટીઝ સ્કેમમાંથી વણઉકેલાયેલા કેસો તરફ ધ્યાન દોર્યું છે અને યુ.એસ. કાનૂની પ્રણાલી સાથે સરખામણી કરી છે, જ્યાં રોકાણકારોના નુકસાનને વસૂલવા માટે અસરકારક સિસ્ટમ અસ્તિત્વમાં છે, જે આપણે ત્યાં નથી.

### ભારતને હેરાફેરીની રમતનું બજાર ન બનવા દો...

નીલેશ શાહે ભારતીય 'એફ એન્ડ ઓ' બજારને ગામડાના ડેરિવેટિવ્ઝ બજાર સાથે સરખાવ્યા છે, જ્યાં એક શક્તિશાળી વેપારી વારંવાર એક જ પ્રકારે ભાવ ખેંચવાના ચક્રનો દર વખતે ઉપયોગ કરે છે, જે તાજેતરના કિસ્સામાં થયેલા કથિત વર્તન-વલણની સમાનતા દર્શાવે છે. એમણે ચેતવણી આપી છે કે ભારતના સંસ્થાકીય રોકાણકારો, વોલ્યુમ-વેઇટેડ એવરેજ પ્રાઇસ જેવી ટ્રેડિંગ વ્યૂહરચના અપનાવીને આવી એન્ટિટીઝ સામે વિરોધી બળ તરીકે કામ કરી શકે, પણ એમનામાં આવું કરવા માટેની આક્રમકતા અને ચપળતાનો અભાવ જણાય છે.

નીલેશ શાહના અભિપ્રાય મુજબ અદ્યતન ડેટા એનાલિટિક્સ, હાઇ-સ્પીડ કનેક્ટિવિટી અને લીવરેજની ઍક્સેસથી સજ્જ એક નવી સંસ્થાકીય પદ્ધતિની જરૂર છે. 'જેન સ્ટ્રીટ' જેવા સંભવિત પ્રયાસોને રોકવા શાહે જે સુધારા સૂચવ્યાં છે એ બજારની અખંડિતતા પુનઃસ્થાપિત કરવા, રિટેલ રોકાણકારોનું રક્ષણ કરવા અને ભારત 'હેરાફેરી કરનારા ટ્રેડર્સ માટે રમતનું મેદાન' ન બને તેની ખાતરી કરવા માટે આવશ્યક છે... ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@
bombaysamachar.com

# ચાલો, ભારતની ચાની અંતિમ દુકાને જઈએ...

*બારિશ કી બૂંદે ઔર ચાય કા સંગ*
*દિલ કે હર કોને મેં બજતી હૈ ઉમંગ*
*અને...*
*એણે અમસ્તું જ એકવાર*
*પૂછેલું, 'ચા પીશો ને...?'*

*અને ચાને આજે પણ એમ છે*
*કે હું એનો બંધાણી છું.*
*(બંને અજાણ સર્જકોનો ઋણ-સ્વીકાર)*

હા, આપણા ઘણાં કવિઓ અને શાયરોએ ચાને દિલથી ચાહી છે, માથે ચડાવી છે. ચાનો સ્વાદ કે મજા કૉફી પીનારા ન જ સમજે, પણ આ ચાની ચુસ્કીમાં સાથે અદ્ભુત સૌંદર્ય અને વીરરસનો મસાલો હોય તો એકદમ ટેસડો પડી જાય કે નહીં?

એ ચાના સ્વાદ-મજા કેવા હોય એનો અનુભવ કરવા માટે ભારતની ચાની અંતિમ દુકાને જવું પડે હોં. એ ક્યાં છે?

ભારતની દેવભૂમિ ગણાતા ઉત્તરાખંડમાં છે આ ચાની દુકાન. ચમોલી જિલ્લાના માણા ગામમાં જવું પડે ભારતની આખરી ચાની દુકાનમાં ચુસ્કી મારવા માટે. આખરી દુકાન કેમ? કારણકે એ ચીન સાથેની ભારતની સરહદે આવેલા છેલ્લાં ગામ માણામાં આવેલી છે. અલબત્ત, અહીં ચાની દુકાન હોવાની મજા જ અલગ છે. આ ગામ ચીનની સીમાની એકદમ નજીક જ છે. ઉપરાંત સમુદ્રની સપાટીથી ૧૧ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. માણા ગામ છ મહિના બરફથી ઢંકાયેલું રહે છે. આ છેલ્લા ગામમાં આવેલી આખરી દુકાન છે ચાની એટલે એ




ઈન્ડિયાઝ લાસ્ટ ટી શૉપ તરીકેય ઓળખાય છે. માત્ર આ વિશિષ્ટ ઓળખને કારણે મેથી ઑક્ટોબર વચ્ચે પર્યટકોના ટોળેટાળા અહીંની ચા માણે છે, ને એનાથી વધુ આનંદ અનુભવે છે ત્યાં ચાના કપ અને દુકાનના પાટિયા સાથે ફોટો પડાવવામાં.

માણા ગામ અનન્ય પૌરાણિક મહત્ત્વ પણ ધરાવે છે. હકીકતમાં ગામની આસપાસ મહાભારતના નિશાનો-માન્યતા મળી રહે છે. પાંડવો સ્વર્ગ યાત્રાના પ્રયાણ વખતે માણા ગામથી પસાર થયાનું મનાય છે. બદ્રીનાથ ધામથી અંદાજે ત્રણ કિલોમીટરના અંતરે ગુપ્ત ગંગા અને અલકનંદાના સંગમ પર ભારત-તિબેટ સીમા પર આવેલું અંતિમ ગામ છે માણા. બદ્રીનાથના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માણા અચુક જાય, કારણકે ગામની આસપાસ ગણેશ ગુફા, સરસ્વતી મંદિર, ભીમપુલ, વસુધારા અને વ્યાસ ગુફા જેવાં જોવાલાયક સ્થળો છે. અહીં મોટા પ્રમાણમાં ભોજપત્ર પણ છે, જેના પર મહાપુરુષોએ ગ્રંથની રચના કરી હતી.

માણામાં ઠંડી અનહદ પડે એટલે ઘણાં સ્થાનિકો મેથી ઑક્ટોબર મહિના વચ્ચે જ ગામમાં રહે. એ સિવાયના સમયમાં અન્યત્ર એટલે કે નીચે આવેલા ચમોલી જિલ્લાનાં ગામોમાં જતા રહે કારણ કે ગામ બરફથી લગભગ ઢંકાઈ જાય છે.



રસપ્રદ બાબત છે કે અહીંની એકમાત્ર ઈન્ટર કોલેજ છ મહિના માણામાં ચાલે, તો બાકીનો સમય ચમોલીમાં ચાલે. હા, એપ્રિલ-મેમાં બરફ ઓગળ્યા બાદ બધા પાછા ફરે ત્યારે લીલોતરી આંખને ઠંડક ને હૃદયને ગદ્ગદ કરી નાખનારી હોય.

માણાની માટી બટાટાની ખેતી માટે એકદમ યોગ્ય ગણાય છે. એમાંથી લોટ બનાવાય છે. હિમાલયમાંથી મળનારી કેટલીક જડીબુટ્ટી માટે પણ માણા ખૂબ જાણીતું છે. ખેતી માટે ગ્રામવાસીઓ પશુપાલન કરતા હતા પણ શિયાળામાં ગાય-ભેંસ-બકરીને નીચે લઈ જવામાં અને પાછા લાવવામાં પડતી તકલીફને લીધે પશુપાલનનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે.

અહીંની આબોહવાને ધ્યાનમાં રાખીને મોટાભાગના ઘર બે માળના બનાવાય છે. એમાં મહત્તમ ઉપયોગ લાકડાનો થાય છે. અહીં નીચે પશુઓને રખાય અને ઉપરના માળે માણસો રહે. આ ઘરની રચના એવી રીતે કરાય કે એ ભૂકંપમાં અડીખમ રહી શકે.

આ ગામના ઊંચા પહાડ પર ગુફા છે, જેમાં વ્યાસમુનિ રહેતા હોવાની માન્યતા છે. હાલ આ ગુફામાં મંદિર બનાવાયેલું છે. એમાં વ્યાસમુનિ ઉપરાંત તેમના પુત્રો શુકદેવજી અને વલ્લાભાચાર્યની મૂર્તિ છે. અહીં ભગવાન વિષ્ણુની પણ એક પ્રાચીન પ્રતિમા છે. અહીંના એક-એક પ્રાચીન સ્થળ પાછળ અવનવી કથા સંકળાયેલી છે.

પરંતુ આવા અદ્ભુત પૌરાણિક સ્થળ કે કથાને બદલે માણા જાણીતું છેઃ હિન્દુસ્તાનકી આખિરી દુકાન માટે. આ ચાની દુકાન ૧૯૯૭માં ચંદરસિંહ બડવાલે શરૂ કરી હતી. અહીં લોકો ગરમાગરમ ચા સાથે મેગીની મોજ માણવાનું પસંદ કરે છે. એ દુકાન પર બોર્ડ લગાવાયેલું છે. 'ભારત કી આખિરી ચાય કી દુકાન મેં આપકા હાર્દિક સ્વાગત હૈ.'■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# શબ્દ બ્રહ્મના સાચા સાધક શ્યામ સાધુ


## ક્યારેક દોસ્ત, તુંય પ્રણયના વિકલ્પમાં
## તાજી જ નાહી હોય એ ઝુલ્ફોની વાત કર

આજની ગઝલ કયે રસ્તે? આ પ્રશ્ન આજે જેટલો વાસ્તવિક છે એટલો જ પચાસ વર્ષ પહેલાં હતો. અસંખ્ય બહેરોમાં-છંદોમાં રચાયેલી ગઝલો આજે જોવા મળે છે, પરંતુ અત્યારના આધુનિક સર્જકો એક મોટી ભૂલ કરે છે. બાહ્ય સ્વરૂપ અને બંધારણમાં રચાયેલી ગમે તેવી કૃત્તિને આખમીંચીને ગઝલ નામ આપી દેવામાં આવે છે એ બરાબર નથી.

જે કંઈ કહેવું છે તે એક શે'રમાં તગઝ્ઝુલમાં-ગઝલની ખાસ બાનીમાં કહેવાય તે જરૂરી છે. ગઝલ પ્રેમની ભાષા છે અને વાતચીતની ઢબે એમાં બોલ વેરાતા આવે છે. આ ગઝલિયત, શેરિયત કે તગઝ્ઝુલ ગઝલનો પ્રાણ છે. મહત્ત્વની વાત એ છે કે તાર્કિક સંકલના (લોજિકલ સિક્વન્સ) સાથે ગઝલને નહાવા નિચોવવાનો સંબંધ નથી. દરેક શે'રનું સ્વતંત્ર વ્યક્તિત્વ, કાફિયા-રદીફના ધ્વનિનો જ સળંગ દોર અને એ દોર પર વિભિન્ન પણ વિરોધી નહીં એવા ભાવનું નૃત્ય. તેમાં જ્યારે 'અન્દાઝેબયાં-બયાનની ખૂબી, હુશ્ને ખ્યાલ- વિચારનું સૌન્દર્ય, મોસિકી-સંગીતમયતા અને મારિફત-અધ્યાત્મ પ્રેમની ઝાંખી ભળે ત્યારે ગઝલ સોળે કળાએ ખીલી ઊઠે. ગુજરાતીમાં આવી ગઝલનો આવિષ્કાર ક્યાંય ક્યાંક થયો છે અને કેટલાક પોતાની સાધના સામ્યર્થ વધતે-ઓછે અંશે બતાવ્યું છે તેમાં એક નામ છે કવિ શ્યામ સાધુ. શ્યામ સાધુએ કવિ મરીઝની ગઝલની વ્યાખ્યાને જીવી બતાવી છે. મરીઝ કહે છેઃ

***પ્રથમ જો થાય છે આ જિંદગી તમામ ગઝલ***
***પછી લખાય તો એનું છે નામ ગઝલ.***

આ કવિનું મૂળ નામ શામળદાસ મૂળદાસ સોલંકી એમનો (જન્મ ૧૫મી જૂન ૧૯૪૧ અને શાશ્વતીવાસ ૧૬મી ડિસેમ્બર ૨૦૦૧) ૬૦ વર્ષની આયુમાં શરૂઆતમાં જુદા જુદા વ્યવસાયોમાં હાથ અજમાવ્યો પણ પછી તો કલમને ખોળે માથું મૂકીને અક્ષરની આરાધના કરી અને શબ્દની સાધના કરી જેને પરિણામે આ કવિ પાસેથી આપણને ૧૯૭૩માં 'યાયાવરી',


શ્યામ સાધુ

૧૯૮૭માં 'થોડાં બીજા ઈન્દ્રધનુષ્ય' પ્રકટે છે. આ બન્ને સંગ્રહોમાં ગઝલો છે અને અછાંદસ કાવ્યો છે... ત્રીજો કાવ્ય સંગ્રહ 'આત્મકથાના પાના' ૧૯૯૧માં મળે છે, જેમાં માત્ર ૫૧ ગઝલો છે અને છેલ્લે ૨૦૦૨માં 'સાંજ ઢળી ગઈ' નામે ચોથો સંગ્રહ ૫૧ ગઝલો લઈને આવે છે.

આપણા કવિ અને વિવેચક સંજુવાળાએ શ્યામ સાધુની કવિતાઃ ઉત્તાપ વચ્ચે ઊડતો અબીરની પ્રસ્તાવનામાં નોંધ્યું છેઃ 'કવિતાને જીવાનુભૂત તત્ત્વ ગણી જીવેલા આ કવિની ઊંડી સર્ગશક્તિ અને અભિવ્યક્તિ આગવી, ઋજુતામૂલક સમજથી થયેલું કવિકર્મ ગુજરાતી ભાષામાં અવતરેલી આ કવિની કેટલીક નમૂનારૂપ ગઝલો તથા અછાંદસ કાવ્યોમાં અકબંધ છે. અહીં પ્રકટ થતાં કાવ્યોમાં નિરૂપિત ભાષાશૈલી, ભાવ-ભાષાની તાજગી સભર રજૂઆત, કથનની સચોટતા સાથે નીખરી આવતી ભાષાની કુમાશ અને પ્રવાહબદ્ધ રચના-વિધાનથી ઊભરી આવતા કાવ્યકલાના ઉત્તમ ઉદાહરણો આ કાવ્યોમાંથી મળી રહે છે. તો, રચના બંધની પ્રવાહિતા, લાવણ્ય, રમણીયતા અને તિર્યક છતાં મૃદુ અભિવ્યક્તિ ગઝલને વિશિષ્ટતા અર્પે છે.' આવા વિશદ્ અને બળુકા વિધાન પછી કવિ પોતાના ભાવોને કેવી રીતે રજૂ કરે છે અને ભાષાના પોતાને નબળું પડવા દીધા વગર ગઝલના રંગને સાધે છે તે જોઈએ.

***અહીં જીવ્યાનો રસ્તો 'સાધુ' પૂરો થયો પણ***
***ખુદ પોતાની જાત વિશે કંઈ ખબર પડે ના***

શ્યામ સાધુ ગઝલના પરંપરાગત પોતને જાણતા હતા. પ્રિયતમાના વર્ણનમાં અને નખશીખરંગ ભરે છે તો મિલન અને વિરહની વ્યથાને એટલી જ ચોટથી વ્યક્ત કરે છે. કવિને પ્રિયતમાના-સદ્યસ્નાતા પ્રિયતમાના ઘેઘૂર ઘટા જેવી શ્યામ શ્યામ ઝુલ્ફોનું આકર્ષણ છે. જેમ કેઃ

**ક્યારેક દોસ્ત, તુંય પ્રણયના વિકલ્પમાં**
***તાજી જ નાહી હોય એ ઝુલ્ફોની વાત કર***
***

**ઊડો પતંગિયાંઓના રંગીન વેશમાં**
**કોને ખબર વસંત મળે ભીના કેશમાં**
***

**પ્રેમપત્રના અક્ષર જેવા મારા દિવસો પાછા આવો**
**મઘદૂતના વાદળ જેવી કોઈ મને રજૂઆત કરે છે**
***

**પ્રેમસભાઓ મેં જ ભરેલી,**
**મેં જ ખમ્યો છે પ્રેમવટો**
**તોય અમસ્તુ લોકો એનું નામ**
**વટાવે એનું શું કરવું ?**
***

વિરહની ચોટ અને ઝૂરાપાની વ્યથાને એમણે તાદ્સ્વરે ગાઈ નથી પણ ઈશારામાં ઈશારામાં જે ઈંગિતો રજૂ કર્યા છે તેનાથી કવિ વિરહને ધાર કાઢી આપે છે,

જેમ કેઃ

**અલકલટોની નમણી શેરી પેલી બાજુ**
**આ બાજુ અહેસાસ લઈને ક્યાં ચાલ્યાં?**
***

**યાદ મને છે, વિદાય વેળા તમે કહેલું**
**મન, પતંગિયાનું ફૂલો વચ્ચે હૂંફાળું છે**
***

**એક અમસ્તા ટહુકામાં તરબોળ થયા ત્યાં**
***શ્વાસ લીધાના વચગાળામાં સાંજ ઢળી ગઈ***

શ્યામ સાધુએ ગુજરાતી ગઝલના નવીન પ્રવાહોને નાણ્યાં છે. નિમજ્જત કર્યું છે નમણી ગઝલોનું સર્જન કર્યું છે. આદિલ, ચિનુ, મનહર અને મનોજ જેવા સર્જકોએ ગુજરાતી ગઝલનો નવો માર્ગ કંડારવા જે યોગદાન આપ્યું છે એટલું જ શ્યામ સાધુએ આપ્યું છે. પ્રિયતમાના આવવાની માત્ર અટકળ છે. વાસ્તવિક મિલન તો કદાચ શક્ય નથી પણ આવી ક્ષણને, અટકળની ક્ષણને કવિ માલામાલ કરી દે છે.

**માત્ર એના આવવાની અટકળે**
**મનના ચોકે મોતીઓ વેરાય છે**
***

પ્રેમ ભરેલી નજરો પર ઝુલાવી જઈશું
હરી ભરી આંખોમાં મિતવા, આવી જઈશું

મિલનના મોકાની વાત જવા દો હવે તો સપનામાં પણ તન્હાઈ છે. કવિ આવા દિવસોને યાદ કરે છે પણ વેદના નથીઃ

**મ્હેંક સમા શ્વાસે ભરવાના**
**દિવસ ગયા તમને મળવાના**
**ચંદ્ર શરદનો મઘમઘ કિંતુ**
**એકલ-દોકલ શું કરવાના**
***

**જાસૂદ જેવો જીવ ઝૂરે છે**
**તમને મળવાની રમણામાં**

શબ્દનો બંદો શ્યામ સાધુ શબ્દની ગહનતા, ઊંડાણ અને વ્યંજનાને જાણે છે અને પોતાની રીતે ગઝલમાં પ્રમાણે છે. શબ્દના નાતે ભાષાની મીનાકારી કરી જાણે છે. એમનો આ શેર જોઈએ જેમાં શબ્દ સમજની અને અર્થરૂપી ઘરની વાત કવિ કેવી નિષ્ઠાથી બહુ જ ઓછા શબ્દોમાં કરે છેઃ

**અર્થ એટલે ઘર ઝાકળનું**
**શબ્દ સમજ, પાણીનો રેલો**
***

કંકુ ઝરતો કિસ્સો કેવો સાંભળ
શબ્દો અંગે શિવ-સુંદરનું સમરસ થાવું

શ્યામ સાધુએ પોતાની ધૂણી નોખી ધખાવી હતી. પોતાની જાતને ક્યારેય ભારરૂપ બનવા દીધા વગર શરમાળ વ્યક્તિત્વ અને સંકોચશીલ મનને લીધે પોતાના બોર વેચ્યા નહોતા કે માન અકરામની ખેવના કરી નહોતી. આવા અકિંચન અને અયાચક શબ્દ સ્વામીના આંતર તત્ત્વમાં ભગવો કાયમ હતો. એ એનો સ્વભાવ હતો.

ગઝલની બીજી બાજુ પણ સુપેરે સંભાળી છે. સૂફીવાદ કહો કે કબીરી ચાદર કહો પણ આ કવિએ ગઝલના મૂળભૂત તત્ત્વ એવા ઈશ્કે-હકીકના આગોશમાં પોતાની પરમતત્ત્વ પરત્વેની આસ્થા અને શ્રદ્ધાને સુપેરે વ્યક્ત કરીને પરમાત્મા સિવાય કંઈ સત્ય ન હોવાની કે શાશ્વત ન હોવાની વાતને વારેઘડીએ દ્રઢાવી છે. જો સદ્ગુરુ મળી જાય તો અગમ-નિગમની જાણ થઈ જતી હોવાની વાત કવિએ આ રીતે કરી છેઃ

**અગમ-નિગમના ગુલાલ ઊડે**
**સાંઈ ચલે જો સથવારે**
***

**અડસઠ તીરથ મનના ઘાટે**
**શું શોધે તું બ્હાર, ઝૂકીજા**

છેલ્લે સરળ શબ્દોમાં 'બહમ સત્ય'ની વાત શ્યામ સાધુએ કેવી સરળતાથી કરી છે તે જોઈએઃ

**આંખો મીંચી જોતા જ્ઞાની**
**અંદર કી હૈ બાત સુહાની**
**પલમાં મિટ્ટી, પલમાં સોનું**
**ઈચ્છા રાની તો બચકાની**
**ગોપી, રાધા, મીરાં શું છે?**
**વિધવિધ જ્યોતિ એક દીવાની**
**કે જન્મોથી ઊંચકુ-મૂકું**
**શ્વાસોની ક્યાં કોઈ નિશાની**
**હુંમાં શું અટવાયો 'સાધુ'**
**યે તો કેવલ સપન કહાની**
***

■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# તમે કોઈના માટે 'સુખનો પાસવર્ડ' બની શકો છો?

આ વખતે આ કોલમમાં એક ઝેન ગુરુની વાત કરવી છે. આધ્યાત્મિક સામયિક 'ઋષિ અમૃત'માં આ ઝેન ગુરુની વાત વાંચી એ હૃદયને સ્પર્શી ગઈ એટલે વાચકમિત્રો સાથે શેર કરવાની ઇચ્છા થઈ.

આજના સમયમાં ઘણા લોકોમાં કોઇની પાસેથી કશુંક મેળવી લેવાની કે પડાવી લેવાની વૃત્તિ વધુ જોવા મળે છે ત્યારે કશુંક આપવાની ઇચ્છા જગાવે એવી આ વાત છે. તમે પણ જાણો અને માણો, આ અનોખા ઝેન ગુરુની વાત....

જપાનના આ ગુરુ રોકોન બહુ સાધારણ સહજ જીવન જીવતા હતા. એમણે એક પહાડ પર એક નાનકડી કુટિર બનાવી રાખી હતી. ચેલાઓની કોઈ ભીડ નહીં, કોઈ આશ્રમ નહીં. જો આશ્રમ હોય તો ભીડ હોવાની. ભીડ હોય તો ધન આવે, સામાન આવે, પરંતુ રોકોને એક સાધારણ અજ્ઞાત જીવન જીવવાનું પસંદ કર્યું. પોતાની ભીતરની સહજતામાં એ બહુ શાંત અને મસ્ત જીવન જીવતા રહ્યા.

એક દિવસ સંધ્યાના સમયે રોકોન પોતાની કુટિરની બહાર બેસીને ધ્યાન કરી રહ્યા હતા. એક ચોર પાછળથી નિસરણી મૂકીને એમની કુટિરમાં ઘૂસી ગયો. ચોર ભીતર બધી જગ્યાએ શોધવા માંડ્યો. ત્યાં બહુ વધારે સામાન તો હતો નહીં. જે કંઈ હતું એ ખોલીને જોવા માંડ્યો કે કદાચ કંઈક ઢંગની વસ્તુ મળી જાય.

બહાર થોડી ઠંડી વધવા માંડી હતી તો રોકોન અચાનક ભીતર આવી ગયા. હવે ચોર તો કોઈ પણ પ્રકારનો અવાજ કર્યા વિના અંદર આવ્યો હતો. રોકોને અચાનક જ્યારે ચોરને જોયો તો જોઈને ઊભા રહ્યા. ચોરના મોંમાંથી તો ચીસ નીકળી ગઈ. એ ડરી ગયો. એની વેશભૂષા, એના હાવભાવ, એનું ડરી જવું દર્શાવી રહ્યું હતું કે એ ચોર છે.

રોકોને ચોંકી જઈને ચોરને પૂછ્યું, 'તું મારા જેવા માણસના ઘરમાં શું કરવા આવ્યો છે? મારા જેવા માણસને ત્યાં તને શું મળશે?'

એમને તો ચોર માટે હમદર્દી થવા માંડી કે આટલી મહેનત કરીને નિસરણી લગાડી એ આવ્યો, પણ મળ્યું શું! રોકોન ચોર પર નારાજ ન થયા. એમણે કહ્યું, 'તેં અહીં આવીને તારો સમય બરબાદ કર્યો ... કોઈક યોગ્ય જગ્યાએ જાત તો કંઈક હાથમાં આવત.'

ચોર આમ તો પહેલેથી જ ડરી ગયો હતો. ઉપરથી રોકોનની આવી વાત સાંભળીને એને લાગ્યું કે 'હું ક્યાંક કોઈક પાગલના ચક્કરમાં તો નથી પડી ગયોને!' ચોર વિચારવા માંડ્યો કે 'અહીંથી કઈ રીતે નીકળું?' પણ રોકોન દરવાજાની બરાબર વચ્ચોવચ્ચ ઊભા હતા. ચોર તો એક નાનકડી નિસરણી લગાડીને ભીતર આવ્યો હતો, પણ હવે ત્યાંથી તો બહાર નહોતો જઈ શકતો અને રોકોન બહુ સહજતાથી તેની સાથે વાત કરી રહ્યા હતા.




એમણે ચોરને પૂછ્યું :

'હું તો ચા પીવા માટે અંદર આવ્યો હતો. તું પણ ચા પીશ?'

ચોર તો હતપ્રભ થઈને વિચારવા માંડ્યો કે હવે હું આમને કહું તો પણ શું કહું?

રોકોને બહુ આરામથી ચાની કીટલી ચૂલા પર ચડાવી પછી પૂછ્યું, 'તારું નામ તો કહે. ક્યાંથી આવ્યો છે? આટલી દૂર મહેનત કરીને આવ્યો છે તો હવે શું ખાલી હાથે જઈશ?'

રોકોન તે ચોર સાથે એવી રીતે વાત કરી રહ્યા હતા કે જાણે કોઈ મિત્ર આવ્યો હોય. ચોરને આટલી સભ્ય, આટલા કોમળ સ્વભાવની વ્યક્તિ સાથે હિંસા કરવી ઉચિત ન લાગ્યું. એ ચૂપચાપ ઊભો રહીને સાંભળતો રહ્યો. રોકોને ચોરને ચાની પ્યાલી પકડાવી.

આમ પણ જપાનમાં એવો રિવાજ છે કે તમારા ઘરે ભલે કોઈ અજાણી વ્યક્તિ પણ આવે, કોઈ પણ સમયે આવે, ચા હંમેશાં તૈયાર હોય છે. જપાનમાં ચા ચિન્હ છે ધ્યાનનું. હંમેશાં પ્રત્યેક ઘરમાં કિટલીમાં ગરમ ચા મળે જ છે. ચાનો મતલબ ઊકળતા પાણીમાં લીલી ચાની પત્તીઓ નાખીને થોડી વાર રાખે છે. પછી એને પી જાય છે, ન ગાળવાની જરૂર, ન સાકર, ન દૂધ, કંઈ જ નહીં.

જેમ ઘરમાં હંમેશાં ચાની કીટલી ગરમ રહે છે બસ, બરાબર એ જ રીતે સંતમાં પણ ધ્યાન ઊકળતું રહે છે તેમની વાણીમાં, સ્વભાવમાં અને એમના હાવભાવમાં કરુણા અને પ્રેમ છલકાતાં રહે છે. એવું નહીં કે પોતાનાં મા, બાપ, ભાઈ મળે તો જ પ્રેમ ઊભરાશે. જે બરાબર ધ્યાન કરવા માંડે છે એમની ભીતર પ્રેમ સહજતાથી વહેવા માંડે છે. જ્યાં પ્રેમની અધિકતા છે ત્યાં સામે કોણ છે એ સવાલ જ ઉપસ્થિત નથી થતો.

ગભરાઈ ગયેલો ચોર ભાગી જવાની તૈયારીમાં હતો, પણ રોકોને પોતાના ઘરમાં આવેલા તે અજાણ્યા મહેમાનને ચા પીવડાવી અને કહ્યું, 'મારું દિલ બહુ દુઃખી થઈ રહ્યું છે કે તું ખાલી હાથ જશે...? અહીં તો કંઈ છે નહીં, પણ આ જે મેં કોટ પહેર્યો છે એ સારો છે. અરે, કોટ જ શું કામ, આ પાટલૂન પણ સારું છે. પાટલૂન જ શું કામ, આ ખમીસ પહેર્યું છે એ પણ સારું છે.....તું આ બધું લઈ જા ! ' .

રોકોને કોટ ઉતારીને આપી દીધો, પેન્ટ અને ખમીસ ઉતારીને આપી દીધાં. પછી કહે 'હવે તું જા. રાત થઈ રહી છે. મારી પાસે તને આપવા માટે દીવો નથી. અંધારામાં તને જવામાં તકલીફ થશે. એટલા માટે હવે તું જા.'

રોકોન બહુ ખુશ થયા કે ચોર બિલકુલ ખાલી હાથે તો ન ગયો. રોકોને બહાર જોયું તો રાત થઈ ગઈ હતી અને પૂર્ણિમાનો ચંદ્રમા પોતાનાં કિરણો વિખેરી રહ્યો હતો. રોકોને ઠંડો નિશ્વાસ મૂક્યો અને પોતાની જાતને કહ્યું, 'કાશ! ચોરને આ ચાંદ આપી શક્ત. દેવા માટે કંઈ હતું જ નહીં મારી પાસે. મેં એક બેકાર કોટ અને જૂનું પેન્ટ-ખમીસ આપી દીધાં. ચાંદ આપી શકત તો કમસે કમ તેને રસ્તામાં રોશની થઈ જાત. આટલો ખૂબસૂરત ચાંદ તો અહીં જ રહી ગયો!'

OOO

એ જપાનીઝ ગુરુ રોકોનની આ વાત જીવનમાં ઉતારવા જેવી છે. બધા માણસો સંત તો ન બની શકે, પણ દરેક વ્યક્તિ કોઈને કશુંક આપવાની ઇચ્છા મનમાં રાખે તો દુનિયા બદલાઈ જાય. કોઈનું અહિત કરવાની ઇચ્છા ન જાગે એ પણ મોટી વાત છે, પણ આપણે કોઈના માટે સુખના પાસવર્ડ સમા બની શકીએ તો જીવન અર્થસભર બની જાય. આપણે કોઈને સુખ આપી શકીએ એનાથી રૂડું શું હોઈ શકે? ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ખાડા જ સત્ય... રસ્તો ભ્રમણાઃ ગાલના ખંજનથી ભ્રષ્ટાચારના ભંજન સુધી!

***ટાઇટલ્સઃ***
***સ્વીકારેલ દુઃખ, દુઃખ નથી રહેતું. (છેલવાણી)***

૧૯૬૯માં છપાયેલું એક બાળનાટક છેક ૧૯૮૦માં અમે સ્કૂલમાં ભજવેલું, જેમાં ડાયલોગ હતોઃ 'સાંભળ્યું છે કે ચાંદ પર પણ ખાડા છે. શું ત્યાં પણ મ્યુનિસિપાલિટી છે?' વિચાર કરો કે ૧૯૬૯ પછી દુનિયામાં પાકિસ્તાનના બે ટુકડા થઇ ગયા, જર્મનીના બે ટુકડા જોડાઇ ગયા, રશિયાના અનેક ટુકડાઓ થઇ ગયા પણ ચાંદ પરનાં ખાડાની જેમ વર્ષો જૂના રોડનાં ખાડા આજે પણ એમના એમ જ છે. લાગે છે કે જેમ પહેલા લોકો ગુફામાં રહેતા હતા એમ ભવિષ્યમાં લોકો ખાડામાં ઘર માંડીને રહેશે. પ્લેટો નામના વિચારકે 'ગુફા સિદ્ધાંત' પુસ્તકમાં લખેલું કે જે લોકો ગુફામાં રહે છે એ આગની રોશનીને જ સત્ય માને છે ને સૂરજથી અણજાણ રહે છે! જેમ આપણે ત્યાં દરેક શહેરનાં સત્તાવાળાઓ રોડ પરનાં ખાડાથી સાવ અજાણ જ છે. મહારાષ્ટ્રમાં હમણાં જ કરોડોનાં ખર્ચે બનેલા આધુનિક હાઇવે 'સમૃદ્ધિ મહામાર્ગ'માં ઠેર ઠેર ખાડા પડ્યાની ફરિયાદો આવી છે. હશે, રોડ છે, ખાડા પડે અમને લાગે છે કે આપણે હવે પહેલા વરસાદ બાદનાં રોડ પરના ખાડાઓને પ્રેમથી સ્વીકારી લેવા જોઇએ, જેથી જનતાને દુઃખ ઓછું થાય. જો કે 'ચાંદ' પર વારેવારે ગીત લખનાર ગુલઝારે, ચાંદ કે રસ્તાના ખાડા પર (તકિયા-ચાદર, બર્તન પછી) હજુ કોઇ ગીત કેમ નથી લખ્યું એ નવાઇની વાત છે. જોકે આપણે આપણી અસ્મિતા જેવાં વરસો જૂના ખાડાઓને સાચવી રાખ્યા છે, જે ખરેખર તો આપણી સિદ્ધિ કહેવાય. ભારત દેશના દરેક શહેરમાં વરસાદમાં ખાડા હોય છે જ તો કહી શકાય કે આ બાબતમાં દેશમાં ખરેખર એકતા છે. વળી, ગુજરાતમાં રોડ પરના ખાડાને 'ભૂવા' કેમ કહેવાય છે એનો જવાબ તો ભૂવાઓ કે ભાષાશાસ્ત્રીઓ કોઇ પાસે નથી. દેશમાં સરકારો આવે છે, જાય છે પણ ખાડાઓ નથી જતા એટલે ખાડાની બાબતે બધી રાજકીય પાર્ટીઓ દેશને સરખી રીતે ચાહે છે. બધી સરકારો મળીને દેશમાં ખાડા ખોદે છે પણ કોઇ ખાડા પૂરતું નથી! ગુજરાતી રોમેંટિક કવિઓની કલમ, વરસાદ પડવાથી બહુ ખીલે છે અને ઊછળી ઊછળીને વરસાદ પર કવિતાઓ લખે છે, પણ ખાડાઓ પર ઊછળવા વિશે હજુ કોઇ કાવ્યો નથી લખાયાં, એ ચિંતાનો વિષય છે. મારા મત મુજબ કાર બનાવનારી કંપનીઓએ ખાડામાં ઊછળીને આગળ વધી શકે એવી રબરની કાર બનાવવી જોઇએ. જો રણમાં ચાલી શકે એવી ટેંક કે જીપ બની શકે તો ખાડાવાળા રસ્તા પર ઊછળીને ચાલે એવી કાર કેમ નહીં? લુવિસ હેમિલ્ટન જેવા કાર-રેસિંગના ચેમ્પિયન પણ મુંબઇ-અમદાવાદના ખાડાવાળા રસ્તા પર ગાડી ચલાવવા જાય તો કાર છોડીને પદયાત્રા પર ઊતરી આવે.



***ઇન્ટરવલઃ***
***એક રાસ્તા હૈ 'ઝિંદગી'***
***જો થમ ગયે તો કુછ નહીં. (સાહિર)***

થોડા સમય પહેલાં. સુરતમાં રસ્તા પર પડેલા મોટા ખાડામાં એક માણસ, ગાદલું મૂકીને આરામ કરતો હતો એવો ફોટો પ્રગટ થયો હતો. અમુક રસ્તા કે ચોક, નેતા કે કલાકારને નામ કરીએ છીએ એમ ખાડાઓ પણ મહાન હસ્તીઓને નામે ઓફિશિયલ કરી દેવાના જેથી લોકો ખાડાને ગાળો ન આપે. વળી, હસતી છોકરીના ગાલના ખાડામાં પડીને કેટકેટલાં પુરુષો જીવનભર ઘવાતા જ રહ્યા છે ને? તો પછી બિચ્ચારા રોડના ખાડાઓનો જ શું વાંક કે ગાળો ખાય? ખાડા, ખાડા છે! દેશમાં આઝાદી પછી આટલા વરસથી ૯૦% લોકોના પેટના ખાડા નથી પુરાતા તો પછી માત્ર રોડના ખાડાઓ જ કેમ બદનામ થાય?ખરેખર તો રોડના ખાડાઓને 'રાષ્ટ્રીય વારસો' કે 'નેશનલ હેરિટેજ' ઘોષિત કરી દેવા જોઇએ, જેથી બિચારા ખાડાઓની ટીકા બંધ થાય. જે ઇલાકામાં સૌથી વધુ ખાડા હોય એવા વિસ્તારના નગરસેવક કે એમ.એલ.એ.નું જાહેર સન્માન કરી નાખવાનું, જેથી એમને પણ ખ્યાલ આવે કે એમને ત્યાં કેવા રસ્તાઓ છે. 'પ્રિ-વોશ્ડ જીન્સ'ની જેમ રોડ બનાવનારી કંપનીઓને અગાઉથી જ કહી દેવાનું કે ક્યાં ક્યાં કેટલા ખાડા કરવાના છે. પછી એ રેડીમેઇડ ખાડાઓની આસપાસ જ ભૂલભૂલામણીની જેમ રસ્તો બનાવવાનો! એ માટે બેંકો કે મોટી કંપનીઓએ ખાડાઓને સ્પોન્સર કરવા જોઇએ. ખાડાઓ પર બેંકવાળા જાહેરાત મૂકી શકેઃ 'અમારી બેંક કદીયે ખાડામાં નહીં જાય, તમારા પૈસા સલામત છે!'

જો કે એક સમાચાર કહે છે કે વરસાદી ખાડાઓને લીધે હાડકાઓના ડોક્ટરોની આવક ચોમાચામાં વધે છે માટે એવા ડોક્ટરો પણ ખાડાઓને સ્પોન્સર કરી જ શકેને?

અરે, જો 'મોંઘવારી તો નોર્મલ વાત છે ને દેશમાં બેકારી છે જ નહીં'- એવું જ્યારે કહેવાતું હોય તો ખાડા પણ લાભ માટે જ છે એવું સરકાર આસાનીથી આપણા મનમાં ઠસાવી શકશે. તેમ છતાં પણ જો કોઇ ખાડાઓનો વિરોધ કરે તો એને દેશદ્રોહી સાબિત કરવાની કળા આપણી પાસે છે જ ને? જેમ કે-'જો તમે આ દેશને ચાહતા હોવ તો દેશના રસ્તા પર પડેલા ખાડાઓને પણ ચાહવા જોઇએ! જો તમને મહાન દેશના રસ્તા પરના ખાડા ન ગમતા હોય તો બીજા દેશનો રસ્તો પકડો! શું ત્યાંના રસ્તા પર ખાડા નહીં હોય?' આવી દલીલ કરી કરીને લોકો, આપણા કાનમાં ખાડા પાડી નાખે તો નવાઇ નહીં! ઘણા તો એમ પણ કહેશે કે રસ્તાની ડાબી બાજુના ખાડા 'ડાબેરીઓ' વિચારધારાવાળાઓને કારણે છે ને જમણી બાજુના ખાડા 'જમણેરીઓ'ને લીધે છે.

હવે ગુજરાતી છાપાં કે મેગેઝિનોમાં 'ખાડા-અખાડા' જેવી નોવેલ હપ્તાવાર લખાય ને હિટ જાય તો નવાઈ નહીં. એમાં ખાડામાં પડીને બે ઓલરેડી પરણેલાં પાત્રો કઇ રીતે એકમેકના પ્રેમમાં પડે છે એ વિશેની 'આડા-સંબંધ'ની જેમ 'ખાડા-સંબંધ'વાળી વાર્તા હશેને? અત્યાર સુધી 'દો રાસ્તે', 'રોડ', 'હાઇ-વે', 'નેશનલ હાઇવે-૧૦' જેવી હિન્દી ફિલ્મો બની છે તો હવે ખાડા પર પણ 'ખડ્ડે', 'તૂટા રોડ', 'ખડ્ડેમેં અંડરવર્લ્ડકે અડ્ડે' જેવી ફિલ્મો બનવી જોઇએ. ટૂંકમાં, જેમ જીવન છે તો મૃત્યુ છે. એમ રોડ છે તો ખાડા છે.

***એંડ-ટાઇટલ્સઃ***
***આદમઃ તારા ગાલમાં સરસ ખાડા પડે છે.***
***ઈવઃ લે, આજે જોયું?***

■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# મુંબઈમાં આવકાર, ગુજરાતમાં જાકારો

હું એ દોરની વાત કરી રહી છું જ્યારે અમેરિકા જવું એક સ્ટેટસ ગણવામાં આવતું. એ દેશમાં ગયેલા લોકો સામે અહોભાવથી જોવામાં આવતું હતું. યુએસનો પ્રવાસ ખેડી આવનારી વ્યક્તિ પણ જમીનથી સહેજ અધ્ધર ચાલતી હતી. ત્યાંના અનુભવોની વાત ઓળખીતા પાળખીતાઓમાં ગર્વભેર રજૂ કરતી હતી. જોકે મારા માટે યુએસ પ્રવાસ કોઈ મીઠું સંભારણું નહોતો. મને આ ટૂરમાં જરાય મજા નહોતી આવી. નાટકના પરફોર્મન્સ પ્રેક્ષકોએ બહુ એન્જોય નહોતા કર્યા અને અમને હરવા ફરવા પણ મોકો નહોતો મળ્યો.

મુંબઈ પાછી ફરી ત્યારે હાથમાં કોઈ નાટક નહોતું. નવા નાટકની ઓફરની રાહ જોઈ રહી હતી એવામાં જૂની રંગભૂમિ સંબંધિત કામની ઓફર આવી. એક અનોખા શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મારે જૂની રંગભૂમિના ગીતો અભિનય સાથે પરફોર્મ કરવાનાં હતાં. એ ગીતો અગાઉ ઘણી વાર રજૂ કર્યા હોવાથી મને કંઠસ્થ હતા. એટલે ખાસ રિહર્સલ કરવાની જરૂર પણ નહોતી. એના શો શરૂ થયા. મારું પરફોર્મન્સ નાનકડું હતું, પણ ન મામા કરતા કહેણો મામો સારો - કશું જ ન મળે ત્યારે થોડું મળે એમાં રાજી થવાનું એવી વાસ્તવિકતા વચ્ચે રહેવાનું હતું.

જૂની રંગભૂમિ સંબંધિત મારા શો ચાલતા હતા, પણ નાટકમાં કામ મળે એની મને ઉત્કંઠા હતી. કારણ કે નાનકડા પરફોર્મન્સ માટે ઝાઝા પૈસા ન મળે અને નાટકના શો થાય ત્યારે 'નાઈટ મળે' અને એ રકમ ઘર ચલાવવામાં મદદરૂપ થાય. કામનો સંતોષ પણ વધારે હોય. એવામાં નવેસરથી 'અફલાતૂન' નાટક ભજવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને મારી ભૂમિકા માટે મને કહેણ આવ્યું. એક નીરજ વોરાને બાદ કરતા બધા કલાકારો એ જ હતા. નવેસરથી શરૂ થયેલા નાટકના શો પણ દોઢેક વર્ષ તો ચાલ્યા. નાટક જ એવું જબરદસ્ત હતું કે લોકચાહના ન મળી હોત તો જ નવાઈ હતી.

'અફલાતૂન' નાટકને મુંબઈમાં કેવો અફલાતૂન આવકાર મળ્યો, નાટ્ય રસિકોએ એના કેવા ઓવારણાં લીધાં એની વાત વિગતે મેં બે હપ્તા પહેલા કરી હતી. ન સમજાય કે ગળે ન ઊતરે એવી વાત એ છે કે આ નાટકને ગુજરાતમાં પસંદ નહોતું કરવામાં આવ્યું. મુંબઈમાં ૩૦૦ કરતાં વધારે શો થયા અને અમે કલકત્તામાં પણ નાટક ભજવી આવ્યા, પણ ગુજરાતમાં એના શો માટે અમને આમંત્રણ મળ્યું જ નહીં. આવા જબરદસ્ત હિટ નાટક સાથે કેમ આવું ઓરમાયું વર્તન થયું એનો જવાબ કોઈ પાસે નહોતો. ગુજરાતી નાટકને ગુજરાતમાં જ આવકાર નહીં, બોલો.



જોકે, નવા ગ્રુપ સાથ'અફલાતૂન'ના શો શરૂ કર્યા ત્યારે અમદાવાદ અને ગાંધીનગરથી શો માટે આમંત્રણ અમને મળ્યા. આ નાટક ઉપેન્દ્ર ત્રિવેદી પ્રોડક્શન્સનું હતું અને એ સમયે ઉપેન્દ્ર ભાઈ ગુજરાતની કેબિનેટમાં પ્રધાન હતા. અમદાવાદના પ્રયોગ વખતે બનેલી ઘટના આજે પણ યાદ આવે છે ત્યારે મન ચકરાવે ચડી જાય છે કે આવું કેમ થયું હશે? નાટકનો છેલ્લો સીન બાકી હતો ત્યાં અચાનક પાછળની હરોળમાં બેઠેલા પ્રેક્ષકોએ હુરિયો બોલાવવાનું શરૂ કર્યું. 'નાટક બંધ કરો' જેવી બૂમો પાડવા લાગ્યા. વાતાવરણ ઉગ્ર બની રહ્યું હોવાથી પડદો તો પાડી દીધો, પણ અમે બધા વિચારમાં પડી ગયા કે આખું નાટક એન્જોય કર્યા પછી છેક છેલ્લે પબ્લિકે આવું શા માટે કર્યું હશે? જાતજાતની વાતો થઈ, પણ હશે એમ કરી અમે મન વાળી લીધું. અમદાવાદનો કડવો અનુભવ વિસરી અમે શો કરવા હિંમતનગર ગયા. અહીં ઉપેન્દ્ર ભાઈ અમને મળવા આવ્યા. અમારી સાથે વાતચીત કરી હૈયાધારણ આપી અમારો ઉત્સાહ વધાર્યો. આમ ગુજરાતમાં એક આંગળીના વેઢે ગણાય એટલા જ શો થયા.

એક દિવસ 'અફલાતૂન' નાટકનો પ્રયોગ જોવા સિદ્ધાર્થ રાંદેરિયા આવ્યો હતો. નાટક જોયા પછી સિદ્ધાર્થે મને ફોન કર્યો અને પ્રવીણ સોલંકી લિખિત 'રંગ છે રાજા' નાટકમાં મને રોલ ઓફર કર્યો. આ તરફ 'અફલાતૂન' નાટક બંધ થશે એવી ચણભણ થઈ રહી હતી. એટલે મેં નવું નાટક 'રંગ છે રાજા' સ્વીકારી એના રિહર્સલ શરૂ કરી દીધા. સાથે પેલા જૂની રંગભૂમિ સંબંધિત શો તો ચાલુ જ હતા. અમેરિકાથી પાછી ફરી ત્યારે કોઈ કામ નહોતું એટલે પછી બે નાટક અને એક શોનું કામ મળ્યું હોવાથી હું હરખાઈ ગઈ. કલાકારને વ્યસ્તતા અત્યંત પ્રિય હોય છે.

'રંગ છે રાજા'નું મારું પાત્ર બહુ જ સરસ હતું. દર્શકોને કાયમ યાદ રહી જાય એવું. તખ્તા પર કામ કરતા અભિનેતા- અભિનેત્રીને નાટકની નાઈટ પેટે તગડું કવર મળે એના આનંદ કરતા એનું પાત્ર દર્શકોને કેટલું ગમે છે એમાં વધુ રસ હોય છે. હૈયામાં કોતરાઈ જવાની વાત જ ઓર હોય છે. નાટકનો થીમ અને એની રજૂઆતને સારો આવકાર મળ્યો અને એના ૨૦૦ પ્રયોગ થયા. એ દરમિયાન આ નાટક માટે અમેરિકા ટુર નક્કી કરવામાં આવી.

સિદ્ધાર્થ રાંદેરિયા સાથે હું પહેલી વાર કામ નહોતી કરી રહી. અગાઉ સરિતા જોશીના 'દેવકી' નાટકમાં અમે સાથે કામ કર્યું હતું. એ વખતે સિદ્ધાર્થ સાથેના સીનમાં કોઈ સમસ્યા થતી હોવાનો ફણગો ફૂટ્યો હતો પણ એ સમસ્યાનો બહુ જલદી ઉકેલ સુધ્ધાં આવી ગયો હતો. સિદ્ધાર્થ રાંદેરિયાનો રંગભૂમિ પર ડંકો વાગતો હતો. એના નાટકોની લોકપ્રિયતા જબરદસ્ત હતી. ચેરિટી શો ઓછા કરે અને ઘણી વાર તો ના પાડી દે અને પબ્લિક શો કરે ત્યારે મોટેભાગે 'હાઉસફુલ'નું પાટિયું ઝૂલતું જ હોય. એનું નસીબ બહુ બળવાન છે એવી દલીલ નાટ્ય સૃષ્ટિના કેટલાક લોકો કરતા. નસીબનો સાથ હોય એ જરૂરી છે, પણ અંતે તો તમારું નાટક પ્રેક્ષકોના હૃદય સુધી પહોંચે એ જરૂરી છે અને એવું બને તો જ દર્શકો દોડતા થિયેટરમાં આવે.

રિહર્સલ દરમિયાન જ કલાકારોને ખ્યાલ આવી ગયો હતો કે આ નાટક ઊપડશે. અને થયું પણ એવું જ. ૨૦૦ ખેલ ભજવાયા પછી 'રંગ છે રાજા' નાટક અમેરિકા લઈ જવાનું નક્કી થયું. અગાઉનો અમેરિકાનો અનુભવ સારો નહોતો એટલે યુએસની વાત સાંભળવા મળી ત્યારે હું કંઈ બહુ હરખાઈ ન ગઈ. જોકે, અમેરિકાના પ્રવાસે નાટક જઈ રહ્યું છે એ વિશે સત્તાવાર રીતે મારી સમક્ષ કોઈ રજૂઆત ન થઈ. મને પૂછવામાં પણ નહોતું આવ્યું. નાટકના નિર્માતા કિરણ સંપટ હતા. તેમણે મને એટલું જ કહ્યું કે 'મહેશ્વરી, એકાદ મહિનાની જ ટૂર છે. ત્યાંથી પાછા ફર્યા બાદ ફરી તારી સાથે જ નાટક કરવાનું ચાલુ રહેશે. એટલો સમય તું સંભાળી લેજે.'

'રંગ છે રાજા'ના મારા રોલ માટે શચિ જોષી નામની અભિનેત્રીને લઈ જવાના છે એવી જાણકારી મને મળી. ગુજરાતી નાટકોમાં આવું ઘણી વાર બનતું હતું. સ્વદેશમાં કોઈ નાટકના ૨૦૦ - ૩૦૦ શો થયા હોય અને કલાકારનું પરફોર્મન્સ પણ દર્જેદાર રહ્યું હોય તો પણ નાટક અમેરિકા જવા ઊપડે ત્યારે અમુક કલાકાર બદલી નાખવામાં આવે. એટલું જ નહીં, જે કલાકારને બદલી નાખવાનો નિર્ણય લેવાયો હોય એને જાણ કરવાનું સૌજન્ય પણ ન દેખાડવામાં આવે. અલબત્ત, મને આ વાતનું માઠું નહોતું લાગ્યો. મને પૂછ્યું હોત તો પણ અગાઉના અમેરિકાના પ્રવાસના કંગાળ અનુભવને કારણે મેં જવાની ના જ પાડી હોત.

એક મહિના સુધી મારે હાથ જોડીને ઘરે બેસી રહેવું પડ્યું. નવું કોઈ કામ મળ્યું નહીં. જોકે, એક હૈયાધારણ એ હતી કે 'રંગ છે રાજા'ના શો મુંબઈમાં ફરી ચાલવાના છે. ખુદ નિર્માતા કિરણ સંપટે આ વાત મને કરી હતી. એક મહિનાનો પ્રવાસ કરી ગ્રુપ પાછું ફર્યું અને ફરી હું એના શો કરવા લાગી. જોકે, આ વખતે પબ્લિકનો રિસ્પોન્સ અગાઉ જેવો નહોતો એનો ખ્યાલ અમને બધાને આવી ગયો. ટિકિટબારીનું સેલ એ વાતની પુષ્ટિ આપતું હતું. આ દરમિયાન મારી જાણ બહાર કિરણ સંપટ ગ્રુપે નવા નાટકના રિહર્સલ શરૂ પણ કરી દીધા.■

## મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં...

ડાહ્યાભાઈ ધોળશાજીએ શ્રી દેશી નાટક સમાજ માટે 'વીણાવેલી' નામનું નાટક લખેલું. નાટકનું સ્વરૂપ પદ્ય છે પણ આ નાટક ગદ્ય સ્વરૂપે પણ ખીલ્યું છે. નાટકની કથા અનુસાર ચંપાગઢના રાયસિંહને વીણાસુંદરી અને વેલીસુંદરી નામે બે દીકરીઓ હતી. મા ગુજરી ગયા પછી વીણા સુંદરીએ ચતુરાઈ અને વિદ્યાના બળથી પોતાનો સંસાર કેવી રીતે સુધાર્યો તથા વેલીસુંદરી લક્ષ્મીના મદમાં વિદ્યા વિના કેવી પસ્તાઈ એ નાટકનું કથા તત્ત્વ છે. નાટકમાં પીંપળ પાન ખરંતા શીર્ષક સાથે એક હૃદયસ્પર્શી ગીત છે. આખું ગીત આ પ્રમાણે છેઃ *કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ, તારો ત્યાં લગી જાણજે જ્યાં લગી શ્વાસોશ્વાસ. સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઈએ, રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ. પીંપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં. નહિ જેવી ને તેવી નિત્ય કોઈની નભતી જોઈએ, દશાના ઢંગ ઋતુના રંગ જેવા દેખી લઈએ. કદી મહોલાતો માળિયાં, કોમળ છપ્પર ખાટ, કોઈ દિન એવો આવશે, ભૂખ્યા ન મળે ભાત.* કહે છે ને કે એક તસવીર એક હજાર શબ્દના અહેવાલ કે લેખ કરતાં વધુ પ્રભાવી ચિત્ર રજૂ કરવાની તાકાત ધરાવે છે. બસ એ જ રીતે કાવ્યની કેટલીક પંક્તિઓ એકાદ કલાકના વાણી પ્રવચન કરતા વધુ સચોટ સાબિત થઈ સમજણમાં ઉમેરો કરે છે. પીંપળ પાન ખરંતા એનું આગવું ઉદાહરણ છે, બરોબર ને! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@
bombaysamachar.com

# વેચાણ છે પણ કંઈક શું ખૂટે છે?

ગયા અઠવાડિયે આપણે 'પ્રાદા' બ્રાન્ડના કિસ્સા થકી વાંક કોનોની વાત કરી. આપણે તે પણ જોયું કે આનું

એકમેવ કારણ છે આપણે ક્યારેય આપણા કૂવામાંથી બહાર નથી આવ્યા. આપણે ક્યારેય આપણી આ બધી વાતોને દુનિયા સમક્ષ નથી મૂકી. આપણે ક્યારેય આ વાતોનો, ખાસ કરીને વ્યવસાયલક્ષી ઉત્પાદનો, સેવાઓને વૈશ્વિક સ્તરની બ્રાન્ડ બનાવવા વિશે કે તે પ્રકારે પ્રમોટ કરવા અંગે નથી વિચાર્યું. આપણે તે પણ જોયું કે 'પ્રાદા'નો અનુભવ તે બધા માટે છે, જે પોતાના દેશમાં પણ બ્રાન્ડ બનાવવા નથી માગતા અને જેમ ચાલે છે તેમાં ખુશ છે. આ એવો વર્ગ છે જે ક્યારેય બ્રાન્ડ બનાવવા તરફ ધ્યાન નથી આપતો અને ફક્ત વેચાણથી ખુશ છે.

બીજી તરફ, આ દિશામાં પશ્ચિમી દેશોએ ઘણું કામ કર્યું છે. એ પોતાની બ્રાન્ડ બનાવવાની શરૂઆત પહેલે દિવસથી કરે છે, તેને વૈશ્વિક સ્તરે લઇ જાય છે જેથી એના પર પોતાનો હક્ક સ્થાપિત કરી શકે.

આ અઠવાડિયે એક વેપારીને મળ્યો, જે ઓનલાઇન પર વ્યવસ્થિત વેપાર કરે છે અને કદાચ આ ગતિએ કરતાં પણ રહેશે. એમણે કહ્યું કે આપણી બ્રાન્ડ છે ઓનલાઇન પર અને સારું એવું વેચાણ થાય છે તો મેં પૂછ્યું : 'તો મુશ્કેલી શું છે?' તો એ કહે : 'ખબર નથી પડતી, પણ કંઈક ખૂટે છે...'




મારા માટે આ નવું નહોતું, કારણ કે હું આવા વેપારીઓને દિવસ રાત મળું છું અને ખબર હોય છે કે મુશ્કેલી શું છે.

આપણે મન બ્રાન્ડ એટલે સારું નામ રાખવું ને એનાથી આગળ થોડું સારું પેકેજીંગ બનાવવું... આપણી કથા અહીં પૂરી થાય અને આપણે કહીએ પોઝિશનિંગ કે બ્રાન્ડ બનાવી.... જોકે, બ્રાન્ડનું મહત્ત્વનું પાસું છે પોઝિશનિંગ- આના પર હું વારંવાર ભાર આપું છું અને બસ, આજ વાત તે વેપારી સાથે છે. એની બ્રાન્ડનું પોઝિશનિંગ નથી તેના કારણે તેનું કોઈ ચોક્કસ પરસેપ્શન- ધારણા નથી.

લોકો શા માટે તેને ખરીદે છે એ મૂળ વાત નથી, બ્રાન્ડનું સૌથી મહત્ત્વનું પાસું આ છે અને ઉત્પાદક આને જ નજરઅંદાજ કરે છે.

આજે ઓનલાઈનના સમયમાં આ વાત ઘણી સહજ છે કે લોકો પ્રોડક્ટ લાવે- નામ રાખે- પેકેજીંગ કરે અને વેચવાની શરૂઆત કરે. વેચાણ થાય ના નથી, પણ એક સમય આવે ત્યારે વેચાણમાં સ્થિરતા આવી જાય, હા, જો સમજુ વેપારી હોય તો તેનો ઉકેલ શોધવાની એ કોશિશ કરે.

સ્કૂલમાં બાળકોને રિવિઝન કરાવે, જેથી લેસન પાક્કુ થાય. ચાલો, આપણે પણ લેસન પાક્કુ કરીયે....

**પોઝિશનિંગ વિશે વિચારીએ... પોઝિશનિંગ શું છે?**

તમારી પ્રોડક્ટ અને વેપારની દૃષ્ટિએ તમે તમારા સ્પર્ધકોનાં ઉત્પાદનોથી કેવી રીતે અલગ છો તેની વાત એટલે પોઝિશનિંગ. એના આધારે તમારો ગ્રાહક તમને યાદ રાખે અને એના મનમાં અને દિલમાં તમને સ્થાન આપે. બીજા શબ્દોમાં, પોઝિશનિંગ એ બ્રાન્ડ અથવા ઉત્પાદનની ઓળખ સ્થાપિત કરવાની પ્રક્રિયા, જેથી ગ્રાહક તેને ચોક્કસ રીતે સમજી શકે.

પોઝિશનિંગ તમને અલગતા પ્રદાન તો કરે છે તે ઉપરાંત ક્લિયર પોઝિશનિંગ તમને તમારું વ્યવસ્થિત ટાર્ગેટ ઓડિયન્સ અને માર્કેટ ડિફાઈન કરવામાં મદદ કરે છે. પોઝિશનિંગ ક્લિયર હોવાથી તમારું કોમ્યુનિકેશન -મેસેજ એક સરખું સમાન રહેશે, જેથી ગ્રાહકને પણ સ્પષ્ટતા મળશે અને તમારી સાથે તેનો સંબંધ વધુ ગાઢ થશે.

પોઝિશનિંગ દ્વારા ઘણીવાર નવા સેગ્મેન્ટ પણ ધ્યાનમાં આવે છે, જેના થકી તમે નવા પ્રોડક્ટ કે સેગ્મેન્ટ લોન્ચ કરી શકો. પોઝિશનિંગ મહત્ત્વપૂર્ણ ફક્ત તે માટે નથી કે તે ગ્રાહકો પર યાદગાર છાપ છોડે છે, પરંતુ તે તમારા ગ્રાહકોને તમારી બ્રાન્ડ પાસેથી શું અપેક્ષા રાખવી તે પણ જણાવે છે. તે તમારી જાતને સ્પર્ધકોથી અલગ પાડવાની અને તમે જે ઓફર કરો છો તે સ્પષ્ટ કરવાની એક રીત છે.

તમારું પોઝિશનિંગ એક વ્યવસાય તરીકે તમે કોણ છો અને તમને લોકો કઇ રીતે જોવે, તે જણાવે છે. લોકો તમારું પરસેપ્શન બનાવે તે પહેલાં તમને તમારું પરસેપ્શન બનાવવાની તક આપે છે.

પોઝિશનિંગના સહારે વેચાણમાં વધારો શક્ય બને છે. કોઈપણ વ્યવસાયનો મુખ્ય ધ્યેય એટલે વેચાણ અને વધુ આવક...

ફક્ત તમે જે ઉત્પાદનો વેચો છો તે નહિ, પણ પોઝિશનિંગ તમને નવાં ઉત્પાદન બનાવવામાં, નવી બજારમાં પ્રવેશવામાં મદદ કરે છે. પરિણામે નવા ગ્રાહકો અને વેચાણમાં વધારો, વધુ નફો. ...જો તમે ટોળામાંના એક હશો તો તમારી કોઈ કિંમત નથી, પણ તમે જો ટોળાની બહાર ઊભા હશો તો લોકોનું ધ્યાન તમારા તરફ ખેંચાશે. આવા સમયે તમને ટોળાની બહાર ઊભા રાખવાનું કામ પોઝિશનિંગ કરશે. અને જયારે તમારું પોઝિશનિંગ બનાવી વેપાર કરો છો ત્યારે તમે ગ્રાહકનો હાર્ટ શેર, માઈન્ડ શેર લઇ તમારું વોલેટ શેર વધારો છો.

આજે ઓનલાઇન સેલ્સના સમયમાં ઉત્પાદનોની કમી નથી, રોજ કોઈ નવો વેપારી જન્મે છે જે માર્કેટમાં હયાત છે અને વેચાય છે તેવાં ઉત્પાદનો વેચશે.

આવા સમયે યોગ્ય પોઝિશનિંગ તમારા પ્રોડક્ટ અથવા સર્વિસને ફક્ત પ્રતિસ્પર્ધીની તુલનામાં એક ડગલું આગળ રાખવા ઉપરાંત ગ્રાહકોના મનમાં સકારાત્મક છબી પણ ઊભી કરે છે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com


# બબ્બે દલાઈ લામા ધરાવતી આ દુનિયા કેવી લાગશે?

એક અત્યંત આદરપૂર્વક પદ એટલે દલાઈ લામા. હા, દલાઈ લામા કોઈ નામ નથી પણ પદ છે. દલાઈ લામાને બધા ઓળખે છે. જે બૌદ્ધ નથી એ બધા પણ દલાઈ લામાને આદર આપે છે. એ ધર્મગુરુ પણ છે અને વિશ્વ પ્રસિદ્ધ છે. અત્યારે જે દલાઈ લામા છે એમનું નામ તેનઝિન ગ્યાત્સો છે. આ ૬ જુલાઈના રોજ એમનો ૯૦મો જન્મદિવસ ઉજવાયો. દુનિયાભરના શ્રદ્ધાળુઓએ એમનો જન્મદિવસ પોતપોતાની રીતે ઉજવ્યો. નેવુંમાં જન્મદિવસ ઉપર એમણે કહ્યું કે એ હજુ બીજાં ૪૦ વર્ષ જીવશે અને ૧૩૦ વર્ષ પછી એમનું અવસાન થશે પછી એમનો પુનર્જન્મ થશે અને ફક્ત 'ગાડેન ફોદ્રાંગ ટ્રસ્ટ' જે એમના કાર્યાલય સાથે જોડાયેલી એક સત્તાવાર સંસ્થા છે તેને જ એમના અનુગામીની ઓળખ કરવાનો અધિકાર રહેશે. દલાઈ લામાની પસંદગી કરવાની પદ્ધતિ પણ વિશેષ રીતે રસપ્રદ હોય છે.

જો કે, વર્તમાન દલાઈ લામાની આ જાહેરાતથી ચીન રાબેતા મુજબ અસંમત છે. ચીની તંત્રનો દાવો છે કે આગામી દલાઈ લામા કોણ હશે તે નક્કી કરવાનો અધિકાર ફક્ત તેમને જ છે. આ મતભેદને કારણે એવી શક્યતા ઊભી થઈ છે કે ભવિષ્યમાં દુનિયામાં બે દલાઈ લામા હશે! એક તિબેટીઓ દ્વારા પસંદ કરાયેલા અને બીજા ચીની સરકાર દ્વારા નીમાયેલા. તિબેટ દ્વેષી ચીની સરકાર મહાન બુદ્ધના બૌદ્ધ ધર્મમાં પણ ચંચુપાત કરવામાંથી બાકાત નહિ રહે. ચીનની મુરાદ કેટલી મેલી છે એ તેમના આવા નિર્ણયો પરથી ખ્યાલ આવે.

તિબેટિયન બૌદ્ધ પરંપરા અનુસાર, દલાઈ લામા ચૂંટાતા નથી કે નિયુક્ત થતા નથી - એમના મૃત્યુ પછી એમનો પુનર્જન્મ થતો હોવાનું માનવામાં આવે છે. દલાઈ લામાના અવસાન પછી, વરિષ્ઠ તિબેટિયન સાધુઓ એક નાના બાળકને શોધવા માટે લાંબી અને આધ્યાત્મિક શોધ શરૂ કરતા હોય છે. એવી શોધ જે એના પુનર્જન્મના સંકેતો દર્શાવે. આ ચિન્હોમાં પવિત્ર તળાવોના દર્શન, અમુક ચોક્કસ સપના અથવા બાળકનું ભૂતપૂર્વ દલાઈ લામાની વસ્તુઓને ઓળખી જવું છે, ઈત્યાદિ... આ પ્રક્રિયામાં ઘણીવાર વર્ષો પણ લાગે છે.

૧૩મા દલાઈ લામાના મૃત્યુના છ વર્ષ પછી ૧૯૩૯માં વર્તમાન દલાઈ લામાને સ્થાપિત કરવામાં આવ્યા હતા. સાધુઓ માનતા હતા કે યુવાન તેનઝિન ગ્યાત્સો જ યોગ્ય બાળક હતો, કારણ કે તે અગાઉના દલાઈ લામાની અંગત વસ્તુઓને ઓળખી ગયેલા અને દાવો કરતા હતા કે, 'આ મારું છે.' આ પછી, ૧૯૪૦માં, એમને તિબેટના લ્હાસામાં પોટાલા પેલેસમાં સત્તાવાર રીતે ગાદી પર બેસાડવામાં આવ્યા હતા.



૧૯૫૦માં આક્રમણખોર ચીને તિબેટ પર આક્રમણ કર્યા પછી બધું બદલાવા લાગ્યું. ૧૯૫૯માં, ચીની શાસન સામે નિષ્ફળ બળવો થયા બાદ, દલાઈ લામાએ ભારતમાં આશરો લીધો અને ધર્મશાલા ખાતે રોકાયા. ત્યારથી ચીને તિબેટિયન બૌદ્ધ ધર્મ પર નિયંત્રણ લાવવાનો પ્રયાસ કર્યો છે, જેમાં મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક નેતાઓની પસંદગીનો પણ સમાવેશ થાય છે. ૧૯૯૫માં એક સીમાચિન્હરૂપ કિસ્સામાં, દલાઈ લામાએ ગેન્ડુન ચોકી ન્યામા નામના છોકરાને આગામી પંચેન લામા તરીકે માન્યતા આપી - જે તિબેટિયન બૌદ્ધ ધર્મમાં બીજા ક્રમના સર્વોચ્ચ આધ્યાત્મિક વ્યક્તિ ગણાય. જવાબમાં, ચીને છોકરાનું અપહરણ કર્યું અને પોતાના લામાની નિમણૂક કરી, જેને અનેક તિબેટિઓએ નકારી કાઢ્યો. ચીનના આ કારસ્તાનને કારણે દલાઈ લામાને બહુ દુખ થયું હતું.

દલાઈ લામા જાણે છે કે એમના મૃત્યુ પછી પણ ચીનના કારણે બહુ ગંદું રાજકારણ ખેલાશે. ચીનની સરકાર બૌદ્ધ પરંપરાને પાળશે નહિ અને ધર્મમાં પણ પોતાની સરમુખત્યારશાહી લાદવાની કોશિશ કરશે. પોતાના ઉત્તરાધિકારી સાથે પણ ખરાબ પરિસ્થિતિ ઊભી થવા અંગે ચિંતિત એવા દલાઈ લામાએ હવે સ્પષ્ટ કર્યું છે કે એમના પુનર્જન્મની પસંદગી સંપૂર્ણપણે તિબેટિયન ધાર્મિક નેતાઓ દ્વારા કરવામાં આવશે અને કોઈપણ બહારની સરકાર -ખાસ કરીને ચીનને તેમાં દખલ કરવાનો અધિકાર નથી. દલાઈ લામાએ શાંતિથી સમાધાન લાવવાના ઘણા પ્રયાસો કર્યા છે, પણ ચીન અને પાકિસ્તાન આ બે દેશ તો ક્યારેય શાંતિની ભાષા સમજવાના નથી.

જો કે, ચીને રાબેતા મુજબ દલાઈ લામાનાં નિવેદનોને સ્વીકારવાનો ઇનકાર કર્યો. ચીને એમને અલગતાવાદી ગણાવીને ભારપૂર્વક જાહેર કર્યું છે કે ફક્ત ચીની સરકાર જ દલાઈ લામાના અનુગામીને મંજૂરી આપી શકે છે. કિંગ રાજવંશ હેઠળ ૧૮મી સદીની પ્રથાનો ઉલ્લેખ કરીને ચીને કહ્યું કે આગામી દલાઈ લામાની પસંદગી સોનાના કળશમાંથી લોટરી દ્વારા થવી જોઈએ અને આ માટે બીજિંગની સત્તાવાર મંજૂરી લેવી પડશે. ચીની અધિકારીઓનો દાવો છે કે દેશમાં ધાર્મિક બાબતો પર કમ્યુનિસ્ટ પાર્ટીનું સંપૂર્ણ નિયંત્રણ છે. નિષ્ણાતો માને છે કે ચીન આખરે સરકાર દ્વારા માન્ય લામાઓની પસંદગી સંલગ્ન તબક્કાવાર પ્રક્રિયા દ્વારા પોતાના 'દલાઈ લામા'ની પસંદગી કરશે ત્યારે તિબેટિઓ અને વિશ્વભરના લાખો બૌદ્ધો પરંપરાગત આધ્યાત્મિક પ્રથાઓ દ્વારા પસંદ કરાયેલા સિવાય અન્ય કોઈને સ્વીકારવાનો ઇનકાર કરી જ શકે છે. આમ તિબેટિયન બૌદ્ધ ધર્મના આત્મા સમાન પદ એટલે કે દલાઈ લામાની પદવી માટેનું યુદ્ધ શરૂ થઈ ગયું છે. ટૂંક સમયમાં એક જ આધ્યાત્મિક નેતાના બે અલગ અલગ સંસ્કરણો- બે અલગ વર્ઝન વિશ્વને જોવા મળશે, જે માનવજાતની સૌથી મોટી કમનસીબી ગણાશે... ■

ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# પોળોનાં જંગલોમાં વર્ષાનો વૈભવ!

## પ્રકૃતિમાં તરબતર થઈ જવાની મોસમ વર્ષા ઋતુમાં ગુજરાતનું અલૌકિક પોળોનું જંગલ







ગાડી ધીમી ગતિએ ચોતરફ લીલોતરી જ લીલોતરી હોય એવા વિસ્તારમાં પ્રવેશી અને આંગળીનું ટેરવું સીધું જ ગાડીનાં ટચસ્ક્રીન પર વાગતા ગીતોને બંધ કરવા આપોઆપ આગળ ધપ્યું, કારનું એસી બંધ અને મંદ મંદ વહેતો વાયરો ડીલને સ્પર્શે એ આશયથી બારીનાં કાચ ખોલી નાંખ્યા. મારી એક જ સાથે આવું બને એવું નહિ પણ આ જંગલમાં પ્રવેશનાર દરેક વ્યક્તિ સાથે આવો અનુભવ થાય જ. હિમ્મતનગરનાં પોળોનાં જંગલના દરેક તત્ત્વમાં ખોવાઈ જવા માટે સહુ કોઇ થનગની ઉઠે. રસ્તાને માણવો એ મારી વર્ષો જૂની આદત છે. કોઈ પણ સ્થળ પર પહોંચતી વખતે ત્યાં પહોંચવાની જલદી કરતા ત્યાં પહોંચતા રસ્તાને માણતા જઈએ તો જ મુસાફરી સાર્થક ગણાય એવું હું માનું છું. ઋતુઓની રાણી વર્ષાઋતુને આવકાર આપવા પોળોનાં જંગલો તરફ નીકળ્યો. ઓછા લોકો અને વિશાળ વૃક્ષોનાં પર્ણો પાર પડતી વરસાદની બૂંદોથી સર્જાતું કર્ણપ્રિય સંગીત સાંભળવા માટે કે વાદળોને પહાડોની ટોચ સાથે ગમ્મત કરતા જોવા માટે પોળોથી વિશેષ કઈ જગ્યા હોઈ શકે? પોળોનાં જંગલો તરફ જતા પહાડ પરથી વહેતી સરવાણીઓ ભેગી મળીને નાની નાની ધારાઓ રૂપે વહેતી હોય ત્યારે એને જોવાનો એક અલગ પ્રકારનો આનંદ આવે અને જરાક વાર ક્યાંય કોઈક પુલ પર ગાડી ઊભી રાખીને આવી પળોને આંખોમાં ભરી લેવી એ જ ખરી મજા. પોળોનાં જંગલોમાં પ્રકૃતિનો આવો અખૂટ ખજાનો છે, લૂંટી શકો તો લૂંટી જ લેજો, રખેને આધુનિકતાની ગર્તામાં એ ધકેલાઈ જશે તો પછી કહેશો... અમે તો આવું પોળો ક્યારેય નથી જોયું. ટૂંકમાં જે આપણે ન જોયું હોય એનું અસ્તિત્વ ન હોય એવું જરાયે નથી હતું પણ આપણા નસીબમાં એ નથી હોતું અથવા તો ચોક્કસ સમયે આપણે યોગ્ય સ્થળ પર હાજર નથી હોતા.

હરણાવ નદીનો સાંકડો પટ જાણે આંખને જંગલની કેડી સુધી દોરવા લાગ્યો અને વર્તુળાકાર રસ્તો ધીરે ધીરે મને જંગલનાં ઊંડાણમાં લઇ જઈ રહ્યો હતો. જરા તારા બાકી રહેલો દિવસ વિશાળ અને લીલા છમ્મ વૃક્ષોને આછેરા પ્રકાશ થકી વધારે સુંદર બનાવી રહ્યો હતો. વાદળાંઓ આવન જાવનની રમત રમતા રમતા પહાડની ટોચને ઢાંકી રહ્યા હતા તો વળી ક્યારેક દોટ મૂકીને દોડી રહ્યા હતા. પ્રકૃતિ મારામાં રહેલા બાળકને હંમેશાં જીવતું રાખે છે. ખેરખટ્ટાએ પોળોનાં જંગલોમાં જાણે હરખથી મારું સ્વાગત કરતો ઊંચો કોલ આપ્યો કે જાણે મારામાં નવી જ ચેતનાનો સંચાર થતો હું સ્પષ્ટપણે અનુભવી શક્યો. હરણાવ નદીનાં કિનારે જ વનવિભાગનાં રેસ્ટ હાઉસ પાર પહોંચ્યો કે સંધ્યાએ ઘેરો ઘાલ્યો અને ધરણીએ અંધકારનો ઘૂમટો તાણ્યો. કશું જ ન કરીને જાતને કુદરતમાં ઓળઘોળ કરીને જાતને પ્રવૃત્તિમય રાખી શકાય એવું સ્થળ એટલે નેટવર્ક વિનાનું જંગલ અને ગુજરાતમાં પોળોનાં જંગલમાં આવેલ સદીઓ જૂનું શરણેશ્વર મંદિર વટાવો કે નેટવર્ક સાથ છોડી દે અને અરણ્યનો નાદ સ્પષ્ટપણે સાંભળી શકાય. રાત્રિનો માહોલ જામ્યો હતો અને હરણાવ નદીના કિનારે અંધકારમાં લાકડાની એક બેન્ચને અઢેલીને બેઠો અને ગોરંભાયેલા આકાશ સામે મીટ માંડી. વાદળાંઓએ આ વખતે મને ટમટમતાં તારોડિયાથી દૂર રાખ્યો પણ એની ખોટ ન સાલે એવા ઝગમગાટ કરતા તારોડિયાથી જરાક જ વારમાં નદીને સામે કાંઠે આવેલું વૃક્ષ આખું ભરાઈ ગયું. અસંખ્ય આગિયાઓ જાણે બત્તી લઈને જંગલ ફરવા નીકળ્યા હોય એમ વારંવાર ઝગમગાટ કરતા હતા. પાણીમાંથી દેડકાંઓનો મધુર ધ્વનિ કાન પર એ રીતે પડતો હતો જાણે તેઓ આખાયે દ્રશ્યને બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપી રહ્યા હોય, દરેક ઋતુનો આગવો મિજાજ હોય છે જો એને કુદરતનાં સ્વભાવ પ્રમાણે જ માણવામાં આવે. ઘડીભર ત્યાંને ત્યાં બેસીને વર્ષા ઋતુનાં આ અદ્ભુત માહોલને હું માણતો જ રહ્યો જાણે કુદરતનાં આ જ વિશ્વનો હું એક નાનકડો હિસ્સો હોઉં.

સવાર ઉઘડતા જ કેમેરા લઈને નીકળી પડ્યો પોળોનાં જંગલોને ખૂંદવા માટે. હિમાલય પણ જેની સામે બાળક લાગે, વેદોની ઋચાઓનો ધ્વનિ સમોં, કરોડો વર્ષો પૂર્વે અસ્તિત્વમાં આવેલ એવી અરવલ્લીની ગિરિમાળાઓને નજીકથી અનુભવો તો જ પ્રકૃતિનો ખોળો ખુંદયો કહેવાય બાકી તો કિનારે બેસીને ચહેરા પર અનાયાસે જ પડતી બૂંદોને માણવા જેવો જ ભાવ રહે. વિશ્વની સહુથી પ્રાચીન પર્વતમાળા એટલે અરવલ્લીની પર્વતમાળા એમાં પણ વર્ષાઋતુમાં અરવલ્લીના પહાડો ખૂંદવાનો મોકો મળે એટલે જાણે વરસાદમાં નાચતા મોરની માફક મારું મન પણ નાચી ઉઠે. અરવલ્લીની ધરામાં આવેલ પોળોનાં જંગલોમાં આવેલ પહાડો અને એમાં રહેલા મંદિરો ખૂબ જ પ્રાચીન સભ્યતાની ધરોહરને સમયના પડ ચઢાવીને પણ સાચવીને બેઠા છે. અરવલ્લીના ખોળે બૌદ્ધ, શૈવ પંચાયતન શૈલી અને જૈન મંદિરો સદીઓ જૂની સંસ્કૃતિનો અહેવાલ નજર સમક્ષ તાદ્દશ કરે છે તો નયનરમ્ય પહાડીઓ પર ચઢતા ચઢતા સંભળાતા અવનવા પક્ષીઓનાં ગાન અને પ્રકૃતિનો લય આપોઆપ મારામાં એક પ્રકારનો નશો ભરી દે છે. અરવલ્લીની ગિરિમાળામાં આવેલ પોળોનાં જંગલમાં એ ઇતિહાસ ધરબાયેલ છે જે આપણી સંસ્કૃતિનું સર્જનનું મૂળ છે અને આપણા અસ્તિત્વની ઝાંખી છે. અહીં આવેલા આશરે પંદરમી સદીનાં જૈન મંદિરનાં અવશેષો જોતા અહીંની એક સમયની ભવ્યતાનો સ્પષ્ટ અંદાજ લગાવી શકાય. આમ તો હું પ્રકૃતિના ફોટોગ્રાફ લેવાનો જ રસ ધરાવું છું પણ ક્યારેક કોઈક ઐતિહાસિક ધરોહર અથવા તો અચંબિત કરે તેવું કઈ પણ મળે તો મને આકર્ષે ખરું. સેન્ડ સ્ટોનથી બનેલ સદીઓ જુના અહીંના જૈન અને સૂર્ય મંદિરમાં દક્ષિણ દિશામાં શ્રી વિઘ્નવિનાયક દેવને અદ્ભુત કારીગરી કરીને કોતરી લેવામાં આવ્યા છે. એ વખતે દિશાનું પણ એટલું જ ધ્યાન રખાયું અને આકર્ષણનું પણ. આપણું રક્ષણ થાય એટલા માટે હંમેશોં કમર આસપાસ કંદોરો બાંધવામાં આવે છે એ રીતે જ મંદિર આસપાસ કંદોરાની કોતરણી કરવામાં આવી જેમાં દક્ષિણ દિશામાં શ્રી વિઘ્નવિનાયક દેવનું સ્થાપન કર્યું હશે, સામાન્ય રીતે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કોઈ પણ પ્રકારના વિઘ્ન દક્ષિણ દિશા તરફથી જ વધારે આવતા હોય છે એ અનુસંધાનને ધ્યાનમાં લઈને ઘરના દરવાજાઓ પણ દક્ષિણ દિશા તરફ નહોતા રખાતા. શક્તિ મંદિર અને શિવ પંચાયતન મંદિરના અવશેષોને સ્પર્શીને નિહાળ્યાં બાદ ટ્રેક કરવાનો શરૂ કર્યો. હરણાવનાં વળાંકને અને ખુલ્લા પટનું વિહંગાવલોકન કરીને હલ્દીઘાટીની વાર્તાઓમાં જાણે ખોવાય ગયો, એક સમયે મહારાણા પ્રતાપે સંતાવા માટે આ જ જંગલોનો સહારો લીધો હતો. આ જંગલો ઇતિહાસની કેટકેટલીયે વાર્તાઓ સંગોપીને બેઠા હશે એવા વિચારો સાથે ફરી ટ્રેક પર આગળ ધપ્યો કે દૂર ટેકરીઓ પર વાદળાંઓને દોડી જતા જોયા જાણે વાદળાઓ જંગલ જોવા ઊમટ્યાં. વાદળો મન મૂકીને ક્યારેક વરસી રહ્યા છે તો ક્યારેક પહાડની ટોચે જઈને બે ગૃહિણીઓની માફક બેઠક જમાવીને બેસી જાય છે. અગરિયો પહાડ નજર સમક્ષ સ્પષ્ટ થાય અને કેમેરા કાઢું કે પાછું કોઈ વાદળ જાણે અગરિયાનો ફોટો ન લેવા દેવા માગતું હોય એમ અચાનક જ આવી ચઢે. નફ્ફટાઈ તો જુઓ આ વાદળોની, એક ફોટોગ્રાફર સાથે રમત રમી જાય છે. જો કે પ્રકૃતિની આવી નિર્દોષ રમત મને માફક આવે છે. પોળોનાં જંગલોમાં અગરિયો પર્વત જરાક ખાસ છે, કારણ અહીં ગિરનારી ગીધોનું કાયમી રહેઠાણ છે. આકાશમાં વિશાળ પાંખો ફેલાવીને ઉડાન ભરે અને અહીં આવીને બેઠક જમાવે. એમને ઉડતા જોવા એ એક લ્હાવો છે.


દર વર્ષની જેમ આ વર્ષે ચોમાસું પૂરબહારમાં ખીલ્યું હતું અને હું એકલોઅટૂલો પક્ષીઓની શોધમાં નીકળી પડ્યો કે અરવલ્લીની ધરાને હરિયાળીથી સજ્જ, વાદળોથી ઘેરાયેલી અને હસ્તી રમતી નિહાળી, ગીધોને મહાલતા જોયા. વસુંધરાનો વરસાદ પછી ખીલેલો ઓપ જોઈને કોઈનું પણ મન ખીલી ઉઠે, નાચવા લાગે. વરસતા વરસાદમાં જંગલ કેડીના રસ્તા પર ક્યાંક ક્યાંક બાળકોની માફક ફૂટી નીકળેલા ઝરણાંઓ, અચાનક જ દૂર કોઈ પહાડની ટોચ પર મન મૂકીને વરસતું વાદળ, સંગીતની માફક સંભળાતો વરસાદનો ધીમો ધીમો લય, ભીંજાઈને સાવ નવા જ કપડા પહેરીને હસતા રમતા વૃક્ષોથી વર્તાઈ આવતો જંગલનો નવો જ નિખાર અને પક્ષીઓ હરખઘેલા થઈને ગૂંજી ઉઠે. પ્રકૃતિનો આવો નજારો નથી જોયો તો તમે ખાલી જીવન વિતાવી રહ્યા છો, જીવી નથી રહ્યા, માણી નથી રહ્યા.પોળોનાં જંગલોનો વૈભવ સદીઓ પહેલા પણ જીવંત હતો અને આજે પણ જીવંત છે.

આ ધરાનું વર્ણન કરવા મારા શબ્દો સમર્થ નથી, મારા ફોટોગ્રાફની પણ ક્ષમતા નથી. આ ધરા કેટલીયે માનવ સભ્યતાની, કેટકેટલાયે ઐતિહાસિક યુગોની અને કેટકેટલીયે સંસ્કૃતિની વાર્તાઓને પોતાના પેટાળમાં સંગોપીને બેઠી છે. ક્યારેક અરવલ્લી જજો અને એ સંવેદનાના ધ્વનિને સાંભળવાનો પ્રયત્ન કરજો. ફરી ક્યારેય નહિ કહો કે શું છે જોવા લાયક પોળોનાં જંગલોમાં? તમે કદાચ પોળો જોયું તો હશે પણ અનુભવ્યું નહિ જ હોય... ■

ફોકસ

નરેન્દ્ર કુમાર
feedback@
bombaysamachar.com

# જો અર્થવ્યવસ્થા વધી રહી છે તો રોજગાર કેમ નથી વધી રહ્યા?




હાલમાં જ ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની ટોપમોસ્ટ પાંચમા સ્થાનેથી એક પગથિયું ઉપર ચડી ચોથા સ્થાન પર આવી ગઈ છે. આ એક ખૂબ જ મોટી સફળતા છે. આ જ સમયે આપણે જોઈએ તો ભારતનો વાર્ષિક વિકાસ દર પણ દુનિયામાં સૌથી ઝડપી છે. સાલ ૨૦૨૪-૨૫માં ભારતની વાર્ષિક જીડીપી વિકાસ દર ૬.૫ રહેલ છે. જ્યારે વિશ્વ બેંક અને સંયુક્ત રાષ્ટ્રનું અનુમાન છે કે, ગયા વર્ષે ૨૦૨૫-૨૬માં ભારતનો વિકાસ દર ૬.૩ રહેશે અને ભારતીય રિઝર્વ બેંકનું અનુમાન ૬.૫ ટકા વિકાસ દરનો છે. કુલ મળીને ભારતીય અર્થવ્યવસ્થા અત્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થાઓના પરિદૃશ્ય સૌથી ઝડપી વિકાસવાળી અર્થવ્યવસ્થા બની છે, તો પણ એવું કયું કારણ છે કે, બેરોજગારીનું સંકટ ઓછું જ નથી થતું? સરકારી આંકડાને આધારિત તો ભારતમાં બેરોજગારી એપ્રિલ ૨૦૨૫માં ૫.૧ ટકા હતી, પરંતુ સીએમઆઈઈ જેવી પ્રાઈવેટ એજન્સીઓને આધારિત આ દર ૮ ટકાથી પણ વધારે છે, જેમાં શહેરોમાં રહેતા પુરુષોનો બેરોજગારીનો દર ૧૭.૨ ટકા અને ગ્રામીણ પુરુષોની બેરોજગારી ૧૨.૩ ટકા છે. જ્યારે ઓવરઓલ ભારતમાં ૧૫ થી ૨૯ વર્ષના યુવા પુરુષો વચ્ચે બેરોજગારીનો દર ૧૩.૦૮ ટકા અને આ જ ઉંમરની મહિલાઓની પણ ૧૪.૪ ટકા છે કે જે બહુ મોટી સમસ્યા છે. સવાલ એ છે કે, જ્યારે ભારતનો વાર્ષિક વિકાસ દર દુનિયામાં સૌથી ઝડપી છે, આર્થિક વિકાસ દર પણ પાંચમા સ્થાનેથી ચોથા સ્થાન પર પહોંચવાની સફર પૂરી કરી છે તો શા માટે બેરોજગારી ઘટી નથી રહી , શા માટે આ બેરોજગારીનું સંકટ આટલું મોટું છે ?

જો ભારતમાં રોજગારનું સંકટ ઘણાં આકરાં કારણોને આધારિત સતત કઠિન થઈ રહ્યું છે, જેમાં સૌથી મોટું કારણ તો દેશમાં વસ્તીનો વધારો થઈ રહ્યો છે. દુનિયાના ૮ વિકસિત દેશોમાં જેટલા રોજગાર ઈચ્છનારા યુવકો એક વર્ષમાં તૈયાર થતા હોય તેનાથી બમણા યુવકોને રોજગાર જોઈતું હોય છે. ભારતમાં દર વર્ષે દોઢ થી પોણા બે કરોડ યુવાનો રોજગાર માટે તૈયાર હોય છે,જ્યારે આપણે ત્યાં આખા વર્ષમાં ૫૦ લાખ રોજગાર પણ વિકસિત થતા નથી. વાસ્તવમાં આપણે ત્યાં નોકરી ઈચ્છુકોની સંખ્યા વધારે છે અને નોકરીઓ ઓછી છે. બીજું સૌથી મોટું કારણ કુશળ અને અકુશળ બેરોજગારીની સમસ્યા. ભારતમાં દર વર્ષે નોકરી ઈચ્છુકોની ફોજ તૈયાર થાય છે, એમાંથી ૬૦ થી ૭૦ ટકા એવા યુવાન હોય છે કે જે કોઈપણ ક્ષેત્રમાં પારંગત નથી હોતા. આમ જોઈએ તો તેમને માત્ર રોજગારની જ પડી હોય છે, બીજા શબ્દમાં કહીએ તો તેઓની માત્ર મજૂરની જ લાયકાત હોય છે. જ્યારે દેશમાં દર વર્ષે ૪૦ થી ૫૦ લાખ સુધી અલગ અલગ ટેકનિકલ ક્ષેત્રોમાં રોજગાર ઊભા થાય છે, જેથી આ ક્ષેત્રોમાં કુશળ કામદારોની જરૂર પડતી હોય છે, પરંતુ આપણે ત્યાં તે નથી મળતા.

પરંતુ આના સિવાય એવાં કારણો પણ છે જેની પર નીતિગત રીતે નિયંત્રણ થઈ શકે છે. જેમકે દેશમાં ઝડપથી ઓટોમેશન વધી રહ્યું છે, આર્ટિફિશિયલ ઈંટેલીજંસનો ઉપયોગ ખૂબ ઝડપથી લોકોની નોકરી છીનવી રહી છે. વિવિધ કારખાના, બેંકો વગેરેમાં જો પ્રાથમિક સ્તરના કર્મચારી આજ થી દસ વર્ષ પહેલા હતા, જેમકે ટેલિફોન ઓપરેટર, ટાઈપિસ્ટ, ચેક કલેક્ટ કરવાવાળા અને અલગ અલગ દસ્તાવેજોને ચેક કરવાવાળા, રોબોટે આ બધાની જગ્યા લઈ લીધી છે. હવે બેંકમાં કે કોઈ સુપર માર્કેટમાં ટાઈપિસ્ટની જરૂર નથી પડતી, બધું જ ઓટોમેટીક થઈ જાય છે. કોઈ પણ બેંકમાં ચેક લેવા માટે, દસ્તાવેજો પર સહી કરવા માટે હવે કર્મચારીઓ બચ્યા નથી, બધા જ કામ મશીન કરી રહી છે, આ કારણે પણ બેરોજગારી વધી રહી છે. બેરોજગારીનું સૌથી મોટું કારણ એ પણ છે કે, આપણા દેશની જરૂરતથી વધુ જનસંખ્યા ખેતી પર નિર્ભર છે. ભારતની લગભગ ૪૦ થી ૫૦ ટકા જનસંખ્યા આજે પણ ખેતી પર નિર્ભર છે, જ્યારે ઘરેલુ ઉત્પાદનમાં ખેતીનું યોગદાન માત્ર ૧૬ થી ૧૮ ટકાની વચ્ચે જ છે. ખરેખર તો કૃષિમાં જેટલા લોકો કામ કરી રહ્યા છે તેટલા લોકોની જરૂરત પણ નથી. કોઈ કામ ન મળવાને કારણે કે કોઈ મજબૂરીને લીધે આટલી બહોળી સંખ્યોમાં લોકો ખેતીમાં જોડાણા છે.

અહીં બેરોજગારીનું એક મોટું કારણ સ્ત્રીઓ માટે રોજગારના મર્યાદિત અવસરો પણ છે. આજે પણ ભારતની મહિલાઓની માત્ર ૨૦ ટકા રોજગારમાં ભાગીદારી છે, જે વૈશ્વિક સરેરાશને મુકાબલે બહુ ઓછી છે. મહિલાઓ માટે સુરક્ષિત કાર્યસ્થળ, સમાન પગાર અને તકના અભાવને કારણે જેટલા અવસર મળવા જોઈએ તેટલા અવસર મળતા નથી. તદ ઉપરાંત ભારતીય યુવકોમાં સરકારી નોકરી માટે એક ખાસ પ્રકારનું ગાંડપણ છે. મોટા ભાગના યુવક લાંબા સમય સુધી સરકારી નોકરી માટે પ્રયત્ન કરે છે, જ્યારે નોકરી મળતી નથી તો કોઈ બીજી નોકરી પણ નથી કરતા. આવી રીતે જ શિક્ષિત યુવાનો બેરોજગારીની ફોજમાં શામેલ થાય છે.

ભારતમાં બેરોજગારીનું એક મોટું કારણ આપણા ઔદ્યોગિક વિકાસની ગતિ ધીમી પડવી. ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં અપેક્ષિત વૃદ્ધિ નથી થઈ. મોટા પાયે કારખાના અને ઉત્પાદન એકમો શરૂ કરવા માટે હંમેશાં રોકાણની અછત રહેતી હોય છે. જરૂરી સરકારી ક્લિયરંસ અને ભ્રષ્ટાચારને કારણે કામમાં મોડું થાય છે. જેને કારણે ખાનગી ઉદ્યોગપતિ ઉદ્યોગ શરૂ કરવામાં સંકોચ અનુભવતા હોય છે. જો ઉત્પાદન ક્ષેત્રને ઝડપથી વધારવામાં આવે અને અનૌપચારિક્તા ક્ષેત્રમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવે તો નિશ્ચિત રૂપમાં દેશમાંથી રોજગારનું સંકટ ઓછું થઈ શકે છે. ફેરીવાળા, દૈનિક મજૂરી કરવાવાળા, ઘરેલુ નોકર વગેરે સૌથી વધારે છે અને તેમને જ વધારે હેરાન કરવામાં આવે છે. નાની

નાની પ્રાઈવેટ નોકરીઓમાં ન તો તેમના માલિક સુરક્ષિત છે ન ત્યાં કામ કરવાવાળા. મોટાભાગના આવા કામગારોને હંમેશાં આ ડર હોય છે કે, આખો મહિનો કામ કર્યા બાદ પગાર મળશે કે નહીં. આ જ કારણે ભારતમાં આર્થિક વિકાસના તમામ અનુકૂળ સંકેત હોવા છતાં પણ બેરોજગારી મોટું સંક્ટ છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

# મોજ-મસ્તીની સાથે જ્ઞાનનો પટારો ખોલતી વેબસાઈટ્સ

## મોબાઈલની સામગ્રીથી લઈને AI સુધી મલ્ટિમીડિયા, ડોક્યુમેન્ટ અને સ્લાઈડ શોની અદ્ભુત દુનિયામાં ડોકિયું...



વરસાદી માહોલમાં પ્રકૃતિ ચારેય બાજુથી ખીલી ઊઠે છે. કુદરતનાં આવાં લીલાછમ રૂપને કેમેરામાં કેદ કરીને દરેકે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યા જ હશે. ચોમાસામાં તબિયતની સાથે ગેઝેટ્સને પણ સાચવવા પડે. આવા ગેઝેટ્સ, મોબાઈલની એપ્લિકેશન અને એક જ પ્રકારના ડિજિટલ પ્લેટફોર્મથી કંટાળ્યા હોવ તો આ ભીનાશની ઋતુમાં આનંદની સાથે અજ્ઞાન દૂર કરતી કેટલીક મસ્ત વેબસાઈટ મૂડ બદલી શકે છે.

મોબાઈલમાં સેટ કરવા માટેની રિંગટોન્સથી મીમ્સ સુધી અને મોબાઈલ સ્ટફની તમામ વસ્તુ AI સહિત નોલેજની નગરી સુધી બધુ જ મોબાઈલ સ્ક્રિન પર જોવા-જાણવા મળશે. એપ્લિકેશનની અઢળક સામગ્રી ફોનમાં ઠલવાયા બાદ વેબસાઈટની દુનિયા થોડી હાંસિયામાં ખસી ગઈ એ પણ હકીકત છે. એપ્લિકેશન ઈન્સ્ટોલ કર્યા વગર માત્ર વેબપેજના સહારે મોજ કરાવતી વેબસાઈટની દુનિયામાં ડોકિયું કરતાં જ મન ડૂબી જશે.

આની શરૂઆત કરીએ ગેમ્સથી. ગેમ રમવી કોને ન ગમે? એમાં પણ મગજને દોડાવ્યા વગર માત્ર આંગળીઓ ફેરવવાની એવી ગેમ રમવા મળે તો જલસો પડી જાય. ટેમ્પલ રનથી લઈને સબવે સર્ફર સુધીની તમામ પોપ્યુલર ગેમ્સ એક જ સ્ક્રિન પર. જે રમવી હોય એ ક્લિક કરો એટલે સ્ક્રિન પ્લેગ્રાઉન્ડમાં બદલી જાય. આ વેબસાઈટ એટલે પોકી ડોટકોમ. (poki.com)

તમારી પાસે કોઈ કલા, ટેલેન્ટ, પોએટ્રી, લેખન, વોઈસ, પઠન અને કંઈક એવી યુનિક કળા છે, જે દુનિયા સમક્ષ મૂકીને કામ લેવા માગો છો. જેમાં તમારી કલાના ઝોન પ્રમાણે ટાર્ગેટ ઓડિયન્સ મળી રહેશે.

માની લો કે, તમને ગિટાર સારું વગાડતા આવડે છે, પણ મ્યુઝિકલ કોઈ કોમ્યુનિટી મળતી નથી. 'વાવ ટેલેન્ટ'

(wowtalent.live) પર પહોંચી જાવ. લોગઈન કે રજીસ્ટ્રેશનની માથાકુટ વગર માત્ર એક મોબાઈલ નંબરથી એન્ટ્રી મળી જશે. પછી રીલ્સ સાઈઝના વીડિયો બનાવો, અપલોડ કરો અને તમારી કોમ્યુનિટી તૈયાર. આ સિવાય બીજાની કોમ્યુનિટીમાં જોઈન થઈ તમારું કામ પણ બતાવી શકો છો. કોમ્યુનિટીના સભ્યો કોઈ લાઈવ કરશે તો એ તમારો સંપર્ક કરીને તમને એડ કરશે. હા, આ એપ્લિકેશન માત્ર વીડિયો જોવાના પણ પોઈન્ટ આપે છે. જે પોઈન્ટથી તમને સરપ્રાઈસ એક્સેસ મળે છે.

ઓનલાઈન પ્લેટફોર્મથી કનેક્ટ થઈ ઘણાને ઓફલાઈન પ્રોગ્રામ પણ મળ્યા છે. રસપ્રદ અને રોચક ઈતિહાસ જાણવામાં રસ હોય પણ વાંચવાનો કંટાળો આવતો હોય એવું બને. હવે આ ઈતિહાસની સત્તાવાર, શ્રેષ્ઠ અને બેસ્ટ ફોટો ગેલેરી જોવા મળે તો? પ્રથમ વિશ્વયુદ્ધથી લઈને હડપ્પા સંસ્કૃતિ સુધી, સિંધુખીણથી લઈને અજંતા ઈલોરાની ગુફા સુધી, રોમના પ્રથમ ઓડિટોરિયમથી લઈને રણમાં થયેલા લોહિયાળ યુદ્ધ સુધીની તમામ ઐતિહાસિક કથા જોવા મળશે. હિસ્ટ્રી ફોર કિડ્સ (historyforkids.net) પર...

નામ ભલે કિડ્સ રહ્યું, પણ ભલભલા ઈતિહાસના જાણકારોને આંચકો અપાવે એવી મસ્ત સાઈટ. ફોટો, ટેક્સ, વીડિયો, ગેલેરી અને એમાં પણ વ્યક્તિ વિશેષ.. સદીઓ જૂના ફોટોગ્રાફ અને ભીંતચિત્રોથી લઈ જે તે રાષ્ટ્રની હાલની સ્થિતિ સુધીનો માસ્ટરપીસ ડેટાબેઝ અહીં મળશે. સાઈટ ભલે કિડ્સને ધ્યાને રાખીને બનાવી પણ અંદરની સંદર્ભ સામગ્રી અજ્ઞાનતાના ખાલી ખૂણાને જ્ઞાનની ગંગાથી ભરી શકે. ખાસ જોજો.

હાઈરિઝોલ્યુશન વોલપેપર, રિંગટોન્સ, મસ્તમજાની હલકી-ફૂલકી એપીકે ફાઈલ, થીમ, ડેટા, મીમ્સ અને મોબાઈલમાંથી બીજાને શેર કરી શકાય એવી ઢગલાબંધ સામગ્રી મફતમાં આપતી સાઈટ એટલે મોબાઈલ૨૪ ( mobiles24.co) .

આમ તો આ વેબસાઈટ ઘણી જૂની છે. સમયાંતરે એમાં અપડેટ થતું સ્ટફ એકવાર ડાઉનલોડ કરવા મજબૂર કરી દેશે. ગેમથી લઈને ગેઝેટ સુધીના રેટિંગ પણ જોઈ શકશો. એનિમેશનથી લઈને જરૂરી એપ્લિકેશન સુધી બધુ જ ફ્રી.તમારે શેર કરવું હોય તો કોમ્યુનિટી પણ આપશે. એમાં પણ સારા રેટિંગ મળશે તો હોમપેજ પર નામ સાથે સ્થાન આપી દેશે. ફ્રી સાઈટ છે એટલે રેટિંગ સિવાય બીજું કઈ માગશે નહીં અને આપશે પણ નહીં. ફોન ભલે ગમે એટલો જૂનો હોય પણ આ વેબસાઈટનું સ્ટફ એને મોર્ડન અને નવો બનાવી દેશે. આ સિવાય Zedge પણ જોવાજેવી ખરા.

હિન્દી શેર- શાયરી અને ગઝલમાં રસ-રુચી હોય અને મહેફિલ જેવો માહોલ સ્ક્રિન પર માણવો હોય તો પહોંચી જાવ હિન્દવી (hindwi.org) પર. કવિ કે લેખકના નામ ખબર હશે તો તો સોને પે સુહાગા જેવો ફાયદો. નહીં ખબર હોય તો પણ હિન્દીની શુદ્ધતા, શબ્દો અને સાહિત્યની ઊંડાઈ વાંચીને જલસો પડી જવાનો. એકથી એક ચડિયાતી વાર્તા, ગઝલ અને કવિતાનો શાબ્દિક અન્નકુટ સમજી લો. હિન્દી લખતા કે હિન્દીમાં ગઝલ કરતા ફાવતું હોય તો રચનાની સ્વીકૃતિ પણ કરશે. આ માટે ખાસ ઝોન છે. પસંદ પામેલી કૃતિને પહેલા પાને સ્થાન આપે છે. તો હિન્દીનું ગ્રામર જાણીને અહીં લખવાનું શરૂ કરી શકો.

આજ રીતે, સંગીતના બેઝિક શીખવા હોય અને પાયો મજબૂત કરવો હોય તો સૂરનું નોલેજ હોવું જરૂરી છે. સૂરના મૂળાક્ષરથી વાકેફ કરાવશે musicca.com ઓનલાઈન પિયાનોથી લઈને એકથી એક મસ્ત વાંજિત્રો શીખવી દેશે. બસ, પ્રેક્ટિસ જરૂરી છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

**સૌથી વધારે જોવાતું વીડિયો પ્લેટફોર્મ 'યુટ્યૂબ' છે. એ પણ વેબસાઈટ પર. આ વેબસાઈટ કે એની એપ્લિકેશન ટ્રાવેલિંગ વખતે સૌથી વધારે જોવાય છે.**

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# ખોંખારો, કાળો સાડલો: સંકેતની ભાષા



એક શબ્દના અનેક અર્થ એના ઉપયોગ અનુસાર થાય એ આપણે જાણીએ છીએ. ઉદાહરણ તરીકે ચેષ્ટા. ચેષ્ટા એટલે અડપલાં - તોફાન એવો અર્થ છે તો સાથે સાથે ઈચ્છા - કામના એવો પણ અર્થ શબ્દકોશ જણાવે છે. ટીખળ, મજાક, ઠઠ્ઠો - મશ્કરી એવા અર્થ પણ આપવામાં આવ્યા છે. આ સિવાય માણસના મનમાં ચાલતા વિચાર કે ભાવ શરીર કે કાયા દ્વારા વ્યક્ત થાય એને પણ ચેષ્ટા જ કહેવાય છે. મનના ભાવ - લાગણી કે અવસ્થા દર્શાવતી શારીરિક પ્રતિક્રિયા પણ ચેષ્ટા છે. ઈશારો - સંકેત ચેષ્ટાના પર્યાયવાચી શબ્દો છે. કેટલીક વાર **‘ચેષ્ટા’, ‘ઇશારા’, ‘સંકેતો’ વગેરેનો બોલાતી ભાષાના પર્યાય** તરીકે ઉપયોગ થતો હોય છે. આ પ્રકારના અણસાર કોઈ સૂચન કરી વાત સમજાવે છે. આને મૂંગી ભાષા કહી શકાય. **ખોંખારો, કાળો સાડલો કે ખભે દફતર** સાથેનું બાળકનું ચિત્ર વગેરે સંકેતો ચોક્કસ બાબતો સૂચવે છે. હોઠ ઉપર હાથ મૂકીને પાણી પીવાની ઇચ્છા વ્યક્ત કરી શકાય. નાક ઉપર આંગળી મૂકીને સામી વ્યક્તિને ચૂપ રહેવા કહી શકાય. અસલના વખતમાં ઘરમાં નાની વહુને લાજ કાઢવાની હોય ત્યારે સસરા ઘરમાં આવતા પૂર્વે ખોંખારો ખાય અને વહુને એમના આગમનનો અણસાર મળી જાય અને ઘૂમટો તાણી લે. ઘરની બહાર, સડક પર જો એકસાથે બાર - પંદર સ્ત્રીઓ કાળા સાડલા પહેરી નીકળે તો કોઈનું મરણ થયું હોવાની સૂચના બોલ્યા વગર મળી જાય.

ઈશારો આપણા જીવનમાં દરેક સ્તરે મહત્ત્વ ધરાવે છે. બાળપણમાં - કિશોરાવસ્થામાં માતા પિતા - શિક્ષકના ઈશારા સમજી લેવાના હોય છે. યુવાનીમાં પ્રેમિકાને ઈશારા કરવાના હોય કે ઝીલવાના હોય. નોકરી - ધંધામાં પરિસ્થિતિના ઈશારો - સંકેત સમજી આગળ વધવાનું હોય છે. જૈફ ઉંમરે શરીરના ઇશારા સમજી આરોગ્ય વિશે જાગરૂકતા કેળવવાની હોય છે. આ **ઈશારો મૂળ અરબી શબ્દ છે.** અરબી શબ્દ શઅર (તેમણે બતાવ્યું) પરથી એનો જન્મ થયો છે. એ જ રીતે ઈનામ અને ઈનકાર ગુજરાતીમાં ભલે વણાઈ ગયા હોય, બંને અરબી શબ્દો છે. તમે અથવા તમારા સંતાને કે મિત્રએ કોઈ હરીફાઈમાં ભાગ લઈ પહેલું, બીજું કે પછી આશ્વાસન ઈનામ મેળવ્યું હશે ત્યારે ઈનામ આપણી ભાષાનો નહીં પણ મૂળ અરબી શબ્દ છે એની જાણ નહીં હોય.. આપણી ભાષામાં પારિતોષિક, પુરસ્કાર કે ભેટ તરીકે આ શબ્દ જાણીતો છે. પારિતોષિક મૂળ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ વિસ્તાર છે પ્રસન્ન થઈને આપવામાં આવતો પુરસ્કાર. ઈનામનો ઉલ્લેખ ઘણી વાર બક્ષિસ તરીકે પણ થાય છે. આ બક્ષિસ ફારસી શબ્દ બખ્શિશનું અપભ્રંશ છે. ખુશી ખુશી કે રાજી થઈને કોઈને ભેટ આપવી એવો એનો અર્થ છે. આના પરથી તૈયાર થયેલો અન્ય અરબી શબ્દ છે **ઈનામ અકરામ.** ઈનઆમ (બક્ષિસ) અને અકરામ (માન) એટલે કે માનપૂર્વક આપવામાં આવેલી ભેટ.

## ENગ્લિશ વિંGLISH — HANGRY




ભૂખ્યા માણસને જો સહેજ પણ છંછેડવામાં આવે તો એનો ગુસ્સો સાતમા આસમાને પહોંચવામાં વાર નથી લાગતી એવો સર્વ સામાન્ય અનુભવ છે. જોકે, આ માન્યતાને કોઈ વૈજ્ઞાનિક આધાર નથી એવી દલીલ વર્ષોથી કરવામાં આવે છે. આપણામાંના મોટા ભાગના લોકોએ પેટમાં બિલાડા બોલતા હોય ત્યારે સિંહની જેમ ગર્જના કરી બેઠા હોઈએ એવા અનેક ઉદાહરણો જોયા કે અનુભવ્યા હશે. અંગ્રેજીમાં ભૂખ્યા માટે શબ્દ છે HUNGRY અને ગુસ્સા માટે શબ્દ છે ANGRY. આ બે શબ્દોને જોડીને એક શબ્દ બનાવવામાં આવ્યો છે, HANGRY or HANGER. વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે આ શબ્દને માણસની ભૂખ સાથે નાતો છે. પેટમાં ભૂખ લાગી હોય ત્યારે કંઈક ખાવાની તીવ્ર ઈચ્છા માણસ માત્રને થતી હોય છે. આ સમયે જે લાગણીનો અનુભવ થાય અને એને અનુસરીને જે શારીરિક પ્રતિક્રિયા જન્મે એ HANGRY or HANGER તરીકે ઓળખાય છે. લંડનની એક પ્રતિષ્ઠિત કોલેજની સોફી મેડલિન નામની લેક્ચરરે ભૂખ અને ક્રોધનું કનેક્શન સાબિત કર્યું છે. એમના કહેવા પ્રમાણે ખૂબ ભૂખ લાગે ત્યારે લોહીમાં શર્કરાનું પ્રમાણ ઘટી જતું હોય છે અને હોર્મોન્સનું પ્રમાણ વધી જાય છે. આ હોર્મોન્સ મગજ પર અસર કરે છે. ક્રોધ માટે જે હોર્મોન જવાબદાર છે એ જ હોર્મોન ભૂખ માટે પણ જવાબદાર હોય છે. એટલે જ ભૂખ વધતાની સાથે ગુસ્સાનું પ્રમાણ પણ વધી જતું જોવા મળે છે. આપણી ભાષામાં એક રૂઢિપ્રયોગ છે જે આ દલીલને સમર્થન આપે છે: ભૂખ્યો બ્રાહ્મણ અને ધરાયેલો કણબી, તેમને છંછેડવા નહીં. આ રૂઢિપ્રયોગનો અર્થનો સારાંશ એમ છે કે ભૂખ્યો બ્રાહ્મણ નારાજ હોય છે અને ખાધા પછી કણબીને આરામ જોઇએ છે, માટે તે વખતે તેમની છેડ કરવાથી વિપરીત પરિણામ આવે.

## રાષ્ટ્ર ભાષા — कहीं की ईट, कहीं का रोडा...

માણસ પોતાની જરૂરિયાત કે ઈચ્છા પૂરી કરવા જોડતોડ કરતો હોય છે. રાજકારણમાં અલગ અલગ વિચારધારા ધરાવતા પક્ષ કોઈ ચોક્કસ હેતુ માટે જોડાણ કરી લેતા હોય છે. આ સંદર્ભની એક હિન્દી કહેવત છે કે **कहीं की ईट, कहीं का रोडा, भानुमति ने कुनबा जोडा.** એટલે મટોડીનાં ગારામાંથી બનાવેલું ચોસલું જે ચણતરમાં વપરાય. રોડા એટલે ટુકડો કે કટકો. **इस मुहावरे का मतलब होता है असंगत वस्तुओं या व्यक्तियों को इकट्ठा करके कुछ बना देना. यानी इधर-उधर से अपनी जरुरत की चीजें लेकर कुछ बना देना.** આ કહેવત પાછળ એક મજેદાર કહેવત છુપાઈ છે. કંબોજના રાજા ચંદ્રવર્માની દીકરી ભાનુમતિ રૂપરૂપનો અંબાર હતી. એના સ્વયંવરમાં દુર્યોધન, કર્ણ, જરાસંધ, શિશુપાળ જેવા પરાક્રમી રાજાઓ ભાનુમતિ સાથે વિવાહ કરવાની ઈચ્છા સાથે પધાર્યા હતા. છેવટે ભાનુમતિના વિવાહ દુર્યોધન સાથે થયા હતા. મહાભારતના યુદ્ધમાં અભિમન્યુએ ભાનુમતિના પુત્રનો વધ કર્યો હતો અને ભીમે દુર્યોધનનો વધ કર્યો હતો. છતાં દુર્યોધનના મૃત્યુ પછી ભાનુમતિએ અર્જુન સાથે વિવાહ કરી લીધા હતા. જાણવા જેવી વાત તો એ પણ છે કે કર્ણ અને ભાનુમતી વચ્ચે મૈત્રી હતી. આમ ભાનુમતિ એકબીજાથી સાવ વિપરીત સ્વભાવની ત્રણ વ્યક્તિ દુર્યોધન, કર્ણ અને અર્જુન સાથે અનોખો સંબંધ ધરાવતી હોવાથી આ કહેવત પડી છે. અહીં તહીંથી સંદર્ભો જોડીને જે રચનામાં મૌલિકતાનો અભાવ હોય એને માટે પણ આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે.

## સગ્ગી બહિણ — अन्नाच्या म्हणी

અન્ન એવો ઓડકાર અત્યંત પ્રચલિત કહેવત છે. અન્ન - આહાર સંબંધિત કહેવતો અને રૂઢિપ્રયોગોમાં ક્યાંક સામ્ય તો ક્યાંક જુદાપણું જોવા મળે છે. અન્ન - આહાર સંબંધિત મરાઠી ભાષાની કહેવતોનો સ્વાદ માણવા જેવો છે. પહેલી કહેવત છે **अचाट खाणे मसणात जाणे.** અચાટ એટલે આડેધડ, હદ વટાવી દેનારું. પ્રમાણ ભૂલીને ખાતી વ્યક્તિ માટે ગુજરાતીમાં શબ્દ છે અકરાંતિયું. મસણ એટલે મસાણ અથવા સ્મશાન. ટૂંકમાં આડેધડ અકરાંતિયાની જેમ ખાવાથી તબિયત લથડે અને મૃત્યુને નોતરું અપાઈ જાય એવો એનો ભાવાર્થ છે. **असतील शिते तर जमतील भुते.** જીવનની ફિલસૂફી સમજાવતી કહેવત છે. શિતે એટલે રાંધેલા ચોખા જેને આપણે ભાત કહીએ છીએ. ભૂતનો શબ્દાર્થ તો ભૂતપિશાચ થાય પણ અહીં ખુશામતખોર લોકો એવો ભાવાર્થ છે. ખિસ્સામાં પૈસાનો પાવર હોય તો આસપાસ ખુશામત કરનારાઓ મધમાખી ફૂલની આસપાસ ફર્યા કરે એમ એ લોકો ટોળે વીંટળાયેલા રહે એ આ કહેવતનો ભાવાર્થ છે. **आयत्या पिठावर रेघोट्या ओढणे** કહેવત પણ માર્મિક છે. થોડા શબ્દોમાં ઘણી ગહન વાત કહી જાય છે. પીઠ એટલે તૈયાર બાંધેલો લોટ અને એની પર આંગળીથી લીટી તાણવી અને કહેવું કે હવે બરાબર થઈ ગયું. મતલબ કે તૈયાર વસ્તુ કે કામ પર નજીવો હાથ ફેરવી એ કામ પોતે કર્યું હોવાનો દેખાડો કરવો. આપણી ભાષામાં આયતા પર રાયતું કહેવત છે જેનો અર્થ તૈયાર માલ પર તાગડધિન્ના એવો થાય છે. ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# બેસણામાં ઉઠમણું...!




‘અયયયો, દુબે સાબ મેરા કલોઝ ફ્રેન્ડ થા જી. ...દિલ ફાડકે પ્રેમ કરતા થા. આઇ કાન્ટ ફરગેટ હીમ. ઇનકે આગે લેટ યાની કી સ્વર્ગસ્થ બોલને પે મેરે હોઠ કાંપ રહા હૈ’ મેનન બોલ્યે જતો હતો. છેલ્લે એના અવાજનું વોલ્યુમ વધતું ગયું,. સૌ એના તરફ અણગમાથી જોવા લાગ્યા. માતમના પ્રસંગે કોઇ નાદાની દેખાડે તે કોને ગમે? મેનનને લોકો પોતાને જોઇ રહ્યા છે તેનો ખ્યાલ આવ્યો. તરત જ એણે અવાજનું વોલ્યુમ ડાઉન કર્યું ને ડૂસ્કું ભર્યું. એની આંખમાંથી સંભાર કે રસમ જેવું આંસુ ટપકયું ન ટપક્યું ને મેનને રૂમાલથી આંખ લૂંછી નાંખી.

ડો. કપિલ દુબે ભારતીય વહીવટી સેવાના નિવૃત્ત અધિકારી હતા. પ્રશાસનનું મોટું અને વજનદાર નામ. ડો. દુબે અવસાન પામ્યા. પરિવારે મોટા હોલમાં તેનું બેસણું રાખેલ. દુબેએ રોબોટિક્સમાં પીએચડી કરેલ. જો કે, તે એમબીબીએસ અને એમડી પણ હતા. ચીફ સેક્રેટરીના પદ પરથી નિવૃત્ત થયેલ. એટલે શ્રધ્ધાંજલિ આપવા મેળાવડો ભરાય તેની કોઇ નવાઇ ન હોય. એક ટેબલ પર ફ્રેન્ચ કટ દાઢી હોય તેવો દુબેનો લાર્જ સાઇઝનો ફોટો. ફોટા પર સુખડનો સુંગધિત હાર. ફોટાની નીચે દુબેની જન્મ તારીખ અને અવસાન તારીખ પણ લખેલી. ફોટાની બંને બાજુ અગરબતી નહીં પણ મોટી સાઇઝનો સુખડનો અગરબત્તો પ્રજ્વલિત. તેની સુગંધિત ધૂમ્રસેરથી વાતાવરણ પવિત્ર અને દિવ્ય લાગે. સૌ કોઇ સફેદ વસ્ત્રો પરિધાન કરી શ્રધ્ધાંજલિ આપવા આવેલા. ફોટાની આગળ એક ગોલ્ડન બાઉલમાં ગુલાબની છૂટી પાંદડી રાખેલ. નોટો મૂકવા એક સિલ્વર થાળી હતી. કોઇ સામાન્ય માણસનું બેસણું હોય તો સ્ટીલની થાળીમાં દસ દસ રૂપિયાની નોટ કે સિક્કા હોય. અહીં પાંચસોની કડકડતી નોટોથી થાળી છલકાઈ ગઇ હતી.

મેનને સફેદ વાદળ જેવું લિનનનું ઓપન શર્ટ પહેરેલું. એનો ચહેરો ક્રિકેટર શ્રીકાંત જેવો લાગે. શર્ટની નીચે ચિદમ્બરમ જેવી સફેદ મલમલની ટિપિકલ સાઉથ ધોતી પહેરેલી, જેની કિનાર સોનેરી હતી. આંખ પર ગોલ્ડન ફ્રેમના રીમલેસ ચશ્મા. કાંડે ગોલ્ડન રીસ્ટવોચ. મેનન કોઇ કંપનીના ચેરમેન જેવો લાગે.

‘દેખો, મૈં રાઇફલ કલબ કે પીછે આલિશાન કોઠી મેં રહેતા થાજી. મેરે બંગલેમેં મીની ગોલ્ફ કા મેદાન થા. દુબે સાબ ગોલ્ફ કે દીવાને થે. રંગીન આદમી થે. હમ અકસર ગોલ્ફ ખેલને કે બાદ બકાર્ડી રમ કા સિપ લેતે થે.’ પાંડે સાથેની આત્મીયતા મેનને દર્શાવી. સફેદ કપડાંમાં સજ્જ મહિલાઓએ મેનનની વાત સાંભળીને કુટિલ સ્મિત કર્યું. એમના મોં મચકોડાયા. દુબે તો ગંગાજળ પીનારા. આ તો બકાર્ડીની વાત કરે છે.

‘બટ સર, તમે દાદાના કલોઝ ફ્રેન્ડ હતા, પરંતુ, દાદાએ કોઇ દિવસ તમારો ઉલ્લેખ કરેલ નહીં.’ બુલબુલ દુબેએ શંકા વ્યકત કરી, કેમ કે દાદાએ ક્યારેય શરાબને હાથ અડાડેલ નહીં. ક્યારેક મોજમાં હોય તો ચિલ્ડ બિયરનો લાર્જ પેગ લગાવતા. રાઇફલ કલબની પાછળ કોઠી નહીં, પરંતુ, આલીશાન ઝૂંપડાં હતાં.

‘આઇ નો, આઇ નો. ક્યોં કિ મૈંને હી મના કિયા થા જી.’ આટલું કહી મેનન પ્રસંગની ગંભીરતા ભૂલી ખડખડાટ હસ્યો. પછી ખસિયાણો પડ્યો.

‘અંકલ, આપ ક્યાં કરતે હો?’ ચુલબુલ દુબેએ સીબીઆઇની જેમ પૂછ્યું.

‘મેરા એકસપોર્ટ ઇમ્પોર્ટ કા બિઝનેસ હૈ.’

‘ક્યા નામ હૈ પેઢી કા.’ ચુલબુલે પૂછ્યું.

‘યેડા એકસપોર્ટ ઇમ્પોર્ટ કંપની.’ મેનનના ચહેરા પરના ગભરાટના ભાવ પથરાયા. મેનનનો ભાવપલ્ટો સમજાય એવો ન હતો.

‘દુબે સર કે સાથ હમ બેંગકોક થાઇલેન્ડ ઔર પતાયા ભી ગયે થે. વહાં કેસિનોમેં દુબે સર પચ્ચીસ લાખ રૂપિયા જીતે થે.’ કાન્ફિડન્ટ સાથે મેનને એક જૂઠ ઓર ચલાવ્યું.

‘ અંકલ, હમારે દાદા તો જન્માષ્ટમીના દિવસે પતાને હાથ લગાવતા ન હતા. કેસિનોના સખત વિરોધી હતા.’ ચુલબુલ દુબેએ ફોડ પાડ્યો. મેનન લાંબી લાંબી ફેંકવા જતાં ભેરવાઈ ગયો કે શું? મેનનને પોકેટમાથી રૂમાલ કાઢી ચહેરા પરનો પરસેવો અને શરમિંદગી લૂંછી.

‘દુબે સર સાથે પચાસ વરસનો સંબંધ હતો. તેનો ભગવાન આમ અંત કરશે તેનો અંદાજ ન હતો.’ મેનન મન કી બાત મનમાં બોલ્યો.. મેનન બોલવા ખાતર બોલતો હતો કે હૃદયથી બોલતો હતો તેની ખબર ન પડે. મેનન જે કાંઇ બોલ્યો એ હમ્બગ હતું. દાદાના બેસણામાં આવી મેનનનો ગપ્પાબાજી કરવા પાછળ શું ઇરાદો હશે?

‘અંકલ, દાદાએ તમને કોઇ વચન આપેલ?’ ચુલબુલે પૂછ્યું .

‘દેખો, હું હોલી કાઉ નામની એનજીઓ ચલાવું છું. દુબે સરે મારા એનજીઓની મુલાકાત લીધેલ. અમારે ત્યાં ગાયોની સારસંભાળ થતી જોઇ સર ખૂબ પ્રભાવિત થયેલા. અમારા એનજીઓને પચીસ લાખ રૂપિયાનું ડોનેશન આપવાનું વચન આપેલ.’ મેનને શબ્દોની જાળ બિછાવી.

‘એમ? અંકલ, તમે બહુ ભંકસ કરી. દાદાએ તમામ દાન ગુપ્ત કર્યા છે. તમને દાન કરવાનું વચન આપ્યું હોય તો તમને દાન આપી જ દીધું હોય. દાદા દાનમાં ક્યારેય ઉધારી ન રાખે. જો તમે દાદાના અંતરંગ મિત્ર હોવ તો દાદાએ અમારા શુભ પ્રસંગોએ તમને આમંત્રણ આપ્યું જ હોય. અમારા એક પણ પ્રસંગના ફોટો કે વીડિયોમાં તમે દેખાતા નથી. તમે સાચું બોલો- કોણ છો? હું ચુલબુલ દુબે એસપી છું. હજુ તમને સત્ય કબૂલવાની તક છે.’ ચુલબુલે લાલ આંખ કરી.

પછી શું થાય? કોઇ પણ થર્ડ ડિગ્રી ટોર્ચર સહન ન કરી શકે. મેનન પણ પોપટની માફક બોલી ગયો. દુબે સરને કદી મળેલો પણ નહીં. દુબે સાહેબ વિશે થોડી ઘણી માહિતી ગૂગલ- ફેસબુકમાંથી એકઠી કરેલી. દુબે સાહેબના બેસણામાં શબ્દાંજલિ આપવા આવેલો ન હતો. એ તો કોઈ ફેક એનજીઓના નામે રૂપિયા પડાવવા આવ્યો હતો. અખબારનાં બેસણાં, પગડી, સાદડી, પ્રાર્થનાસભા, ગુણાનુવાદ સભાના સમાચાર વાંચી ફંડફાળા ઉઘરાવવા પહોંચી જતો. નવજાત મૃતક સાથે પ્રગાઢ સંબંધ હોવાનો દાવો કરીને જે મળે એ ઉસેડી લેતો, પણ આજે તેના ગ્રહ ખરાબ હશે કે ચુલબુલ પાંડે નામના પહાડ સાથે અથડાયો અને ચકનાચૂર ચૂરેચૂર થઇ ગયો.


કહે છે કે મેનન નામ પણ સાચું નહોતું. સાચું નામ તો અશરફ મેમણ હતું તેવું કહેવાય છે....અશરફ મેમણ છટા હુઆ બદમાશ હૈ.. મેનન તમારા પણ બેસણામાં આવી શકે છે. વાંચકો, બી કેરફૂલ! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લખપતિ પીર ગોશ મહમદનું અધ્યાત્મિક ને સાહિત્યિક ગૌરવ...





ઇતિહાસમાં લખપતને એક મહત્ત્વપૂર્ણ વેપાર કેન્દ્ર તરીકે માનવામાં આવતું હતું. ગુજરાત અને સિંધને જોડતું એ કેન્દ્રબિંદુ હતું. ત્યારે સિંધુ નદી લખપતમાં પ્રવાહિત થતી, જેનાં કારણે અહીં પાણીની અછત ન હતી અને વ્યાપક પ્રમાણમાં ચોખાની ખેતી થતી. ચોખાના ઉત્પાદન તથા બંદરગાહ દ્વારા થતી વેપારી પ્રવૃત્તિઓથી લખપત દરરોજ લાખ કોરીની આવક પામતું એટલે સંભવતઃ નામ ‘લખપત’ પડ્યું. એવું લખપતને સમર્પિત વતની ઓસામણ ચાચા પાસે એકવાર સાંભળેલું. લખપતના અન્ય સ્મારકો ગુરુદ્વારા પહેલી પાતશાહી, શાહ અબુ તુરગની દરગાહ અને હાટકેશ્વર મહાદેવ મંદિર સાથે મળીને પીર ગોશ મહમદનો મકબરો આ પ્રદેશના ધર્મસહિષ્ણુ વારસાનું જીવંત પ્રતિનિધિત્વ કરે છે. અંધારાને વીંઝતી આશાની જેમ આજે લખપત શાંત છે, પણ એના ઈતિહાસના પાનાંમાં ધર્મ, સંસ્કૃતિ અને કળાઓના સંગમની ઝાંખી મળે છે.

ગતાંકે કહેલું તેમ પીરની કાફીઓ વિષે પણ થોડી વાત કરી લઈએ. કચ્છની સ્થાપત્ય કલાના એક અનુપમ નમૂનારૂપ લખપત બંદર પર ૧૯મી સદીનો મકબરો જેના સન્માનને શોભાવી રહ્યું છે, એવા પીર ગોશ મહમ્મદ એક સૂફી સંત હોવા સાથે કચ્છી કાફીઓના રચનાર એક ઉત્તમ કોટિના કવિ પણ હતા. જે હિન્દુ અને મુસ્લિમ બંને પરંપરાઓને અપનાવવા માટે જાણીતા હતા. બાલ્યકાળથી જ એમણે સંસારથી પરે રહી વૈરાગ્યનું જીવન પસંદ કર્યું હતું. ફકીરી જીવનમાં જંગલોમાં ભટકવું એમને ખૂબ ગમતું. અને આજ ભ્રમણ કદાચ એમને સુંદર કાફી રચવા પ્રેરી શક્યું હશે! તેમના ભક્તિપૂર્ણ કાવ્યોમાં કૃષ્ણપ્રેમની ઝલક સ્પષ્ટ જોવા મળે છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણને ‘પ્રીતમ’ અને પોતાને ‘વિરહમાં તડપતી આત્મા’ ગણાવે છે. તેમના કાવ્યોમાં સૂફી તત્ત્વ અને ભક્તિ મર્મ સમાન રૂપે વહે છે. ઉદાહરણરૂપ તેમનો પ્રખ્યાત રાગ ‘કારાઈડો’માં રચાયેલ કાફીઃ

*મુખ તાં વતાંઈધો વોં,*
*વલા ! અસાંકે મુખ તાં વતાંઈધો વોં,*
*નમાણેં નેણલેં મેં મારેઓ તો. વલા.*
*હર્થે પેરેં આંઈ પ્યારા લગો તા, આંજા ગુલાબીડા નોં. વલા.*
*ઉરેઆ અચો આઈ પરેઆ મ વેજા, શ્રીનાથજીજા સોં. વલા.*
*ઘિલ કે વારિયાં કી ન વરેતો, જેંકે લગી આંજી લોં. વલા.*
*‘પીર ગોશ’ બોલે પ્રીતમ મૂંજા, મિઠડો અવાંજો મોં. વલા.*

અર્થાત્ પીર રચના દ્વારા પરમાત્માને અરદાસ કરે છે કે તમારા દર્શનની લૂછ લાગી છે, એટલાં પ્યારા લાગો છો કે મારા લોચન વાટું જુવે છે તમારા દીદારની. તમારા દિલને સમજાવવાની કોશિશ કરું છું પણ માનતું નથી. આવો એટલે છોડીને ન જજો તમને શ્રી નાથજીના સમ છે. અહીં તેમનો કૃષ્ણપ્રેમ જોઈ શકાય છે.

બીજી કાફી ‘અંગણ આયો થી વલા!’ પણ અત્યંત હૃદયસ્પર્શી છે:

*અંગણ આયો થી વલા ! અસાંજે અંગણ આયો થી.*
*ઝિઝો આંકે સારે જિયડો હી. અસાંજે.*
*વાર વિછાઈયાં નેણ નિસારીઆં, પ્રીતમ મૂંજા પિરીં. અસાંજે.*
*પ્રેમ રસીલા પાસે મ થિયો, હેડી હિંયારી ડઈ. અસાંજે.*
*ઘિલ ધૂતારા ધુતે ગિડે તો, મૂંસેં કેડી કઈ? અસાંજે.*
*જલ ધારાં જીં મછલી તલખે, તલખે તનમન તીં. અસાંજે.*
*‘પીર ગોશ’ બોલે ઘડીએ ન વિસરે, પ્રીતલડી પિરયન જી. અસાંજે.*

અર્થાત્ વ્હાલા પ્રભુજી અમારા આંગણે પધારો, મારો જીવડો આપને ખૂબ યાદ કરી સાદ કરે છે. મારું દિલ તો ધુતારા ધૂતી ગયા છે. જેમ જળ માટે માછલી તડપે એવા મારા તનમનની હાલત છે. એક પણ ઘડી આપને વિસરી નથી શકાતું કૃપા કરી આપ મારા આંગણે પધારો.

૧૮૫૫માં એમના અવસાન પછી એમની કબર પર સંવત ૧૯૧૧ની સાલે મકબરાનું બાંધકામ તેમના ભાઈ બાવા મિયાના માર્ગદર્શન હેઠળ સંતના અનુયાયીઓના યોગદાનથી શરૂ થયું અને એ બાંધકામ દશ-બાર વર્ષની કામગીરી પછી કલાના ધામરૂપ આ આરામગાહ તૈયાર થઈ શક્યું. સ્થાપત્યની દ્રષ્ટિએ, મકબરો કાળા પથ્થરથી બનાવવામાં આવ્યો છે, જે ૫૪ ફૂટ ચોરસ અને ૭ ફૂટ ઊંચું છે. મકબરામાં મુખ્ય અષ્ટકોણીય મંડપ છે, જે ઉપરથી શંકુ આકારના મુખ્ય ગુંબજથી ઢંકાયેલું છે. આ ગુંબજ ૬૩ ફૂટ ૩ ઇંચ જેટલું ઊંચું છે. તેની આસપાસ આઠ નાના ગુંબજો છે જે માળાની જેમ ગોઠવાયેલા છે. દરગાહમાં ૧૨ દરવાજા છે અને અંદરની દીવાલો તથા બારીઓ પર પથ્થરની જાળીઓનું અત્યંત બારીક કોતરકામ કરવામાં આવ્યું છે. આ જાળીઓ ભુજના પ્રસિદ્ધ આયના મહેલની જાળીઓ સાથે સરખાવાય તેવી સુંદર છે. વિશિષ્ટ ઘૂમટવાળો અર્ધચંદ્રાકાર ખંડની મધ્યમાં પીર ગોશ મહમદની કબર આવેલી છે. અને અંતે, પીર ગોશ મહમદ લખપતના આધ્યાત્મિક રત્ન હતા. તેમની જીવંત કૃતિઓ કચ્છના સાહિત્ય અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. (તસવીર અને પૂરક માહિતીઃ પ્રદીપ ઝવેરીના સહયોગથી પ્રાપ્ત)■

# જાપાનની ગાર્મેન્ટની બજારમાં ચીન દ્વારા સર્જાયેલો અવકાશ ભારત સરભર કરી શકેઃ એઈપીસી

નવી દિલ્હીઃ જાપાનની ગાર્મેન્ટ બજારના હિસ્સામાં ચીનથી થતી નિકાસમાં થયેલા ઘટાડાને કારણે સર્જાયેલો અવકાશ ભારત સરભર કરી શકે તેમ છે, એમ એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એઈપીસી)એ તાજેતરમાં જણાવ્યું છે. જાપાન ખાતે નિકાસને પ્રોત્સાહિત કરવા માટે અને જાપાનની અગ્રણી બ્રાન્ડો અને રિટેલ ચેઈન મારફતે રોકાણો આકર્ષિત કરવા માટે ટોકિયો ખાતે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ જઈ રહ્યું છે જેનું નેતૃત્વ કાઉન્સિલ કરી રહ્યું છે. તેમ જ આ પ્રતિનિધિમંડળ ટોકિયો ખાતે આગામી ૧૫થી ૧૭ જુલાઈ દરમિયાન યોજાનાર 'ઈન્ડિયા ટેક્સ ટ્રેન્ડ ફેર'માં પણ ભાગ લેશે. આ ટ્રેન્ડ ફેરમાં ૧૫૦ કરતાં વધુ ભારતીય એપરલ નિકાસકારો સહભાગી થઈને તેના વૈવિધ્યસભર એપરલ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરશે. કાઉન્સિલ ટોકિયો ખાતે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ લઈ જઈને વેપાર અને રોકાણની તકો ખોળવાની સાથે જાપાનીઝ બ્રાન્ડ્સ અને રિટેલ ચેઈન સાથે બેઠક કરશે, એમ એઈપીસીનાં ચેરમેન સુધીર સેખરીએ જણાવતા ઉમેર્યું હતું કે જાપાનીઝ બજાર સાથે જોડાણો સઘન થતાં બન્ને દેશો વચ્ચેના મુક્ત વેપાર કરારનો પણ નોંધપાત્ર ઉપયોગ થશે. જાપાન ખાતે રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસમાં ચીન અગ્રણી સ્થાન ધરાવતું હતું અને હવે ચીનની જાપાન ખાતેની નિકાસમાં થયેલો ઘટાડો ભારત સરભર કરી શકે તેમ હોવાનું સેખરીએ જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં ભારતની જાપાન ખાતે ગાર્મેન્ટની નિકાસ ૨૩.૪૫ કરોડ ટનની સપાટીએ રહી હતી. જોકે, ટોકિયોની ગાર્મેન્ટસની કુલ નિકાસ ૨૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી તે જોતા ભારતનો હિસ્સો માત્ર એક ટકા જેટલો રહ્યો છે. જાપાનની આયાતકર્તા કંપનીઓ મુખ્યત્વે ભાવ, ગુણવત્તા અને સમયસરતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી હોય છે અને આ અપેક્ષાઓ ભારતીય પુરવઠાકારો પૂરી પાડી શકવાની સ્થિતિમાં છે. ભારતીય નિકાસકારો ઉચ્ચ મૂલ્યવર્ધિત ૨૦૦ નંગ જેવા નાના ઓર્ડરથી લઈને એક જ પ્રકારના ત્રણ લાખ નંગ સુધીના મોટા ઓર્ડરો પણ પરિપૂર્ણ કરી શકે તેમ હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ટોકિયો ખાતે આ ટ્રેન્ડ ફેરનું ઉદ્ઘાટન ટેક્સ્ટાઈલ પ્રધાન ગિરિરાજ સિંઘ દ્વારા થશે.

# ઈ-કૉમર્સ અને નિકાસ પ્રોત્સાહન સહિતના વિસ્તરણ માટે નિપ્પોનપ્લાય ₹ ૨૫૦ કરોડનું રોકાણ કરશે

નવી દિલ્હીઃ ગુજરાત સ્થિત નિપ્પોનપ્લાય ઈન્ડસ્ટ્રીઝે ગત શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ આગામી ત્રણ વર્ષમાં નિકાસ વધારવા માટે ઉત્પાદન વધારવા, ઈ-કૉમર્સનું માળખું વિકસાવવા અને વેરહાઉસિંગ તથા ડિઝાઈન સેન્ટરો સ્થાપવા માટે રૂ. ૨૫૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. હાલમાં કંપની પેનલ અને ફર્નિચર ઉત્પાદનના વિસ્તરણ માટે રૂ. ૬૫ કરોડનું રોકાણ કર્યું છે.

ભવિષ્યમાં આગામી ત્રણ વર્ષમાં અમે રૂ. ૨૫૦ કરોડનાં રોકાણની યોજના ધરાવીએ છીએ, જેમાં મુખ્યત્વે નિકાસલક્ષી ઉત્પાદનો, ઈ-કૉમર્સના માળખા, વૅરહાઉસિંગ અને ડિઝાઈનિંગ સેન્ટરો વિકસાવવાનો અને વૈશ્વિક સ્તરની ભાગીદારીઓ મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે, એમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર કેતન ઠક્કરે જણાવતા ઉમેર્યું હતું કે દેશમાં અને યુરોપ સહિતના અન્ય દેશોમાં ફર્નિચર ક્ષેત્રમાં વિકાસ માટેની ઘણી તકો છે. દેશમાં ફર્નિચર ઉદ્યોગમાં સુથારીકામથી મોડ્યુલર, બ્રાન્ડેડ સોલ્યુશન્સ અને મિડિયમ ડેન્સિટી ફાઈબરબોર્ડ પરથી વૂડ વિનિયર્ડ પ્લાયવૂડ તરફના વલણમાં પરિવર્તન જોવા મળી રહ્યું હોવાનું ઠક્કરે જણાવતાં ઉમેર્યું હતું કે ફર્નિચર ક્ષેત્રમાં ભારત આગવું સ્થાન ધરાવે છે અને જો વ્યવસ્થિત ટેકો મળે તો મોડ્યુલરની નિકાસમાં વૈશ્વિક અગ્રણી સ્થાન હાંસલ કરી શકે છે. તેમ જ કંપની યુરોપ, મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા ખાતે નિકાસ માટેની ભાગીદારી માટે વાટાઘાટો કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જોકે, તેમણે ટિમ્બર અને કોટિંગના ભાવમાં જોવા મળતી ભારે ચંચળતા, ઈકો સર્ટિફાઈડ કાચા માલનાં વેન્ડરો અને ડિલિવરી અંગેનાં પડકારોનો ઉકેલ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોવાનું જણાવ્યું હતું. તેમ છતાં સરકારે ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર જારી કરવા અંગે લીધેલા પગલાંથી ગ્રાહકોના વિશ્વાસમાં વધારો થશે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતામાં વધારો થશે. તેમ જ આ નિયમોને કારણે હલકી ગુણવત્તાવાળા માલની આયાત દૂર થશે અને સ્થાનિકમાં પ્રમાણિત ભારતીય ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં જીએસટીના મુદ્દે તેમણે સર્ટિફાઈડ ફર્નિચર પર ૧૨ ટકાના સ્લેબની ભલામણ કરી હતી. નોંધનીય બાબત એ છે કે હાલ ફર્નિચર અને પેનલ પર ૧૮ ટકા જીએસટી લાદવામાં આવે છે જેથી ગ્રાહકો પરનાં ભારણમાં વધારો થાય છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ત્રણ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ચોથી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૩.૦૪૯ અબજ ડૉલર ઘટીને ૬૯૯.૭૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. જોકે, આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૮૪૯ અબજ ડૉલર વધીને ૭૦૨.૭૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને મર્યાદિત રાખવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે બજારમાં હસ્તક્ષેપ કરીને ડૉલરમાં વેચવાલી રહી હોવાથી અનામતમાં ક્રમશઃ ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૫૩૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૯૧.૨૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ■

# ખાદ્યતેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

## રિફાઈનરોની આરબીડી પામોલિનમાં બાયબૅકમાં લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૬ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી વિવિધ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૮૫ અને રૂ. ૧૧૯૧, અલાનાના ખપોલીથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ .૧૨૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ઈમામી અને ગોલ્ડન એગ્રોની આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૧૩૫ના મથાળે બાયબૅકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૫૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો ૫ ૨

આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૭૨૦૦થી ૭૨૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી છતાં તાજેતરમાં વૈશ્વિક સ્તરે ટૅરિફ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાના માહોલમાં આજે માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ નવ અને રૂ. આઠ વધી આવ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૨૯૧૫ અને રૂ. આઠ વધીને રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૯૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૮૫૧ અને રૂ. ૨૬૨ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૮૪૧ના મથાળે રહ્યા હતા. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે હાજરમાં એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો સુધારો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ.



ચારના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૮૮૨થી ૩૯૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■

# નાના ચા ઉત્પાદકોની કેન્દ્ર સરકારને ભાવ સંશોધન યંત્રણાનો અનુરોધ

કોલકાતાઃ દેશમાં ચાના કુલ ઉત્પાદનમાં ૫૦ ટકા હિસ્સો ધરાવતા નાના ચા ઉત્પાદકોએ કેન્દ્ર સરકાર સમક્ષ વાજબી અને પારદર્શક ભાવ સંશોધન યંત્રણાનો અનુરોધ કર્યો છે જેથી તેઓ દ્વારા ફેક્ટરીમાં વેચવામાં આવતી ચાની પત્તીઓનાં વળતરદાયી ભાવ ઊપજે. આજે કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન સ્મોલ ટી ગ્રોઅર્સ એસોસિયેશન (સિસ્ટા) વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલને પત્ર લખીને નાના ચા ઉત્પાદકો માટે લઘુતમ ટેકાના ભાવની સમકક્ષ એવી પ્રાઈસ પ્રોટેક્શન સ્કીમની ભલામણ કરતાં જણાવ્યું હતું કે નાના ચા ઉત્પાદકો અને ફેક્ટરી માટેનાં સર્વસામાન્ય ભાવનાં નિર્ધારણ માટે ટી બોર્ડે અભ્યાસ કરવો જોઈએ. નાના ચા ઉત્પાદકો સતત નબળી ભાવ ઊપજ અંગેનાં પડકારોનો સામનો કરી રહ્યા છે જે ચા ક્ષેત્રના ટકાઉપણાને પણ નબળું પાડી રહ્યું હોવાનું સિસ્ટાના પ્રમુખ બિજોય ગોપાલ ચક્રવર્તીએ જણાવતાં ઉમેર્યું હતું કે દેશમાં ચાના કુલ ઉત્પાદનમાં નાના ઉત્પાદકો બાવન ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે આથી સુવ્યવસ્થિત ભાવ સંશોધન યંત્રણા ખોળવી જરૂરી છે જેથી નાના ઉત્પાદકોનો જીવનનિર્વાહ પણ જળવાઈ રહે. ■

# રાજ્યમાંથી તોતાપુરી કેરીની પ્રાપ્તિનો ખર્ચ કેન્દ્ર ભોગવેઃ આંધ્ર પ્રદેશ

નવી દિલ્હીઃ આંધ્ર પ્રદેશના કૃષિ પ્રધાન કિંજારાપુ અત્ચન્નાઈડુએ વર્તમાન મોસમમાં માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ (એમઆઈએસ) હેઠળ રાજ્યમાંથી પ્રાપ્ત કરવામાં આવેલી ૬.૫ લાખ ટન તોતાપુરી કેરીની પ્રાપ્તિ પેટેનો કુલ રૂ. ૨૬૦ કરોડનો ખર્ચ કેન્દ્ર ભોગવે એમ જણાવ્યુ છે. કેન્દ્રિય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ સાથેની બેઠકમાં અત્ચન્નાઈડુએ જણાવ્યું હતું કે રાજ્યના ચિત્તુર જિલ્લામાંથી કિલોદીઠ રૂ. ૧૨ના ટેકાના ભાવથી કેરીની પ્રાપ્તિ થઈ રહી છે. આ પૈકી ટ્રેડરો/ફેક્ટરીઓ કિલોદીઠ રૂ. આઠની ચુકવણી કરી રહ્યા છે અને શેષ રૂ. ૪નો ખર્ચ એમઆઈએસ હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ૫૦:૫૦ના ધોરણે ભોગવવાનો હોય છે. જોકે, આ વર્ષે સ્થાનિક સ્તરે ભાવમાં તીવ્ર ઘટાડો થયો હોવાથી એમઆઈએસ હેઠળ પ્રાપ્તિનો ૧૦૦ ટકા ખર્ચ કેન્દ્ર દ્વારા ભોગવવામાં આવે એવો અનુરોધ રાજ્યના કૃષિ પ્રધાને કર્યો છે. તેમ જ પ્રાપ્તિની આ સ્કીમ આગામી ઑગસ્ટ મહિના સુધી લંબાવવાની પણ માગણી કરી છે. તોતાપુરી કેરીની લણણી મેથી ઑગસ્ટ દરમિયાન થતી હોય છે અને તેમાં ખાસ કરીને જૂન-જુલાઈ મહિનામાં આવકોનું પ્રમાણ વધુ હોય છે. વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમમાં આંધ્ર પ્રદેશમાં કેરીનું ઉત્પાદન ૪૯.૮૬ લાખ ટનની સપાટીએ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે રાજ્યમાં આ વર્ષે તોતાપુરી કેરીના ઉત્પાદનમાં વધારો થવાથી સ્થાનિકમાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭.૫૦ના ઉત્પાદન ખર્ચ સામે ઘટીને કિલોદીઠ રૂ. ચાર સુધી ઘટી ગયા હતા. ■

# જૂન મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ પાંચ મહિનાની ટોચે

નવી દિલ્હીઃ તાજેતરમાં વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાના માહોલમાં ઈક્વિટી માર્કેટમાં ભારે ચંચળતાનું વલણ રહેવાની સાથે સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ગત જૂન મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણકારોનો ચોખ્ખો આંતરપ્રવાહ પાંચ મહિનાની ઊંચી રૂ. ૨૦૮૧ કરોડની સપાટીએ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત મે મહિનામાં રૂ. ૨૯૨ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો. તે પૂર્વે એપ્રિલમાં રૂ. છ કરોડનો અને માર્ચમાં રૂ. ૭૭ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ રહ્યો હતો. જોકે, જૂન મહિનાના ચોખ્ખા આંતરપ્રવાહમાં થયેલા વધારાને ટેકે વર્તમાન કેલૅન્ડર વર્ષ ૨૦૨૫ના પહેલા છમાસિકગાળામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહે રૂ. ૮૦૦૦ કરોડની સપાટી વટાવી દીધી છે.

વધુમાં જૂન મહિનાના આંતરપ્રવાહમાં વધારો થવાથી સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ જે મહિનાના અંતે રૂ. ૬૨,૪૫૩ કરોડની હતી તે ચાર ટકા જેટલી વધીને રૂ. ૬૪,૭૭૭ કરોડની સપાટીએ રહી હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એકંદરે સોનાના ભાવમાં મક્કમ ગતિએ થઈ રહેલો વધારો, વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા, ઈક્વિટી માર્કેટમાં અને સુનિશ્ચિત આવક ધરાવતી બજારોમાં ભારે ચંચળતા જેવા કારણોસર સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં સલામતી માટેની માગને ટેકે આકર્ષક આંતરપ્રવાહ જોવા મળ્યો હોવાનું મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાનાં રિસર્ચ મેનેજર નેહલ મેશરામે જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર જૂન મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ગત જાન્યુઆરીનાં રૂ. ૩૭૫૧ કરોડનાં આંતરપ્રવાહ પછીનો સૌથી વધુ આંતરપ્રવાહ જોવ મળ્યો છે. તેમ જ જૂન મહિનામાં બે નવાં એક્સચેન્જ ટ્રેડેડ ફંડ લૉન્ચ થયા હતા તેમાં સંયુક્ત ધોરણે આંતરપ્રવાહ રૂ. ૪૧ કરોડનો જોવા મળ્યો હતો.

વધુમાં આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં પોર્ટફોલિયોની સંખ્યા જે મે મહિનાના અંતે ૭૩.૬૯ લાખની હતી તેમાં ૨.૮૫ લાખનો ઉમેરો થતાં કુલ સંખ્યા ૭૬.૫૪ લાખની સપાટીએ રહી હતી, જે રોકાણકારોનું સોના પ્રત્યે વધેલું આકર્ષણ દર્શાવે છે.

# અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે સોનામાં ફરી તેજીનો સંચાર, ચાંદીના વૈશ્વિક ભાવ ૧૩ વર્ષની ટોચે

કોમોડિટી

રમેશ ગોહિલ

વૈશ્વિક બજારમાં ગત સપ્તાહના આરંભે સોનામાં નરમાઈનું વલણ રહ્યા બાદ ગત બુધવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી કોપરની આયાત પર અને બ્રાઝિલથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ ગુરુવારે કેનેડાથી થતી આયાત સામે ૩૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરવાની સાથે અન્ય વેપારી ભાગીદાર દેશો પર ૧૫ અથવા ૨૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારી હોવાથી વૈશ્વિક સ્તરે ઈક્વિટી જેવી જોખમી બજારોમાં ગાબડાં પડ્યાં હતાં અને સોનામાં સલામતી માટેની માગ ખૂલતાં ભાવમાં ફરી તેજીનો સંચાર થયો હતો અને સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ભાવ વધીને ગત ૨૪મી જૂન પછીની ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૩.૯ ટકાના ઉછાળા સાથે ૧૩ વર્ષની ઊંચી ઔંસદીઠ ૩૮.૪૬ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. આમ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ આરંભિક તબક્કામાં નરમાઈ રહ્યા બાદ ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો અને સાપ્તાહિક ધોરણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦ની આગેકૂચ જોવા મળી હતી.



ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૪ જુલાઈના રૂ. ૯૭,૦૨૧ના બંધ સામે ઘટીને ૯૬,૭૩૭ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૯૬,૦૮૫ સુધી ઘટ્યા બાદ અંતે સપ્તાહની ઊંચી ૯૭,૫૧૧ની સપાટીએ બંધ રહ્યા હતા. હાલના તબક્કે ચોમાસાની મોસમ તથા લગ્નસરાની મોસમ પૂરી થવાની સાથે નજીકના ભવિષ્યમાં સોનાની ખરીદી માટે શુકનવંતા તહેવારો પણ ન હોવાથી સોનામાં એકંદરે રિટેલ સ્તરની માગ શાંત હોવાથી જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલી પણ પાંખી હતી. સામાન્યપણે દેશમાં જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સોનામાં માગ દબાણ હેઠળ જ રહેતી હોય છે. એકંદરે ગત મે અને જૂન મહિનામાં સોનાની આયાતમાં ઘટાડો થયો હોવાથી તેમ જ સ્ક્રેપ અથવા તો જૂના સોનામાં વેચવાલીનું દબાણ પણ ઓછું રહ્યું હોવાથી બજારમાં થોડાઘણાં અંશે પુરવઠાખેંચની સ્થિતિ હોવાથી સ્થાનિકમાં ડીલરો દ્વારા ઑફર કરવામાં આવતા ડિસ્કાઉન્ટમાં ઘટાડો થયો હોવાનું મુંબઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવતાં ઉમેર્યું હતું કે આગલા સપ્તાહે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૪ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા, જ્યારે ગત સપ્તાહે ડિસ્કાઉન્ટ આઠ ડૉલર આસપાસની સપાટીએ રહ્યું હતું. વિશ્વ બજારમાં ગત બુધવારે સોનાના ભાવ ઘટીને ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી ગયા બાદ છેલ્લા બે સત્ર દરમિયાન અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પહેલી ઑગસ્ટથી ટૅરિફના અમલની જાહેરાત કરવાની સાથે નવાં ટૅરિફની પણ જાહેરાતો કરતાં ફરી ટ્રેડ વૉર ઉગ્ર બનવાની ભીતિ સપાટી પર આવતાં સોનામાં સલામતી માટેની માગને ટેકે સપ્તાહના અંતે ભાવ વધીને ૩૩૫૫ ડૉલર સુધી પહોંચ્યા હતા. જોકે, આ અનિશ્ચિતતાના માહોલમાં પણ સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં માગ નિરસ રહેતા ડીલરો સોનાના ભાવ જે આગલા સપ્તાહે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૪.૨ ડૉલરથી ૩૩ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ ૧૦ ડૉલરથી ૨૫ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે ચીનની કેન્દ્રવર્તી નવાં બૅન્કે એન્ટિ મની લૉન્ડરિંગ અને કાઉન્ટર ટેરરિઝમ ફાઈનાન્સિંગ રેગ્યુલેશન જાહેર કરીને કિંમતી ધાતુઓ અને રત્નોનાં ડીલરોને લક્ષ્યાંકમાં લીધા હોવાથી સોનાની માગ પર માઠી અસર પડી હોવાના અહેવાલ હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કોપરની આયાત પર ૫૦ ટકા ટૅરિફ અને કેનેડાથી થતી આયાત પર પહેલી ઑગસ્ટથી ૩૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરવાની સાથે અન્ય દેશો પર પણ ૧૫થી ૨૦ ટકાની રેન્જમાં ટૅરિફ લાદવામાં આવે તેવી યોજના ધરાવતા હોવાની જાહેરાત કરી હતી. આ પૂર્વે તેમણે બ્રાઝિલને ધ્યાનમાં રાખીને સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ પર ટૅરિફ લાદવામાં આવે એવી ચીમકી ઉચ્ચારી હતી. વધુમાં તેમણે ફેડ ફંડને વ્યાજદરમાં ૩૦૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરવાની હાકલ કરતાં બજારમાં અનિશ્ચિતતાનો માહોલ વધ્યો હતો અને સોનામાં સલામતી માટેની માગમાં ઉછાળો આવ્યો હતો. વધુમાં અમેરિકી પ્રમુખ આગામી વર્ષે હળવી નાણાનીતિની તરફેણ કરતાં અધિકારીઓની ફેડરલ રિઝર્વમાં નિયુક્તિ કરે તેવી શક્યતાઓથી સોનાની તેજીને ઈંધણ મળ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના આર્થિક ડેટાઓમાં પણ મક્કમ વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે બેરોજગારી ભથ્થા માટેના અરજદારોની સંખ્યામાં સતત ચોથા સપ્તાહે ઘટાડો થયો હતો અને નોન ફાર્મ પૅરોલ ડેટા પણ મજબૂત આવ્યા હતા. તેમ છતાં આ વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. એકંદરે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન પણ સોનામાં સલામતી માટેની માગને ટેકે મક્કમથી સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં વૈશ્વિક બજારમાં સોનાના ભાવ માટે ઔંસદીઠ ૩૨૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટીએને ૩૪૭૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થવાની તેમ જ સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૪,૦૦૦થી ૧,૦૧,૫૦૦ની રેન્જમાં રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકાની તેજી સાથે અને ગત ૨૪મી જૂન પછીની ઊંચી ઔંસદીઠ ૩૩૫૬.૯૩ ડૉલરની સપાટીએ અને વાયદામાં ભાવ ૧.૪ ટકાના ઉછાળા સાથે ૩૩૭૧.૨૦ ડૉલરના મથાળે રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૩.૯ ટકાના તોતિંગ ઉછાળા સાથે સપ્ટેમ્બર, ૨૦૧૧ પછીની સર્વોચ્ચ ઔંસદીઠ ૩૮.૪૬ ડૉલરની સપાટીએ પહોંચ્યાના અહેવાલ હતા. ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફરી કેનેડિયન આયાત પર પહેલી ઑગસ્ટથી ૩૫ ટકા ટૅરિફ લાદવાની અને અન્ય વેપારી ભાગીદાર દેશો પર ૧૫થી ૨૦ ટકા જેટલી ટૅરિફ લાદવાનો પુનરોચ્ચાર કર્યો હોવાથી તેમ જ તેઓ અમેરિકામાં થતી કોપરની આયાત સામે અને બ્રાઝિલ પર ૫૦ ટકા ટૅરિફ લાદવાની યોજના ધરાવે છે એમ જણાવતાં અનિશ્ચિતતાના માહોલની અને ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હતી. આમ હાલમાં આપણે અનિશ્ચિતતાના માહોલમાં હોવાથી સોનાને સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું સ્ટેટ સ્ટ્રીટ ગ્લોબલ એડવાઈઝર્સનાં ગ્લોબલ હેડ આકાશ દોશીએ જણાવ્યું હતું. ■

# કેમઈન્ડિયા પોર્ટલ પર નિકાસકારોને સમયસર ડેટા અપડેટ કરવા કેમેક્સિલનો ઉદ્યોગને અનુરોધ

નવી દિલ્હીઃ રસાયણનાં નિકાસકારોના સંગઠન કેમેક્સિલે ઉદ્યોગને સરકારના આદેશનું પાલન કરીને સરકારનાં કેમઈન્ડિયા વૅબ પોર્ટલ પર સમયસર આંકડાકીય માહિતી અપડેટ કરવાનો ઉદ્યોગને અનુરોધ કર્યો છે. કેમિકલ્સ ઍન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલયે ગત ફેબ્રુઆરી મહિનામાં ભારતીય રસાયણ અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ/એકમો (અમુકને બાકાત રાખતા)ને વેબ પોર્ટલ પર ફરજિયાત આંકડાકીય વિગતો આપવાનો આદેશ બહાર પાડ્યો હોવાનું નિકાસકારોના સંગઠન કેમેક્સિલે જણાવ્યું હતું.

બેઝિક કેમિકલ્સ, કોસ્મેટિક્સ ઍન્ડ ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (કેમેક્સિલ)એ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ કલેક્શન ઑફ સ્ટેટેસ્ટિક્સ ઍક્ટ, ૨૦૦૮ જે હવે જોગવાઈઓમાં સુધારા સાથે જન વિશ્વાસ ઍક્ટ, ૨૦૨૩ તરીકે ઓળખવામાં આવે છે તે ધારા હેઠળ ફરજિયાત ધોરણે આપવાની હોય છે અને જો ઉદ્યોગ દ્વારા માહિતી અથવા વિગતો જાહેર કરવામાં ન આવે તો આ ધારાનું ઉલ્લંઘન ગણવામાં આવે છે.

ઉદ્યોગ દ્વારા સમયસર અને સચોટ ધોરણે આંકડાકીય માહિતી જાહેર કરવામાં આવે તે માટે કાઉન્સિલ દ્વારા ગત સાતમી જુલાઈના રોજ એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ■



રાજકોટમાં પરસાણા ચોકથી કણકોટ જવાનો રસ્તો અતિ બિસ્માર છે, આ મુદ્દે શહેર ભાજપના આગેવાન નરેન્દ્રસિંહ રાઠોડ ઉપવાસ આંદોલન પર ઉતર્યા છે. (તસવીર– પ્રવિણ સેદાણી)

# ભુજ-મુંબઈની એર ઈન્ડિયાની ફ્લાઈટ પંદરથી વધારે મુસાફરોને વિમાનમાં બેસાડ્યા વિના જ 'ઊડી' ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એર કનેક્ટિવિટીની બાબતમાં ગણતરીના મુસાફર વિમાનો પર નિર્ભર સરહદી કચ્છના મુખ્ય મથક ભુજના એરપોર્ટ પર મુંબઈ જતા એર ઇન્ડિયાના વિમાનમાં જગ્યા ન હોવાનો હવાલો આપીને એડવાન્સ બુકીંગ કરીને પહોંચેલા પંદરથી વધારે મુસાફરોને, ફ્લાઈટમાં બેસાડ્યા વિના જ ટેક ઓફ કરી દેવાતાં ભુજ એરપોર્ટ પર ભારે હોબાળો થયો હતો. અધૂરામાં પૂરું, એર ઈન્ડિયા દ્વારા તેમના માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ ધરાર ન કરાતાં મુસાફરો રઝળી પડ્યા હતા.

મુંબઈ જતી આ બપોરની ફ્લાઇટ કેટલાક મુસાફરોને પડતા મૂકીને શા માટે 'ઊડી' ગઈ એના માટેનાં કારણો જાણવા એર ઇન્ડિયા કંપનીના કર્મચારીઓ સમક્ષ ઉતારુઓએ પૂછપરછ કરી હતી, પરંતુ કોઈ જ યોગ્ય ઉત્તર મળ્યો ના હોવાનો સોશિયલ મીડિયામાં વાઇરલ થઇ રહેલા એક વીડિયોમાં દાવો કરાયો હતો. આ વીડિયોમાં દેખાઈ રહેલા મુસાફરો પાસે મુંબઇ ફ્લાઈટની ટિકિટ હોવા છતાં એરક્રાફ્ટમાં બેસવાની સીટ ઉપલબ્ધ ના મળતાં પરત ફરવું પડ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું.

એર ઇન્ડિયા દ્વારા દાખવવામાં આવેલી આ ઘોર બેદરકારીના લીધે લોકોમાં ભારે ચકચાર મચી હતી. કેટલાકે આ મુદ્દે નાગરિક ઉડ્ડયન પ્રધાનને 'એક્સ' પર ટેગ કરીને ફરિયાદ કરી હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

# કચ્છમાં આત્મહત્યાના અલગ-અલગ બનાવોમાં ત્રણ યુવાનોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસામાં ભારે વરસાદ બાદ નદી-સરોવર નવા નીરથી ભરાઈ ગયા છે. ત્યારે, પીયોણી ગામના તળાવમાં આવેલા પાલર પાણીમાં નખત્રાણાના યુવકનું માછીમારી કરતી વેળાએ ડૂબી જવાથી મોત નીપજ્યું હતું, બીજી તરફ નેત્રા, અંજારના મેઘપર (બોરીચી)માં અને મનફરા ગામમાં રહેનારા ત્રણ યુવાનોએ ગળેફાંસો ખાઈ, આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, નખત્રાણાના કોલીવાસમાં રહેનારો ૨૪ વર્ષીય દિનેશ મોહન કોલી અન્ય બે જણ સાથે પીયોણી ગામના તળાવમાં માછલી પકડવા માટે ગયો હતો. એ દરમિયાન તેનો પગ લપસતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. બનાવ બાદ નલિયા પોલીસ અને મરીન કમાન્ડોએ પાંચ કલાકની શોધખોળ બાદ તેના મૃતદેહને બહાર કાઢ્યો હતો.નલિયા પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો દાખલ કરવા સહિતની તજવીજ હાથ ધરી છે. દરમ્યાન, આજના ફાસ્ટ જમાનામાં માનસિક તણાવનું પ્રમાણ વધવાની સાથે આત્મહત્યાના બનાવોમાં પણ ચિંતાજનક સ્તરે વધારો નોંધાઈ રહ્યો છે તેવામાં સરહદી કચ્છમાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન બનેલી વિવિધ 'સેલ્ફ હાર્મ'ની ઘટનાઓમાં ત્રણ યુવાનોએ અંતિમ પગલાં ભરી લેતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

ભચાઉ તાલુકાના મનફરા ગામે રહેનાર હર્ષદ કાંતિ દરજી (ઉ.વ.૨૬) નામના યુવાને ગળે ફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો, મેઘપર બોરીચીની સોસાયટીમાં રહેનાર વિકાસ અશોક પરમાર (ઉ.વ.૩૨) નામના યુવાને જીવન ટૂંકાવી લીધું હતું, જ્યારે નેત્રા ગામમાં પ્રતીક જોશી (ઉ.વ.૨૫) નામના યુવાને પણ કોઈ અજ્ઞાત કારણે ગળેફાંસો ખાઈ પોતાનું મહામૂલું જીવન ટુંકાવ્યું હતું.

મનફરાના ગણેશનગર વિસ્તારમાં રહેનારા હર્ષદે પોતાના ઘરે હિંચકાના હૂકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો. દરજીકામ કરનારા આ પરિણીત યુવાને શા માટે આ અંતિમ પગલું ભરી લીધું તે જાણવા ભચાઉના પી.એસ.આઇ. જે.જે. ત્રિવેદીએ તપાસ હાથ ધરી છે. આપઘાતનો વધુ એક બનાવ મેઘપર બોરીચીની સોસોયટીમાં બન્યો હતો. અહીં રહેનાર વિકાસ પરમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ પોતાનું આયખું ટૂંકાવી લેતાં પોલીસે છાનબીન શરૂ કરી છે. આ પ્રકારનો ત્રીજો બનાવ નખત્રાણાના નેત્રા ગામ મધ્યે બનવા પામ્યો હતો જેમાં અહીં રહેતા પ્રતીક જોશી નામના યુવાને કોઈ અકળ કારણોસર પંખામાં કાપડના પટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. નખત્રાણા પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી આ યુવાને કયા કારણે અંતિમ પગલું ભર્યું તે જાણવા સહિતની તપાસ હાથ ધરી છે. ■

# કંડલા સેઝ, મુંદરા અને મુંબઈના નાવાશેવા બંદરેથી ૩૫ કરોડથી વધુના પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડા ઝબ્બે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ડીરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સની ટુકડી દ્વારા હાથ ધરવામાં આવેલાં 'ઓપરેશન ફાયર ટ્રેઈલ' અંતર્ગત મુંબઈ અને કચ્છના બંદર અને મુક્ત વ્યાપાર કેન્દ્રમાં મિસ-ડિક્લેરેશન થકી ઘુસાડવામાં આવેલા ૩૫ કરોડથી વધુની બજાર કિંમતના પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડાનો જથ્થો જપ્ત કરી લીધો હતો અને આયાતકાર પેઢીના ભાગીદારની ધરપકડ કરીને તેને જેલ હવાલે કરી દીધો હતો.

આ અંગે પ્રાપ્ત સત્તાવાર માહિતી મુજબ, દેશની આર્થિક રાજધાની મુંબઈના નાવાશેવા બંદર, કચ્છના અદાણી મુંદરા બંદર અને કંડલા બંદરના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં ડીઆરઆઈની ટુકડીએ પૂર્વ બાતમીના આધારે છેલ્લા એક સપ્તાહથી પડાવ નાખ્યો હતો. આ દરમ્યાન ચોક્કસ કન્ટેનરોની તપાસ દરમ્યાન ચીનથી આવેલા ૩૫ કરોડથી વધુની કિંમતના ચાઈનીઝ ફટાકડાનો અંદાજિત ૧૦૦ મેટ્રિક ટન વજન ધરાવતો જથ્થો મળી આવ્યો હતો.

આ જથ્થાને કાગળિયા પર કાસેઝ યુનિટ કાર્ગો કેરમાં 'મીની ડેકોરેટીવ પ્લાન્ટ્સ', 'આર્ટીફિશ્યલ ફ્લાવર્સ' અને 'પ્લાસ્ટીક મેટ' ના નામે મીસડિક્લેર કરાયો હતો. આ તમામ કન્ટેનરો કાસેઝથી રુટેડ થતા હતા, જેમાં ડીટીએ મારફતે યુનિટ જે ભાગીદાર હતી તેના એક ભાગીદારને ડીઆરઆઈએ અટકમાં લઇ, તેને અદાલત સમક્ષ પ્રસ્તુત કરીને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રેડ લીડ, કોપર ઓક્સાઈડ અને લીથીયમનું પ્રમાણ ધરાવતા આ ચીની ફટાકડાઓ ભારતમાં 'પ્રતિબંધીત' વસ્તુઓની યાદીમાં સમાવિષ્ટ છે અને ડીજીએફટી અને પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝીવ સેફ્ટી ઓર્ગનાઈઝેશન દ્વારા પરવાના પ્રાપ્ત યુનિટ તેને મગાવી શકે છે. ■

# ડ્રિમલાઈનર વિમાનમાં ઉડવાનું સ્વપ્ન બતાવનાર અજ્ઞાત યુવક દ્વારા છેતરાયેલી ગરીબ પરિણીતાના વહારે અભયમ આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત ૮મી જુલાઈ, ૨૦૨૫ના રોજ રાતના સમયે એક મહિલા તેના બે નાનાં બાળકો સાથે રસ્તા ઉપર બેઠી હોવાની માહિતી ૧૮૧ અભયમ સંસ્થાને મળતાંની સાથે જ કાઉન્સેલર બારડ નિરૂપા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઠાકોર ચંદ્રિકાબેન આ મહિલાની મદદે દોડી ગયાં હતાં.

પૂછપરછ કરતા મહિલાએ પોતાનું વતન ઉત્તર પ્રદેશ હોવાનું જણાવ્યું હતું કે, હાલ તેના પતિ સાથે કચ્છના ગાંધીધામ નજીક એક કંપનીમાં મજૂરી કામ કરી રહેવાનું જણાવ્યું હતુ. પીડિતાએ કહ્યું હતું કે, તેના પતિ સાથે તેણે પ્રેમલગ્ન કર્યા હતાં અને તેને બે સંતાન છે. તાજેતરમાં આ મહિલા ફેસબુક દ્વારા એક આકર્ષક દેખાવના પુરુષના સંપર્કમાં આવી હતી.

આ યુવકે પોતાને લંડનનો રહેવાસી અને મધ્ય પ્રદેશમાં મોટો બિઝનેસ ધરાવતા હોવાનું જણાવી, મહિલાને પોતાના બાળકો સાથે રાખી લગ્ન કરવાની લાલચ આપી હતી. નવાઈની વાત એ હતી કે, એ કહેવાતા લંડનવાસીએ આ ભોળવયેલી મહિલાને પોતાનો વીડિયો કોલ, ફોટો ઉપલબ્ધ કરાવ્યા ન હતા. માત્ર મેસેન્જર વડે વાતચીત કરતો રહેતો હતો. આ લંડનવાસીએ ગરીબ મહિલાને એવું જણાવ્યું હતું કે, તે તેને પોતાની સાથે તેડી જવા માટે વિમાનમાં આવી રહ્યો છે અને તેની માતા-પિતાએ ૧.૫ લાખ રૂપિયાનો સામાન મોકલ્યો છે. પણ એરપોર્ટ પર તેને પોલીસે પકડી લીધો છે અને મુક્ત થવા ૯૦૦૦ રૂપિયાની જરૂર છે. પ્રેમમાં અંધ બનેલી મહિલાએ પોતાના પતિનો સ્માર્ટફોન ચોરીને તેને માત્ર ૩૦૦૦ રૂપિયામાં વેચી નાખ્યો અને તે પૈસા એ અજ્ઞાત પુરુષને ઓનલાઇન ટ્રાન્સફર પણ કરી દીધા હતા!. ૧૮૧ ટીમે એ અજ્ઞાત શખ્સ સાથે વાત કરી ત્યારે ખબર પડી કે તે વારંવાર અન્ય નંબર પરથી કોલ કરાવે છે, પોતાનું સ્થાન સ્પષ્ટ નથી બતાવતું, અને કયા એરપોર્ટ પર છે એ પણ કહેતું નથી.

ટીમે ટેક્નોલોજી દ્વારા ચેક કરતાં જાણવા મળ્યું હતું કે તેનો નંબર વિદેશી છે. મહિલા કોન્સ્ટેબલ ચંદ્રિકાબેન દ્વારા વધારે કાઉન્સેલિંગ કરતા મહિલાએ પતિ સાથે જ રહેવાની ઇચ્છા વ્યક્ત કરતાં પતિનો સંપર્ક કર્યો હતો. ■

# ભાવનગરના પાલિતાણામાં દોઢ ઇંચ,ગારિયાધાર, તળાજા અને મહુવામાં અડધો ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના પાલિતાણામાં દોઢ ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ગારિયાધાર, તળાજા અને મહુવામાં અડધો ઇંચ વરસાદ ખાબક્યો હતો.

ગોહિલવાડ પંથકમાં ચાર તાલુકામાં વરસાદ નોંધાયો છે.

આજે બપોરે પાલિતાણામાં ધોધમાર દોઢ ઇંચ વરસાદ પડી ગયો હતો. શનિવારે સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના ગારિયાધારમાં ૧૦, પાલિતાણામાં૩૩, તળાજા ૧૧, મહુવા ૧૬ જેસરમાં ૨ , ઉમરાળામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૨૬.૩ ડીગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૨૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.■

# ભાવનગરમાં છ માસ પહેલા લગ્ન કરનાર પરણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના ઘોઘા રોડ ગાયત્રી નગર વિસ્તારમાં રહેતી પરણીતાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા વહોરી લીધી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના ઘોઘા રોડ ગાયત્રી નગર વિસ્તારમાં આવેલ પાર્થ સોસાયટીમાં રહેતા દીપિકાબેન જયદીપભાઇ જિંદાણી ઉ. વ.૩૦ નામની પરણીતાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. મરણ જનાર દીપિકાબેનના છ માસ પહેલા જ લગ્ન થયાં હતાં.

પતિ- પત્ની બંને બહેરા- મૂંગા છે. આ બનાવ અંગે ભરતનગર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.■

# ભાવનગરના મહુવામાં બંધ મકાનમાંથી ₹ પોણા બે લાખ મતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવામાં આવેલી પોસ્ટલ સોસાયટીમાં રહેતો પરિવાર પોતાના વતન મહારાષ્ટ્ર ખાતે જતાં અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરીને સોનાના ઘરેણા તેમજ રાણી સિક્કા તેમજ રોકડ રૂપિયા સહિત કુલ ૧.૪૫ લાખના મતાની ચોરી કરી તસ્કરો નાસી છૂટયા હતા.

બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં પોસ્ટલ સોસાયટીમાં રહેતા સતિષભાઈ શંકરભાઈ સીસાગરે મહુવા પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, એક મહિના પહેલા પોતાના ગામ મહારાષ્ટ્ર રાજ્યમાં ગયા હોવાથી કોઈ અજાણ્યા માણસો ઘરમાં પ્રવેશ કરીને ઘરના કબાટમાં રાખેલા સોનાના ઘરેણા તેમજ રાણી સિક્કા તેમજ ૧૫૦૦૦ રૂપિયા રોકડા સહિત કુલ ૧,૪૫,૦૦૦ ની ચોરી કરીને અજાણ્યા તસ્કરો નાસી છૂટ્યા હતા. મહુવા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધમાં ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. ■

# મોરબીના રવાપરમાં બિસ્માર રસ્તા મુદ્દે મહિલાઓએ થાળી વગાડી ચક્કાજામ કર્યો

અમદાવાદ: મોરબીના રવાપર ગામમાં બિસ્માર રસ્તા, પાણીના નિકાલનો અભાવ જેવા મુદ્દે મહિલાઓ રણચંડી બની હતી. મહિલાઓએ ચક્કાજામ કર્યો હતો અને થાળી વગાડી તંત્રના બહેરા કાને અવાજ પહોંચાડવા પ્રયાસ કર્યો હતો. મોરબીના રવાપર ગામે રામ સેતુ સોસાયટી અને ઉમિયાનગરમાં બિસ્માર રોડ, પાણીનો ભરાવો સહિતના પ્રશ્ને મહિલાઓ થાળી લઈને રોડ પર ઉતરી આવી હતી અને રોડ પર ચક્કાજામ કર્યો હતો. તંત્રની કામગીરીની ખાતરી છતાં નાગરિકો માનવા તૈયાર નહોતા. રવાપર ગામે મહિલાઓએ રસ્તા રોકો આંદોલન કરી ધારાસભ્ય નહીં આવે ત્યાં સુધી આંદોલન નહીં સમેટાય તેવો હુંકાર કર્યો હતા. મનપાએ રોડના ખાડા અને ગટર કામ શરૂ કરાતા આંદોલન સમેટાયું હતું. મહિલાઓ રોડ પર ઉતરતાં મોરબીમાં નિંદ્રાધીન તંત્ર અને નેતાઓ સફાળા જાગ્યા હતા અને કલેક્ટર કચેરીએ બેઠક યોજીને બે કલાક ચર્ચા કરી હતી.

આ બેઠકમાં રાજ્યસભા સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, મ્યુનિ. કમિશ્નર વગેરેએ નિર્ણય લઈને રસ્તા પરના ખાડા ૧૦-૧૨ દિવસમાં બુરવા, ગટર સફાઈ, બંધ લાઈટ ચાલુ કરવા સહિતના પ્રશ્નો તાત્કાલિક ધોરણે ઉકેલવા માટે આયોજન કર્યું હતું. આ સાથે વોર્ડ વાઈઝ અધિકારીઓ સાથે મીટિંગ કરવામાં આવશે અને ધારાસભ્ય દર ૧૫ દિવસે કોર્પોરેશન ખાતે મળશે તેમ નક્કી કરાયું હતું. ૧૦ દિવસમાં શહેરમાં એક પણ ખાડો જોવા ના મળે, લાઈટ બંધ ના હોય અને ગટર સફાઈ સહિતના પ્રશ્નો ઉકેલાય જાય તેવા તમામ પ્રયત્નો કરવાની બાયંધરી આપવામાં આવી હતી. જે બાદ મહિલાઓએ રસ્તો ખુલ્લો કર્યો હતો. ■

# રાજકોટમાં ચકડોળ વગર જ લોકમેળો યોજાશે, તંત્રએ તૈયારી શરૂ

અમદાવાદ: માત્ર સૌરાષ્ટ્ર જ નહીં સમગ્ર ગુજરાતમાં વિખ્યાત રાજકોટના લોકમેળાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. જન્માષ્ટમીના ભાતીગળ પાંચ દિવસીય લોકમેળો આ વખતે રાઈડસ વગર જ યોજવો પડે તેવા સંજોગોનું નિર્માણ થવા પામ્યું છે. લોકમેળાના ૨૩૮ સ્ટોલ સામે માત્ર ૨૭ ફોર્મ જ ભરાઈને સબમિટ થયા છે. લોકમેળા માટે કલેક્ટરતંત્ર દ્વારા આ વખતે સ્ટોલના ફોર્મની મુદતમાં સતત ત્રીજી વખત વધારો કરવા છતાં વેપારીઓએ લોકમેળાની આકરી એસઓપીના પગલે સ્ટોલ લેવા માટે રસ દાખવ્યો નથી. જેના પગલે આ મેળાના આયોજન સામે હાલ પ્રશ્નાર્થ ખડો ઊભો છે. લોકમેળા સમિતિને આ વખતે યાંત્રીક રાઈડસ તો ઠીક પણ સ્ટોલ વેચવાના પણ ફાંફા પડ્યા છે.

યાંત્રિક રાઈડસની એસઓપીમાં છુટછાટ આપવાની માગણી સાથે રાઈડસ સંચાલકોએ ગાંધીનગરમાં સીએમઓ, ગૃહ પ્રધાન, મુખ્ય પ્રધાન, યાંત્રીક રાઈડસ વિભાગના સચિવ સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. પરંતુ એસઓપીમાં બાંધછોડ કરવાના મામલે તંત્રએ રસ નહી દાખવતા રાઈડસનો પ્રશ્ન હજુ જેમને તેમ અધ્ધરતાલ હોવાથી આ વખતે મોટી રાઈડસ વગર જ રાજકોટનો રંગીલો લોકમેળો યોજવો પડે તેવી નોબત આવી પડી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ આ લોકમેળામાં હવે રાઈડસના બદલે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો કવીઝ, મનોરંજન આપતી સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો સાથે પ્લાન-બી ના આયોજન તરફ આગળ વધવાનું શરુ કર્યું છે. લોકમેળાના રિવાઈઝડ પ્લાન માટે જિલ્લા કલેકટર દ્વારા ગઈકાલે ખાસ બેઠક યોજવામાં આવી હતી.

સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં ભાતીગળ લોકમેળામાં રાઈડસનું આકર્ષણ રહેતુ હતું. આ મેળાને મહાલવા માટે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી લાખોની જનમેદની ઉમટી પડે છે.

પરંતુ આ વખતે રાજય સરકારની રાઈડસ માટેની આકરી એસઓપી આરસીસી ફાઉન્ડેશન, સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટિફિકેટ અને જીએસટી સાથેનું રાઈડસનું બીલ વહીવટીતંત્ર દ્વારા માંગવામાં આવતા રાઈડસ સંચાલકોએ તેની સામે નારાજગી દર્શાવી અને એસઓપીમાં છૂટછાટ આપવાની માગણી કરી રહ્યા છે. ■

# ઉંટિયા ગામે કૂવામાં ખાબકતા સિંહનું મોત

અમદાવાદ: અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઉંટિયા ગામમાં કૂવામાં ખાબકવાથી એક યુવા સિંહનું મોત થયું હતું. ખેડૂત વાલાભાઈ બાઘાભાઈ લાખણોત્રાની વાડીમાં આવેલો ખુલ્લો કૂવો છે. આ કૂવામાં એક થી બે વર્ષની ઉંમરનો સિંહ પડી ગયો હતો. ખેડૂતે આ અંગેની જાણ વન વિભાગને કરી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. રાજુલા રેન્જના આરએફઓ સહિત અધિકારીઓની ટીમે સિંહના મૃતદેહને બહાર કાઢ્યો હતો. મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળ્યો હતો. તેને પોસ્ટમોર્ટમ માટે જાફરાબાદના બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે સિંહ ૨૪ કલાકથી વધુ સમયથી પાણી ભરેલા કૂવામાં હતો. વન વિભાગે સ્થાનિક લોકો અને ખેડૂત માલિકના નિવેદનો નોંધી પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટ રેલવે ડિવિઝન આયોજિત રોજગાર મેળામાં ૯૫ ઉમેદવારોને નિમણૂક પત્ર અપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

અમદાવાદ: રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા જગજીવનરામ રેલવે ઇન્સ્ટિટ્યૂટ, કોઠી કમ્પાઉન્ડમાં ૧૬મા રોજગાર મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સવારે ૧૧ કલાકે આ મેળાનો શુભારંભ કર્યો હતો અને ૫૧,૦૦૦થી વધુ નવનિયુક્ત કર્મચારીને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું, સાથે તેમને સંબોધિત પણ કર્યા હતા. જેમાં રેલવે વિભાગના ૮૦ ઉમેદવાર તો પોસ્ટલ વિભાગ યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, એઈમ્સના ૧૫ મળી કુલ ૯૫ ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રી નિમુબેન બાંભણિયા સહિત સ્થાનિક ભાજપના નેતાઓ હાજર રહ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ ભારતીય રેલવે દ્વારા દેશભરમાં ૪૭ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા પણ જગજીવનરામ રેલવે ઇન્સ્ટિટ્યૂટમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર મેળાનું આયોજન ભારતીય રેલવે દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં રેલવે, ગૃહ, ઉચ્ચ શિક્ષણ, પોસ્ટ, વિદ્યુત, શ્રમ સહિત લગભગ ૧૪ મંત્રાલયોમાં નવા પસંદ કરાયેલા કર્મચારીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.

રાજકોટ ડિવિઝનમાં આયોજિત રોજગાર મેળામાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા તેમજ સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય દર્શીતા શાહ અને રમેશ ટીલાળા સહિતનાં આગેવાનો હાજર રહ્યા હતા. ■

# ગીર સોમનાથના ૫ જર્જરિત પુલ પર ભારે વાહનોની અવરજવર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં જર્જરિત પુલ મામલે જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું હતું. જિલ્લામાં પાંચ જર્જરિત બ્રિજ પરથી ભારે વાહનો તેમજ વિદ્યાર્થીઓ સાથેના સ્કૂલ વાહનોના પરિવહન પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટે જિલ્લામાં આવેલ વિવિધ પુલોનું નિરીક્ષણ કર્યું હતું અને આ પૈકી કોડીનાર વેરાવળ નેશનલ હાઇવે પર સોમનાથ નજીક હિરણ નદીના બ્રિજ તેમજ ઉના શહેર મધ્યમાંથી પસાર થતાં મચ્છુન્દ્રી નદી પરનો બ્રિજ તેમજ વેરાવળ બંદરમાં આવેલ જુદા જુદા બ્રિજ તેમજ કોડીનાર નેશનલ હાઇવે પર આવેલ સરસ્વતી નદી પરનો બ્રિજ અને તાલાલા હિરણ નદી પર આવેલ બ્રિજને લઇ ભવિષ્યમાં કોઈ દુર્ઘટના ના સર્જાય તે હેતુથી જુદા જુદા વિભાગોની દરખાસ્તો અને ભલામણોને ધ્યાને લઇ પરિવહન પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. સ્કૂલ વાહનો, ૧૨થી વધુ પેસેન્જર અને ૭૫૦૦ કિગ્રાથી વધુ વજનના વાહનો પર ૨૦૨૬ સુધી રોક લગાવવામાં આવી હતી.■





રાજકોટમાં લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું, આ લોક અદાલતમાં મોટર અકસ્માતનાં કેસોમાં ૯૫ લાખ, ૭૫ લાખ, ૬૭ લાખ રૂપિયાના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર– પ્રવિણ સેદાણી)